પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક

કુમાર

સંસ્થાપક રવિશંકર રાવળ

તંત્રી • ધીરુ પરીખ

જૂન, ૨૦૦૩
અંક ક્રમાંક : ૬
વર્ષ : ૭૬મું
સળંગ અંક ૯૦૬



બોધિસત્ત્વનું ચીની કાષ્ઠશિલ્પ
[illegible]



ચિત્રકાર] ઝરૂખામાં બેઠેલી માજાસ કન્યાઓ [ગોયા

સમાજના નીચલા સ્તરની આ માજાસ જાતિની કન્યાઓ એમના સૌન્દર્ય માટે સુખ્યાત છે. એમને મોહક વસ્ત્રપરિધાન કરીને ઝરૂખે જાણે કે આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરી રહેલી દર્શાવી છે. તે કન્યાઓની પાછળ ઊભેલ બે 'માજોસ' ચોકીદારો છાયામાં દર્શાવ્યા છે. કહેવાય છે કે આ 'માજોસ' અને 'માજાસ' એમનાં પ્રેમપ્રકરણો માટે કુખ્યાત છે. કન્યાઓને પૂરતા પ્રકાશમાં અને ચોકીદારોને છાયામાં દર્શાવી, કન્યાઓના પોષાકને ભભકાદાર દર્શાવી, ગોયાએ અહીં સુખ્યાત ચિત્રસંયોજન અને રંગસંયોજનની રમણા રચી છે. ૭૬.૫ X ૪૯.૫ ઈંચનું આ સુખ્યાત ચિત્ર અત્યારે ન્યૂ યોર્કના 'મેટ્રોપોલિટન મ્યૂઝીઅમ ઓફ આર્ટ'માં સંગૃહીત છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૬મું
અંક ૬

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. ટપાલમાં ગુમ થતા અંકની જવાબદારી કાર્યાલયની નથી. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. ગ્રાહકના નામના અંગ્રેજી આદ્યાક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્રવ્યવહારમાં અવશ્ય જણાવવો.

જૂન, ૨૦૦૩ ○ ૭૬મું વર્ષ ○ અંક ૬

સૂચિ

'કુમાર' સળંગ અંક ૯૦૬

કુમાર ટ્રસ્ટ તરફથી પ્રકાશક : ધીરુ પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર ટ્રસ્ટ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ-૧.
મુદ્રક : દીપક પ્રિન્ટરી, રાયપુર દરવાજા અંદર, કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન : ૨૧૪૩૬૩૫
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ. ૬૭૫
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ - ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૭ - ૦૦

વાચકો લખે છે

અભિનંદન એટલા માટે કે પ્રદૂષણ - પર્યાવરણના પ્રશ્નો અને છણાવટની વાતો તજ્જ્ઞો મુખવટા(માસ્ક)પહેરીને કરે છે, અમલમાં મૂકતા નથી. મારા ઘેર આવતાં સામયિકોમાં 'ઇંડિયા ટુ ડે' પછી 'કુમાર' બંને કાગળ પૂંઠાના રેપરમાં આવે છે. જ્યારે બાકીનાં પ્લાસ્ટીકમાં. આમ, 'કુમાર' બાહ્ય અને આંતરિક ગુણવત્તાનું આગ્રહી છે તે સ્પષ્ટ છે. 'કુમાર'ની ગ્રાહક સંખ્યા ૩૮૦૦ થી ૭૫૦૦ કરવાનું ધ્યેય ખરેખર દરેક ગુજરાતી વાચક માટે કપરું નથી. વર્ષગાંઠ કે લગ્નપ્રસંગે ચાંલ્લાના બજેટરૂપ 'કુમાર'નું લવાજમ ભરવાથી લગ્નજીવનની કેડી સંસારનો ધોરી માર્ગ બની શકશે.

-દિલીપ આર.શાહ, એમ-૫, ૨/૧૨,
શાસ્ત્રીનગર, અમદાવાદ

આપના 'કુમાર'માં ૩૭ના ગુણાકારની રમત ઘણી સુંદર છે.૩૭ ને ૩ સાથે ગુણતાં ૧૧૧ આવે છે તે ઘણું મહત્ત્વનું છે. અને જ્યારે ગુણનફળ ચાર આંકડાનું હોય છે અને તેમાં બીજો અને ત્રીજો આંકડો સરખો હોય તો ગુણનફળના આંકડાને બદલાવીએ (દા.ત. ૪૭૭૩ને ૩૭૭૪ કરીએ) તો જે તફાવત ૯૯૯ છે જે ૩૭ ને ૨૭થી ગુણતાં મળે અને તેથી આ ગુણાકારની એક સંખ્યા ૧૨૯ હોય તો બીજી સંખ્યા ૧૬૩ હોય, જે ૧૨૯માં ૨૭ ભેળવતાં મળે. આવું બીજા ઉદાહરણમાં પણ છેઃ દા.ત. ૪૯૯૫ને બદલાવતાં ૫૯૯૪ થાય તો પણ તફાવત ૯૯૯ થાય. તેને ૩૭થી ભાગતાં પાછા ૨૭ થાય તેથી એક રકમ ૧૩૫ હોય તો બીજી રકમ ૧૩૫ + ૨૭=૧૬૨ થાય.૩૭x૧૩૨ કરીએ તો ગુણાકાર ૪૮૮૪ થાય અને તેને બદલાવતાં તે જ રકમ થાય તેથી તે રકમ બાકાત કરી રાખી છે. આવું જો પહેલા અને બીજા આંકડામાં બેનો તફાવત હોય અને વચ્ચેના આંકડા સરખા હોય તો તફાવત ૫૪નો આવે. *- ભરત મહેતા, યુનિવર્સિટી રોડ,*
રાજકોટ.

•

'કુમાર' એપ્રિલ ૨૦૦૩ના અંકમાં શ્રીમતી સુમિત્રાબહેન અને ડૉ. હરિપ્રસાદ ભટ્ટ વિશેનો શ્રી અનિલ ભટ્ટનો લેખ વાંચી આનંદ થયો. બંનેનો નાની ઉંમરનો ફોટો જોઈને રોમાંચ થયો, કારણ કે હું સમજણો થયો ત્યારે બંને પ્રૌઢાવસ્થામાં હતાં. તેઓશ્રી દાક્તરી વ્યવસાય કરતાં સેવામાં જ વધુ રચ્યાંપચ્યાં રહેતાં. સ્વભાવે નમ્ર અને મિતભાષી. તેમનું આખું નામ 'હરિપ્રસાદ વિશ્વનાથ ભટ્ટ' નાનપણથી જ મગજમાં કંડારાયેલું છે.

સુમિત્રાબહેન સ્વભાવે સાલસ અને નિરભિમાની. ધારાસભ્ય હોવા છતાં અમરેલીની બજારમાં ચાલતાં જોવા મળતાં. 'કુમાર'માં આપેલ બધી વિગતનો હું સાક્ષી છું. રોમાંચ અને આનંદ અનુભવ્યા. કુંવારાં શિક્ષણાધિકારી બહેનનો લેખમાં ઉલ્લેખ છે તે બહેન તરલિકા દવે.

'માધુકરી' વિભાગમાં જે ભારતીય અંકસંખ્યાની ભવ્યતા વિષયક લખાણ છે તેમાં 'દશ ખર્વ એટલે એક પછી તેર શૂન્ય. તે પછીનો આંકડો સો ખર્વ (નિખર્વ) - એક પછી પંદર શૂન્ય' એમ લખ્યું છે. અહીં એક પછી ચૌદ શૂન્ય જોઈએ તેમ માનું છું.

-દોલતરાય ન.પરીખ, ૧૦૧/બી,
રાજેશ ચૅમ્બર્સ, બિલિમોરા.

•

'કુમાર' માર્ચ ૨૦૦૩ના અંકમાં 'શારદામણિદેવી' ચરિત્રલેખ ગમ્યો. 'કુમાર'નાં વાચકોના માટે મા શારદામણિદેવી વિષે ગુજરાતીમાં પ્રકાશિત થયેલ 'ચરિત્રગ્રંથ' વાંચવા સૂચવું છું. અચિન્ત્યકુમાર સેનગુપ્ત દ્વારા લિખિત 'પરમાપ્રકૃતિ શ્રી શ્રી શારદામણિ' અનુવાદક મોહનદાસ પટેલ, ગૂર્જર દ્વારા ૧૯૯૮માં પ્રકાશિત થયેલ છે. આ ચરિત્રગ્રંથ એક નવતર શૈલીમાં લખાયેલ છે. આરંભમાં વાંચનારને એ નવલકથા શૈલીનો જણાય અને જેમ જેમ વાંચતા જઈએ તેમ તેમ ચરિત્રગ્રંથ છે એ સમજાય! આ ગ્રંથની ભૂમિકા શ્રી નિરંજન ભગતે લખી છે. 'મા' એકાક્ષરીમંત્ર છે. આ ગ્રંથનું વાચન વાચકને આહ્લાદક અનુભવ કરાવશે.

-કિરીટ ભાવસાર, ૪૫૨,
વચલી શેરી, અમદાવાદ-૧.

•

એપ્રિલ ૨૦૦૩ના અંકમાં 'પસ્તીનાં પાનાં'માં જણાવ્યું છે કે ગાંધીજીની આત્મકથા ગુજરાતીમાં ૧૯૨૪માં પ્રકાશિત થઈ. તે ૧૯૨૬માં પ્રકાશિત થયેલી. ડૉ. પ્ર.ચુ.વૈદ્યની સરતચૂક થયેલ છે.

- વી.બી.ગણાત્રા, વસંત, ૧૪૮,
રોડ નં-૯, વડાલા, મુંબઈ.

•

આજકાલ છાપાંઓ વગેરેમાં થોડા દિવસમાં સૂર્ય પર બુધનો ગ્રહ પસાર થતો દેખાવાનો છે. તા.૭ મે ૨૦૦૩ના દિવસની તે બાબતે બહુ વાતો આપેલ છે. ત્યારે 'કુમાર'ની પુરાણી ફાઈલો જોતાં આ બાબત ધ્યાનમાં આવી કે ઑક્ટોબર'૯૩(અંક ૭૮૯)માંના અંકમાં આ અંગેનો - બુધ અને શુક્રનાં અધિક્રમણો - નામક ડૉ. સુશ્રુત પટેલનો લેખ છપાયો છે.

વળી, તેમનો જ બીજો લેખ 'કુમાર'માં જ ઓક્ટોબર ૨૦૦૧ અંક ૮૮૬માં ચંદ્રશેખર સામન્ત પર છપાયો છે. જ્યારે આજનાં છાપાંઓમાં તથા ટી.વી. વગેરેમાં અપાય છે - અપાયું છે એ બધાં કરતાં આ લેખોમાં ખૂબ સરસ માહિતી આપી છે.'કુમાર' એ 'કુમાર' કહેવાય છે. 'કુમાર' શું ચીજ છે એ તેના આવા ઉત્તમ લેખોના પ્રભાવે છે. લેખકશ્રીને અને આપને ખૂબ ધન્યવાદ. નવાં વાચકોને જાણ થાય એ સારુ આ કાગળ લખ્યો છે. પ્રચાર માધ્યમોએ જે અંગે લખ્યું છે તે તો આ માસિકમાં બહુ પહેલાં જ આવેલું છે. *-પંકજભાઈ શાહ,*
પંકજવીલા, પાલડી, અમદાવાદ-૭.

જગન મહેતાઃ મને એવું યાદ આવે છે કે ગાંધીજી આગાખાન જેલમાંથી છૂટ્યા પછી મુંબઈ આવીને રહેલા અને જૂહુ ખાતે સાંજની પ્રાર્થનાનો લોકો લાભ લેતાં. આ પ્રસંગના લીધેલા જગનભાઈના ફોટા તેમજ ત્યાર બાદ નોઆખલીની ગાંધીજીની તસવીરો નીચે જગન મહેતાનું નામ. જગન મહેતા સાથેનો આ પ્રથમ પરિચય.

ત્યાર બાદ અમદાવાદમાં અમે ફોટોગ્રાફી માટેના 'ફોક્સ'ની સ્થાપના કરી. તેના કાર્યક્રમોથી તેમની સાથેનો પરિચય વધતો ગયો. માત્ર 'ફોક્સ'ના કારણે નહિ પરંતુ અન્ય પ્રસંગોમાં પણ હાજર હોય જ. કોઈ અગમ્ય પ્રેમ અને માયાથી તેઓ મારી સાથે વાત કરે. કાર્યક્રમ પૂરો થાય ત્યારે તેમને અને ઘણી વાર બંસીભાઈને(ચકોર) લિફ્ટ આપવાનો લ્હાવો હું લેતો. તેમનો આગ્રહ તો અંજલિ સિનેમા પાસે મૂકી દેવાનો રહેતો. પરંતુ છેક ચંદ્રનગર સોસાયટી મૂકવાના મારા પ્રેમને તેઓ નકારી શકતા નહોતા.

શારદામંદિરને ૬૦ વર્ષ પૂરાં થતાં'સ્મરણિકા તૈયાર થઈ રહી, હતી. શ્રી જગનભાઈએ ગાંધીજી શારદામંદિરમાં આવ્યા હતા તે વખતના ફોટા લીધા હતા એટલે એ ફોટા સ્મરણિકામાં મુકાય એવી અમારી ઇચ્છા. આથી તે ફોટાની પ્રિન્ટ માટે હું એમને કહેવા ગયો. બહુ હોંશથી તેમણે હા પાડી. ખાટલા નીચેથી પેટી કાઢી અને તેમાંથી નેગેટિવ કાઢી તે બતાવી. મેં એમને કહ્યું, કે મારે પ્રિન્ટો જોઈએ છે, તો ક્યારે લઈ જઉં? ખૂબ સરળતાથી તેમણે કહ્યું કાલે લઈ જજોને. બીજે દિવસે કેબિનેટ સાઈઝની ત્રણ તસવીરો તૈયાર હતી. તેનો કેટલો ચાર્જ થશે તે મેં પૂછ્યું તો એમના જવાબથી હું આભો થઈ ગયો અને કહે, એક કેબિનેટ સાઈઝના ૧૨રૂ. એટલે ૩૬ થાય. આ અલગારી કલાકારે અપ્રાપ્ય તસવીરો બદલ વધારે ચાર્જ આપવાની મેં વિનંતી કરી તો ના પાડી દીધી.

ઉદયશંકરભાઈનો શ્રી ગજેન્દ્રભાઈ શાહે ટૂંકાણમાં 'કુમાર' ૯૦૩મા અંકમાં સારો પરિચય આપ્યો છે. જેમાં તેમણે 'કલ્પના' ફિલ્મ ૧૯૩૫માં બનાવી તેમાં છાપભૂલ લાગે છે. તે ૧૯૪૫ જોઈએ.

આ અંગે એક પ્રસંગ નોંધવા જેવો છે - અલમોડામાં તેમણે રામાયણના શૅડોપ્લેનો અદ્ભુત પ્રયોગ કરેલો અને ભારતભરમાં તે ખૂબ વખણાયેલો. આ શૅડોપ્લે અમદાવાદમાં ૧૯૪૪માં સર ચીનુભાઈ બૅરોનેટના બંગલે રજૂ થયેલો, તેનો લાભ મને મળ્યો. વિશાળ પડદો, વિષ્ણુ શિરાલીનું સુમધુર સંગીત અને પ્રયોગનું નાવીન્યનું એક છાયારૂપે વાતાવરણ બન્યું હતું. રામાયણનો આ શૅડોપ્લે જ્યારે ભજવાયો ત્યારે કલાકારે સિફતથી પ્રકાશાયોજનથી પાત્રોને પડદા પર દેખાડવાની યોજના કરી હતી. આખી માયાજાળ તે આ શૅડોપ્લેમાં સુંદર રીતે રજૂ કરી હતી. એમાં પણ કુંભકર્ણની ઊંઘ ઉડાડવા માટે રાક્ષસો તેના નાકમાં ભાલા નાખતા હતા અને કુંભકર્ણ ઊંઘમાં ને ઊંઘમાં આ રાક્ષસોને કેવી રીતે ફેંકી દેતો હતો તે જોઈને આનંદ આવતો અને કલાકારે માધ્યમનો કેવો અદ્ભુત ઉપયોગ કર્યો છે તે જોવા મળ્યું. છેલ્લે કાર્યક્રમ પૂરો થાય ત્યારે પડદો હટાવી લેવામાં આવતો અને ભગવાન શ્રીરામના રાજ્યાભિષેકનું રંગપૂર્ણ કલાત્મક દૃશ્ય જોઈ જાણે કોઈ ચિત્ર હોય તેવું સ્ટેજ લાગતું. ભારે બહુમૂલ્યવાન કાર્યક્રમ જોવાનો સૌએ આનંદ માણ્યો.

-દિનુભાઈ દવે, ૪૪,શારદાનગર,અમદાવાદ

•

'કુમાર'ના મે, ૨૦૦૩ના મુખપૃષ્ઠ પર છપાયેલ ગજેન્દ્ર શાહની કૃતિ ન ગમી, કારણ જ્યારે અગાઉના અંકોમાં મોનાલીસા, શ્રી નટુ પરીખ, આદિની તોલે આ કૃતિ જરા અછડતી છે. કૃતિમાં અશ્વોનો અભ્યાસ શ્રી ગજેન્દ્રભાઈનો ખૂબ કાચો પડે છે. અને સંયોજનનું બૅલેન્સ પ્રમાણસર નથી. ટેક્ષ્ચર માટે કરેલા લસરકા અશ્વોની ગતિમાં અવરોધ ઊભો કરે છે. કલાવૃત્તના લેખોમાં છાપેલ અશ્વોનાં ચિત્રો પણ એટલાં સશક્ત નથી. લેખમાં અશ્વોની વિવિધ વળાંકોવાળી અંગભંગિ,ઊડતી કેશવાળી,પુચ્છાકૃતિ અને આંખોની તીવ્રતા વગેરે વપરાયેલા શબ્દો સાર્થક નથી. વળી, સ્ત્રીને નગ્ન અને અશ્વસવાર બનાવવાથી કામેચ્છા વ્યક્ત થતી નથી અને કેશ ઊડવાને બદલે ભીના થઈ એકઠા ઊછળતા જણાય છે. અશ્વ કમજોર અને વજનથી લદાયેલ જણાય છે. હા, બ્લેક ઍન્ડ વ્હાઈટ ડ્રૉઈંગમાં અમુક અશ્વો સારા ઊપસ્યા છે. શ્રી ગજેન્દ્ર શાહમાં નવું કરવાની ઉત્સુકતા અને ખેવના જરૂર છે. એમના સંગીતજ્ઞો અને મહેલો, શેરીઓ વગેરે રેખાંકનો અને ચિત્રો ખૂબ જ સારાં છે. પણ અહીં અશ્વની ગતિ માટે એમણે નિરાશ કર્યો છે.

શ્રી નટુ પરીખ અને હરિત પંડ્યા કલાવાર્તા માટે ખૂબ જ સારું કાર્ય કરી રહ્યા છે. કલાવાર્તા દ્વારા વિશ્વના મહાન ચિત્રકારોનો પરિચય આવતી કાલનાં નાગરિકો માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

-કનુ પટેલ, લજ્જા કૉમ્યુનિકેશન,વલ્લભવિદ્યાનગર

•

મલિકા પુખરાજનો પરિચય વાંચી ઘણી યાદો તાજી થઈ. રેડિયો સિલોન પર રજૂ થતાં જૂનાં ફિલ્મી ગીતોના કાર્યક્રમનું મથાળું 'અભી તો મૈં જવાન હું' હંમેશાં મલિકા પુખરાજના આ સદાબહાર ગીતથી આરંભાતું. એક વાર ટી.વી. પર સાંભળેલું મા-દીકરી મલિકા અને અત્યંત સ્વરૂપવંતી, નમણી, મીણની પૂતળી જેવી દીકરી તાહિરા સૈયદે મળીને ગાયેલું ગીતઃ

'લો ફિર બસંત આઈ...ફૂલો પેં રંગ લાઈ...'

તેલની ધાર જેમ, એક પછી એક શબ્દો મા-દીકરીના ગળામાંથી વહેતા હોય, થાય કે બસ સાંભળ્યા જ કરીએ! **Song Sung True : A memoir** મલિકા પુખરાજની જીવનકથા છે. જમ્મુના ગરીબ વિસ્તારમાંના એક ઝૂંપડામાં ઉછેર થયો. પિતા જુગારનો અડ્ડો ચલાવતા હતા, આ બાળકીની પિગી બેંકના પૈસા પણ ચોરી લેતા! રાજા હરિસિંહને ઝેર આપવાના ખોટા આળથી બચવા એ લાહોર ભાગી.

કલાકાર ગજેન્દ્ર શાહનાં અશ્વચિત્રો જોઈ હુસેન તથા યજ્ઞેશ્વર શુક્લના અશ્વો પણ યાદ આવ્યા. ગજેન્દ્રભાઈએ પણ સરસ સંયોજનો ફલક પર ઉતાર્યાં, આનંદ થયો! *- શ્રી રમેશ બી. શાહ, ૭૦૩,નૂતન નિવાસ, ભટાર માર્ગ, સુરત, ૩૯૫૦૦૧*

સૂત્રસાર

'વાદ'નાં સાહચર્યો અને તાત્પર્યો

રાધેશ્યામ શર્મા

'વાદ' શબ્દ જેની સાથે જોડાયો છે એવા શબ્દોનાં સાહચર્યો તાત્પર્યો અને તારતમ્યો ભિન્ન ભિન્ન હોય છે. એવા શબ્દોની અર્થચ્છાયાઓ પણ બદલાઈ જાય. આવા થોડા જાણીતા શબ્દો છે : સંવાદ, પરિસંવાદ, લોકાપવાદ, નિરપવાદ, પ્રતિવાદ અને વિવાદ.

આમાં પહેલો શબ્દ સંવાદ અને છેલ્લો વિવાદ અતિ પ્રચલતિ અને બહુ વપરાતો શબ્દ છે. 'પરિસંવાદ' જાહેર મંચ પર ચલાવાતી સામૂહિક ચર્ચાને સ્પર્શે છે.'લોકાપવાદ' સમાજમાં લોકો જેને નઠારું માની વગોણું કરે તે માટે પ્રયોજાય છે. 'નિરપવાદ'માં અપવાદ ના હોય એવી પૂર્ણતાનો સંદર્ભ હોય. 'પ્રતિવાદ' વિરોધ અને ખંડનનું, દલીલદાવાનું સૂચન આપે છે.

તો સંવાદ શું છે? વિવાદ શું છે? સંવાદ શબ્દનો અર્થવિસ્તાર સૌથી અધિક હશે. સિનેમા નાટકમાં, નવલકથામાં, કથાવાર્તામાં પાત્રો સામેસામે વાતચીત, ચર્ચા, વર્ણન કરતાં હોય એને સંવાદ માનીએ પણ સંવાદને એકરાગત્વ અને સુમેળ સાથે સીધો સંબંધ છે. એ દૃષ્ટિએ સંવાદને સંવાદિતા સંગાથે અંગ્રેજીમાં જેને 'હાર્મનિ' કહીએ છીએ એની સાથે નિકટનો નાતો છે. વળી, સંવાદનો વિચાર કરતાં લાગણી સાથે, દિલ સાથે સન્ધાનતન્તુ છે. આના પરથી હૃદયસંવાદ જેવો પ્રયોગ પણ યોજાયો છે.

સંવાદથી સામા છેડે, કદાચ છેલ્લે પાટલે આસન માંડી બેઠો છે વિવાદ શબ્દ. જે ચર્ચા અંતે ઝઘડામાં, મતભેદમાં પરિણમે કે કૉર્ટ-કચેરીમાં તાણી જાય એનું નામ વિવાદ. વિવાદનું દિલ સાથે નહીં એટલું દિમાગ સાથે, તર્કાશ્રિત વિચાર સાથે પનારું પડ્યું છે. આના કારણે વિવાદનો અંજામ ટંટાફિસાદ અને ઘર્ષણમાં આવવાનો સંભવ પાકો છે. વાદે વાદે તત્ત્વબોધ થવાની શક્યતા અહીં અલ્પ છે, કેમ કે વિવાદનો વિવાહ તર્કમતિ સાથે થઈ જતો હોય છે.

માટે તો કહેવાયું છે 'સૌ વિવાદને ટાળિયે'. ઉમેરો કરી કહેવું ગમે કે ઓછામાં ઓછા સો વિવાદને તો ટાળિયે જ, ભલે સૌ વિવાદોને ના ટાળી શકીએ. ઈસુ ખ્રિસ્તે વિવાંદનો અંત આણવા કેવી અ-હિંસક વાત મૂકી હતી! બખેડાના કારણે, વિરોધભાવનાના પરિણામે કોઈ તમને એક તમાચો એક ગાલ પર મારી દે તો તમારે તમારો બીજો ગાલ ધરી દેવો! સંઘર્ષ ટાળવા અને વિવાદજનિત રોષદ્વેષની પૂર્ણાહુતિ માટેનું આ એકપક્ષી સૂચન હતું. તમાચો બીજા ગાલ પર ઝીલીને પણ સમાધાનનો સેતુ બાંધી શકાતો હોય તો સારું. પરંતુ આવી શાંતિ-ભાવનાનો પણ દુરુપયોગ થવા માંડ્યો. લોકો શાંતિના ફરિશ્તાઓના બીજા ગાલે લાફા ઝીકીને પણ વિવાદને ખતમ નહોતા કરતા. ક્યારેક રમૂજી કિસ્સા પણ બની જતા. મહાન જિસઝના બોધાદેશ અનુસાર એક જણે પહેલા ગાલે વિરોધીનો લાફો ખાઈ લીધો પણ એક લાફો મારીને પણ પોતાને ચેન ના પડ્યું, તેણે બીજો લાફો ઉગામ્યો તો અહિંસાધર્મી અનુયાયીએ બીજો ગાલ ધરી દીધો, વિરોધીને મજા પડી ગઈ તેથી ત્રીજો લાફો ઉગામવા પંજો ઊંચો કર્યો તો ઈસુચાહકે વિરોધીના ગાલ ઉપર જ જોરદાર તમાચો ચોઢી દીધો. એણે આમ કેમ કર્યું? તો એનો જવાબ હતો કે જિસઝે તો બે ગાલ ધરવાનું કહેલું પણ વિરોધી ત્રીજી વાર ચઢી આવ્યો એટલે વિવાદને ટાળવા મેં જ પહેલી વાર તમાચાનો તમંચો ચલાવ્યો! ❑

> 'સૌ વિવાદને ટાળિયે'
> - ઉક્તિ

બુદ્ધં શરણં ગચ્છામિ/ *જયન્ત પાઠક*

(શિખરિણી • સૉનેટ)

વળી પાછાં યુદ્ધો! શમી નથી હજી ચીસ રણમાં
ઘવાયાંની, યુદ્ધે હત સ્વજન કાજે રુદનની
સુકાઈ ના ધારા હજી નયનની, અગ્નિ હજી ના
ચિતાનો હોલાયો, હજી મૃત શરીરો રણભૂમિ
પરે પીંખે પંખી-પશુ, નગર ભડ્કે બળી રહ્યાં;
કરીને બે ઊંચા કર કવિ હજી તો વદી રહ્યાં
વ્યથા વાણી: વેરે નહીં જ શમતાં વેર, શમવાં
બને તે તો પ્રેમે-
પણ ન ધરતો કાન જરીકે
મચ્યો છે સંહારે મનુજ વળી પાછો, રચી રહ્યો
કલિંગો સંસારે જન જન વિશે રક્તતરસ્યો
પ્રભો! ક્યાં બે ચક્ષુ-હૃદય કરુણાથી નીતરતાં
તમારાં? ક્યાં પામ્યાં વિલય દૃઢ તે ધમ્મપગલાં?
ઘડી આવી, આવો સદય, કરમાં દંડ લઈને
ગુફા છોડી લોકે ફરી વિહરવા ભિખ્ખુ થઈને.

બદલું કાગળકિત્તા/ *વિનોદ ગાંધી*

(ગાન)

ગીત લખું કે લખું ગીતા હું, એક જ એ રચયિતા,
હું તો કેવળ લખનારો છું, બદલું કાગળકિત્તા!

શાહીમાં એ જે કંઈ નાખે
નાખે અમૃતબિન્દુ,
મારે માટે સરખું, નાખે
ઝરણ, નદી કે સિન્ધુ,

અનલ જોઉં છું હું ઈંધણમાં તણખો હો કે ચિતા!
હું તો કેવળ લખનારો છું, બદલું કાગળકિત્તા!

હવા લખું કે પ્રાણ લખું કે
લખું વારિ કે વા,
અર્થ વિશે મારે શી ઝંઝટ
પ્રશ્ન પૂછવા શા?

તમે પૂછો - આ મંત્ર લખ્યા કે કર્યા માત્ર લીટા!
હું તો કેવળ લખનારો છું, બદલું કાગળકિત્તા!

સૂરજ/ *યોગિની શુક્લ*

તારા ઘરમાં ફરતો સૂરજ,
અંધારાને ચરતો સૂરજ.
ચાંદા સાથે થપ્પો ખેલી
સરવરજળમાં ગરતો સૂરજ.
ગરમાળાની ડાળી પરથી
ઝળહળ થૈને ઝરતો સૂરજ.
આંખ ઉઘાડી ભીતર જોઈ
પોતાનાથી ડરતો સૂરજ.
કાગળમાંની ખુશબૂ વાંચી
અજવાળામાં સરતો સૂરજ!

સાન કૈંક સીંચજો રે.. / *ઊજમશી પરમાર* (ગાન)

તમે રે ઘૂંટાવિયો એકડો ગુરુજી,
મારે કરવા અગિયાર રે,
અક્ષરની ઓળખ આ પારથી રે,
મારે કરવી ઓ પાર રે.

પ્રાણ મહીં સાન કૈંક સીંચજો રે,
કાન કવિતામાં કેળવું,
કરવા ઝીણી કારીગરી રે,
સૂઝ ભીતરમાં ભેળવું.

ઓચરો ગહન ગૂઢ ગીતમાં રે,
કોઈ જાણે રે જાગતા,
મરમી તો માંડ મળે લાખમાં રે,
પૂરા પડમાં કો પાકતા.

ઘૂંટણથી ચાલતાં પાવલાં રે,
તમે ટેકણ છો લાકડી,
એક તમે મનગમતી માનતા રે,
ફોક બાધા ને આખડી.

રીઝો તો ઓચ્છવ આ દાસને રે,
જરી આશ ધરી આવડી,
વ્હેવું તે વેગે વરમાંડમાં રે,
તમે પાર કરો નાવડી.

કોક દી' પરોણલા પધારજો રે
પાય પ્રેમથી પખાળશું,
આગમની એંધાણી આલજો રે
ભેદ ભરમુંના ભાળશું.

ખંજ અને શૃંગ/ *ધીરુ પરીખ*

(વનવેલી)


હૃદયને હંફાવતી ચરણોની દોટ
તોય રુધિરાભિસરણની પડે નહિ ખોટ.

મારે ધારદાર મધમાખી ડંખ
પુષ્પને ન એનો કશો રંજ;
મૂર્તિના બહેરા કર્ણરંધ્રે
ફૂંકે છે કો શંખ;
ગિરિને તો ઓળંગાવે કોણ?
ઊભો રહ્યો ખંજ.

શસ્ત્રોની સૌ નૂતન આવૃત્તિ-
માનવની બુદ્ધિનો ખર્ચાતો રહ્યો ગંજ!

મહેંદીને લસોટી લસોટી
રાતા અર્કથી તો વધાર્યો ઉમંગ;
પિસાવાની સાથે જડ્યો
નિહિત શો ખમીરનો સંગ!

જંગ ખેલે સદીઓથી માનવનું હૈયું અને હાથ,
પામવાને એક શિખરનો સાથ;
પહોંચે એક શિખરે ત્યાં બીજું વર્તાય,
નવાં નવાં શૃંગો ઉપર પહોંચી
માનવજાતનું ખંજત્વ તો નષ્ટ થાય.
ભ્રષ્ટ કહે ભલે કો પારંપરિક શ્રદ્ધાના ગુલામો
ખીલવશે અશ્રદ્ધાના કાદવે કમળ
જે દોડશે હૃદયને ચરણમાં ચાંપીને સબળ:
ખેતરેથી નકામું જે ઉખેડી-ઉખેડી ફેંકે રાંપી
ખંજત્વને ટાળવાને રહ્યો છે જે ટાંપી
પામશે તે અદૃષ્ટ ને ઊંચા શિખરને
કદીય તે રહેશે ન કાંપી.



અપૂરતું શિક્ષણ પ્રાપ્ત થયાનો વસવસો જેમને શિક્ષણ ક્ષેત્રે અનેક સંસ્થાઓ-પ્રવૃત્તિઓથી ખાળ્યો તેવા સેવાભાવી, સન્નિષ્ઠ, સરળ શ્રેષ્ઠ દાતા

ચત્રભુજ નરસી

ગુલાબ દેઢિયા

મુંબઈના ઉપનગર વિલેપાર્લેમાં શિક્ષણ સંસ્થાઓ સ્થાપી, તેમનો નિષ્ઠાપૂર્વક વહીવટ સંભાળી, સમાજની જ્ઞાનવૃદ્ધિમાં યથાયોગ્ય ફાળો આપનાર ચત્રભુજ નરસી પોતે મૅટ્રિક સુધી જ ભણ્યા હતા; પણ વિચક્ષણ કાર્યકુશળતા, વિચારોની સ્પષ્ટતા અને સમાજ માટે બનતું કરી છૂટવાની ધગશ એમણે આજીવન સેવી હતી.

'હું ધારું છું એ રીતે માતૃભાષાને માટે બીજી કોઈ ભાષા વિકલ્પ હોઈ જ ન શકે. પછી તમે ગમે તે ભાષાને માધ્યમ તરીકે સ્વીકારો ચાહે પછી તે અંગ્રેજી ભાષા હોય કે બીજી કોઈ પણ હોય. પણ દરેક બાળકને એની માતૃભાષા બરાબર રીતે આવડવી જ જોઈએ અને એનું એને વ્યવસ્થિત રીતે શિક્ષણ આપવું જ જોઈએ. તે બાળકના હિતમાં છે, પરિવારના હિતમાં છે અને દેશના હિતમાં છે.

જે લોકો પોતાની રાષ્ટ્રભાષા જાણતાં નથી, જે લોકો પોતાની માતૃભાષા જાણતાં નથી એ લોકો પાસેથી તમે સ્વમાનની શું અપેક્ષા રાખી શકો? એમને પોતાના વતન માટે અથવા દેશ માટે કેટલી દાઝ હશે?' ચત્રભુજભાઈના આ શબ્દોમાં એમનું વ્યક્તિ, માતૃભાષા અને રાષ્ટ્રભાષા પ્રત્યેનો પ્રેમ,દેશદાઝ અને સ્વમાનની ઝલક જોવા મળે છે.

વિલેપાર્લેના જૂના પરિવારોમાં નરસી મોનજી પરિવારની ગણના થાય છે. વીસમી સદીના આરંભથી જ આ પરિવાર અહીં વસે છે. એમના પિતાજી નરસી મોનજીનો જન્મ સને ૧૮૮૭માં કચ્છમાં થયો હતો. ઓગણીસમી સદીની આખરમાં અગિયાર વર્ષની નાની વયે તેઓ રોજીરોટી મેળવવા મુંબઈ આવ્યા હતા. તે વખતે તેમને ગુજરાતી થોડું લખતાં વાંચતાં આવડતું હતું. સખત પરિશ્રમ અને દૃઢ સંકલ્પથી તેમણે ગુજરાતી, વ્યાવહારિક અંગ્રેજી, હિન્દી અને મરાઠી ઉપર પ્રભુત્વ મેળવી લીધું હતું. મુંબઈમાં એક ફેરિયા તરીકે એમણે પોતાની કારકિર્દી શરૂ કરી હતી. અનેક ધંધાધાપામાં એકલે હાથે સંઘર્ષ કર્યો. કોઈની પણ છત્રછાયા કે ટેકા વગર તેઓ વેપારી અને ઉદ્યોગપતિ બન્યા, મુંબઈ શેરબજારના એક સમયે તેઓ અગ્રગણ્ય શેરદલાલ હતા. શેરબજારની ચડતીપડતી જોઈ એમણે ઉદ્યોગની સ્થાપના માટે કમર કસી બ્રિટિશ રાજ્યકાળના સિગારેટ-ઉદ્યોગના એકાધિકાર વચ્ચે એમણે સને ૧૯૩૦માં ગોલ્ડન ટૉબેકોની સ્થાપના કરી. દશ વર્ષ બાદ એ જ શક્તિ અને કુનેહથી ગોલ્ડન કેમિકલ્સની સ્થાપના કરી. સ્વમાન, સ્વાવલંબન, સાહસ, આત્મવિશ્વાસ અને પરિશ્રમ નરસી મોનજીનાં ખરાં સાથી હતાં. તેઓ જાત-અનુભવથી કેળવાયેલા હતા. કમાવું અને ભણવું સાથેસાથે ચાલવું જોઈએ, એમ તેઓ માનતા હતા. તેમણે મુસીબતો જોઈ હતી તેથી જરૂરિયાતમંદો પ્રત્યે અનુકંપાશીલ રહ્યા હતા. માણસ આપમેળે પગભર થાય એ નરસી મોનજીનું સપનું હતું. શિક્ષણ એવું પીઠબળ છે જે માનવીને સ્વાવલંબન આપે છે. માતા જમનાબાઈએ કુટુંબના વિકાસ માટે પોતાની જાત ઘસી હતી. પતિના કપરા સમયમાં સમજદારીપૂર્વક સહકાર આપી સાચા અર્થમાં સહધર્મચારિણી બન્યાં હતાં. તેઓ જુનવાણી હોવાં છતાં ધર્મ પ્રત્યેનો એમનો અભિગમ માનવતાવાદી હતો. સાદાઈ અને પ્રભુશ્રદ્ધા જમનાબાઈનાં જીવનના મૂળમંત્રો હતા. આવાં સંસ્કારી માતા-પિતાને ત્યાં ચત્રભુજભાઈનો જન્મ સને ૧૯૨૪ની પાંચમી ડિસેમ્બરે મુંબઈમાં થયો હતો. પિતાજીની માંદગીને કારણે ગુજરાતી માધ્યમમાંથી મૅટ્રિક પાસ થયેલ ચત્રભુજભાઈને સત્તર વર્ષની વયે ૧૯૪૧માં પિતાજીના વ્યવસાયમાં જોડાઈ જવું પડ્યું. ૧૯૪૪માં નરસી મોનજીનો સ્વર્ગવાસ થયો. એમના દીકરાઓ ઉચ્ચ શિક્ષણ ન મેળવી શક્યા પણ એ

દીકરાઓએ એવાં વિદ્યાધામ ઊભાં કર્યાં કે અનેક વિદ્યાર્થીઓ ત્યાંથી ઉચ્ચ શિક્ષણ પામી શકે છે. ચત્રભુજભાઈ દર વર્ષે કૉલેજ-પ્રવેશ મેળવવા મુશ્કેલી અનુભવતા વિદ્યાર્થીઓને જોઈને કહેતા:'મુંબઈના ઉપનગરમાં હજી વધુ કૉલેજોની જરૂર છે'.શ્રી નરસી મોનજી ઍન્ડ જમનાબાઈ નરસી પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટની સ્થાપના સને ૧૯૫૯માં કરી. શ્રી વિલે પાર્લે કેળવણી મંડળ સંચાલિત નરસી મોનજી કૉમર્સ કૉલેજની સ્થાપના ૧૯૬૪માં થઈ. વાણિજ્યના ક્ષેત્રની મુંબઈની એ એક અગ્રગણ્ય કૉલેજ છે. સને ૧૯૭૧માં જમનાબાઈ નરસી સ્કૂલનો આરંભ થયો છે. આ શાળા માત્ર મુંબઈની જ નહિ, દેશની ઉત્તમ શાળાઓમાંની એક તરીકે પંકાય છે.

શાળામાં સૌથી મહત્ત્વની વ્યક્તિ બાળક છે, એમ ચત્રભુજભાઈ માનતા. બાળક અભય બને તેમ તેઓ ઇચ્છતા. આ શાળા ભારતીય અસ્મિતાના ગૌરવ માટે અને ભારતીય સંસ્કારવારસાના જતન માટે સતત પ્રયત્નશીલ છે. બાળકના સર્વાંગી વિકાસ માટે શારીરિક શિક્ષણ અને અભ્યાસપૂરક પ્રવૃત્તિઓને યોગ્ય મહત્ત્વ આપવામાં આવે છે. જમનાબાઈ સ્કૂલના વિશાળ ભવ્ય મકાનને જોતાં જ એની પાછળના સુઆયોજિત દૃષ્ટિકોણનો ખયાલ આવે છે. વિશાળતા, મોકળાશ, હવાઉજાસ અને પ્રવૃત્તિઓનો અનોખો મેળ અહીં મળ્યો છે. શાળાનો પ્રાણ એની લાઈબ્રેરી હોય છે. આ શાળાની લાઈબ્રેરીમાં વિવિધ વિષયોનાં ચાળીસ હજારથી વધુ પુસ્તકો છે. અહીંના વિદ્યાર્થીઓ અનેક સ્પર્ધાઓમાં આંતરરાષ્ટ્રિય ધોરણે વિજયી થયા છે. સાડા ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓથી ધમધમતી અને'વિદ્યા પરમ્ બલમ્'ના મંત્રને સાકાર કરતી આ શાળા ચત્રભુજભાઈનું અનન્ય સર્જન છે.

જૂહુના સાતમા રસ્તે આવેલી આ મેઘધનુષ્યના સાત રંગો જેવી જ્ઞાનપ્રવૃત્તિઓ. સફેદ મોટરમાંથી, સફેદ સાદાં વસ્ત્રોમાં, ઊંચા, પાતળા, ટટ્ટાર ચાલતા, ઝીણી નજરે બધું જોતા શ્વેતકેશી ચત્રભુજભાઈ આવે, અને સવારના દશ વાગે એમના આગમનનો સમય એવો અચૂક નક્કી હતો કે તમે એમને આવતા જોઈ દશ વાગ્યા પર તમારી ઘડિયાળ મેળવી શકો. ૧૯૭૩માં રૉટરી ક્લબના ઉપક્રમે કમલા ધરમશી નરસી શ્રુતિ સ્કૂલ ફૉર ડેફ શરૂ કરવામાં આવી છે. બધિર બાળકો માટેની આ શાળાની કામગીરી જોઈ ભારત સરકારે આ શાળાને બધિર શાળાના શિક્ષકો માટેના તાલીમ કેન્દ્ર તરીકે માન્યતા આપી છે. મુંબઈ અને વિશેષરૂપે વિલે પાર્લેને અનેક સંસ્થાઓની ભેટ આપનાર નરસી મોનજી ટ્રસ્ટે પુણેથી પંદર કિલોમીટર દૂર ફૂલગાંવમાં નરસી મોનજી વોકેશનલ ટ્રેનિંગ સેન્ટર ઊભું કરી, પાયાની શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સમાજને જેનો સીધો લાભ



ચત્રભુજ નરસી અને કેસરબહેન ચત્રભુજ

મળતો હોય એવી પ્રવૃત્તિઓમાં સહાયક થવાની તત્પરતા દાખવી છે.

સને ૧૯૮૭-૮૮માં નરસી મોનજી શતાબ્દી વર્ષની ઉજવણી ચીલાચાલુ રીતે ન કરતાં ૩૦ જેટલાં વિશિષ્ટ કાર્યક્રમો અને પ્રવૃત્તિઓથી કરવામાં આવી હતી. ટૅકનિકલ શિક્ષણ, વાલી-શિક્ષણ, વિકલાંગ બાળકોની સંભાળ, સ્વાસ્થ્ય, મેનેજમેન્ટ, સામાજિક સમસ્યાઓ, સાહિત્ય, કળા, સંગીત, મહિલાઓની સમસ્યાઓ અને ભાવિના દૃષ્ટિકોણને લક્ષમાં રાખી જીવનલક્ષી આ કાર્યક્રમો પાછળ ચત્રભુજભાઈની ઝીણી નજર હતી. સમાજને સતત આપ્યે જવું, સમાજહિત માટે બનતું કરી છૂટવું એ એમનો સ્વભાવ હતો; અંતર્ગત સંસ્કાર હતા. જમનાબાઈ નરસી આધ્યાત્મિક ટ્રસ્ટે સને ૧૯૮૫થી જીવનમૂલ્યોનું જતન કરતાં ઊંચા દરજ્જાનાં પુસ્તકો પ્રકટ કરવાનું શરૂ કર્યું છે. ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજીમાં અઢાર જેટલાં પુસ્તકોની સવા લાખ પ્રતો પ્રકટ થઈ ચૂકી છે.

માત્ર પુસ્તકપ્રકાશન જ નથી કર્યું. આ બધાં જ પુસ્તકોનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવે છે. પુસ્તકપ્રકાશન એ તો આજના સમયમાં ખર્ચાળ પ્રવૃત્તિ છે. ઉત્તમ પ્રકારનાં આ પુસ્તકોની કિંમત માંડવા જઈએ તો સહેજે પચાસેક લાખ રૂપિયા જેટલી થઈ જાય! જ્ઞાન-પ્રસાર માટે આ કેવી ઉમદા પ્રવૃત્તિ ચત્રભુજભાઈએ આરંભી છે! ગનીભાઈ દહીંવાલાએ યોગ્ય લખ્યું છે:

'કાર્ય કરનારને પરવા હોય શું અંજામની,
રોજ ઉપવન સેંકડો ફૂલો ખીલાવી જાય છે.'

તેઓ જેવા દાનવીર તેવા વહીવટકર્તા. ચત્રભુજભાઈએ શ્રી વિલે પાર્લે કેળવણી મંડળના પ્રમુખ તરીકે ૨૫ વર્ષ સુધી બેનમૂન સેવાઓ આપી છે. અનેક ઉમદા પ્રવૃત્તિઓ કરતી આ વિશાળ સંસ્થાના સુકાની બનવા માટે વિશિષ્ટ કૌશલ્ય, દીર્ઘદૃષ્ટિ



જમનાબાઈ નરસી સ્કૂલ, જૂહુ-મુંબઈ

અને નિષ્ઠા જોઈએ જે એમનામાં હતી. ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલના પ્રમુખ, બૉમ્બે ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રમુખ, રૉટરી ક્લબ ઑફ બૉમ્બે વેસ્ટના પ્રમુખ અને નરસી મોનજી એડ્યુકેશનલ ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી તરીકે એમની કાર્યદક્ષતા, સ્પષ્ટભાષિતા, હૈયાઉકલત અને સમસ્યાનો ઉકેલ લાવવા નિર્ણય લેવાની ત્રેવડ સદાય સ્મરણીય રહેશે. 'માતાપિતાના ઋણમાંથી માણસ સો વર્ષે પણ મુક્તિ મેળવી શકતો નથી. હજારો વર્ષોથી ભેગા થતા આવતા આપણી સંસ્કૃતિના સનાતન વારસાનું જે સામાજિક ઋણ આપણા ઉપર છે એમાંથી મુક્ત થવાની તો વાત જ ક્યાં કરવી? એનો તો નતમસ્તકે સ્વીકાર કરવો રહ્યો. આ હતી ચત્રભુજભાઈની ભાવના. દાન દેવું પણ ગર્વ ન કરવો. જ્યાં જ્યાં નામ મૂકવાની વાત આવી ત્યાં માતા જમનાબાઈ અને પિતા નરસી મોનજીનું જ નામ આપ્યું. ક્યાંય પોતાનું નામ નહિ! માતાપિતા પ્રત્યેની ભક્તિ કેટલી મૂલગામી હશે!. નરસી મોનજી પરિવારે જે દાનની ગંગા વહેવડાવી છે તે અદ્‌ભુત છે. ચત્રભુજભાઈએ પોતાની સંસ્થાઓ ઉપરાંત એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈ યુનિવર્સિટી, ગુજરાત રીસર્ચ સોસાયટી ઈત્યાદિ અનેક સંસ્થાઓને દાન આપ્યું છે.

શ્રી ચંદુલાલ નાણાવટી મહિલા હૉસ્ટેલ અને કન્યાશાળા, જૂહુ વિલે પાર્લે એડ્યુકેશન સોસાયટી(ઉત્પલ સંઘવી સ્કૂલ), સાધના એડ્યુકેશન સોસાયટી, સેન્ટ્રલ ચિન્મય ટ્રસ્ટ, ભગિની સેવા મંદિર, કુમારિકા સ્ત્રી મંડળ, ગાંધીશિક્ષણ ભવન, સંગીત મહાભારતી, નાલંદા ડાન્સ રીસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, કચ્છી લોહાણા મહાજન, જનસેવા મંડળ(જૂહુ શિક્ષણ સમિતિ), બાઈ કબીબાઈ ઍન્ડ ચૅરિટી ટ્રસ્ટ, માતુશ્રી કાનબાઈ લાલબાઈ અને મોતીબાઈ લોહાણા કન્યા છાત્રાલય, ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલ, રોટરી સર્વિસ પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ, ડૉ. આર.એન.કપૂર હૉસ્પિટલ, સાન્તાક્રુઝ રેસિડન્ટ એસોસિયેશન, ઈન્ડિયન કૅન્સર સોસાયટી, સર હરકિસનદાસ નરોત્તમદાસ હૉસ્પિટલ, બૉમ્બે વેસ્ટ સબર્બન બ્રાન્ચ ઑફ ઈન્ડિયન ઍસોસીએશન, શ્રી રામકૃષ્ણ મિશન, મુખ્યમંત્રી રાહત ફંડ, શ્રી વલ્લભનિધિ ટ્રસ્ટ, ટાઈમ્સ ઑફ ઈન્ડિયા આર્મ્ડ ફોર્સીસ ફેમિલી વેલફેર ફંડ, બૉમ્બે ઉપનગર રિલીફ ફંડ, રોટરી ક્લબ ઑફ બૉમ્બે નોર્થ આઈલૅન્ડ વગેરે અનેક સંસ્થાઓને વખતોવખત દાન દેનાર ચત્રભુજભાઈ આ કાર્યને સમાજ પ્રત્યેની પોતાની ફરજ સમજતા હતા. સખાવતને તેઓ સમાજ માટેનું ભવિષ્યનું રોકાણ કહેતા હતા. ચત્રભુજભાઈ માનતા હતા કે જ્યાં અમારો વિકાસ થયો છે. જ્યાંથી અમે પામ્યાં છીએ એ સમાજને સમૃદ્ધ બનાવવા યતકિંચિત ફાળો અમારે આપવો જોઈએ. એ અમારું પરમ કર્તવ્ય છે.

ચત્રભુજભાઈ કામકાજના ચોક્કસ, બધું સમયસર અને નિયમિત થવું જોઈએ. જમનાબાઈ સ્કૂલનો વાર્ષિક કાર્યક્રમ વિલે પાર્લેના ભાઈદાસ હૉલમાં દર વર્ષે પાંચ દિવસ ચાલે. કાર્યક્રમ રોજ સાંજે છ વાગે એટલે બરાબર છના ટકોરે શરૂ થઈ જ જાય. તેઓ સ્વભાવે નિખાલસ. એમની હા એટલે હા અને ના એટલે ના. ગોળ ગોળ વાત કરવાનું જાણે જ નહિ આખાબોલું વ્યક્તિત્વ, જે હોય તે મોં ઉપર જ કહી દે.

મુંબઈને સમૃદ્ધ કરવામાં ગુજરાતી પ્રજાનો ફાળો અનન્ય છે. વિલે પાર્લે ઉપનગર મુંબઈમાં સંસ્કારી ઉપનગર તરીકે જાણીતું છે. વિલે પાર્લેના સંસ્કાર-ઉછેરમાં, સામાજિક જીવનના ઘડતરમાં, સુવિધાઓના નિર્માણમાં નરસી મોનજી પરિવારનો ફાળો ખૂબ મોટો છે. ચત્રભુજભાઈએ માત્ર વિલે પાર્લે જ નહિ, હરિદ્વારથી લઈ કચ્છના નાનકડા ગામ મસ્કા સુધી જ્યાં જ્યાં યોગ્ય લાગ્યું ત્યાં પોતાનો ફાળો આપ્યો છે. સંસ્થા સારી રીતે કાર્યશીલ હોય તો એને દાન આપવામાં ચત્રભુજભાઈ તત્પર રહેતા. એવી સેંકડો સંસ્થાઓ છે જેને નરસી મોનજી પરિવાર તરફથી દર વર્ષે નિયમિત રીતે અમુક ફંડ મળતું હોય.

ચત્રભુજભાઈએ ચારે હાથે આંબા વાવ્યા છે. જ્ઞાનની આમ્રકુંજના ગરવા માળી બન્યા છે. આવનાર સમયમાં આ સંસ્થાઓની સુવાસ એમની યાદ આપતી રહેશે. હાલમાં જ નરસી મોનજી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટ સ્ટડીઝને મુંબઈ યુનિવર્સિટીએ ડીમ યુનિવર્સિટીનો દરજ્જો આપી ગૌરવ કર્યું છે. 'એન.એમ.આઈ.એમ.એસ.' ભારતભરમાં જાણીતી છે. ઘણાં શહેરોમાં અંગ્રેજી માધ્યમની સારી શાળામાં પ્રવેશ અપાવવા બાળકનાં માબાપે હજારો અને કયારેક લાખ રૂપિયા આપવા પડે છે. ચત્રભુજભાઈએ છેલ્લાં ત્રણ દાયકાથી એવી પરંપરા કાયમ કરી છે કે આ શાળામાં પ્રવેશ માટે એક રૂપિયાનું પણ દાન લેવામાં આવતું નથી. જ્યારે વિદ્યાર્થીદીઠ લાખ રૂપિયા સહેલાઈથી સામે ચાલીને આવતા હોય છતાં પોતાના સિદ્ધાંતમાં મક્કમ રહેવું અને વિદ્યાસંસ્થાની નિષ્ઠા જાળવી રાખવી એ અતિ કપરું કાર્ય છે.

ચત્રભુજભાઈના પરિવારમાં એમનાં પત્ની કેસરબહેન, પુત્રીઓ આશાબહેન શરદ ચૌહાણ, ગીતાબહેન અશોક સંઘવી, પુત્રવધૂ ઉર્વશીબહેન અને પુત્ર જયરાજભાઈ ઠક્કરનો સમાવેશ થાય છે. એમના પરિવારે એમના કાર્યમાં સાથ આપ્યો હતો. આજે એ પરંપરા જાળવી રખાઈ છે.

૧લી જુલાઈ ૧૯૯૮ના દિને ચત્રભુજભાઈનું અવસાન થયું છે પણ એમની સખાવત દીર્ઘકાળ લગી સમાજ ભૂલશે નહીં. ☐

કિસ્સો- ઘડિયાળો સાથેના એક માણસનો

મૂ.લે. આર્થર કોનન ડોઈલ

અનુવાદકઃ મૂળશંકર પ્રા. ભટ્ટ

૧૮૯૨ની વસંતઋતુ દરમિયાન 'રગ્બીની રહસ્યમય ઘટના' નામથી છાપાંઓનાં પાનાં ભરી જે સમાચાર છપાતા તે વિસ્મયકારક બનાવ આજે પણ ઘણાં લોકો પોતાની સ્મૃતિમાં સંઘરી બેઠા હશે. આ બનાવ અસામાન્ય મંદીના કાળમાં બન્યો હોવાથી તેણે અનેક માણસોનું ધ્યાન ખેંચ્યું હતું. ત્રાસ અને ઉત્તેજનાયુક્ત આ પ્રસંગે લોકોને જાતજાતની કલ્પનામાં રાચતાં કરી મૂક્યાં હતાં. અઠવાડિયાંઓની નિષ્ફળ તપાસ પછી પણ જ્યારે લાગ્યું કે સત્ય હકીકત વિષે ખુલાસો સાંપડતો નથી ત્યારે લોકોએ તે બાબતમાં રસ લેવાનું છોડી દીધું. આ કરુણ પ્રસંગ ત્યારથી આજ સુધી દુર્બોધ અને ઉકેલી ન શકાય એવા ભેદી અપરાધોની યાદીમાં મુકાઈ ગયો છે. જેની વિશ્વસનીયતા શંકાથી પર લાગે તેવી તાજેતરમાં સાંપડેલી એક માહિતીએ આ ઘટના પર નવીન અને સ્પષ્ટ પ્રકાશ પાડ્યો છે. જનતા સમક્ષ આ માહિતી મૂકું તે પહેલાં જે અજોડ ઘટના વિશે આ માહિતી આપી છે તે ઘટનાની હકીકત રજૂ કરી લોકોની સ્મૃતિ તાજી કરવી જરૂરી લાગે છે. આ બનાવ ટૂંકમાં આ રીતે બન્યો હતોઃ

૧૮મી માર્ચની સાંજે પાંચ વાગે એક ટ્રેન યુસ્ટન સ્ટેશનેથી માન્ચેસ્ટર જવા ઊપડવાની તૈયારીમાં હતી. વરસાદ પડતો હતો અને વાતાવરણ તોફાની હતું. જેમ જેમ દિવસ ચડતો ગયો તેમ તેમ તોફાન વધતું ગયું. વાતાવરણ એવું હતું કે તાતી જરૂરિયાત ઊભી થઈ ન હોય તો માણસ આવા દિવસે પ્રવાસ કરવાનું ટાળે. તેમ છતાં શહેરમાંથી પાછા ફરતા માન્ચેસ્ટરવાસી વેપારીઓ માટે ટ્રેન એ પ્રવાસ માટેનું મુખ્ય સાધન હતું. આ મુસાફરી ચાર કલાક વીસ મિનિટમાં પૂરી થતી અને રસ્તામાં માત્ર ત્રણ સ્ટેશને જ ટ્રેન થોભતી. આમ, ઝંઝાવાતી સાંજ હોવા છતાં જ્યારની હું વાત કરું છું ત્યારે ટ્રેન મુસાફરોથી ખીચોખીચ ભરી હતી. ટ્રેનનો ગાર્ડ અનુભવી હતો. કોઈ પણ એબ કે ફરિયાદ વિના બાવીસ વર્ષની તેની એકધારી નોકરી હતી. નામ હતું જ્હોન પૉમર.

સ્ટેશનની ઘડિયાળમાં પાંચના ટકોરા વાગી રહ્યા હતા. એન્જિન ડ્રાઈવરને ગાર્ડ પ્રણાલિકાગત સિગ્નલ આપવા જતો હતો તેવામાં પ્લૅટફૉર્મને સામે છેડેથી મોડા પડેલા બે ઉતારુઓને ટ્રેન તરફ દોડતા તેણે જોયા. એક હતો અસાધારણ ઊંચો પુરુષ. તેણે કાળા રંગનો લાંબો રેનકોટ પહેર્યો હતો. ગળા આસપાસ કૉલર ઊંચો કર્યો હતો. મેં કહ્યું તેમ સાંજ તોફાની હોવાથી માર્ચના તોફાની પવનથી ગળાનું રક્ષણ કરવા એ લાંબા પ્રવાસીએ કોટનો કૉલર ઊંચો કર્યો હતો. ડબ્બામાં જગ્યા ક્યાં મળશે તેની ગડમથલમાં પડેલો તે મુસાફર ગાર્ડની ધારણા મુજબ ચાળીસ-પચાસ વચ્ચેની ઉંમરનો હશે. શારીરિક તંદુરસ્તી અને યૌવનનો તરવરાટ તેણે જાળવી રાખ્યાં લાગતાં હતાં. હાથમાં બ્રાઉન રંગની નાની બૅગ હતી. હમસફર તરીકે સાથે એક મહિલા હતી - ઊંચી, ટટાર અને પુરુષને પણ પાછળ રાખી દે તેવી તેજ ગતિથી ચાલતી. તેણે ધૂળિયા રંગનો લાંબો ઓવરકોટ પહેર્યો હતો. સ્ત્રીઓ પહેરે છે તેવી, માથા પર બંધબેસતી કાળા રંગની હૅટ પહેરી હતી. ચહેરાનો વધુ પડતો ભાગ ઢંકાઈ જાય એવી રીતે ઘેરા રંગની જાળી હૅટ પર ફીટ કરી હતી. કોઈને પણ લાગે કે એ પિતા-પુત્રી હશે. ડબ્બાઓ પાસેથી તેઓ ઝડપભેર ચાલવા લાગ્યાં. ડબ્બાની બારીમાંથી ઠેકઠેકાણે અંદર દૃષ્ટિ ફેંકતાં તેઓ જઈ રહ્યાં હતાં. ગાર્ડ જ્હૉન પૉમર તેઓ પાસે પહોંચ્યો.

'સાહેબ, ઝપાટો કરો. ટ્રેન ઊપડી રહી છે.' તેણે કહ્યું.

'ફર્સ્ટ ક્લાસ', માણસે જવાબમાં કહ્યું.

ગાર્ડે પાસેના જ એક ડબ્બાનું હૅન્ડલ ફેરવ્યું. તેણે જે ડબ્બાનું બારણું ખોલ્યું હતું તેમાં એક ઠીંગણો માણસ સિગાર પીતો બેઠો હતો. લાગે છે કે તે માણસે ગાર્ડના મન પર ઘેરી છાપ પાડી હશે કેમ કે પછીથી તેને શોધવા માટે તેનું આબેહૂબ વર્ણન તેણે કર્યું હતું. તે આદમી ચોંત્રીસ-પાંત્રીસની વયનો હશે. તેનાં કપડાં ભૂખરા રંગનાં હતાં, નાક અણીદાર હતું અને ખૂબ સાવધ દેખાતો હતો. ચહેરો રીઢો લાગતો હતો. તેણે ટૂંકી દાઢી રાખી હતી. બારણું ખૂલ્યું એટલે તે તરફ તેણે નજર કરી. અંદર ચડવા તૈયાર થયેલો લાંબો પુરુષ એકાએક થોભી ગયો.

'ધૂમ્રપાન કરવાનો આ ડબ્બો છે. બાનુને ધૂમ્રપાન પસંદ નથી!' તેણે કહ્યું.

'બહુ સારું! લો, આ રહ્યો તમારો ડબ્બો.' પૉમર કહ્યું.

ધૂમ્રપાનની છૂટ આપતા ડબ્બાનું બારણું તેણે જોરથી બંધ કર્યું અને બાજુના ડબ્બાનું બારણું ખોલી બંને જણાંને પૉમરે અંદર ધકેલ્યાં. ડબ્બો ખાલી હતો. ગાર્ડે તરત જ વ્હિસલ મારી અને ટ્રેનનાં પૈડાં ઘૂમવા લાગ્યાં. ધુમ્રપાન કરવાના ડબ્બામાં સિગાર પીતો માણસ બારી પાસે આવ્યો. જેવી ટ્રેઈન ગાર્ડ પાસેથી પસાર થઈ ત્યારે તેણે ગાર્ડને કંઈક કહ્યું. પણ ગાડી ઊપડવાના ઘોંઘાટમાં તેણે શું કહ્યું તે સંભળાયું નહીં. પૉમર ગાર્ડના ડબ્બામાં ચડ્યો અને થોડી વાર પહેલાં બનેલા આ બનાવને વીસરી ગયો.

બાર મિનિટ પછી ટ્રેન વિલેસ્ડેન જંકશને પહોંચી. અહીં થોડો સમય થોભી. ટિકિટોની ગણતરી કરતાં જણાયું કે અત્યાર સુધીમાં ટ્રેનમાં કોઈ ચડ્યું કે ઊતર્યું. નહોતું. હાલમાં પણ કોઈ ઉતારુ ટ્રેનમાં ચઢતો જણાયો નહીં. ૫:૧૪ વાગ્યે ટ્રેન માન્ચેસ્ટર જવા ઊપડી. સાંજે ૯:૪૫ વાગ્યે રગ્બી પહોંચી. ટ્રેન પાંચ મિનિટ મોડી હતી.

રગ્બી સ્ટેશને સ્ટાફનું ધ્યાન ગયું કે ફર્સ્ટ ક્લાસના એક ડબ્બાનું બારણું ખુલ્લું હતું. એ ડબ્બામાં તેમજ બાજુના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં તપાસ કરી તો વિચિત્ર પરિસ્થિતિ ઊભી થઈ હોય તેવું લાગ્યું.

ધુમ્રપાનના ડબ્બામાં જ્યાં બાઠકો, રતૂમડો ચહેરો અને કાળી દાઢી ધરાવતો માણસ બેઠો હતો તે ખાલી હતો. ડબ્બામાં બેઠેલા માણસે અડધી પીધેલી સિગાર સિવાય બીજી કોઈ નિશાની ત્યાં છોડી નહોતી. ડબ્બાનું બારણું બંધ હતું. બાજુના ડબ્બામાં જોયું તો કોટનો કૉલર ઊંચો કરેલો પુરુષ કે સાથે રહેલી યુવતીનું કશું ચિહ્ન ત્યાં નહોતું. ત્રણે મુસાફરો ગાયબ થઈ ગયાં હતાં. જે ડબ્બામાં લાંબો આદમી અને મહિલા બેઠાં હતાં ત્યાં નીચે નજર કરતાં એક દેખાવડો, ઊંચી જાતનાં કપડાં પહેરેલો યુવાન સીટ પાસે પડ્યો હતો. તેના પગ ઘૂંટણ પાસેથી વળેલા હતા. સીટના પાયા પર માથું ટેકવાયું હતું અને બંને હાથે તેણે સીટ પકડી હતી. હૃદયની આરપાર પિસ્તોલની ગોળી પસાર થઈ દેખાતી હતી. લાગતું હતું કે તે તરત જ મરણશરણ થયો હશે. કોઈએ આવા માણસને ટ્રેનમાં ચડતો જોયો નહોતો. ગજવામાં રેલવેની ટિકિટ નહોતી. કપડાં પર કોઈ લેબલ નહોતું. પાસે કોઈ કાગળો નહોતા. તે કોણ છે તે જાણી શકાય એવી કશી વસ્તુ ત્યાં નહોતી. તે કોણ હતો, ક્યાંથી આવી ચઢ્યો અને કયા સંજોગોમાં તેનું મૃત્યુ થયું તે એક રહસ્ય હતું - જેવું રહસ્ય દોઢ કલાક પહેલાં વિલેસ્ડેન સ્ટેશને બે ડબ્બામાં ચઢેલા આ ત્રણ પ્રવાસીઓની આસપાસ વણાયું હતું તેવું.

યુવાનનો પરિચય સાંપડે એવી એકેય ચીજ ડબ્બામાંથી મળી નહોતી એમ મેં કહ્યું પરંતુ એટલું સાચું કે જે વાતની આજકાલ ખૂબ ચર્ચા થઈ છે તેની સાથે સંકળાયેલા આ અજાણ્યા યુવકની એક વિશેષતા જોવા મળી. તેના ખિસ્સામાંથી ઓછામાં ઓછાં છ સોનાનાં કાંડા ઘડિયાળ હાથ લાગ્યાં હતાં. તેમાંનું ચામડાના પટાવાળું અને નાના કદનું એક ઘડિયાળ તેણે કાંડા પર પહેર્યું હતું. તે ખિસ્સાકાતરુ હશે અને ઘડિયાળો તેની કમાણીનાં હશે એવું કારણ અહીં પાંગળું લાગતું હતું. કારણ કે આ છયે ઘડિયાળો અમેરિકામાં બન્યાં હતાં અને ઈન્ગ્લંડમાં ભાગ્યે જ મળે એ જાતનાં હતાં, તેમાંનાં ત્રણ રૉચેસ્ટર વૉચ કંપનીએ બનાવ્યાં હતાં; એક એલ્મિરાના મેંસનની બનાવટનું હતું. એક ક્યાં બન્યું તેના કશા લખાણ વિનાનું અને કાંડા પરનું પુષ્કળ હીરા જડેલું નાનું ઘડિયાળ ન્યૂયૉર્કના ટિફેનીમાં બન્યું હતું. ગજવામાંથી નીકળેલી અન્ય ચીજોમાં હાથીદાંતના હાથાવાળું ચપ્પુ, રૉજર્સે બનાવેલું બૂચ ખોલવાનું સાધન, ત્રણેક સેન્ટિમીટર વ્યાસનો નાનો ગોળાકાર અરીસો, લિશેયમ થીએટરમાં પુનઃપ્રવેશ મેળવવાનો પાસ, રૂપાની નાની પેટીમાં દિવાસળીની કાંડીઓ, ભૂરા રંગની સિગારપેટીમાં રાખેલી બે ચિરૂટ અને બે પાઉંડ, ચૌદ શિલિંગ રોકડાનો સમાવેશ થતો હતો. એટલું સ્પષ્ટ લાગતું હતું કે ગમે તે હેતુથી આ યુવાનની હત્યા કરવામાં આવી હશે, પરંતુ લૂંટફાટના હેતુથી તેનું ખૂન થયું નહોતું. તેણે પહેરેલાં કપડાં તદ્દન નવાં હતાં. અગાઉ કહેવાયું તેમ કાપડ બનાવનાર કે કપડાં સીવનારનું નામ પહેરવેશ પર ક્યાંય નહોતું. દેખાવે તે યુવાન હતો. ગાલ લાલચોળ હતા. તે નીચા કદનો અને કોમળ ચહેરો ધરાવતો હતો. આગળનો એક દાંત ધ્યાન ખેંચાવે એ રીતે સોને મઢેલો હતો.

આ કરુણ બનાવ બન્યો કે તરત જ બધા ઉતારુઓની ટિકિટ તપાસવામાં આવી અને ઉતારુઓની સંખ્યા પણ ગણવામાં આવી. જાણવા મળ્યું કે જે ત્રણ મુસાફરો ગુમ થઈ ગયા હતા તેઓની ટિકિટનો મેળ બેસતો નહતો. ટ્રેનને ત્યાર બાદ આગળ જવા દેવામાં આવી. જ્હૉન પૉમરને રગ્બી સ્ટેશને બનેલા બનાવના સાક્ષી તરીકે રોકી પાડવામાં આવ્યો. તેની જગ્યાએ બીજા ગાર્ડને મૂક્યો. જે બે ડબ્બામાં આ ઘટના બની હતી તે ડબ્બાઓને જુદા કાઢી બાજુની લાઈન પર મૂકવામાં આવ્યા. સ્કૉટલેન્ડ યાર્ડના ઈન્સ્પેક્ટર વૅઠન અને રેલવેના ડિટેક્ટિવ હેન્ડરસનના આવી ગયા બાદ આખા પ્રસંગની પૂરેપૂરી જાંચતપાસ કરવામાં આવી.

ગુનો બન્યો એ ચોક્કસ હતું. ગોળી નાની પિસ્તોલ કે રિવૉલ્વરમાંથી ખૂબ નજીકથી છોડવામાં આવી હતી. ડબ્બામાંથી કોઈ પ્રકારનું હથિયાર મળ્યું ન હોઈ આપઘાતની શક્યતા નકારી કાઢવામાં આવી. લાંબા માણસના હાથમાં બ્રાઉન કલરની જે નાની બૅગ ગાર્ડે જોઈ હતી તે પણ ડબ્બામાં ન હતી. સ્ત્રીઓ વાપરે છે તેવી નાની છત્રી અભરાઈ પર પડી હતી. તે સિવાય બંને ડબ્બામાંથી ઉતારુઓનું નામનિશાન જોવા મળ્યું નહોતું. મોટો પ્રશ્ન તો એ હતો કે જ્યારે વિલેસ્ડેન અને રગ્બી વચ્ચે ટ્રેન ઝડપથી જઈ રહી હતી ત્યારે ત્રણ પેસેન્જરો કઈ રીતે અને શા માટે ટ્રેનમાંથી ઊતરી શક્યા અને નવો પેસેન્જર ટ્રેનમાં ચઢી શક્યો. આ પ્રશ્ને સામાન્ય જનતામાં તીવ્ર જિજ્ઞાસા પેદા કરી હતી. લંડનનાં અખબારોએ પણ આ મુદ્દા પર જાતજાતના તુક્કા દોડાવ્યા હતા.

કાનૂની તપાસ વખતે ગાર્ડ જ્હૉન પૉમરે થોડા પુરાવા આપ્યા પણ તેથી આ બાબતનો સંતોષકારક ખુલાસો સાંપડ્યો નહીં. તેના અહેવાલ પ્રમાણે ટ્રિંગ અને ચૅડિંગ્ટન સ્ટેશનો વચ્ચે અમુક જગ્યાએ પાટા રિપેર થતા હોવાથી ટ્રેન કલાકના ૧૨ થી ૧૫ કિલોમીટરની મંદ ગતિથી થોડો સમય ચાલતી. આવી જગ્યાએ કોઈ પણ માણસ કે અતિશય ચપળ સ્ત્રી બહુ ઈજા ન

થાય તે રીતે ઊતરી જઇ શકે. એ સમયે કામ પર આવેલા મજૂરો પાટાની આજુબાજુ ઊભા હોય એ ખરું, પરંતુ તેઓએ આવું કશું જોયું નહોતું. જે જગ્યાએ પાટાનું સમારકામ થતું હતું ત્યાંથી ડબ્બાનું ખુલ્લું બારણું ઘણે દૂર હતું. એટલે શક્ય છે કે સાંજના જામતા અંધકારમાં તેઓએ કોઇને ઊતરતા જોયા ન હોય. ડબ્બામાંથી કોઈ બહાર કૂદી પડ્યું હોય તો પણ ત્યાં લાકડાની એક મોટી સીડી પડી હોવાથી મજૂરો સ્પષ્ટપણે કંઇ જોઈ ન શક્યા હોય.

ગાર્ડે એમ પણ સોગંદપૂર્વક કહ્યું કે વિલૅસ્ડેન જંકશન પર માણસોની ખૂબ ભીડ હતી. પણ ટ્રેનમાંથી ત્યાં કોઇ ચઢ્યું-ઊતર્યું નહોતું. તેમ છતાં કોઇ ન જુએ તેમ એક ડબ્બામાંથી ઉતારુઓ બીજા ડબ્બામાં જઇ શકે તેવું હતું. ધૂમ્રપાન કરવાના ડબ્બામાં કોઇ માણસ ધૂમ્રપાન પતાવે અને પછી બીજા ડબ્બાની ચોખ્ખી હવા માણવા ત્યાં બેસે એ અસામાન્ય નહોતું. કાળી દાઢીવાળા માણસે વિલૅસ્ડેન સ્ટેશને તેમ કર્યું હોય એમ ધારી લઇએ તો બાજુના ડબ્બામાં જ્યાં આ નાટકનાં બીજાં બે પાત્રો બેઠાં હતાં ત્યાં તે ગયો હોય. ધૂમ્રપાનના ડબ્બામાં અર્ધી બળેલી સિગ- પડી હતી તે આ અનુમાનને ટેકો આપતી હતી. આમ, : બનાવના પહેલા પગથિયાની સંભાવનાનું અનુમાન બાંધી શકાય તેમ હતું, પરંતુ બીજું પગથિયું શું હોઈ શકે અથવા આખરી પરિણામ કેમ આવ્યું તે ન તો ગાર્ડ સમજી શક્યો કે ન તો અનુભવી ડિટેક્ટિવ બતાવી શક્યો.

વિલૅસ્ડેન અને રગ્બી સ્ટેશનો વચ્ચેની રેલવે-લાઇન તપાસતાં આ કરુણાંતિકા સાથે સંબંધ ધરાવતું પણ હોય કે ન પણ ધરાવતું હોય એવું એક તથ્ય જાણવા મળ્યું. ટ્રિંગ પાસે, જ્યાં ટ્રેન ધીમી પડી હતી ત્યાં પડેલી એક સીડી પાસેથી ટેસ્ટામેન્ટની નાના કદની આવૃત્તિ મળી આવી હતી. તે આવૃત્તિ જૂની, ગંદી અને ફાટેલી હતી. બાઇબલ સોસાયટી ઑફ લન્ડને એ ટેસ્ટામેન્ટ છાપ્યું હતું. તેના પહેલા પૃષ્ઠ પર લખ્યું હતું :'જ્હૉન તરફથી એલીસને. જાન્યુ.૧૩મી, ૧૮૫૬'. તે લખાણ નીચે વળી લખ્યું હતું :'જેમ્સ, જુલાઇ ૪, ૧૮૫૯' અને તેની પણ નીચે 'એડવર્ડ, નવે.૧,૧૮૬૯' એવું લખાણ હતું. બધી નોંધના અક્ષરો એક જ વ્યકિતના હતા. કહી શકાય તેવું આ એકમાત્ર પગેરું મળ્યું હતું. ટેસ્ટામેન્ટની પુસ્તિકા પોલીસને મળી હતી. આ અ[illegible] કેસ માટે કોરોનરે આપેલો ચુકાદો,'અજ્ઞાત માણસ કે માણસો દ્વારા ખૂન' સંતોષકારક લાગતો નહોતો. જાહેરાતો આપવામાં આવી, ઇનામ જાહેર કરવામાં આવ્યાં, પૂછપરછ પણ થઈ, પરંતુ કશું પરિણામ ઊપજ્યું નહીં. તપાસ લાભપ્રદ નીવડે એવું કશું નક્કર મળ્યું નહીં.

તેમ છતાં શું બન્યું હોવું જોઇએ તે વિશે કશાં તાર્કિક અનુમાનો બાંધવામાં આવ્યાં નહોતાં એમ ધારવું ભૂલભરેલું ગણાશે. ઊલટું ઇન્ગ્લંડ અને અમેરિકાનાં વર્તમાનપત્રોએ સૂચનો અને ધારણાઓનો મારો વરસાવ્યો હતો. જો કે બધાં ઉટપટાંગ હતાં. મૃત યુવકે પહેરેલાં કપડાં, જોડાં બધું બ્રિટિશ બનાવટનું હોવા છતાં ઘડિયાળ અમેરિકન બનાવટનાં હતાં તે અને સોને મઢેલા આગલા દાંતની વિશિષ્ટતા પરથી લાગતું હતું કે યુવાન યુનાઇટેડ સ્ટેટનો વતની હતો. કેટલાક એવું અનુમાન કરતા હતા કે ડબ્બામાં તે સીટ નીચે છુપાઈ ગયો હશે. ડબ્બાના બે પેસેન્જરોને આથી કદાચ થયું હશે કે તેમણે ઘડેલા કાવતરાની ગુપ્ત વાતો આ યુવકે સાંભળી લીધી છે, અને તે કારણે તેને મારી નાખ્યો હોય. કેટલાક ગુપ્ત અને લોકવિરોધી ટોળીઓની ઝનૂની અને દાવપેચભરી યુક્તિઓ સાથે મેળ બેસાડતાં આ વાત બુદ્ધિગમ્ય લાગતી હતી.

તે યુવાન પાસે ટિકિટ નહોતી એ વાત તે છુપાઇને બેઠો હતો તેની સાથે મેળ પડતી લાગતી હતી. બીજી બાજુ, ગાર્ડે આપેલી જુબાની પરથી સ્પષ્ટ થતું હતું કે એ ડબ્બામાં બીજાં ઉતારુઓ ચઢ્યાં તે પહેલાં તે ત્યાં છુપાઇને બેઠો હશે. એ પણ કેવો અસંભવ યોગાનુયોગ કે જે ડબ્બામાં જાસૂસ બેઠો હતો તે જ ડબ્બામાં આ મુસાફરો ભૂલભૂલથી ચઢી બેઠાં! પરંતુ ધૂમ્રપાનના ડબ્બામાં બેઠેલા માણસને કારણે આ ખુલાસો અસ્વીકાર્ય બનતો હતો. તે માણસ એ જ વખતે કેમ ગુમ થઇ ગયો તેનું ઉચિત કારણ મળતું નહોતું. આવાં અનુમાનોથી તથ્ય તારવી નહીં શકાય એમ સાબિત કરવું પોલીસ માટે સહેલું થઈ પડ્યું. પુરાવાને અભાવે વૈકલ્પિક સ્પષ્ટીકરણની સ્થિતિમાં પણ લોકો ન હતાં.

એક વિખ્યાત ગુનાશોધકની સહીથી 'ડેઇલી ગેઝેટ'માં એક પત્ર પ્રસિદ્ધ થયો હતો. વર્તમાન સંજોગોમાં એ પત્રને કારણે ઠીકઠીક ચર્ચા થવા લાગી. તેણે કરેલું અનુમાન વાંધાવચકા વિના સ્વીકારી શકાય તેવું હતું. એના જ શબ્દોમાં એ અનુમાન વાંચશું તો યોગ્ય ગણાશે-

'સત્ય હકીકત ગમે તે હોય,' તેણે લખ્યું છે, ' પરંતુ બનાવોના વિષમ અને વિરલ સંજોગો પર તે સત્ય આધારિત હોવું જોઇએ જેથી કરીને આવા બનાવોના ખુલાસા સ્વીકારવામાં આપણને સંદેહ પેદા ન થાય. માહિતીના અભાવે વિશ્લેષણાત્મક કે વૈજ્ઞાનિક તપાસ કરવાની પદ્ધતિ છોડી સાંયોગિક પુરાવાને આધારે આપણે તપાસ ચલાવવી જોઈએ. ટૂંકમાં કહું તો, બનેલા બનાવો પરથી શું બન્યું હશે તે નક્કી કરવાને બદલે આપણે કાલ્પનિક ખુલાસા ખોળી કાઢશું તો તે વધુ યોગ્ય કહેવાશે. ત્યાર બાદ જે હકીકતો સાંપડશે તેને આધારે આપણે ખુલાસા આપી શકીશું. તેવા ખુલાસા જો બંધબેસતા લાગશે તો આપણે સાચા માર્ગ પર છીએ એવી સંભાવના રહેશે. આવી પ્રત્યેક હકીકત સાથે સંભાવના વધતી જશે અને છેવટે પુરાવા પ્રતીતિજનક તથા નિર્ણાયક લાગશે.

'આમ જોઈએ તો એક ઘટના એવી નોંધપાત્ર અને સૂચક

હોવા છતાં તેના પ્રત્યે યોગ્ય ધ્યાન અપાયું નથી. હૅરો અને કિંગ્ઝ લૅન્ગલી વચ્ચે એક લોકલ ટ્રેન દોડે છે. એનો સમય એવો છે કે પેલી એક્સપ્રેસ ટ્રેન તેની આગળ નીકળી ગઈ હોય અથવા જ્યાં લાઇન રિપૅર થાય છે ત્યાંથી કલાકના ૧૦ થી ૧૨ કિ.મી.ની ઝડપે અને મંદ ગતિએ જતી હોય. એ વખતે આ બંને ટ્રેનો એક જ દિશામાં, ધીમી ઝડપે અને પાટાની બે સમાંતર લાઇનો પર એક સાથે જતી હશે. સૌના સામાન્ય અનુભવની વાત છે કે આવા સંજોગોમાં એક ટ્રેનમાં બઠેલો પૅસેન્જર સામેના પાટા પર જતી ટ્રેઇનના ઉતારુઓને સ્પષ્ટપણે જોઈ શકે છે. એક્સપ્રેસ ટ્રેનની લાઇટ વિલૅસ્ડેન સ્ટેશનેથી જ પેટાવી દેવામાં આવી હતી. આથી તે ટ્રેનનો એકેએક ડબ્બો અંદરથી એટલો પ્રકાશિત હતો કે બહારનો માણસ ખૂબ સરળતાથી અંદર જોઈ શકે.

'હવે પછીથી જે ઘટના ઘટી હશે તે મારી માન્યતા મુજબ આ પ્રમાણે હોવી જોઈએ. સાથે ઘડિયાળો રાખીને ફરતો યુવાન ધીમી પડેલી લોકલ ટ્રેનના ડબ્બામાં એકલો હશે. તેની ટિકિટ, અન્ય કાગળો, હાથમોજાં વગેરે, આપણે ધારી લઈએ કે તેની બાજુમાં સીટ પર પડ્યાં હશે. મોટે ભાગે તે અમેરિકન હશે અને ઘણું કરીને નબળી મગજશક્તિ ધરાવતો હશે. વધારે પડતાં આભૂષણો ધારણ કરવાની ટેવ કંઈક અંશે માણસની ઘેલછા ભરી સ્થિતિ બતાવે છે.

'પાટાની નબળી હાલતને કારણે લોકલ ટ્રેન જેટલી જ ધીમી ગતિએ જતી એક્સપ્રેસ ટ્રેનને તે નીરખી રહ્યો હશે. એકાએક સામી ટ્રેનના એક ડબ્બામાં તેણે પરિચિત માણસો જોયાં. આપણા અનુમાનને ટેકો મળે એ રીતે આપણે ધારશું કે યુવાને જોયેલાં માણસોમાં એક સ્ત્રી હતી જેને તે ચાહતો હતો અને એક પુરુષ હતો જેને તે ધિક્કારતો હતો. પેલો માણસ પણ યુવાનને ધિક્કારતો હતો. યુવાન વાતવાતમાં ઉશ્કેરાઈ જતો અને તરંગી હતો. તેણે પોતાના ડબ્બાનું બારણું ખોલ્યું, ડબ્બાના ફૂટબોર્ડ પરથી એક્સપ્રેસ ટ્રેનના ફૂટબોર્ડ પર ગયો, ડબ્બાનું બારણું ખોલ્યું અને આ બે વ્યક્તિઓ સામે જઈ ઊભો. બંને ટ્રેનો એક સરખી ધીમી ગતિએ જતી હશે એમ માની લઈએ તો એક ટ્રેનમાં જવાનું કરેલું સાહસ દેખાય છે તેવું જોખમી ન ગણાય.

'એક્સપ્રેસ ટ્રેનના જે ડબ્બામાં આધેડ પુરુષ અને યુવતી બેઠાં હતાં તે ડબ્બામાં ટિકિટ વિના મુસાફરી કરતો આપણો યુવાન ઘૂસ્યો. ત્યાર બાદ ત્યાં હાથાપાઈ થઈ હશે. પેલું યુગલ પણ લાગે છે કે અમેરિકન હશે, આ એટલા માટે સંભવિત લાગે છે કે પુરુષ પાસે હથિયાર હતું. ઇન્ગ્લંડમાં માણસો સામાન્ય રીતે હથિયાર સાથે ફરતા નથી. યુવાન માણસ ઉન્માદી બન્યો હશે એમ ધારવું સાચું ઠરે તો તેણે આધેડ પુરુષ પર હુમલો કર્યો હોય એમ બની શકે. પરિણામે ડબ્બામાં ઘૂસેલા આ યુવક પર આધેડ પુરુષે ગોળી છોડી હશે અને પછી યુવાન સ્ત્રી સાથે નાસા છૂટ્યા હશે. આપણ ધારી લેશું કે આ બધું ખૂબ ઝડપથી બન્યું અને ત્યાં સુધી ટ્રેન ધીમી ઝડપે જઈ રહી હતી. ટ્રેનમાંથી ઊતરવું, એ કારણે, મુશ્કેલ નહીં લાગ્યું હોય. બારેક કિલોમીટરની ગતિએ જતી ટ્રેનમાંથી સ્ત્રી પણ ઉતરી શકે. સાચું પૂછો તો તે સ્ત્રીએ એમ જ કર્યું હતું એમ કહી શકાય.


'હવે ધૂમ્રપાનવાળા ડબ્બામાં બેઠેલા માણસને આપણે બનાવ સાથે ગોઠવવાનો છે. એમ માની લઈએ કે અત્યાર સુધીના પ્રસંગો આપણે સાચી રીતે કલ્પ્યા છે તો આ માણસને કારણે આપણાં અનુમાનોમાં ફેરફાર કરવાપણું ખાસ લાગતું નથી. મારા મંતવ્ય પ્રમાણે આ માણસે યુવાનને એક ટ્રેનમાંથી બીજી ટ્રેનમાં જતો જોયો હશે, ડબ્બાનું બારણું ખોલતાં પણ તેને જોયો હશે અને પછી બંદૂકનો અવાજ સાંભળ્યો હશે. યુવતી અને પુરુષને ટ્રેનમાંથી કૂદી નાસી જતાં જોયાં હશે અને તેણે તરત જ માની લીધું હશે કે ખૂન થયું છે. પેલાં બે પાછળ તે એકદમ પડ્યો હશે. એ માણસ વિશે અત્યાર સુધીમાં કશું સાંભળવામાં આવ્યું નથી. કદાચ તેની પણ હત્યા થઈ હોય. અથવા વધારે શક્યતા તો એવી છે કે તેને લાગ્યું હોય કે આ ઝઘડામાં પડવા જેવું નથી. હાલની ઘડીએ આથી વધુ ખુલાસો કરી શકાય તેમ લાગતું નથી. આમ ધારી લેવામાં કેટલીક અડચણ નડે છે તે હું જાણું છું. પ્રથમ દૃષ્ટિએ તો લાગે કે ખૂન કર્યા પછી બ્રાઉન બૅગ સાથે ઉઠાવી જવાનું કોઈ માણસ મુનાસિબ ન માને. જવાબમાં હું એટલું કહીશ કે તે બુઝુર્ગ બરોબર જાણતો હતો કે જો બૅગ બીજાને મળે તો પોતે ઓળખાઈ જાય. તેથી બૅગ પોતાની સાથે લઈ જવી અતિશય જરૂરી હતું. મારું અનુમાન સાચું છે કે ખોટું તે એક બાબત પર આધાર રાખે છે. હું રેલવે-સત્તાવાળાઓને ભલામણ કરીશ કે ૧૮મી માર્ચની લોકલ ટ્રેન જ્યારે હૅરો અને કિંગ્ઝ લૅન્ગલી વચ્ચે જઈ રહી હતી ત્યારે તેમાંથી નધણિયાતી રેલવે ટિકિટ મળી આવી હતી કે કેમ તે વિષે ચોક્કસ તપાસ કરે. જો એવી ટિકિટ મળી આવી હોય તો મારો કેસ સાબિત થાય છે. ન મળે તો પણ મારું અનુમાન એ રીતે સાચું ઠરે કે તે યુવાન ટિકિટ લીધા વિના મુસાફરી કરતો હશે અથવા તેની ટિકિટ ખોવાઈ ગઈ હશે.'

આ વિસ્તૃત અને સત્યાભાસી અનુમાનના જવાબમાં પોલીસ અને સ્ટેશન-સત્તાવાળાઓએ જણાવ્યું કે પહેલું, નધણિયાતી કોઈ ટિકિટ મળી નહોતી; બીજું, લોકલ ટ્રેન ક્યારેય પણ એક્સપ્રેસ ટ્રેનને સમાંતર ચાલે નહીં; અને ત્રીજું, લોકલ ટ્રેન કિંગ્ઝ લૅન્ગલી સ્ટેશને ઊભી હતી ત્યારે ૭૦ કિ.મી.ની ઝડપે જતી એક્સપ્રેસ ટ્રેન ત્યાંથી પસાર થઈ હતી. આમ ખાતરીદાયક લાગતો એકમાત્ર ખુલાસો આથી ખોટો ઠર્યો. (આવતા અંકે પૂરું)

કેન્સર: એક જનીનીય રોગ

ડૉ. જે.પી.ત્રિવેદી

કેન્સર એ વિવિધ વર્ગના સૌથી વધુ ભિન્ન રોગો માટે અનૌપચારિક રીતે વપરાતો શબ્દ છે. જનીનીય માહિતીમાં થતી ક્ષતિ અથવા ફેરફારને ઉત્પરિવર્તન કહે છે. બહુકોષીય જીવોમાં જેના દ્વારા શુક્રાણુ તથા અંડકોષો બને છે તેવા પ્રજનક-રેખીય-કોષોમાં ઉત્પરિવર્તન થાય તો તેવું કેન્સર વારસામાં ઊતરે છે. જો ઉત્પરિવર્તન દૈહિક કોષોમાં થાય તો અનેક શક્યતાઓ સંભવે છે.



કેટલાક દૈહિક ઉત્પરિવર્તનો જીવના પુખ્ત થયા બાદ થાય તો જોખમી હોવાની સંભાવના રહે છે. દૈહિક ઉત્પરિવર્તનો દ્વારા કેન્સર થઈ શકે જે કોષની વૃદ્ધિ તથા વિભાજનનું નિયમન કરતી પ્રણાલિને ક્ષતિ પહોંચાડીને શરીરના કોઈ એક અવયવમાં કેન્સર નિપજાવે છે. જો કેન્સર એક જ અવયવ પૂરતું મર્યાદિત રહીને ટ્યૂમર(ગાંઠ,અર્બુદ) ઉપજાવે તો તે સુદમ્ય(સૌમ્ય) ટ્યૂમર કહેવાય, જે સર્જન ઑપરેશનથી દૂર કરીને દર્દીને સાવ સાજો કરી શકે. કેન્સર જો બીજા કોષો ઉપર આક્રમણ કરી અન્ય અવયવોમાં દ્વિતિયક ટ્યૂમર ઉપજાવે તો તેને જીવલેણ ટ્યૂમર કહે છે. આ રીતે કેન્સરના ફેલાઈ જવાની ક્રિયાને વિક્ષેપ કહે છે, જેનો ઇલાજ દુષ્કર છે. સિગારેટ પીવાથી કે વાતાવરણમાંના નુકસાનકારી રસાયણો અથવા કેન્દ્રકીય વિકિરણો દ્વારા કેન્સર થાય છે, પરંતુ તેમનું કાર્ય ઉત્પરિવર્તન દ્વારા થાય છે. આ કારકો દ્વારા કોષોના ઉત્પરિવર્તનને કારણે કેન્સર થાય છે.કેન્સર નીપજાવતાં કારકોને કેન્સરકારકો કહે છે. કેન્સર નીપજાવતાં ઉત્પરિવર્તનોમાંનાં કેટલાંક પર્યાવરણીય કારણો તથા કેટલાંક કોષના ડી.એન.એ.નું દ્વિવિભાજન થવા દરમ્યાન થતી ક્ષતિઓને કારણે હોય છે.

કોષોનું કાર્ય પ્રજનક-કોષોની સેવા કરવાનું તથા પોતાનું પુનર્જનન કરવાનું હોય છે. દરેક પેશીઓમાં રોજ કોષો તૂટે છે અને બળવો કરીને ફરીથી વિભાજન પામે છે. જો આ વિભાજન રોકી શકાય નહિ તો પરિણામ છે કેન્સર. સામાન્યતઃ તેમનું વિભાજન રોકી શકાય છે. કોષોના આવા કેન્સર કરી રહેલા બળવાને રોકવા કોષમાં ખૂબ વિકસિત શ્રેણીઓની સ્વિચો(કળ) હોય છે જે કોષને જો તે કેન્સરગ્રસ્ત થતો જણાય તો આપઘાત કરવા પ્રેરે છે. કોષના આપઘાતને ઍપોટોસીસ કહે છે. ખૂબ જાણીતી તથા અગત્યની આવી સ્વિચ માનવીમાં ૧૯૭૯માં શોધાયેલ **TP53** છે, જે રંગસૂત્ર ૧૭ના ટૂંકા હાથ ઉપર આવેલી છે.(આ સંખ્યા ૫૩ રંગસૂત્ર ૧૭ ઉપર આવેલા ૫૩-કીલોડૉલ્ટન દળ ધરાવતી પ્રોટીન નીપજ સૂચવે છે.)

અગાઉ એવી માન્યતા હતી કે કેન્સર એક જ રોગ નથી પરંતુ કેટલીયે વિવિધ અવ્યવસ્થાનું મુખ્ય બાહ્ય પરિણામ છે. ચિમ્નિ સાફ કરનારાઓને કોલટારને લીધે વૃષણકોથળીનું કેન્સર થતું; એક્સ-રે ટેકનિશિયનો તથા હિરોશીમામાં બચી ગયેલાંઓને લ્યૂકેમિયા (રુધિર કેન્સર) , સિગારેટ પીનારાઓને ફેફસાંનું કેન્સર તથા જહાજોની ગોદીના કામદારોને ઍસ્બેસ્ટોસ તંતુઓથી કેન્સર થાય છે. આ બધાં માટેનો કોઈ એક સામાન્ય સંબંધ હોય તો તે પ્રતિરક્ષા-પ્રણાલિ દ્વારા ટ્યૂમરને રોકવાની નિષ્ફળતા ગણાવી શકાય.

સંશોધનોમાં આ માટે બે પ્રકારના અભિગમ છે. પ્રથમ અભિગમમાં ૧૯૬૦માં બ્રુસ ઍમીસ દ્વારા કૅલિફોર્નિયામાં શોધાયું કે કેન્સર નીપજાવતાં ઘણાં રસાયણો તથા ઉત્સર્ગી વિકિરણોમાં એક અત્યંત મહત્ત્વની નિર્ણાયક વસ્તુ સામાન્ય જણાઈ આવી. આ બધાં જ ડી.એન.એ.ને સારું એવું નુકસાન કરતાં જણાયાં. આથી ઍમીસે સૂચવ્યું કે કેન્સર જનીનોનો રોગ હોવો જોઇએ.

બીજી મહત્ત્વની પ્રગતિ તો છેક ૧૯૦૯માં પૅટન રાઉસ દ્વારા સાબિત કરાયેલી કે જે મરઘીનાં પીલ્લાંને સાર્કોમામાં(સાર્બુદ) કેન્સર હોય તો આ રોગને વારસામાં આપી શકે છે. તે સમયે આની ખાસ નોંધ લેવાઈ નહોતી; પરંતુ ૧૯૬૦માં જનાવરોમાં કેન્સર જનીન-વિષાણુઓ શોધી કઢાયાં જેમાં રાઉસ-સાર્કોમા-વિષાણુ પણ શોધાયું. રાઉસના સંશોધનોને કારણે તેને મોડે મોડે ૮૬ વર્ષની ઉંમરે ૧૯૬૬નું નોબેલ પારિતોષિક આપવામાં આવ્યું. માનવીમાં કેન્સર-વિષાણુઓ તરત જ શોધી કઢાયાં અને કેન્સરનો એક આખો સમૂહ જેવા કે ગર્ભાશય ગ્રિવાનું કેન્સર આંશિક રીતે વિષાણુઓના ચેપ દ્વારા થાય છે તેમ શોધાયું.

રાઉસ સાર્કોમા વિષાણુમાંના જનીનોનો ક્રમાંક શોધતાં જણાયું કે તેમનામાં કેન્સર માટે કારણભૂત એક વિશિષ્ટ જનીન Src હોય છે. (Src ઑંકોજનીન પ્રોટીન કાઇનેસ તરીકે વર્તતા ઉત્સેચકમાં સાંકેતિક સંદેશા ધરાવે છે.) અન્ય કેન્સર-વિષાણુ

એમાંથી પણ કેન્સરજનીનો શોધી કઢાયા. હવે વિષાણુ વિશારદો માનવા લાગ્યા કે કેન્સર એ જનીનોનો રોગ છે. પરંતુ જ્યાં ૧૯૭૫માં એવું શોધાયું કે Src તો વિષાણુજનીન હતો જ નહિ ત્યારે આ માન્યતાએ એકદમ શીર્ષાસન કર્યું. આ Src જનીન આપણાબધાંમાં હોય છે. તો પછી રાઉસ સાર્કોમાં વિષાણુએ તેના કેન્સરજનીનો તેના કોઈ એક યજમાનમાંથી જ ચોર્યા હોવા જોઈએ.

કેટલાક વિજ્ઞાનીઓ કેન્સરને જનીનીય રોગ માનવા અચકાતા હતા કારણ કે ખાસ વિરલ ઉદાહરણ સિવાય કેન્સર વારસામાં ઊતરતું નહોતું, પરંતુ તેઓ એ ભૂલ્યા કે જનીનો માત્ર પ્રજનક-રેખા પૂરતા મર્યાદિત નથી હોતા. તેઓ જીવના જીવનકાળ દરમ્યાન તેના પ્રત્યેક અંગમાં કાર્યરત હોય છે. શરીરના જનનકોષોમાં ન હોય તો પણ કેન્સર જનીનીય રોગ છે જ. ૧૯૭૯ સુધીમાં ત્રણ જુદાં જુદાં પ્રકારનાં ટ્યૂમરમાંથી મેળવેલા ડી.એન.એ. દ્વારા ઉંદરોના કોષોમા કૅન્સર ઉત્પન્ન કરી શકાયું છે તેવું શોધાતાં એ સાબિત થઈ ગયું કે એકલા જનીનો પણ કૅન્સર ઉત્પન્ન કરી શકે.

આપણા કોષો એવાં જનીનો ધરાવે છે જેને લીધે આપણે ગર્ભાશયમાં વધી શકીએ છીએ તથા બચપણમાં તેમજ મોટા થયા બાદ પણ ઘાને રૂઝાવી શકીએ છીએ. પરંતુ આ પ્રકારનાં જનીનો મોટે ભાગે બિન-ક્રિયાશીલ થયેલાં રહે છે. જો તેઓ ખીચોખીચ ભરાઈ જાય (જમાવટ થવી) તો પરિણામ ખતરનાક હોય છે. શરીરમાંના ૧૦૦ ટ્રિલ્યિન કોષો તથા તેમની પૂરતા પ્રમાણમાં થતી ફેરબદલમાં ઑકોજનીનોની સિગારેટના ધુમાડા કે સૂર્યપ્રકાશ દ્વારા થતા ઉત્પરિવર્તન સિવાય પણ જમાવટ થવા માટે પૂરતી તકો હોય છે. નસીબજોગે શરીરમાં એવાં જનીનો પણ હોય છે જેઓનું કાર્ય વધુ પડતી થઈ રહેલી વૃદ્ધિને પારખી લઈ તેને અટકાવી દેતી હોય છે. આવાં જનીનો ૧૯૮૦માં ઑક્સફર્ડના હેન્રિ હૅરીસે શોધી કાઢ્યાં તથા તેને ટ્યૂમર-નિરોધી જનીનો અથવા પ્રતિ-કેન્સરજનીનો નામ અપાયું. ઑકોજનીનોથી આ વિરુદ્ધ પ્રકારનાં જનીનો છે. જે રીતે ઑકોજનીનોની વધુ જમાવટ થઈ જાય ત્યારે કેન્સર નીપજાવે છે, તે રીતે ટ્યૂમર-નિરોધી જનીનોની અલ્પતા થાય તો પણ કેન્સર થાય છે.

ટ્યૂમરમાં એક કોષ એવો હોય છે જેમાં જમાવટ કરતા ઑકોજનીનો તથા ઓછા થઈ જતા ટ્યૂમર-નિરોધી હોય છે. આ વ્યવસ્થામાંથી છટકીને હદ બહાર વધવા માટે ટ્યૂમરે એક નક્કી કરેલા ચેક-પૉઇન્ટ (અંકુશ નાકું)ને પસાર કરવું પડે છે જે કોષના અસામાન્ય વર્તાવને શોધી કાઢીને જુદાજુદા જનીનોને આ કોષને અંદરથી તોડી નાખવાની આજ્ઞા આપે છે, એટલે કે કોષને આપઘાત કરવાની આજ્ઞા આપે છે. આ ચેક-પૉઇન્ટ TP53 તરીકે ઓળખાય છે.

૧૯૭૯માં ડન્ડી, ઈંગ્લન્ડના ડૅવિડ લેને સૌપ્રથમ TP53 શોધ્યો ત્યારે તેને કેન્સરજનીન માનવામાં આવેલો. પરંતુ ત્યાર બાદ તે પ્રતિ-ઑકોજનીન, ટ્યૂમર નિરોધી તરીકે ઓળખાયો છે. ડૅવિડ દ્વારા TP53 મારફત બનાવાતું પ્રોટીન P53 કેન્સરના ઇલાજ માટે ક્લિનિકલ ટ્રાયલ (અજમાયસી ઉપચાર)માં સંભાવ્ય ઇલાજ તરીકે વિકસાવાયું છે.

માનવ કેન્સરના લગભગ ૫૫% કિસ્સાઓમાં ઘાતક કેન્સર માટે TP53 જનીનમાં થતું ઉત્પરિવર્તન કારણભૂત મનાય છે. TP53 ના એક જ ખામીભર્યા પાઠને લીધે કેન્સર થવાની તક(વૃત્તાંત) ૯૫% વધી જાય છે. ઉ.દા. તરીકે મળાશયનું કેન્સર લઈએ.આ કેન્સર APC નામના ટ્યૂમરનિષેધક (પ્રતિઑકોજનીન) જનીનના ઉત્પરિવર્તન દ્વારા થતાં ખંડનથી શરૂ થાય છે. જો વધી રહેલો પોલીપ(નાની ગાંઠ, મસો) બીજું ઉત્પરિવર્તન કરીને RAS નામના ઑકોજનીનની ખૂબ જમાવટ કરે તો હવે આ ગાંઠ ગ્રંથિ-અર્બુદ તરીકે વિકસે છે. હવે એક વણઓળખયેલા ટ્યૂમર-નિષેધક જનીનનું ઉત્પરિવર્તન દ્વારા ખંડન થશે તો ગ્રંથિ-અર્બુદ એક ગંભીર ટ્યૂમર બની જશે. TP53 જનીનમાં ચોથા ઉત્પરિવર્તને મોટું સંકટ આવે છે અને આ ટ્યૂમર એક સંપૂર્ણ કેન્સરાર્બુદમાં પરિણમે છે. આથી એ સ્પષ્ટ સમજાય છે કે ટ્યૂમરની શરૂઆતથી જ તેને પારખી લેવું ખૂબ અગત્યનું બને છે, કારણ કે ટ્યૂમર જેમ જેમ મોટું થતું જાય તેમ તેની વધુ ઉત્પરિવર્તન પામવાની શક્યતા વધે છે. આ ઉપરાંત હવે એ પણ સમજાયું છે કે આપણા જીવનના પ્રત્યેક દસકામાં કેન્સર વધવાની ગતિ બમણી કેમ થઈ જાય છે. (કારણ કેન્સર મુખ્યત્વે વૃદ્ધાવસ્થાનો

રોગ છે) જેમ આપણી વય વધે તેમ ઑકોજનીનોની જમાવટ વધવાની (તથા ત્રણ ટ્યૂમરનિરોધી જનીનો ઘટતા જવાની) તક વધે છે. આવું થવાની તક વધે છે. આવું થવાની તક અતિશય ઓછી હોય છે, પરંતુ એ પણ યાદ રહે કે આપણા જીવનકાળ દરમ્યાન આપણે કલ્પનાતીત રીતે મોટી સંખ્યામાં કોષો બનાવીએ છીએ. TP53 જનીનો અંગે વિગતથી સમજીએ. TP53 જનીન ૧૧૭૯ અક્ષરોનો (A,T,P,C જેવાં ન્યૂક્લિયોટાઇડ) બને છે, જેમાં સાદા P53 પ્રોટીન બનાવવાની સામગ્રી ભરેલી હોય છે. કેટલાક ઉત્સેચકો દ્વારા આ પ્રોટીનનું ઝડપથી ચયન થઈ જાય છે તેથી તેનો અર્ધ-જીવનકાળ ૨૦ મિનિટ જ હોય છે. આ પરિસ્થિતિમાં P53 બિનક્રિયાશીલ હોય છે, પરંતુ એક સિગ્નલ(સંકેત) મળતાં જ આ પ્રોટીનનું ઉત્પાદન ઝડપી બની જાય છે તથા તેનું ચયન થતું અટકી જાય છે. આ કયો સંકેત છે તે સ્પષ્ટ નથી, પરંતુ તેનું મુખ્ય કાર્ય ડી.એન.એ.ને ક્ષતિ પહોંચાડવાનું ગણી શકાય. P53 પ્રોટીન હવે કોષનું સંપૂર્ણ નિયમન લઈ લે છે અને (૧) કાં તો કોષને વધતો અટકાવવાનું અથવા (૨) ડી.એન.એ.નું ગુણન કરવાનું કે (૩) ગુણન અટકાવવાનું અને (૪) સમારકામ થાય ત્યાં સુધી રાહ જોવાની આજ્ઞા કરવાનું અથવા (૫) પોતાની જાતને મારી નાખવાની આજ્ઞા કરે છે.

એક બીજી તકલીફનો સંકેત P53ને સચેત કરે છે તે એ છે કે જો કોષને ઑક્સિજનની ઊણપ જણાય-જે ટ્યૂમર કોષનું નિદાનકારી લક્ષણ છે- જેથી કૅન્સર કોષોમાં રક્તનો પુરવઠો ઓછો થઈ જાય. પરિણામે કોષ રૂંધાય/ગૂંગળાય. આ ભારે ચેપી જીવલેણ કૅન્સરની તકલીફ ઉકેલવા માટે કૅન્સર શરીરને સંકેત મોકલીને ટ્યૂમરમાં નવી રક્તવાહિનીઓ ઉત્પન્ન કરવા પ્રેરે છે. આને રક્તવાહિનીઓ બનવી કહે છે. P53 કેટલીક વાર આ પારખી લઈને રક્તનો પુરવઠો આવવા માંડે તે અગાઉ જ ટ્યૂમરકોષોને મારી નાખે છે. ચામડીનું કૅન્સર(મેલાનોમા)માં ઓછા રક્તપુરવઠાને કારણે પેશીમાંના કૅન્સરમાં TP53 ને ખૂબ વહેલો વિકાસના સોપાને જ અશક્ત બનાવી દેવો પડે છે. આ કારણસર મેલાનોમા ખૂબ જોખમી ગણાય છે.

ઔષધચિકિત્સા તથા વિકિરણચિકિત્સા એક પ્રકારની રસીકરણ જેવી રીત છે જે શરીરને પોતાની જાતને જ મદદ કરવા પ્રેરે છે. વિકિરણો અથવા પાંચ-ફ્લોરો યુરેસિલ, ઇટોપોસાઇડ અથવા એડ્રિયામાયસીન જેવાં કૅન્સરની સારવાર માટે વપરાતાં ઔષધો ઑકોજનીન વિષાણુથી ચેપી બન્યાં હોય તેવા પ્રાયોગિક કોષોને આપઘાત કરવા પ્રેરે છે. જ્યારે આ ઉપચારો સફળ ન નીવડે ત્યારે TP53ને દૂર કરી નાખતું ઉત્પરિવર્તન થતું હોવું જોઈએ. આ રીતે હઠીલા ટ્યૂમરો-ચામડીનું મેલાનોમા, ફેફસાનું, ગર્ભાશય-ગ્રિવા, મૂત્રાશય તથા પૌરુષ ગ્રંથિ- એવાં છે જેમાં TP53 પહેલેથી જ ઉત્પરિવર્તિત થયેલો હોય છે. કેટલાંક પ્રકારનાં સ્તન કૅન્સર જેમાં TP53 ખંડિત થયેલો હોય તેઓ ઇલાજનો પ્રતિકાર કરે છે.

TP53 અગાઉથી જ ખંડિત થયેલો છે કે નહિ તેની કસોટી કર્યા બાદ ડૉક્ટરો અગાઉથી જાણી શકે છે કે ઔષધચિકિત્સા કામિયાબ થશે કે નહિ.ઉત્પરિવર્તન પામેલી સ્થિતિમાં ઑકોજનીનો કોષોને વધવા, ઝડપથી ફેલાવા માટે, ચામડીને બદલવા નવા કોષો ઉત્પન્ન કરવા, ઘાને સાજા કરવા વગેરે માટે જીવનભર આવશ્યક છે.

ઑકોજનીનો એવાં જનીનો છે જે વિભાજન તથા વૃદ્ધિનું કાર્ય કરે છે, પરંતુ આશ્ચર્ય એ વાતનું છે કે તેમાંનાં ઘણાં મૃત્યુની પ્રક્રિયા શરૂ કરે છે. આવો એક જનીન MYC છે જેના દ્વારા વિભાજન તેમજ મૃત્યુ-પ્રક્રિયા શરૂ થાય છે, પરંતુ મૃત્યુ-સંકેત કામચલાઉ રીતે બાહ્ય કારણો દ્વારા શોધી શકાય. આવાં ઉત્તરજીવિતા સંકેતો ખૂટી પડે ત્યારે મૃત્યુ નીપજે છે.

ત્રણ જુદાં જુદાં ઑકોજનીનો MYC, BCL-2 તથા RAS એકબીજાં ઉપર અંકુશ રાખી શકે તે માટે એકસાથે ગ્રથિત રાખવામાં આવે છે. જો આ ત્રણે બરાબર કાર્ય કરતાં હોય તો કોષનો વિકાસ સામાન્ય રહે છે.

Papilloma Virus (અંકુરાર્બુદ) જે માનવીમાં ગર્ભાશય-ગ્રિવાના કૅન્સરનું કારણ છે તેમાં બે જનીનો એવાં છે જેમાંના એકનું કાર્ય TP53ને બંધ કરી દેવાનું તથા બીજાનું ટ્યૂમર-નિરોધક જનીન તરીકે વર્તવાનું હોય છે.

૧૯૮૬ના નોબેલ પારિતોષિક વિજેતા રેનાટો ડલ્બેક્કો એ આને લીધે માનવીય જિનોમનો ક્રમાંક પૂર્ણપણે શોધવાનું આહ્‌વાન આપેલું.

હવે જ્યારે માનવીય સંજનીન પૂરેપૂરો ઉકેલાઈ ગયો છે ત્યારે કૅન્સર સામેની આપણી લડત ઉત્તરોત્તર સફળતા અપાવશે તેવી આશા રાખીએ. ❐

ફિલ્માકાશ-૨૯

'નવા સિતારાઓના ઉદય અને જૂના સૂર્યના અસ્તનું વર્ષ-૧૯૩૭

રજનીકુમાર પંડ્યા

વસંત દેસાઈને 'શકુંતલા'થી માંડીને 'ઝનક ઝનક પાયલ બાજે', 'તૂફાન ઔર દીયા', 'દો આંખે બારહ હાથ', 'ગુંજ ઊઠી શહનાઈ' જેવી શાંતારામની યશસ્વી ફિલ્મોના સંગીતકાર તરીકે આપણે ઓળખીએ છીએ. એમણે આ ઉપરાંત 'આશીર્વાદ'(૧૯૬૮) અને 'શક'(૧૯૭૬) જેવી બીજી નિર્માતા-સંસ્થાઓની અનેક ફિલ્મોમાં પણ સંગીત આપેલું. આ નિરાભિમાની, તેજસ્વી અને નોખા ચીલાના સંગીતકાર ૧૯૧૨માં જન્મેલા અને ૧૯૭૫ની બાવીસમી ડિસેમ્બરે એક લિફ્ટમાં ફસાઈ જવાથી અકસ્માત જ મૃત્યુ પામ્યા. પણ એમનો ઉદયકાળ તો આપણે જે દશકની વાત કરીએ છીએ તે ૧૯૩૧ થી ૧૯૪૦નો જ. ઘણાં એમની સંગીતકાર તરીકેની પ્રથમ ફિલ્મ અભિનેત્રી નૂતનના પિતા કુમારસેન સમર્થની વાડિયા મુવિટોનના નેજા હેઠળ બનેલી ૧૯૪૨ની 'શોભા'ને માને છે, પણ વાસ્તવમાં તેમણે સ્વતંત્ર સંગીતનિર્દેશન તો માસ્ટર વિનાયક(અભિનેત્રી નંદાના પિતા)ની નિર્માણસંસ્થા હંસ પિકચર્સની ૧૯૩૬ની ફિલ્મ 'છાયા'માં આપેલું. પણ તે સમયે વસંત દેસાઈ પ્રભાત ફિલ્મ કંપની સાથે નોકરિયાત તરીકે જોડાયેલા હોવાથી ક્રેડિટ ટાઈટલ્સમાં તેમને બદલે ધમ્મનખાનનું નામ મૂકવામાં આવેલું.

એટલે ન્યૂ થીએટર્સ દ્વારા જે ઉત્તમ સંગીતકારો આપણને સાંપડ્યા તેમ પ્રભાત ફિલ્મ કંપની, અને વિશેષતઃ શાંતારામ દ્વારા જે ઉત્તમ સંગીતકારો આપણને સાંપડ્યા તેમાં વસંત દેસાઈનું નામ લેવું જ પડે. શાંતારામને પોતાના ગુરુ અને ઘડવૈયા માનતા આ ગુણી સંગીતકાર પાછળથી શાંતારામની સાથોસાથ જ પ્રભાત ફિલ્મ કંપની છોડી તેમની પાછળ પાછળ મુંબઈ સ્થળાંતર કર્યા પછી, જ્યાં સુધી શાંતારામે રાજકમલ કલામંદિરની સ્થાપના કરીને 'શકુંતલા'નો આરંભ ના કર્યો ત્યાં સુધી લગભગ સાવ બેરોજગારીમાંથી બચવા માટે પોતાનું ઑર્કેસ્ટ્રા શરૂ કરીને ગુજરાન ચલાવ્યું હતું. જો કે શાંતારામે પણ તેમની વફાદારીની કદર કરીને તેમને 'શકુંતલા'ના સંગીતનો ભાર સોંપ્યો હતો. પણ શાંતારામ સાથે તેમની પિછાણ તો મૂક ફિલ્મોના કાળથી.

સુંદર નાક-નકશા ચહેરો ધરાવતાં વસંત દેસાઈનું મૂળ નામ આત્મારામ હતું. મહારાષ્ટ્રના સોનાવડે ગામમાં જન્મેલા વસંત દેસાઈને સંગીતનો વારસો તેમના વિખ્યાત સંગીતકાર કીર્તનકાર નાના(માતામહ) શ્રી આબા પરુલેકર પાસેથી મળ્યો હતો. વસંત દેસાઈની મૂળ તો અભિનેતા થવાની ઇચ્છા હતી અને તેમણે પ્રભાત ફિલ્મ કંપનીની મૂગી ફિલ્મ 'ખૂની ખંજર'(૧૯૩૦)માં એક ભૂમિકા પણ અદા કરી હતી. રોલ નાનો હતો એટલે કદર થવાનો તો કોઈ સવાલ જ નહોતો, પણ અભિનેતા બનવાની ઝંખના બરકરાર જ રહી. પણ પ્રભાત ફિલ્મ કંપનીના તે યુગના શિરસ્તા મુજબ સવારના છ થી સાંજના છ સુધીમાં કોઈ પણ કામ સોંપાય, પછી ભલેને તે ફર્નિચર ખસેડવાનું હોય, પણ હસતા મોંએ કરવાનું આવતું. ૧૯૩૨માં બનેલી પ્રભાત ફિલ્મ કંપનીની પ્રથમ બોલતી ફિલ્મ 'અયોધ્યા કા રાજા'માં 'જય રાજાધિરાજ' શબ્દોથી શરૂ થતું પ્રારંભગાન પણ તેમણે ગાયું, તો 'અમૃતમંથન' (૧૯૩૪)માં સંગીતકાર કેશવરાવ ભોલેના નિર્દેશનમાં એક ગીત ગાવા ઉપરાંત એક નાનકડી ભૂમિકા પણ અદા કરી. પ્રભાતની જ ૧૯૩૬ની ફિલ્મ 'અમરજ્યોતિ'માં પણ માસ્ટર કૃષ્ણરાવના સંગીતનિર્દેશનમાં ગીતો ગાવા ઉપરાંત એક નગણ્ય ભૂમિકા પણ ભજવી આપી.

પણ આરંભમાં આપણે પ્રભાત ફિલ્મ કંપનીની પ્રયોગાત્મક ફિલ્મ 'વહાં'ની વાત કરતા હતા. તે ફિલ્મમાં એમણે માત્ર એક જ ગીત 'હૈ દુનિયામેં પાપ ગુલામી' ગાયું હતું અને તે પણ શાંતા આપ્ટે સાથે દ્વંદ્વગીત તરીકે ગાયું હતું તે કંઇક તેમની આગવી ઓળખ કરાવનારું નીકળ્યું, પ્રખ્યાત થયું અને એની ગાયક તરીકેની એની રૉયલ્ટી પણ એમને ઠીકઠીક મળી. અલબત્ત, એનાથી એ બહુ રાજી નહોતા, કારણ કે રાજીપાને ડુબાડી દે તેવી નારાજગી તેમના પર ફરી વળી હતી. આ વર્ષની એ ફિલ્મ 'આદમી'માં નાયક તરીકેની ભૂમિકા આપવાની આશા શાંતારામે તેમને બંધાવી હતી, ને વસંત દેસાઈ એના દોરે આસમાનમાં વિહરતા હતા, પણ અકળ કારણોસર શાંતારામે છેલ્લી ઘડીએ નિર્ણય બદલ્યો અને સોહામણા અભિનેતા શાહુ મોડકને હીરોની જગ્યાએ લઈ લીધા અને વસંતને સંગીત તરફ વધુ ધ્યાન આપવાની જવાબદારી સોંપી; જે કેવી સાચી અને સમયસરની હતી તે આવનારાં વર્ષોએ સિદ્ધ કરી લીધું. ખુદ વસંત દેસાઈ પણ એક જગ્યાએ લખે છેઃ' એ દિવસો પર ફેરવિચારણા કરતાં મને સમજાય છે કે પ્રતિષ્ઠા, કીર્તિના શિખરે પહોંચવા માટેનો મારે માટે નિર્માયેલો રસ્તો અભિનય નહીં, પણ સંગીતનો હતો તે અણ્ણા સાહેબ(શાંતારામ) કેટલું સમયસર વરતી ગયા હતા! એ સમયના દિગ્દર્શકોમાં કેવી કેવી

આરપાર દૃષ્ટિ હતી!' એમનાં વાક્યો અહીં ટાંકવાં એટલા માટે સાર્થક છે કે ન્યૂ થીએટર્સે નામાંકિત લેખકોની કૃતિઓ પરથી ફિલ્મો બનાવવાનો જે સીલસીલો ૧૯૩૨થી જ શરૂ કર્યો હતો તેનો ચેપ(અલબત્ત સકારાત્મક અર્થમાં) સારા યે દેશમાં ફેલાયો, એ જેટલું સાચું હતું એટલું જ સાચું એ પણ હતું કે એ લોકોની પાસે પ્રતિભાની ખોજ, પરખ અને પેશગી માટે જે દૃષ્ટિ હતી તેનું અનુસરણ પણ બંગાળની પરંપરામાં પૂરા દેશમાં થયું. સાયગલ જેવો એક સામાન્ય, ટાઈપરાઈટર કંપનીના સેલ્સમૅનમાંથી મહાન, આદર્શમૂર્તિ બની રહે તેવો કલાકાર કંડારવો એ નાનીસૂની શિલ્પસિદ્ધિ નથી. એવા કંડારનારા લોકોને માનવશિલ્પી જ કહી શકાય. શાંતારામ પણ એવા જ માનવશિલ્પી બની રહ્યા. સાયગલની શોધની સમાંતરે જ યાદ આવે એવી રીતની શોધ પ્રભાતની ફિલ્મ 'વહાં'ના હિરો ચંદ્રમોહનની પણ થઈ હતી.

૧૯૦૫માં ઉત્તરપ્રદેશના નરસિંગપુરમાં જન્મેલા ચંદ્રમોહન વાટલ આમ તો તેજબહાદુર સપ્રુના દૂરના સગામાં હતા, પરંતુ હતા તો રાજ્ય સરકારના સામાન્ય કર્મચારી જ. પણ ત્યાં મિજાજને માફક ન આવતાં એક ફિલ્મવિતરકને ત્યાં સતત પ્રવાસમાં રહેતા સામાન્ય કલાર્ક તરીકે જોડાયા. આ જ અનુસંધાને, જે દિવસોમાં પ્રભાતની 'અમૃતમંથન'(૧૯૩૪)ની યોજના વિચારાતી હતી ત્યારે તેમની મુલાકાત શાંતારામ સાથે થઈ. ચંદ્રમોહનની સપ્રમાણ દેહયષ્ટિ, ખાસ તો મોટી બ્રાઉનકલરની, જરા ભીની, અને પારદર્શક લાગતી વિશિષ્ટ પ્રકારની આંખો જોઈને બહુ પ્રભાવિત થયા. ચંદ્રમોહનનો અવાજ પણ જરા ભારે અને કસાયેલો હતો. શાંતારામના ચિત્તમાં 'અમૃતમંથન'માં આવતા રાજગુરુના પ્રભાવશાળી પાત્રની ફ્રેમમાં આ ચંદ્રમોહનની આકૃતિ જાણે કે એકદમ ફિટ બેસી ગઈ. એમણે તરત જ કહ્યું:'શું દોસ્ત, આ સામાન્ય કારકુનીમાં સબડે છે? મારી પાસે આવી જા, હું તને નામાંકિત અભિનેતા બનાવી દઈશ.'

અને શાંતારામે હિંદી 'અમૃતમંથન'માં રાજગુરુનું પાત્ર ચંદ્રમોહનને આપીને ફિલ્મી જગતમાં એનો પ્રવેશ કરાવ્યો. ૧૯૩૪થી ૧૯૪૯ની માત્ર પંદર વર્ષોની જ છતાં જ્વલંત કારકિર્દીને અંતે શરાબની લતમાં એમનું લગભગ નિર્ધન અવસ્થામાં જ અવસાન થયું. પણ એમણે જે જે ફિલ્મોમાં કામ કર્યું તેમાંની મોટા ભાગની યાદગાર બની રહી. 'અમૃતમંથન' તો ખરી જ, પણ 'ધર્માત્મા'(૧૯૩૫), 'અમરજ્યોતિ' (૧૯૩૬) અને આપણે જે ફિલ્મની વાત કરવાના છીએ તે 'વહાં' (૧૯૩૭) ઉપરાંત 'જ્વાલા' (૧૯૩૮), 'પુકાર' (૧૯૩૯), 'ભરોસા' (૧૯૪૦), 'રોટી' (૧૯૪૨), 'શકુંતલા', 'તકદીર' (૧૯૪૩), 'હુમાયુ' (૧૯૪૫), 'શહીદ' (૧૯૪૮) જેવી ફિલ્મોમાં તેમણે લાજવાબ કામ કર્યું. 'રામબાણ' (૧૯૪૮)માં તેમણે ભજવેલું રાવણનું પાત્ર વિવેચકોએ બે મોઢે વખાણ્યું હતું. હરમંદિર સિંહ 'હમરાઝ'ના ગીત કોશમાં ૧૯૭૧ની



સંગીતકાર વસંત દેસાઈ

ફિલ્મમાં 'પાકીઝા'માં પણ તેમનું નામ છે અને તેને આધારે આશિષ રાજાધ્યક્ષ અને પોલ લીપમૅને બહાર પાડેલી ઈન્ડિયન સિનેમાની ઈન્સાઈક્લોપીડિઆમાં પણ ચંદ્રમોહનની ફિલ્મોગ્રાફીમાં ૧૯૭૧ની ફિલ્મ 'પાકીઝા'નું નામ છે - જે માનવાજોગ નથી જ, કારણ કે ૧૯૪૯માં તો તેઓ અવસાન પામ્યા હતા. ઈન્સાઈક્લોપીડિઆ હોવાનો દાવો કરનાર ગ્રંથે આવી ગફલત દાખવવી ના જોઈએ.

ખેર, ફરી ૧૯૩૭ની ફિલ્મ 'વહાં'ની વાત પર આવીએ તો એ ફિલ્મ ભલે બહુ પ્રખ્યાત ના થઈ, કે બહુ યાદ કરવાલાયક પણ ના બની. પણ તે હતી તો પ્રયોગશીલતાવાળી જ. એની વાર્તા પણ વર્તમાન યુગની નહોતી, બલકે વૈદિક યુગની હતી. ભારતમાં આર્યોનું વિજયવીરો રૂપે આગમન અને અનાર્યો સાથે તેમનું જુલમી વર્તન, અનાર્યોનો ગુલામીપ્રથા સામેનો તીવ્ર બળવો અને વચ્ચે વચ્ચે ગૂંથી લેવામાં આવતી પ્રણયની વાતો પ્રભાતના સ્થાપકો પૈકીના ફત્તેલાલને આ કથા અને એમાં બધું ઠાંસવાની શક્યતા બહુ જચી ગઈ. એમાં જાતજાતની વેશભૂષા, લડાઈ અને ચિત્રવિચિત્ર સેટિંગ્સને પણ જાણે અવકાશ હતો. વળી, આ કથામાં શિલ્પકલા, પ્રતિમાઓની રચના અને એની મોટા પાયે તોડફોડ, વિનાશ, પુનર્રચના જેવાં દર્શનીય તત્ત્વોને પણ છૂટો દોર મળે તેમ હતો. એથી બહુ મોટી આશાઓ અને મનોરથો સાથે એ ફિલ્મનું નિર્માણ હાથ ધરવામાં આવ્યું.

અગાઉ જણાવ્યું તેમ એના દિગ્દર્શક 'શાંતારામ' નહોતા કારણ કે તેઓ 'દુનિયા ના માને' ના દિગ્દર્શનમાં વ્યસ્ત હતા. એટલે કે. નારાયણ કાલે 'વહાં' (મતલબ કે ક્ષિતિજની પેલે પાર, બિયૉન્ડ ધ હોરાઈઝન)નું દિગ્દર્શન સંભાળી રહ્યા હતા. જો કે તેમની અને શાંતારામની કામ લેવાની પદ્ધતિમાં ઘણો તફાવત



દાદાસાહેબની છેલ્લી ફિલ્મ 'ગંગાવતરણ'નું એક દૃશ્ય

હતો. કે.નારાયણ કાલે મૂળભૂત રીતે ફિલ્મ-સમીક્ષક હતા. તેમની પદ્ધતિ ક્લાસમાં કોઈ પ્રોફેસર સમજાવવા બેઠા હોય તે રીતની હતી. એટલે કલાકારોને માટે ભેજામાં ઉતારવી કઠિન હતી. 'વહાં'ના નાયક તરીકે નવા કલાકાર ઉલ્હાસને લેવામાં આવ્યા હતા. જેઓ અજમેરના હતા અને તેમનું મૂળ નામ એમ.એન.કૌલ હતું. માત્ર પચ્ચીસ વર્ષના આ અભિનેતાનો દેખાવ બહુ પ્રભાવશાળી હતો અને અભિનયક્ષમતા પણ પ્રબળ હતી, પણ કાલેની સમજાવવાની પદ્ધતિ તેમ્ને માફક નહોતી આવતી અને વારંવાર તેમને કહેતા હતા કે જેમ શાંતારામ પોતાના કલાકારોને સમજાવે છે તેમ તમે સમજાવો, આના કારણે કાલેજીનો અહમ્ ઘવાતો હતો. પણ તે વખતે પ્રભાતમાં ટીમ સ્પિરિટનું પ્રાધાન્ય હતું, એટલે શાંતારામ ખુદ દૂર ઊભા ઊભા તમાશો જોવાને બદલે ગૅલરિમાંથી નીચે ઊતરી આવતા હતા અને કાલેજીને અને ઉલ્હાસને ઠંડા પાડતા હતા. ઉલ્હાસનું તેમના પ્રતિ માન વધી ગયું, ને તેમણે છેક લગી શાંતારામનો સાથ નિભાવ્યો. 'દો આંખે બારાહ હાથ' માં તેમનો અભિનય કેવો બેનમૂન હતો તે સૌ જાણે છે.

ગમે તેમ 'વહાં' ફિલ્મ તેના નાવીન્યને કારણે વિવેચકો યાદ રાખે છે. કૃષ્ણરાવના સંગીતમાં વસંત દેસાઈએ શાંતા આપ્ટે સાથે ગાયેલું ગીત 'હૈ દુનિયા મેં પાપ ગુલામી' બહુ પ્રસિદ્ધ થયું હતું, તો ખલનાયક મધુવ્રત(અભિનેતા છોટુ)ના શરાબઘરમાં ગવાતું, અને વિચિત્ર સુરાવલી ધરાવતું ગીત 'પિયો પિયો પિયો મધુરસકી ભરી પ્યાલી' પણ બહુ વખણાયું હતું. સેંકડો ગુલામોને કચડી નાખતા પાષાણના ન્યાયદેવતાની વિરાટ પ્રતિમાના તૂટી પાડવાના અઘરા દૃશ્યને શાંતારામના અતિપ્રિય કૅમેરામૅન અવધૂતે ટાંચાં સાધનો વડે પણ ભારે અસરદાર રીતે ઝડપ્યું હતું. તો બીજી તરફ ઉત્તમ(ઉલ્હાસ)ને ચલિત કરવા મથતી નર્તકી લતા(શાંતા આપ્ટે) તથા ટોળીના સરદાર જીવન (અભિનેતા પ્રહ્લાદ) અને તેના પ્રેમમાં પાગલ રાજકુમારી જયંતી (લીલા ચીટનીસ)નાં દૃશ્યો જરા પણ અશ્લિલતાના પાસ વગર છતાં બને તે રીતે ઝડપવામાં આવ્યાં હતાં .

એ પણ વિધિની વક્રતા જ ગણાય કે શાંતારામ જેવા એક સામાન્ય અને નાટકના પર્દા ઊંચકનારામાંથી આવા પ્રચંડ પ્રતિભાવાન ફિલ્મ સર્જક બનનારાનો ડંકો પ્રભાતના નેજા હેઠળ ચોગરદમ બજી રહ્યો હતો ત્યારે એ જ વર્ષે ૧૯૩૭માં ભારતીય ફિલ્મઉદ્યોગના ભીષ્મપિતામહ ગણાતા દાદા-સાહેબની છેલ્લી ફિલ્મ 'ગંગાવતરણ' કોલ્હાપુર સિનેટોન કું. કોલ્હાપુરના બૅનર નીચે આવી અને સાવ નિષ્ફળ ગઈ. દાદાસાહેબ સાવ દેવાળિયાની સ્થિતિમાં આવી ગયા અને શાંતારામે એમને આર્થિક સહાય કરવાનો વારો આવ્યો. (ક્રમશઃ)

લઘુકથા

તરસ્યો ઉંબરો

પ્રફુલ્લ રાવલ

હીંચકાની ગતિ ધીમી પડતી પડતી ક્યારે સ્થિર થઈ ગઈ એનો ખયાલ પરિમલને જરા ય રહ્યો નહીં. નિષ્પલક એ ઉંબરો જોઈ રહ્યો હતો. સ્મરણમાં અતીતનો એક ટુકડો સળવળતો હતો.

'હવે મૂક એ. ચા બનાવ, દરરોજ વળી ઉંબરા શું ધોવાના?'

'તને એ નહીં સમજાય.'

'શું?'

'જેનો ઉંબરો તરસ્યો હોય એને મનની શાંતિ ન હોય!'

'એ તો બધી મનની માન્યતા.'

'એ જે તું ગણે તે. હું તો ઉંબરાને પાણી પાઈને જ ચા બનાવીશ.'

ત્યાં તો 'પપ્પાજી, લો ચા.' એમ કહેતી પુત્રવધૂએ પરિમલને વિચારમાંથી જગાડ્યો. પરિમલે ધીમા અવાજે પૂછ્યું- પૂછાઈ ગયું - 'ઉંબરાને પાણી પાયું?' પુત્રવધૂને કશું ન સમજાયું પરિમલે ઠેસ મારીને હીંચકાને ગતિ આપી દીધી.

ગ્રાહકોને સૂચના

મનિઑર્ડરથી લવાજમ મોકલનાર ગ્રાહકોએ મનિઑર્ડર ફૉર્મની નીચેની સ્લિપમાં પોતાના ગ્રાહક અંગેની પૂરી વિગત, નામ, પૂરું સરનામું, રકમ વગેરે અચૂક લખવી.

સંસ્થા-પરિચય

આર્ય કન્યા ગુરુકુળ

લતા હીરાણી



શ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા

ભારતની અસ્મિતા, ભારતની સાંસ્કૃતિક પરંપરાઓનું જ્યાં જતન થાય છે એવી સંસ્થાઓ અને એના પ્રણેતાઓ માટે ગાંધીજીનું ગુજરાત ખાસ ગૌરવ લઈ શકે. આપણી સંસ્કૃતિ, વર્તમાન વિચારસરણી અને ભવિષ્યનાં ઊજળાં સ્વપ્નોને સાથે લઈને ચાલનાર કેટલીક હસ્તીઓએ ગુજરાતને વિશ્વના નકશા પર નોંધનીય સ્થાન આપ્યું છે એમાંના એક રાજરત્ન શેઠ શ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતા. પોરબંદરનું આર્ય કન્યા ગુરુકુળ એ એમનું ગૌરવવંતુ સર્જન.


૧૯૩૪નું એ વર્ષ. કન્યા કેળવણીના ક્ષેત્રમાં અંધકારભર્યો યુગ છવાયેલો હતો. નાની ઉંમરે દરિયો ખેડી આફ્રિકા જઈ અઢળક સંપત્તિ પ્રાપ્ત કરનાર શેઠ શ્રી નાનજીભાઈ માતૃશક્તિની અવદશાથી વ્યથિત બન્યા. સ્ત્રીશક્તિ જ સમાજનો વિકાસ સાધી શકે એવી એમની વિચારધારા હતી. એમણે કહ્યું:'કુમારો કરતાં કન્યાશિક્ષણ આપવું વધુ જરૂરી છે. કન્યાઓ બે કુળને (પિયર અને સાસરુ) અજવાળશે.' એમણે પોતાના વતન પોરબંદરમાં આર્ય કન્યા ગુરુકુળની સ્થાપના કરવા માટે પ્રાથમિક ભંડોળ તરીકે રૂ. બે લાખના દાનની જાહેરાત કરી. એમનાં પુત્રી કુમારી સવિતાબહેને પિતાના શુભસંકલ્પને વધાવી લીધો:'જો આપ ગુરુકુળની સ્થાપના કરશો તો હું આજીવન બ્રહ્મચર્ય પાળીશ અને મારું સમસ્ત જીવન ગુરુકુળને ચરણે ધરી દઈશ.'

૧૯૩૬માં એક હરિજન કન્યાને હાથે ગુરુકુળની શિલારોપણવિધિ કરાવી શેઠ શ્રી નાનજીભાઈએ તત્કાલીન અત્યંત રૂઢિચુસ્ત સમાજને ખળભળાવી દીધો. ૯૦ એકર જેટલા વિશાળ વિસ્તારમાં પથરાયેલી પ્રાચીન બાંધણીવાળી કલાત્મક ઈમારતો અને પ્રાચીન-અર્વાચીન શિક્ષણપદ્ધતિનો સમન્વય ધરાવતું ગુરુકુળ- ૧૯૩૭માં સાત બાળાઓથી એના શ્રીગણેશ મંડાયા.ગુરુકુળની આપણી પ્રાચીન પરંપરા છે. જેમાં રાજકુંવર હોય કે સામાન્ય માનવી, શ્રીકૃષ્ણ હોય કે સુદામા સૌને ગુરુના આશ્રમમાં રહીને જ અભ્યાસ કરવાનો રહેતો. વિદ્યાભ્યાસ સાથે સેવા અને શ્રમ પણ સમાનભાવે કરવાનાં રહેતાં. વિદ્યાર્થી નૈસર્ગિક વાતાવરણમાં સમાજના પ્રપંચો, કલુષિતતાથી દૂર રહી એકાગ્રચિત્તે સરસ્વતીની ઉપાસના કરે એ આ પદ્ધતિનું ધ્યેય હતું. આ ગુરુકુળ શિક્ષણપ્રણાલીનું મૂળતત્ત્વ તૈતરીય ઉપનિષદમાં છે:

ઋતં ચ સ્વાધ્યાય પ્રવચને ચ । સત્યં ચ સ્વાધ્યાયપ્રવચને ચ।
માનુષં ચ સ્વાધ્યાય પ્રવચને ચ। પ્રજા ચ સ્વાધ્યાય પ્રવચને ચ।

ગુરુકુળ શિક્ષણપ્રણાલી માત્ર સ્વાધ્યાય અને પ્રવચનમાં ભણવા અને ભણાવવામાં અર્થાત્ અક્ષરજ્ઞાનમાં જ સમાપ્ત નથી થતી. ગુરુકુળપ્રણાલી ઊગતી પેઢીના નવજીવનનું નિર્માણ કરવાની શક્તિ ધરાવે છે. કેળવણીમાં ચારિત્ર્યબળને ઊંચાઈએ આસનસ્થ કરતી આ શિક્ષણપ્રણાલી છે. ભારતમાં ઘણો લાંબો સમય વિદેશીઓનું શાસન રહ્યું; આથી ગુરુકુળપ્રણાલી ધીરે ધીરે વિસ્મૃત થતી ગઈ. પરંતુ જ્યાં જ્યાં આ પ્રણાલી સ્વીકારાઈ ત્યાં એણે ઉમદા પરિણામો આપ્યાં. આમાંનું એક તે પોરબંદરનું આર્ય કન્યા ગુરુકુળ.

ગુરુકુળની વિશિષ્ટતાઓમાંની એક છે એની પ્રાર્થનાઓ. ગુરુકુળમાં એક દિવસ પણ વિતાવનાર વ્યક્તિ આ પ્રાર્થનાઓથી પ્રભાવિત થયા વિના રહે નહીં. પ્રતિદિન દિવસમાં બે વખત થતાં સંધ્યાહવન ઉપરાંત પ્રાતઃપ્રાર્થના, સરસ્વતીવંદના અને રાત્રિ-પ્રાર્થના નિયમિત રૂપે, નિયત સમયે, સંસ્કૃતના શુદ્ધ મંત્રોચ્ચાર સાથે, ગુરુકુળના પ્રાર્થનામંદિરની મધ્યમાં આવેલા હવનકુંડની ફરતે આઠ કન્યાઓ બેસીને વૈદિક મંત્રો થકી આહુતિઓ આપતી હોય એ દૃશ્ય જોઈ પરદેશીઓ પણ મુગ્ધ થઈ જાય છે! માત્ર હિંદુકન્યા જ નહીં બલ્કે મુસ્લિમ, ખ્રિસ્તી કે આફ્રિકન હબસી કન્યાઓ પણ વેદમંત્રોનો મુખપાઠ કરતી હોય છે. આવી પ્રાર્થનાપળો ગુરુકુળની કન્યાઓમાં ભારતીય સંસ્કૃતિ માટેની શ્રદ્ધાને સંકોરે છે તથા એના વિદ્યાર્થી જીવનમાં આધ્યાત્મિક પાયો રચે છે.





કુલમાતાશ્રી સંતોકબા અને કુલપિતાશ્રી નાનજીભાઈ

કાકાસાહેબ કાલેલકરને ગુરુકુળના એમના નિવાસ દરમિયાન પોતે પણ જાણે ગુરુકુળનું જ એક અંગ હોય એવી અનુભૂતિ થઈ હતી. ભારતના ભૂતપૂર્વ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ, ઈન્દિરા ગાંધી, મોરારજીભાઈ દેસાઈ તથા ધર્મગુરુ દલાઈ લામા જેવા અનેક વિશ્વવિખ્યાત મહાનુભાવો જેના આંગણે અતિથિ બની ચૂક્યાં છે એવું પોરબંદરનું આર્ય કન્યા ગુરુકુળ વિદેશી સંસ્કૃતિના વાવાઝોડા સામે પ્રાચીન પરંપરાઓ અને સુવર્ણ ઈતિહાસને સાચવતું અડીખમ ઊભું છે.

ગુરુકુળની દિનચર્યામાં ઘંટને પણ એક જીવંત વ્યક્તિની સમકક્ષ મૂકવો પડે. કોઈએ ઘડિયાળ પહેરવાની જરૂર જ નહીં. ઘંટના નાદે પ્રવૃત્તિઓ સરતી જાય. સવારે પાંચ વાગે પહેલો ઘંટ પરોઢિયામાં પ્રાણ પૂરે. પછીથી સંધ્યા-હવન, કસરત, દૂધ-નાસ્તો, સ્વાધ્યાય, ભોજન, સરસ્વતીવંદના, શાળાનો અભ્યાસ, ફરી સાંજે સંધ્યા-હવન, વ્યાયામ, સાંજનું ભોજન, રાત્રિ પ્રાર્થના, સ્વાધ્યાય, અને છેલ્લે ઘંટ વાગે અને આશ્રમના તમામ ઓરડાઓમાં ટપોટપ લાઈટ બંધ થઈ જાય. સવારના પાંચ પછી સૂવાની છૂટ નહીં અને રાતના દસ પછી જાગવાની મંજૂરી નહીં! સંપૂર્ણ શિસ્ત, ક્યાંય બાંધછોડ નહીં. આખો દિવસ ઘડિયાળના કાંટાની સાથે સતત પ્રવૃત્તિઓ ચાલતી જ રહે. એમાંનો એકાદ દૈનિકક્રમ પણ પડતો મૂકવાની કોઈ જોગવાઈ નહીં.

ગુરુકુળની કન્યાને સતત પ્રવૃત્તિશીલ રહેવું કે આળસ ન કરવી એવું શબ્દોથી શીખવવું ન પડે. એનું જીવન જ એ પ્રકારે ગોઠવાયું હોય. નિવાસી શાળા હોવાથી એ પ્રકારનું આયોજન તથા એનો અમલ સારી રીતે થઈ શકે. ગુરુકુળના દૈનિક ક્રમ, તથા અઠવાડિક, માસિક અને વાર્ષિક આયોજનનું જો ઝીણવટભર્યું વિશ્લેષણ કરવામાં આવે તો કન્યાઓના સર્વાંગી, મૂલ્યલક્ષી ઘડતરની એક સુંદર સૂત્રયોજના એમાંથી મળે. વર્તમાન સમયમાં નિવાસી શાળાઓ પ્રત્યે સમાજનો ઝોક વધતો જાય છે. પરંતુ અન્ય નિવાસી શાળાઓ અને ગુરુકુળ વચ્ચેનો, તાત્ત્વિક ભેદ સમજી લેવો જરૂરી છે. જીવનમૂલ્યો અને વ્યક્તિત્વ -ઘડતર- મૂલક કેળવણી ગુરુકુળની જીવન પદ્ધતિમાં વણી લેવામાં આવે છે. સમાજમાં વિદ્યાર્થીજીવનનો આદર્શ પ્રસ્થાપિત કરવામાં ગુરુકુળનું ઘણુ મોટું યોગદાન રહે છે. આથી જ પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને મૂર્ધન્ય શિક્ષક ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણને આર્ય કન્યા ગુરુકુળની મુલાકાત બાદ કહેલું: 'કન્યા શિક્ષણ માટે અપનાવાયેલ બેનમૂન સિદ્ધાંતોથી હું ઘણો જ પ્રભાવિત થયો છું. વર્તમાન સમયની વિકટ સમસ્યા છે કથળતું જતું ચારિત્ર્ય. સમજદાર વાલીઓ માટે એ ચિંતાનો વિષય બની રહ્યું છે. કન્યાઓમાં જીવનમૂલ્ય વિકસે, એની વિવેકબુદ્ધિ ખીલે અને જીવનમાં નૈતિકતાનું સિંચન થાય એ હેતુથી ગુરુકુળમાં શ્રેણી પાંચથી શ્રેણી બાર સુધી નીતિશિક્ષણ જેવો વિષય ભણાવવામાં આવે છે. આ વિષયની સ્પર્ધાત્મક પરીક્ષા પણ લેવાય છે. આવી જ અનોખી છે ગુરુકુળની વેદમંત્રગાન-સ્પર્ધા, જેમાં દરેક શ્રેણીમાંથી પ્રત્યેક વર્ગમાંથી બાળાઓ ભાગ લે છે અને પુરસ્કૃત પણ થાય છે. અન્ય શાળાઓની માફક હિન્દી તથા સંસ્કૃત ભાષાની પરીક્ષાઓ તથા સંગીત, સીવણ, ચિત્રકામ જેવી કલાઓની પરીક્ષાઓ આપવાની સુવિધાઓ પણ ખરી જ. રક્ષાબંધનને દિવસે બધી જ કન્યાઓ યજ્ઞોપવીત ધારણ કરે, એનો મંગલ ઉત્સવ ઉજવાય. તો બીજી બાજુ ગુરુકુળની જ ત્રણ કન્યાઓ દિલ્હીની પ્રજાસત્તાક દિનની પરેડમાં એન.સી.સી.ની વિદ્યાર્થિની તરીકે પસંદ થાય એ ગુરુકુળનું ગૌરવ છે. ગુરુકુળનું શારીરિક શિક્ષણ પણ એટલું જ સુનિયોજિત. પ્રાણાયામ, યોગાસનો ઉપરાંત સમૂહ વ્યાયામમાં અનેક પ્રકારની અંગકસરતો શીખવવામાં આવે છે. ભાલાફેંક, તલવારબાજી, લાઠીદાવ અને ખાસ કરીને ધનુર્વિદ્યાની તાલીમ અહીંની વિશેષતા છે. સ્ત્રીઓ બહારના ક્ષેત્રમાં કામ કરતી થઈ હોવાથી સ્વસુરક્ષા અંગે એને વધુ સક્ષમ બનાવવા માટે કરાંટે, કુંગફૂ જેવી તાલીમ પણ અહીં આપવામાં આવે છે.

ગુરુકુળમાં શારીરિક તંદુરસ્તી માટે યોગ્ય આહાર-વિહારના નિયમો પણ એટલા જ ચુસ્ત છે. સૌએ દરરોજ કડવું-કરિયાતું, શેકેલી મેથી, કાળીજીરી જેવી કડવી ઔષધિઓ ફરજિયાત લેવાની અને એટલો જ ફરજિયાત છે મહિને એક વખતનો જુલાબ. આહારનું પ્રમાણ રુચિ અનુસાર, પરંતુ ભોજન લેવું ફરજિયાત. 'મૂડ' જેવો મનસ્વી શબ્દ ગુરુકુળની પરિભાષામાં ન પ્રવેશી શકે. આ બધાને પરિણામે બીમારીને ખાસ અવકાશ ન રહે, તેમ છતાં યે કોઈ બીમાર પડે તો સારવાર માટે ગુરુકુળના રુગ્ણાલયમાં બધી જ વ્યવસ્થા હોય. મને યાદ છે કે મારા ગુરુકુળના અભ્યાસ દરમિયાન મને ટાઈફૉઈડ થયેલો, પૂરી સારવાર ગુરુકુળમાં જ અપાઈ હતી. મારાં માતા-પિતાને જાણ

થઈ ત્યારે તો હું સંપૂર્ણ સ્વસ્થ થઈ ગઈ હતી.

કન્યાઓ એક સારી ગૃહિણી બની શકે એ માટે રસોઈની તાલીમ પણ આપવામાં આવે છે. દર શનિવારે સરસ્વતીસભા ભરાય, જેનું પૂરું આયોજન-સંચાલન વિદ્યાર્થિનીઓ જ કરે. આ સભામાં નિબંધ વાચન, વક્તૃત્વ, નૃત્ય, કવિતાપાઠ, નાટક, ગીતો વગેરે રજૂ થાય. વિદ્યાર્થિનીમાં રહેલી કલા અને નેતૃત્વ શક્તિ બંને આ સભા દ્વારા વિકાસ પામે. આમ, ધોરણ પાંચથી માંડીને સ્નાતક (આર્ટ્સ, કૉમર્સ, હોમસાયન્સની સુવિધા સાથે) સુધીનું શિક્ષણ કન્યાઓનાં સર્વાંગી ઘડતરને અનુલક્ષીને અનેકવિધ પ્રવૃત્તિઓથી સભર.

સાંસ્કૃતિક કાર્યક્રમો ગુરુકુળના પ્રાણ સમા છે. બધા જ ધાર્મિક, સામાજિક તહેવારોની ઉજવણી સુંદર કલાત્મક કાર્યક્રમો દ્વારા ઉલ્લાસભેર થાય. ગુરુકુળ પ્રત્યે સંપૂર્ણ સમર્પિતા શ્રી સવિતાબહેન મહેતા - 'દીદી' એક આજીવન કલાસાધિકા પણ છે. મણિપુરી નૃત્યમાં ભારતનાં પ્રથમ મહિલા નૃત્યાચાર્ય બનનાર સવિતાદીદીને મણિપુરના મહારાજા તરફથી 'મૈતેઈ જાંગોઈ હંજોબી'ની ઉપાધિ પ્રાપ્ત થઈ છે. મણિપુરનાં મહારાણીએ એમને 'દ્વિતીય ઉષા' તરીકે બિરદાવ્યાં છે. આ ઉપરાંત 'વિશ્વગુર્જરી' ઍવૉર્ડથી વિભૂષિત સવિતાદીદીનું જીવનધ્યેય જ એ છે કે ગુરુકુળને વટવૃક્ષ બનાવવું અને એને વિવિધ કલાઓથી સર્વાંગ સંપૂર્ણ બનાવવું. અનેક નૃત્યનાટિકાઓ અને ઉચ્ચ કોટિના સાંસ્કૃતિક કાર્યક્રમો એમણે પોરબંદરને ચરણે ભેટ ધર્યા છે.

ડિસેમ્બર ૧૯૮૬માં ગુરુકુળના કુલપિતા શેઠ શ્રી નાનજીભાઈ કાલિદાસ મહેતાનો જન્મશતાબ્દી મહોત્સવ અને ગુરુકુળનો સુવર્ણ મહોત્સવ ઉજવાયો ત્યારે આ સમગ્ર મહોત્સવ પોરબંદરના આંગણે કલાની ચરમ સીમાઓને સ્પર્શી ગયો હતો. અનેક વંદનીય મહાનુભાવો અને વિશ્વવિખ્યાત વિદ્વાનોએ આ ઉત્સવને અજવાળ્યો તો જગવિખ્યાત સંતુરવાદક, પંડિત શિવકુમાર શર્મા, વિશ્વવિખ્યાત તબલાંવાદક ઉસ્તાદ ઝાકીર હુસેન અને આંતરરાષ્ટ્રિય બંસીવાદક પંડિત હરિપ્રસાદ ચૌરસિયાએ આ જન્મશતાબ્દી મહોત્સવ માટે મહેતા પરિવારનું નિમંત્રણ સ્વીકારી પોતાના બેમિસાલ સંગીતથી પોરબંદરને ધન્ય કરી દીધું. આ જ મહોત્સવના ભાગ રૂપે ભજવાઈ સત્યવાન-સાવિત્રીના જીવન પર આધારિત નૃત્યનાટિકા 'મૃત્યુ પર વિજય', જે ખૂબ પ્રશંસા પામી. ગુરુકુળની જ કન્યાઓ દ્વારા ભજવાયેલ આ નૃત્યનાટિકાના પોરબંદર, અમદાવાદ, મુંબઈ ઉપરાંત વિદેશોમાં પણ- ઈંગ્લન્ડ અને પૂર્વઆફ્રિકામાં- દસ સફળ પ્રયોગો થયા. ઋષિ સંસ્કૃતિને દિપાવતું, કૃષિ સંસ્કૃતિને બિરદાવતું અને કમ્પ્યૂટર-કરાંટે સંસ્કૃતિને આવકારતું ગુરુકુળ ભારતભરની નિવાસી શિક્ષણસંસ્થાઓમાં એક સીમાચિહ્ન બની શક્યું છે. ગુરુકુળના વિકાસ માટે શ્રી સવિતાદીદીની સાથે સાથે કુલમાતા સંતોકબા, કુલભ્રાતા શ્રી ધીરેન્દ્રભાઈ-મેઘાભાભી અને શ્રી મહેન્દ્રભાઈનો પરિશ્રમ રહેલો છે. ગુરુકુળમાં ભણતી પ્રત્યેક કન્યા આ



શ્રી સવિતાબહેન મહેતા 'દીદી'

પરિવાર માટે ગુરુકુળની દીકરી છે. આજ સુધીમાં અહીં પચીસ હજાર કન્યાઓ શિક્ષણ લઈ ચૂકી છે! દેશ-વિદેશમાં ફેલાયેલી આ હજારો કન્યાઓ માટે ગુરુકુળ હજી પણ પોતીકું છે. ગુરુકુળનાં સંભારણાં એમના માટે આજે પણ અશ્રુસર્જક અને રોમહર્ષક બની રહે છે. એવી કેટલીય ઘટનાઓની સાક્ષી હું પણ બની છું.

ગુરુકુળનું સંચાલન બીજી સંસ્થાઓ માટે નમૂનારૂપ બને એવું ખરું. સંસ્થાના મંત્રી શ્રી સુરેશભાઈ કોઠારી સંસ્થાના વિકાસ માટે સતત જાગ્રત રહે છે. ગુરુકુળમાં વ્યવસ્થાપક તરીકે સેવાઓ આપી રહેલાં શ્રી ચંપાબહેન જોશી ૪૬ વર્ષોથી ગુરુકુળમાં જ છે. એમનું શિક્ષણ અને સેવાઓ બધું જ ગુરુકુળમાં થયું. રાષ્ટ્રપતિના હાથે શ્રેષ્ઠ શિક્ષકનો ઍવૉર્ડ મેળવી ચૂકેલાં શ્રી હંસાબહેન ભટ્ટ અહીંની શાળામાં આચાર્ય તરીકે સેવાઓ આપે છે તો ગુરુકુળની મહિલા કૉલેજના આચાર્ય શ્રી દેવેન્દ્રભાઈ આચાર્ય ગુરુકુળ વિશે વાત કરતાં પોતાનો ઉમળકો રોકી શકતા નથી. શ્રી નરોત્તમભાઈ પલાણ, શ્રી જ્યોતિબહેન થાનકી જેવાં જાણીતાં સાહિત્યકારોએ ગુરુકુળની મહિલા કૉલેજમાં સેવાઓ આપી છે અને આપી રહ્યાં છે.

ગાંધીજી જેવા નરરત્નને જન્મ આપનારી નગરી સુદામાપુરી પોરબંદરે ભારતને નાનજી કાલિદાસ મહેતા જેવા પરમ પુરુષાર્થી અને ઉદાત્ત સમાજસેવકની ભેટ આપી. અઢળક સંપત્તિના સ્વામી શેઠશ્રી નાનજીભાઈને આ સંપત્તિ સન્માર્ગે

(અનુસંધાન પૃષ્ઠ ૪૦૦ ઉપર)

ચાટણિયો

નારન બારૈયા

મારી અગાશી પરથી હું આ બધું જોતો-સાંભળતો... છોકરાઓનો બરાબર છૂટવાનો વખત ને એનો બરાબર ત્યાંથી પસાર થવાનો વખત. છોકરાઓ નિશાળના દરવાજામાંથી બહાર નીકળે એટલે આઘેરેકથી ખોખડિયાને આવતો જુએ.

ને એક છોકરો બીજાને કહે - 'એય, ખોખડિયો...!'

બીજો ત્રીજાને કહે - 'એય. ખોખડિયો આવ્યો...!'

ત્રીજો ચોથાને - 'એલા એય, ખોખડિયો આવ્યો...!'

આ બાજુ છોકરાઓ ખોખડિયા તરફ આગળ વધે, ને ખોખડિયો છોકરાઓ તરફ આગળ વધે. ને એકબીજાની નજીક આવતા જ છોકરાઓની સેના હુરિયો બોલાવે - 'ખોખડિયો.... ખોખડિયો.... ખોખડિયો.... ખોખડિયો.'

ને ખોખડિયો વીફરે....

'તમારી માના હાંઢ....'કહેતો 'આવી-આવી' ચોપડાવતો ખોખડિયો છોકરાઓની પાછળ પડે. ને છોકરાઓ રગડપાટી કરતા ક્યાંય દૂર ચાલ્યા જાય. ખોખડિયાની પહોંચ બહાર જેટલા દૂર જઈને ફરી હુરિયો બોલાવે 'ખોખડિયો.... ખોખડિયો.... ખોખડિયો....'

ને વળી પાછો રાડું કે રોડું જી હાથમાં આવ્યું ઈ હથિયાર લઈને ખોખડિયો ગાળોની બઘડાટી બોલાવતો છોકરાઓની પાછળ પડે ને છોકરા ફરી દૂર ભાગી જાય....

નિશાળ છૂટવાના ટાણે જ આમ બનતું. ખોખડિયાને છોકરાઓ ખીજવે ત્યારે હાથમાં આવે તે ફેંકતો. પણ આજ દન લગી કોઈ છોકરાને વાગ્યું હોય એવું બન્યું નથી. આમ તો એવું જ લાગતું કે તે સાવ બેફામ બનીને છોકરાઓ પર ઘાવાળી કરે છે. પણ તો પછી ક્યારેક તો એકાદ છોકરાને વાગવું જોઈએ ને ? ખોખડિયાની આ દશા જોઈને મને એમ થતું કે એકાદ છોકરાના ટાંટિયામાં એકાદ ઘા અડી જાય ને ત્રણ-ચાર દિ'નો ખાટલો અડી જાય તો માળાઓ આ બિચારાને ખીજવતા બંધ થાય. પણ એવું કદી ન બન્યું. ન તો એકેય છોકરાને ક્યારેય ખોખડિયાના ઘાથી નાની સરખી ઈજા થઈ કે ન તો તેઓ ખોખડિયાને ખીજવતા બંધ થયા.

પણ એક દિવસ મારી ધીરજના બે કટકા થઈ ગયા. આમ તે કંઈ બિચારાને ખીજવવાનો હોય? ગાંડો છે તે શું થઈ ગયું? હું પહોંચ્યો નિશાળે-

'શું ભણાવો છો ગામના છોકરાઓને, દલાલસાહેબ ? કે પછી અહીં બેઠા-બેઠા વિદ્યાની દલાલી કરો છો ?'

'કેમ... કેમ? યુ મીન.... વ્હોટ ડૂ યુ મીન ?'

'એ જ કે શું ભણાવો છો છોકરાઓને ?'

'જુઓ બાંભણિયાસાહેબ, અમે અભ્યાસક્રમમાં આવે છે એ બધું કમ્પલીટ ભણાવીએ જ છીએ.... અને-'

'હું એની વાત નથી કરતો, દલાલસાહેબ.... હું કહું છું.... તમારા વિદ્યાર્થીઓને તમે કાંઈ સંસ્કાર-બંસ્કાર આપો છો કે પછી હરિવાલા ?'

'એમ! એમ કેમ પૂછો તમે, બાંભણિયાસાહેબ ?'

'જુઓ દલાલસાહેબ, મારી અગાસી પરથી ઊભો ઊભો હું રોજ જોઉં છું. નિશાળ છૂટવાટાણે ત્યાંથી રોજ એક ગાંડો નીકળે છે. રસ્તે ચાલ્યા જતા એ પાગલને રોજ તમારા વિદ્યાર્થીઓ 'ખોખડિયો... ખોખડિયો...'કહીને ખીજવે છે. અને ગાંડો એ લોકોની પાછળ પડે છે ને ઘાવાળી કરે છે. તમારા વિદ્યાર્થીઓનું આ તોફાન શું તમને શોભાસ્પદ લાગે છે ?'

દલાલસાહેબે તત્કાલ ઍક્શન લીધા. બધાય ક્લાસના વિદ્યાર્થીઓને પ્રાર્થનાખંડમાં ભેગા કર્યા અને ગાંડાને ખીજવવા બદલ બધાને ખખડાવી નાખ્યા, અને હું સાંભળું એમ રીતસરનું કહી દીધું - '.... અને હવે પછી કોઈ પણ વિદ્યાર્થીએ એ ગાંડાને ખીજવ્યો છે એવી સાચી કે ખોટી, ગમે તેવી જાણ અમને થશે તો એ વિદ્યાર્થીને અમે અહીં સખતમાં સખત સજા કરીશું તથા તેમના વાલીને અહીં નિશાળે બોલાવવાની ફરજ પાડીશું.'

વિદ્યાર્થીઓમાં સન્નાટો છવાઈ ગયો હતો. કોઈ પરીએ આપેલું તેમનું પ્રિય રમકડું કોઈ રાક્ષસ ઝૂંટવી ગયો હોય તેવા તેમના ચહેરા થઈ ગયા હતા અને વિદ્યાર્થીઓ સાંભળે એમ દલાલસાહેબે મને પણ રીતસરનું કીધું - 'બાંભણિયાસાહેબ, હવેથી કોઈ પણ છોકરાને એ ગાંડાને ખીજવતો જુઓ એટલે પહેલાં તો એક અવળા ી અડાડી દેજો. એનાં નામ લખીને મારા સુધી પહોંચાડજો. જુઓઃ હું એ લોકોને પંજરીપાક ચખાડું છું તે... અમારી સ્કૂલની આબરૂનું છોકરાઓ આવું લિલામ કરે તે અમે બિલકુલ ચલાવી લેવાના નથી....'

બીજે દિવસે નિશાળ છૂટવાના ટાણે હું અગાસી પર ચડ્યો.બેલ પડ્યો. થોડી વારમાં નિશાળિયાઓ દરવાજાની બહાર નીકળ્યા. મારી ચાતક નજર તેમને તાકી રહી હતી. ખોખડિયાને ખીજવવામાં વધુ પડતો રસ ધરાવતી પાંચ-સાતની ટોળકી પર રહી-રહીને મારી નજર જતી હતી. એ લોકો પણ મારા તરફ ત્રાંસી નજરે જોઈ લેતા હતા. હું મનમાં મનમાં બોલ્યો - 'બેટમજી! ખીજવો આજ ખોખડિયાને ને પછી જોઈ લ્યો મારી કમાલ....'

જો કે આજે તેઓના ચહેરા પર ગંભીરતા છવાયેલી હતી.

પેલી બાજુ જોયું તો ખોખડિયો પણ એ જ મસ્તીથી આવી રહ્યો હતો.

મેં પેન અને ડાયરી કાઢી. દલાલસાહેબે તો અવળા હાથની અડાડી દેવાનું કહ્યું હતું. પણ આપણે શું કામ એ કરવું? જેટલા છોકરાનાં નામ આવડે એટલાં લખી લેવાં અને ન આવડે એના ચહેરા યાદ રાખીને નિશાળે જઈ દલાલસાહેબને બતાવી દેવા એવું મેં નક્કી કર્યું હતું.

મેં પેન અને ડાયરી ખીસામાંથી કાઢ્યાં તે તરફ છોકરાઓનું ધ્યાન હતું. મારા તરફ જેવું-તેવું જોઈ-જોઈને તેઓ આડું-અવળું જોવા માંડતા હતા.

આ બાજુ ખોખડિયો ખૂબ નજીક આવી ગયો હતો. હું એકદમ સાવધ થયો. છોકરાઓ અને ખોખડિયાની ગતિવિધિ પરનું મારું નિરીક્ષણ વધુ સૂક્ષ્મ બનાવ્યું.

પણ છેલ્લી ઘડીએ થયું કે છોકરાઓ આજે ખોખડિયાને નહીં ખીજવે અને બન્યું પણ એવું જ. ખોખડિયો નજીક આવ્યો ત્યારે છોકરાઓ નીચું જોઈને ગંભીર ચહેરે ચાલવા માંડ્યા. ખોખડિયાની આંખોમાં આશ્ચર્ય દેખાયું. તેમ છતાંય તે છોકરાઓ ખીજવે ત્યારે તેમની પાછળ પડવાની તૈયારીમાં હતો. પરંતુ છોકરાઓ ઘડીક મારા તરફ અને ઘડીક ખોખડિયા તરફ ત્રાંસી નજરે જોતા પસાર થઈ ગયા. તેઓ નાગજીની દુકાને ચૉકલેટ, ખાટાંમીઠાં ટીકડાં ખરીદવા લાગ્યા. કોઈ સિસોટી લઈને વગાડતા હતા. કોઈ ફુગ્ગાઓ ફુલાવવા લાગ્યા. કોઈ ઈનામ લગાડતા હતા.

મેં આ બાજુ જોયું તો ખોખડિયો પેલા ખાલી હવાડા પાસે ઊભો રહી ગયો હતો. તેની આંખોમાં જોયું તો લાગ્યું કે તે જાણે છોકરાઓના ખીજવવાની રાહ જોઈ રહ્યો હતો. છોકરાઓ સામું જોઈ-જોઈને તે ખોંખારા ખાતો હતો. છોકરાઓ એક નજર ખોખડિયા પર કરે, એક નજર મારા પર કરે.... ને નિરાશ થઈને કોઈ ઈનામ લગાડવામાં....તો કોઈ વળી સિસોટી વગાડવામાં લાગી જાય.

આખરે તે ખોંખારા ખાતો રસ્તા પર આડા-અવળી આંટા મારવા લાગ્યો. પરંતુ છોકરાઓ પર તેની અસર ન થઈ. તેઓ હવે વીખરાવા લાગ્યા હતા. ખોખડિયો પણ જાણે નિરાશ થઈને જતો હોય તેમ તેના રોજના રસ્તે ચાલતો થયો, રહી-રહીને તે પાછું વળી જોતો જતો હતો. તેના ચહેરા પર કદાચ એવી આશા ઝળકતી હતી કે હજીય કદાચ એકાદ બે છોકરાઓ પાછળ આવશે ને 'ખોખડિયો ખોખડિયો' કહી ખીજવશે.

હું તેને જોઈ રહ્યો. અત્યંત ધીમાં પગલાં. જાણે તે પરાણે-પરાણે ચાલતો હતો. છેક નાથી ડોશીની આંબલી નીચે પહોંચીને એણે ફરી પાછું વળી જોયું. આ વખતે તેની નજર અચાનક મારા પર પડી. તે મને ઘડીભર કોઈ અકળ નજરે જોઈ રહ્યો. ને પછી ચાલતો થયો... ચાલતો જ રહ્યો.... પાછું વળીને તેણે જોયું જ નહીં....મને લાગ્યું કે તેની દૃષ્ટિમાંથી એક તીર છૂટીને મારી છાતીમાં ખૂંચી ગયું....

આ બાજુ નાગજીની દુકાનેથી વિદ્યાર્થીઓ પણ વીખરાઈ ગયા હતા. ગલી સૂમસામ બની ગઈ હતી. પણ મારા મનની ગલીમાં જાત-જાતના ને ભાત-ભાતના ન સમજાય તેવા વિચારો દોડાદોડી કૂદાકૂદી કરી રહ્યા હતા. એ વિચારોને હું સમજું એ પહેલાં જ નિશાળનો દરવાજો 'ખડિંગ...' થયો.

મેં જોયું તો પટાવાળો તાળું વાસી રહ્યો હતો, અને માસ્તરો આ બાજુ આવી રહ્યા હતા. આચાર્યશ્રી દલાલસાહેબની નજર મારા તરફ હતી. છેક મારી અગાસી નજીક આવી ગયા ત્યારે રસ્તા પર ઊભા રહી એમણે મને કહ્યું - 'કાં બાંભણિયાસાહેબ! આજે કોઈ ફરિયાદ નો'તી ને?'

'ના સાહેબ...' મેં કહ્યું.

'એવું કાંઈ હોય તો કહી દેજો. તમે ગયા પછી ય અમે છોકરાઓને ઠીક ઠીક ખખડાવ્યા હતા. અમારા વિદ્યાર્થીઓ આવા રવાડે ચડે એ તો અમને ન જ ગમે, બાંભણિયાસાહેબ!'
કહી આચાર્યસાહેબ તથા શિક્ષકો ચાલતા થયા.

બીજે દિવસે ફરી નિશાળ છૂટવાના ટાણે હું અગાસી માથે ચડ્યો. ઘંટ વાગ્યો. ને થોડી વારમાં નિશાળના દરવાજે વિદ્યાર્થીઓ ઊભરાયા....

ને પેલી બાજુ ખોખડિયો પણ એ જ મસ્તીથી ડોલતો આ તરફ આવી રહ્યો હતો.

એક છોકરાએ બીજાને કહ્યું - 'એય, ખોખડિયો...!'
બીજાએ ત્રીજાને કહ્યું - એય, ખોખડિયો આવ્યો !'
ત્રીજાએ ચોથાને - 'એલા એય, ખોખડિયો આવ્યો!'
ને ચોથાએ બધાનું ધ્યાન અગાસી તરફ દોર્યું....
ને બધા ચૂપ...!

મારા તરફ જોઈ-જોઈને બધા નીચું જોઈ ગયા. પણ કોણ જાણે આજે હું તેમની દૃષ્ટિને સહન ન કરી શક્યો. મારું આખું યે અસ્તિત્વ શરમ-શરમ થઈ ગયું. હું દોટ મૂકીને ભાગી ગયો.

નીચેના માળે જઈ મેં રેડિયો ઑન કર્યો. આકાશવાણી રાજકોટ પર સંતવાણીનો કાર્યક્રમ 'નિરખને ગગનમાં' ચાલુ હતો. નરસિંહ મહેતાનું ભજન - 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે'- ચાલુ હતું. આ પદ સાંભળવું મને બહુ ગમે. પણ બે-ત્રણ કડી માંડ સાંભળી. મારું મન પાછળ ગલીમાં દોડી ગયું. હું ય તેની પાછળ ખેંચાયો. પાછળના ભાગની બારી ખોલીને પડદાને આડશ બનાવી હું ગલીમાં જોઈ રહ્યો.

જોઉં છું કે છોકરાઓ ઘેટાંની જેમ નીચું મોં રાખીને ખોખડિયાની બાજુમાંથી પસાર થઈ રહ્યા છે. ખોખડિયાનો ચહેરો કંઈક વિષાદમય બની ગયો છે. પોતાના અસ્તિત્વને સિદ્ધ કરવા તે જરા મોટેથી ખોંખારા ખાઈ રહ્યો છે. પણ છોકરાઓના ચહેરાઓ તો એવા થઈ ગયા છે કે જાણે તેઓ તેને ઓળખતા જ

નથી. હા, તેઓનું ધ્યાન તો તેમના પર છે જ. પરંતુ તેઓ ખોખડિયા સામું વધારે વખત જોઈ શકતા નથી. છોકરાઓની નજર વારે વારે અગાસી ઉપર જાય છે. તેમની ભયભીત આંખો જાણે એકબીજાને કહી રહી છે - 'હમણાં ઓલો ઉપરથી ડોકાશે તો....'

પણ એ લોકોને ક્યાં ખબર હતી કે 'ઓલો' અહીં પડદાની આડશે એમને જોઈ રહ્યો છે.

ખોખડિયો પેલા ખાલી અવેડાને અઢેલીને ઊભો રહી ગયો. ને છોકરાઓએ નાગજીની દુકાને ઘેરો ઘાલ્યો છે. કોઈ ચૉકલેટ.... કોઈ કોઈ ફુગ્ગા.... કોઈ ઈનામ.... કોઈ પપૂડું.... કોઈ સિસોટી.... કોઈ --

ને અચાનક ખોખડિયાએ મોટેથી ખોંખારા ખાવાનું શરૂ કર્યું. ને પછી રસ્તા પર કૂદકા પણ મારવા લાગ્યો. આવી રીતે કૂદકા મારતો મેં એને કદી જોયો નહોતો. મારી આંખોમાં નવાઈ છલકાઈ ગઈ. ને એથીય વધુ નવાઈ ત્યારે લાગી કે છોકરાઓ ખોખડિયાના આ અભૂતપૂર્વ નખરાં જોવા છતાં જાણે કશું જ જોતા ન હોય તેમ દુકાનમાં પરોવાઈ રહ્યા.

પરંતુ ખોખડિયો અચાનક સ્થિર બની ગયો. ખડો-ખડો તે છોકરાઓને એકીટશે જોઈ રહ્યો. ને પછી ખીજવવામાં ઉસ્તાદ એવા એક તોફાની છોકરા તરફ તે ધસ્યો. હું સ્તબ્ધ બની જોઈ રહ્યો.... તેની પાસે જઈ તે ઊભો રહી ગયો. તે છોકરાનું ધ્યાન દુકાનમાં હતું.

ખોખડિયાએ તેના ખભા પર હળવેકથી ટપલી મારીને કહ્યું- 'એય...!ખોખડિયો આવ્યો...'

છોકરાએ ખોખડિયા સામે જોયું.

સ્મિત કર્યું....

પછી ભયભીત આંખે ઘડીભર અગાસી તરફ જોઈ રહ્યો. પણ પછી તે દુકાન તરફ ફરી ગયો.

ખોખડિયાએ બીજા એક છોકરાને ટપલી મારી અને કહ્યું- 'એય, ખોખડિયો આવ્યો.... ખીજવાડવો નથી?'

છોકરો ખોખડિયા તરફ ફરી તેને કોઈ અકળ ભાવથી જોઈ રહ્યો....

પણ પછી તે બીકથી ચારે તરફ જોવા લાગ્યો - ખાસ કરીને અગાસી ઉપર....

પડદા પાછળથી એમને તાકી રહેલો હું જડવત્ બની ગયો.

મને બધું સમજાઈ ગયું.

ખરેખર તો છોકરાઓ ખોખડિયાને ખીજવતા હતા તે એને ગમતું હતું. તે ખીજાતો હતો માત્ર તેની મસ્તીમાં. છોકરાઓ પ્રત્યે ખરેખર તેને લાગણી હતી. એટલે જ તો અત્યાર સુધીમાં એના એકેય ઘાથી કોઈ છોકરાને ઈજા થઈ નહોતી. મને હતું કે છોકરાઓ ગાંડાને પરેશાન કરે છે. પણ હકીકત એ હતી કે હું જ બન્નેને પરેશાન કરી રહ્યો હતો. છોકરાઓને ખીજવવાનો આનંદ આવતો હતો અને ખોખડિયાને ખીજાવાનો આનંદ આવતો હતો. બ્રહ્મ પાસે લટકાં કરે તે જ આ....

મારી અંદર જાણે એક વિસ્ફોટ થયો. મને પસ્તાવો-પસ્તાવો થઈ ગયો. મેં તત્કાલ નિર્ણય કર્યો, છોકરાઓને કહી દેવાનો કે - 'ખીજવો તમ તમારે હવે ખોખડિયાને... હવેથી હું તમારા સાહેબને નહીં કહી દઉં....'

છોકરાઓને આમ કહેવાનો નિર્ણય કરી હું રસ્તા પર આવ્યો. ખોખડિયો તથા છોકરાઓને જોતો હું ઊભો રહી ગયો. તેમાંના એક છોકરાને અહીં એક બાજુએ બોલાવીને તેને મારો નવો નિર્ણય સંભળાવીને બધાને ખુશખુશાલ કરી દેવાના મનસૂબા સાથે મેં એક છોકરાને સાદ કર્યો -'એ ટીનિયા...! અહીં આવ તો...!

ને-

'એય, ભાગો ભાગો.... ચાટણિયો આવ્યો...' કહેતા એ છોકરાઓ મને જોતાં જ ભાગી ગયા. કોઈ ગાંડાને જોઈને ભાગી જાય તેમ....' ❒

અનુસંધાન) આર્યકન્યા ગુરુકુળ (પૃ. ૩૯૭ થી

ઉપયોગ કરવાનું પણ સતત સ્મરણ રહ્યું એટલે જ ગુરુકુળ ઉપરાંત પણ એમની દાનવીરતાનો પરિચય આપતી અનેક સંસ્થાઓ આજે પોરબંદરને આંગણે મુલાકાતીઓનું આકર્ષણ બની રહી છે. ગાંધીજીના જન્મસ્થળને એમણે કીર્તિમંદિર જેવા સ્મારકમાં ફેરવ્યું. ગુરુકુળના જ સંકુલમાં મહામાનવોનાં શિલ્પો ધરાવતું ભારતમંદિર તથા સામાન્ય માનવીને પણ ખગોળશાસ્ત્રમાં રસ લેતો કરે એવું તારામંદિર, મહર્ષિ વિજ્ઞાન મહાવિદ્યાલય આ બધી શ્રી નાનજીભાઈની દેણ છે. સ્વતંત્ર ભારતના નવા બનેલા સૌરાષ્ટ્ર એકમને શરૂઆતમાં સખત નાણાંભીડ અનુભવાતી હતી. સૌરાષ્ટ્ર રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી ઢેબરભાઈની વિનંતીથી પળવારમાં રૂ. ૩૦ લાખ ગણી આપનાર નાનજીભાઈ પોતાના દેશ પ્રત્યેનું ઋણ ચૂકવવા પણ તત્પર હતા.

કુલપિતા શેઠશ્રી નાનજીભાઈના શબ્દો હતા:' સગર રાજાએ દસ હજાર પુત્રો માગ્યા હતા. મને એવી દસ હજાર દીકરીઓ જોઈએ છે કે જે દેશની દુર્દશા મિટાવી શકે.' સ્ત્રીઓનાં કિસ્મતમાં જ્યારે ઘરની ચાર દીવાલોનો અંધકાર જ લખાયેલો હતો ત્યારે એમણે માતૃશક્તિમાં સમાજની ઉન્નતિનાં દર્શન કર્યાં. કન્યાશિક્ષણમાં જ દેશનું ઉજ્જ્વળ ભવિષ્ય નિહાળ્યું અને આર્ય કન્યા ગુરુકુળ જેવી ધરખમ સંસ્થા સ્થાપી સ્ત્રીશક્તિ દ્વારા સમાજની કાયાપલટ કરવાની દિશામાં ઈતિહાસ નોંધવાનું ન ચૂકી શકે એવું પગલું ભર્યું, શેઠશ્રી નાનજીભાઈએ સ્થાપેલા ઉદ્યોગો તો વિકાસની દિશામાં અગ્રેસર છે જ, પરંતુ તેમના નામને ચિરકાળ જીવાડશે આ આર્ય કન્યા ગુરુકુળ, એમાં કોઈ સંશય નથી. ❒

નાક

ડૉ. થૉમસ પરમાર

આપણું નાક ઘડીનો પણ આરામ કર્યા વિના સતત કાર્યરત રહે છે. 'આરામ હરામ હૈ'નું સૂત્ર નાકે પૂરેપૂરું અમલમાં મૂક્યું છે. જો નાક આરામ ફરમાવે તો આપણી શી સ્થિતિ થાય તે આપણે સમજી શકીએ તેમ છીએ. આથી નાક કામ અને મહેનતનું પ્રતીક છે.આળસ અને આરામ નાકને પરવડે તેમ નથી. નાકના આ કર્મયોગની સાધનામાં ક્યારેક શરદીરૂપી રાક્ષસ વિક્ષેપ ઊભો કરવા આવે છે; પરંતુ નાક શરદી સામે યુદ્ધ કરીને પણ આ શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરવાનો મરણિયો પ્રયાસ કરે છે. અને પોતાની સાધનામાં જ લીન રહેવાનો પ્રયત્ન કરે છે. વિક્ષેપ આવે તો એની સામે અડીખમ ઊભા રહીને તેને હંફાવવાની પ્રેરણા આપણે નાક પાસેથી મેળવી શકીએ.

નાકનો આકાર અને તેનું સ્થાન યોગ્ય છે. તે નીચેથી પહોળું અને ઉપરાથી સાંકડું એમ શંકુ આકારે છે. આપણા ચહેરામાં તે પિરામીડ આકારનું લાગે છે. નાકના નસકોરાનું સામીપ્ય વિચારવા જેવું છે. બે કાન વચ્ચે ઘણું અંતર છે. બંને કાન ક્યારેય એકબીજાને મળ્યા નથી કે એકબીજાને જોયા પણ નથી. જ્યારે નસકોરાં તો જોડિયાં બાળકની જેમ એકબીજાની અડોઅડ આવેલાં છે. બંને નસકોરાં વચ્ચેનો સંપ પણ જોરદાર છે. શ્વાસોચ્છ્વાસનું કાર્ય તેઓ સંપીને કરે છે. એક નસકોરું શ્વાસ લેવા-મૂકવાનું કામ કરતું હોય તો બીજું આરામ કરતું હોય છે. યોગવિદ્યામાં જણાવ્યા પ્રમાણે આ બે નસકોરાં ઇડા અને પિંગલા છે અને તેઓ વારાફરતી શ્વાસ લેવાનું કામ કરે છે. સાંભળવાનું બંને કામ કાન સાથે કરે છે, જોવાનું કામ બંને આંખ સાથે કરે છે. પરંતુ શ્વાસ લેવા-મૂકવાનું કામ નસકોરાં વારાફરતી કરે છે, બંને સાથે કામ કરતા નથી. કામ કરવા માટે નસકોરાંઓએ પાળી નક્કી કરી છે, જેથી બંનેને વારાફરતી આરામ મળી રહે. આમ, નસકોરાં સંપનું પ્રતીક છે. આપણે એમ કહી શકીએ કે 'સંપ જોવો હોય તો નસકોરાં જુઓ.'

નાકનું સ્થાન યોગ્ય જ છે. આંખ નબળી પડે ત્યારે ચશ્માંને ટેકવવા માટે નાક મહત્ત્વનો ટેકો પૂરો પાડે છે. જો નાકનો આકાર અને સ્થાન જેવાં છે તેવાં ન હોત તો ચશ્માં ટેકવવાનું ભારે પડી જાત. ચશ્માં આંખ માટે છે, નાક માટે નથી. તો પણ ચશ્માંનો ભાર તો બિચારું નાક જ ઉપાડે છે. આ માટે તે ચશ્માં કે આંખ પાસેથી કોઈ પણ પ્રકારનું ભાડું માગતું નથી કે મદદ પણ માગતું નથી. ચશ્માંથી જોવાનું આંખે અને ચશ્માંનો ભાર વેઠવાનો બિચારા નાકને. ચશ્માં પહેરીને આપણે નાકને અન્યાય કરીએ છીએ. નાક તેની સામેના અન્યાયનો વિરોધ પણ કરતું નથી. ગાડાના બળદની જેમ તે ચશ્માંનો ભાર ચૂપચાપ સહન કરી લે છે. હાં, ક્યારેક તીવ્ર શરદીનો હુમલો થાય અને છીંક આવે ત્યારે ચશ્માંને કોઈ વાર પોતાના પરથી ફેંકી દઈને તેનું વેર વાળી લે છે.

આપણું શરીર પ્રમાણબદ્ધ છે. બધાં અંગોનાં એકબીજાં સાથેનાં પ્રમાણ નક્કી છે. આ બધાંમાં નાક શરીરના પ્રમાણનું મુખ્ય એકમ છે. જેમ કે દરેકનું નાક તેના હાથની ચાર આંગળ જેટલું લાંબું હોય છે. નાકથી દાઢીનો ભાગ તથા કપાળ ચાર આંગળનું જ હોય છે. આમ, નાક શરીરના પ્રમાણનું મુખ્ય એકમ છે. આથી સૌંદર્યશાસ્ત્રમાં નાકને મહત્ત્વનું ગણ્યું છે. નાક આથી સૌંદર્યનો માપદંડ છે. કોઈ વ્યક્તિનું રૂપ કે સૌંદર્ય તેના નાક પર આધારિત છે. લાંબું નાક ધરાવતી વ્યક્તિ સુંદર દેખાય છે. લગ્ન વખતે જાન આવે ત્યારે સ્ત્રીઓ વરરાજાને જોવા જાય છે ત્યારે સૌ પ્રથમ તેનું નાક જ જુએ છે. જો વરરાજાનું નાક સારું હોય તો કહેશે 'છોકરો રૂપાળો છે.' નાકની ઉપમા પોપટની ચાંચની આપવામાં આવે છે. પોપટની ચાંચ જેવું અણિયાણું નહીં, પણ પોપટની ચાંચની જેમ આગળ ઊપસેલું એમ સમજવું જોઈએ.

ભરતમુનિએ તેમના 'નાટ્યશાસ્ત્ર'માં શરીરનાં જુદાં જુદાં અંગો દ્વારા કરવામાં આવતા આંગિક અભિનયની વાત કરી છે. તેમાં નાસિકા દ્વારા થતા અભિનયનો પણ ઉલ્લેખ કર્યો છે. કલાકાર નાક દ્વારા પણ અભિનય કરીને જુદા જુદા રસ રજૂ કરી શકે છે. જેમ કે આપણે રડતાં હોઈએ ત્યારે નસકોરાં નાનાં-મોટાં થાય છે અને ગુસ્સામાં હોઈએ ત્યારે નસકોરાં પહોળાં થઈ જાય છે. આમ, નાક નાટકમાં પણ પાછું પડે તેમ નથી.

અભિનયની જેમ નાક સંગીતકલામાં પણ પાવરધું હોય છે અને તેનાં નસકોરાં બોલતાં હોય ત્યારે નાકનું સંગીત સાંભળવા મળે છે. નાકના આ સંગીતનો લાભ નસકોરાં બોલાવીને ઊંઘતી તે વ્યક્તિને મળતો નથી, પરંતુ બીજાંને મળે છે. આમ, આપણે જો નસકોરાં બોલાવતાં હોઈએ તો આપણે નાકના સંગીતને માણી શકતાં નથી. આ દૃષ્ટિએ નસકોરાં બોલાવતી વ્યક્તિ પ્રસિદ્ધ સંગીતકાર બિટોવન જેવી છે. બિટોવનને કાને બહેરાશ હતી એટલે એ પોતાનું સંગીત સાંભળી શકતા ન હતા. આવું 'નાસિકા-સંગીત' રેલાવતી વ્યક્તિની બાજુમાં અર્ધજાગૃત અવસ્થામાં સૂતેલી વ્યક્તિ નિદ્રા-દેવીની કૃપાથી વંચિત રહે છે. ઇચ્છા-અનિચ્છાએ તેને પડખાં ફેરવીને નાસિકા-સંગીતને માણવું પડે છે. નાસિકા-સંગીત એ ગાઢ નિદ્રાનું પ્રતીક છે. મોટા ભાગના લોકો ઊંઘમાં નસકોરાં બોલાવતાં હોવાનો સ્વીકાર કરતાં નથી. એનું કારણ એ છે કે તેમને તેમનું આ નાસિકા-સંગીત સંભળાતું જ નથી. આવાં લોકોને ટેપ કરીને સંભળાવવું જોઈએ, કે તેઓ નાસિકા-સંગીતના કેટલા મોટા ઉસ્તાદ છે!

નાક ગૌરવ અને અપમાનનું પ્રતીક છે. 'નાક રાખવું', 'નાક

કાપવું' એ તેના સૂચિતાર્થ છે. સંતાન સારુ કામ કરે કે સિદ્ધિ મેળવે તો કહેશે કે 'તેણે બાપનું નાક રાખ્યું' અને ખોટું કામ કરે તો કહેશે,'તેણે બાપનું નાક કાપ્યું'. નાક દિશાસૂચક પણ છે. રસ્તે અટવાઈ જઈએ અને કોઈને આપણે રસ્તા વિશે પૂછીએ તો જવાબ આપશે, 'નાકની દાંડીએ સીધેસીધા જ જજો, એટલે તમારે જ્યાં જવું છે ત્યાં પહોંચી જવાશે.' નાક ધ્રુવના તારાની જેમ અવિચળ છે અને અવિચળતાને લીધે જ માર્ગ શોધવામાં તે મદદરૂપ નીવડે છે.

નાકનો ધર્મ સૂંઘવાનો છે તેથી તેને ઘ્રાણેન્દ્રિય એવું નામ પણ આપ્યું છે. રસોડામાં રસોઈ કરતી ગૃહિણી માટે નાક ઘણું જ ઉપયોગી થઈ પડે છે. ગૅસ પર મૂકેલી રસોઈ દાઝી જતી હોય તો નાકને તરત જ એની જાણ થઈ જાય છે અને ગૃહિણી ચેતી જાય છે તેથી રસોઈ વધુ દાઝતી બચાવી લેવાય છે. આ રીતે નાક ગૃહિણીનું 'નાક રાખે છે.' રસોઈ જો વધુ પડતી દાઝી જાય તો ગૃહિણીને ઘરનાં બધાં જ સભ્યોનો ગુસ્સો વેઠવો પડે. પરંતુ નાક ગૃહિણીને બચાવી લે છે. નાકની આ અગત્યની સેવાને લીધે જ ભારતીય સ્ત્રીઓ નથણી પહેરીને તેને સજાવે છે. રસોડામાં ગૃહિણીના નાકે ઘણું કાર્યરત રહેવું પડે છે. દાળ-શાકના વઘાર વખતે તો નાક પર અત્યાચાર જ થતો હોય છે. ફૂલ અને અત્તરની સુગંધથી નાક આનંદમાં રહે છે. પરંતુ ચપટી ભરી ભરીને છીંકણી સૂંઘતાં લોકોનાં નાકની દયા આવે છે. છીંકણી ભરેલો ચપટો નાકનાં નસકોરાંમાં ઘુસાડીને છીંકણી સૂંઘવામાં આવે છે. નાકની અનિચ્છા હોવા છતાં તેની પર આવો જોર-જુલ્મ કરવામાં આવે છે.

ખાવા-પીવાની ચીજવસ્તુઓ જો બગડી ગયેલી હોય તો નાક તરત જ તેના ચાડી ખાય છે. એક દિવસે મારા પેટમાં ગરબડ ઊભી થઈ. પેટે મગજને ફરિયાદ કરી:

'મારી તબિયત બગડી છે'. 'કેમ બગડી?' મગજે પૂછ્યું.

'મેં વાસી ખોરાક ખાધો એટલે.' પેટે જવાબ આપ્યો.

'પણ, તેં વાસી ખોરાક શા માટે ખાધો?'

'તે ખોરાક સૂંઘવાનું કામ નાકનું હતું, મારું ન હતું. જો નાકે ખોરાક સૂંઘ્યો હોત તો મારી આ દશા ન હોત.'

મગજ મહાશયે નાકની ઊલટતપાસ કરી,'કેમ તેં ખોરાક સૂંઘ્યો ન હતો ? તારી ભૂલને કારણે પેટને સહન કરવું પડે છે.'

'સાહેબ, શું કહું?' ખોરાક તો મેં બરાબર સૂંઘી જોયો હતો. પણ પેટને એટલી બધી ભૂખ લાગી હતી કે ખોરાક વાસી હોવાનો મેં સંકેત આપ્યો તો પણ તે માન્યું નહિ અને ખોરાક ખાધો. બોલો સાહેબ, આમાં મારો શો વાંક?' નાકે જોરદાર દલીલ કરી. મગજે નાકની દલીલ બરાબર છે એમ જાહેર કર્યું ત્યારે મને આનંદ થયો.

કોઈ ગુનેગાર ગુનો કરીને દોડી જતો હોય ત્યારે પોલીસ કે કોઈ નાગરિક તેને તેનો હાથ, માથાના વાળ, ગરદન કે કપડાં પકડીને ઝડપી લે છે; પરંતુ તમે ક્યારેય એવું સાંભળ્યું છે કે ગુનેગારને તેનું નાક પકડીને પોલીસે ઝડપી લીધો હોય? અને જો નાક પકડાય તો પણ ગુનેગાર તેનું માથું ઝાટકાથી પાછળ લઈ જાય તો નાક તેના પિરામીડ આકારને કારણે પકડમાંથી છટકી જ જવાનું . નાકની આટલી બધી સેવાને કારણે જ તેને શરીરમાં સૌથી આગળ ઉપસાવેલું રાખીને તેનું કુદરતે બહુમાન કર્યું છે. ❑

અનુકૃતિ

વીતરાગ કરુણાથી પર હોય છે

મૂ.લે. સંત અમિતાભ, અનુ. રમેશ શાહ

એક પથિક મહાવીરથી બહુ પ્રભાવિત હતો. કહેવા લાગ્યો: 'આપની આંખોથી જ નહીં, શરીરના અણુ-અણુમાંથી કરુણા વરસી રહી છે. આપ કરુણા-સાગર છો. આપના જેવા કરુણાશીલ કોઈક જ વિરલા હોય.'

મહાવીર હસીને સૌમ્ય સ્વરે બોલ્યા:'તું એમ ઇચ્છે છે કે હું ફરીથી સાધના આદરું ? મેં વર્ષો સુધી સાધના કરી. જંગલોમાં એકલો વિચર્યો. ભૂખ-તરસ-ઠંડી-ગરમી- આ બધાની ઉપેક્ષા કરી કૃતકૃત્ય બન્યો. હજુ પણ મારામાં કરુણા રહી ગઈ છે એ તો મહા-આશ્ચર્ય થયું!'

પથિક આ સાંભળી ચોંકી ઊઠ્યો. એણે વિચાર્યું, 'મેં કાંઈ ભૂલ કરી ? કરી જ હશે. અન્યથા આ મહાસંતના આવા ઉદ્ગાર શા માટે ?'

બોલ્યો: 'ભંતે! મારી કોઈ ભૂલ થઈ હોય તો ક્ષમા કરો! હું એ જાણવા ઉત્સુક છું કે શું કરુણા એ બૂરી ચીજ છે? કરુણાશીલ હોવું એ અભિશાપ છે? ફરી સાધના કરવા જવાનો પ્રશ્ન કેવી રીતે ઊઠ્યો?'

મહાવીર:'કરુણા ભલી છે કે બૂરી એ પ્રશ્ન નથી. મૂલતઃ કરુણા, મનનો એક ભાવ છે. નિમિત્ત વિશેષથી કરુણા જન્મે છે. કરુણા એ આત્માનો સ્વભાવ નથી. વીતરાગ તો મનના બધા ભાવથી મુક્ત હોય છે. એને કોઈ નિમિત્ત પ્રભાવિત કરતું નથી. એનામાં કરુણા નહીં સહજતા હોય છે.'

પથિક:' તો આપ પ્રવચન શા માટે કરો છો ? જગત દુઃખી છે. એથી આપ દ્રવિત થાઆ છો. પ્રવચનનો હેતુ દુઃખ-નિવારણ છે.

મહાવીર:'હું પ્રવચન કરતો નથી, એ સાહજિક છે. હું તો કર્તૃભાવથી મુક્ત છું. જગત દુઃખી છે. એથી હું પ્રભાવિત થતો નથી. એનું દુઃખ નિવારણ કોઈથી પણ શક્ય નથી.'

પથિક:' લોકો તો એમ કહે છે-આપનું પ્રવચન કરુણા-પ્રેરિત હોય છે.'

મહાવીર:'એ એક શિષ્ટાચાર છે. સ્તવના છે. તથ્ય નથી. જ્યાં કરુણા છે ત્યાં વીતરાગતા નથી. જ્યાં વીતરાગતા છે ત્યાં કરુણા નથી. એ તથ્ય છે.' ❑

અંગ્રેજી સાહિત્યનું આચમન

— ડૉ. મધુસૂદન પારેખ —

મેથ્યૂ આર્નલ્ડ કવિ (ચાલુ)

આર્નલ્ડ કાવ્યપ્રવૃત્તિનો સમયગાળો એના ઑક્સફર્ડમાં વિતાવેલા દિવસોનો અને યૌવનકાળનો હતો. એ પછી તો તે ઈંગ્લંડની સંસ્કૃતિના ઔદ્યોગિકીકરણના અને સાહિત્ય વિવેચનના પ્રશ્નોમાં ખૂંપી ગયો. અલબત્ત, એ દરમ્યાન પણ અવકાશે એની કાવ્યરચનાઓ પ્રકટ થયાં કરતી હતી.



આર્નલ્ડની આરંભની કારકિર્દીની કવિતા એના એક ભગ્ન પ્રેમપ્રકરણમાંથી ઉદ્‌ભવી હતી. એ પ્રેમિકા તે માર્ગરીટ. ભૂરી આંખોવાળી ફ્રાન્સની એ સુંદરી સાથે એની મુલાકાત સ્વિટ્ઝર્લેન્ડના કોઈ ગામમાં થઈ હતી. પ્રથમ પ્રેમમાંથી સ્ફુરેલી કવિતા અરસિક કે બિનમહત્ત્વની ન જ હોય. માર્ગરીટ વિશે રચાયેલાં કાવ્યોમાં પણ આર્નલ્ડને પોતાના ચિત્તમાં વ્યાપી વળેલા પ્રશ્નો અને તે અંગેની મૂંઝવણ ઉદાસી વ્યક્ત કરવી છે.

માર્ગરીટથી વિખૂટા પડ્યા પછી જાણે આર્નલ્ડ રોમાન્સની આખી દુનિયાને છોડીને નવે પંથે વળ્યો જણાય છે. આર્નલ્ડમાં ઉદાસીનો, વિષાદનો ભાવ કાવ્યોમાં સતત ડોકાયા કરે છે. આરંભનાં માર્ગરીટ વિશેનાં કાવ્યોમાં પણ ગાઢ વસતીમાં માણસો એકાકી જીવન અજાણ્યા ટાપુમાં જીવી રહ્યાનો વિષાદ છેઃ-

'Yes! in the sea of life enisled,
With echoing straits between us thrown,
Dotting the shoreless watery wild,
We mortal millions live alone
The islands feel the inclasping flow,
And then their endless bounds they know.

કાવ્યના વસ્તુ વિશે આર્નલ્ડનો ખયાલ એવો હતો કે બધા જ દેશોમાં સર્વકાળમાં કાવ્યમાં કાર્ય-ઘટના-માનવકાર્ય જે શાશ્વત રસનું દ્યોતક હોય અને કવિની ઉચ્ચ કલ્પના દ્વારા તે રસિક શૈલીમાં પ્રસ્તુત થયું હોય- એનું જ મહત્ત્વ છે, **'the eternal objects of poetry, among all nations and at all times are actions, human actions; possessing an inherent interest in themselves, and which are to be communicated in an interesting manner by the art of the poet.'**

ઉપર્યુક્ત ખયાલને અનુસરીને આર્નલ્ડે મહાકાવ્યને લક્ષ્યમાં રાખીને સોરાબ અને રુસ્તમનું કાવ્ય ગ્રીસની પ્રશિષ્ટ કૃતિની અસર નીચે આરંભ્યું. ગ્રીસની કૃતિઓનો એના પર ભારે પ્રભાવ હતોઃ સોરાબ અને રુસ્તમ વચ્ચેની લડાઈની કથા પર્સિયન કવિ ફિરદોસીના ગ્રંથ 'શાહનામા'માં છે. રુસ્તમ કુસ્તીમાં ચૅમ્પિયન છે અને એના જ અનૌરસ પુત્ર-જેને એ ઓળખતો નથી. સોરાબ સાથે તેને લડાઈ કરવાની થાય છે.

આર્નલ્ડે ઉપર્યુક્ત કથાવિષય કાવ્ય માટે પસંદ કર્યો, પણ કાવ્ય વિશેના એના ખયાલનો અહીં સુમેળ જણાતો નથી. અલબત્ત, સોરાબ અને રુસ્તમ વચ્ચેના સંવાદો અસરકારક છે અને મહાકાવ્યમાંની ઉપમાઓનું સ્મરણ કરાવે તેવી દીર્ઘ ઉપમાઓની પણ આ દીર્ઘકાવ્યમાં કમી નથી. એક દૃષ્ટાન્ત જોઈએઃ-

સોરાબ, રુસ્તમને મેદાનમાં એક ભવ્ય ટાવરની જેમ પગ ખોડીને ઊભેલો જુએ છે અને એનો પ્રબળ નાદ સાંભળે છે.:

Sorab heard his voice,
The mighty voice of Rustum, and he saw
His giant figure planted on the sand,
Sole, like some single tower, which a chief
Hath builded on the waste in former years
Against the robbers; and he saw that head,
Streak'd with its first gray hairs.

આર્નલ્ડની કથનાત્મક કાવ્યો રચવાની શક્તિ નથી. એની શક્તિ ઊર્મિકાવ્યોના ખાસ કરીને કરુણપ્રશસ્તિના કવિ તરીકે તેની સફળતા છે. 'સોરાબ ઍન્ડ રુસ્તમ' કાવ્યમાં પણ છેવટે વિષાદમય વર્ણનથી કાવ્યનો અંત આણે છે.

આર્નલ્ડ કવિ તરીકે શાંત, ઠરેલ છે, એનામાં ઊર્મિના ઉછાળા, જે રોમૅન્ટિક કવિઓનાં કાવ્યોમાં હતા તે નથી. રોમૅન્ટિસિઝમ એનામાં છે ખરું, પણ એની બૌદ્ધિકતાએ એ ઝરણને ઊછળવા દીધું નથી. એ રીતે એની શક્તિ સુંદર પ્રાકૃતિક દૃશ્યોના વર્ણનમાં અને વિષાદ કે નિરાશાનો સમુચિત ટોન પ્રકટ કરવામાં છે. એનું 'ડોવરબીચ' કાવ્ય જોઈએ કે 'સ્કૉલર જિપ્સી' કાવ્ય તપાસીએ. એમાં એના યુગનાં યંત્રવાદ, ભૌતિકવાદનાં અપલક્ષણો, નૈતિક વલણોની ઉપેક્ષા, ધર્મ-વિમુખતા વગેરે હતાં. તેનાથી તે ત્રસ્ત છે, નિરાશ છે. એટલે જ એ સ્કૉલર જિપ્સીને આધુનિક યુગનાં પ્રબળ અનિષ્ટોથી બચીને દૂર એકાંતમાં નિવસવા સૂચવે છે. એક રીતે એ કાવ્યમાં આર્નલ્ડે પોતાની જ કેફિયત રજૂ કરી જણાય છે. એ કાવ્યમાંથી આર્નલ્ડના વલણની સૂચક કેટલીક પંક્તિઓ અહીં ઉતારીએ :

'I born in days when wits were fresh and clear,

And life ran gaily as the sparkling Thames;
Before the strange disease if morden life,
With its sick hurry, its divided aims,
Its heads o'ertax'd its palsied hearts, was rife-
Fly hence, our contact fear!
Still fly, plunge deeper in the bowering wood!
Averse, as Dido with gesture stern
From her false friend's approach in Hades turn,
Wave us away, and keep thy solitude.

આર્નલ્ડની કવિતામાં એના યુગનું ઊંડું ગહન નિરૂપણ છે. વિક્ટોરિયન યુગના એક સંવેદનશીલ બૌદ્ધિક કવિએ, એના યુગમાં નૈતિકતાની જે ભારે ઊણપ વરતાતી હતી, જીવનનો અર્થ જ બદલાઈ ગયો હતો તેના વિશે પૂરી સચ્ચાઈથી પોતાનું વિષાદગ્રસ્ત ચિંતન રજૂ કર્યું છે. ઓગણીસમી સદીમાં ગ્રીસ સાહિત્ય પ્રત્યેના આકર્ષણ, લોકકથાઓ, ગ્રામજીવનનાં દશ્યો-ચિત્રો, એકાંતમય જીવનમાં ચિંતન-એ સર્વ આર્નલ્ડની કવિતામાં વિશેષરૂપે જોવા મળે છે. અલબત્ત, બીજા વિક્ટોરિયન કવિઓમાં પણ એ લક્ષણો છે. આર્નલ્ડની કવિતામાં વારંવાર elegic description રૂપે એ પ્રકટ થાય છે. પણ એના અવાજમાં સચ્ચાઈનો રણકો છે, નમ્રતા છે, બાયરનમાં કે એવા અન્ય કવિઓમાં જોવા મળે તેવો આક્રોશ નથી. આર્નલ્ડની કવિતામાં ટેમ્સ નદી, રાત્રિ અને ચંદ્ર એનાં પ્રાકૃતિક દશ્યોનાં વર્ણનમાં અથવા અન્ય સંદર્ભમાં વારંવાર પ્રયોજાય છે. 'ધ સ્ટ્રેડ રેવલર'માં નાના કાવ્યમાં પણ રાત્રિનું સુંદર ચિત્ર તે આપ્યા વિના રહી શક્યો નથી:

'Ah cool night-wind tremulous stars!
Ah glimmering water
Fitful earth-murmur
Dreaming woods.'

'અ સમર નાઈટ', 'સોરાબ ઍન્ડ રુસ્તમ' વગેરે અનેક કાવ્યોમાં રાત્રિ અને ચંદ્ર વિશેની સુંદર ચિત્રાત્મક પંક્તિઓ મળતી જ રહે છે. પણ રાત્રિના દશ્યનું એક ઉત્તમ પ્રતીકાત્મક વર્ણન 'ડોવરબીચ'માં મળે છે. એમાં અંતે એનો કાયમી વિષાદ પણ ડોકાયા વિના રહ્યો નથી:

'The sea is calm to - night
The tide is full, the moon lies fair
Upon the straits- on the French coast the light
Gleams and is gone, the cliffs of England stand,
Glimmering and vast, out in the tranquil bay.
Come to the window, sweet is the night air!
Only from the long line of spray
Where the sea meets the moon-blanched land,
Listen, you hear the grating roar
Of pebbles which the waves draw back, and fling
At their return, up the high strand,
Begin and cease, and then again begin,
With tremulous cadence slow, and bring
The eternal note or Sadness in.


ચાંદની આર્નલ્ડ માટે ગુલાબ કે રંગરાગનું પ્રતીક નથી. ચાંદની સાથે સંયોજિત છે ઉદાસી અને ચિંતન - કેટલીક વાર નિરાશા.'ડોવરબીચ'માં, આર્નલ્ડ વિક્ટોરિયન યુગમાં જે શ્રદ્ધાનો જે હ્રાસ થયો તેને યાદગાર શબ્દોમાં અભિવ્યકત કરી શક્યો છે. જાહેર નીતિમત્તા અદશ્ય થઈ ગઈ છે, અને લાગણી સંકુચિત બની ગઈ છે. નાનકડા સમાજમાં જ મનુષ્યહૃદય સીમિત છે:

'Ah love, let us be true
To one another, for the world which seems
To lie before us like a land of dreams,
So various, so beautiful, so new,
Hath really neither joy, nor love, nor light,
Nor certitude, nor peace, nor help for pain;
And we are here as on a darkling plain
Swept with confused alarms of struggle and flight
Where ignorant armies clash by night.

આર્નલ્ડની બે અન્ય કવિતા 'સ્કૉલર જિપ્સી' અને 'થર્સિસ' પણ પ્રસિદ્ધ પામી ચૂકી છે. 'થર્સિસ' આર્નલ્ડના નિકટના મિત્ર ક્લૂના અવસાન નિમિત્તે લખાયેલી કરુણપ્રશસ્તિ રૂપની કવિતા છે. વસ્તુ તથા પ્રાકૃતિક દશ્ય વગેરે અનેક બાબતોમાં બે કાવ્યોની ખાસ્સી સમાનતા છે. આ સિવાય'રગ્બી ચૅપલ', 'ફર્સેકન મેર્મેન' વગેરે પણ આર્નલ્ડની નોંધપાત્ર રચનાઓ છે.

આર્નલ્ડની કવિતામાં ત્રણ બાબત ખાસ ધ્યાનપાત્ર છે: એની સૌમ્યતા,ચિંતનગ્રસ્તતા અને સ્વસ્થતા. આર્નલ્ડે એના યુગનું સઘન નિરૂપણ કરીને એ યુગની વિકૃતિ પર કાવ્યો દ્વારા સરસ પ્રકાશ પાડ્યો અને એના વિશે ગહન ચિંતન પણ પ્રકટ કર્યું. તેમ છતાં અંગ્રેજી સાહિત્યમાં આર્નલ્ડ સમર્થ સર્જક તરીકે સ્થાનનો અધિકારી નથી. કાવ્ય માટેની ઊર્મિની પ્રબળ ઉષ્મા તેનામાં નથી. તેમ છતાં તત્ત્વચિંતનાત્મક કવિતાને લક્ષમાં લઈએ તો આર્નલ્ડ તેમાં મહત્ત્વ પ્રાપ્ત કરનાર કવિ છે. (ક્રમશઃ)

એન ફ્રેન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

મંગળવાર, ૧૧મી માર્ચ, ૧૯૪૪

પ્રિયતમ કિટી,

આજે જમવામાં શું છે એ જાણીને તને કદાચ હસવું આવશે (અમને નથી આવતું). સફાઈવાળી બાઈ નીચે કામ કરવા આવી છે એટલે અત્યારે મારી બેઠક વૅનડાન લોકોના એક તેલિયું કપડું પાથરેલા ટેબલ ઉપર છે. અને યુદ્ધપૂર્વેનો અત્તર છાંટેલો રૂમાલ મેં નાકે ધર્યો છે. હું શું કહી રહી છું, એનો તને જરાય અંદાજ નહિ આવે એટલે હું ‘શરૂઆતથી જ શરૂઆત’ કરું. જે લોકો અમને ખાધા-ખોરાકીની કુપન આપતાં હતાં એ બધાં જ પકડાઈ ગયાં છે. એટલે હવે અમારી પાસે ફક્ત કાળા બજારનાં પાંચ રેશન કાર્ડ જ બાકી રહ્યાં છે. એ સિવાય નથી તેલ, માખણ કે વનસ્પતિ. મીપ અને શ્રી ક્લાઈમન ફરી પાછાં માંદાં પડી ગયાં છે, એટલે બેપને ખરીદી કરવા જવાનો વખત મળતો નથી. આવતી કાલ માટે અમારી પાસે તેલ, માખણ કે વનસ્પતિ કાંઈ જ નથી. એટલે બ્રેકફાસ્ટમાં તળેલા બટાકા મળશે નહિ. (બ્રેડ બચાવવા આ બ્રેકફાસ્ટ હતો.) હવે સાદી રાબ ખાશું. કારણ કે શ્રીમતી વૅનડાનના મતે અમે અહીં ભૂખે મરીએ છીએ. થોડું દૂધ અને મલાઈ ખરીદવામાં આવી છે. આજે બપોરે જમવામાં બાફેલા બટાકાનો છૂંદો અને આથેલી કેઈલ(એક પ્રકારની માછલી) છે. હવે તને આ રૂમાલનું કારણ સમજાયું હશે. તને કલ્પના પણ નહિ આવે કે એકબે વરસ જૂની કેઈલ કેવી ગંધાય! રસોડું તો સડેલાં પ્લમ, સડેલાં ઈંડાં અને બ્રાઈનની મિશ્ર વાસથી ગંધાય છે. ઉફ્, આ જમવાનું છે એ વિચારે જ મને ઉબકા આવે છે. ઉપરાંત અમારા બટાકાને એક વિશિષ્ટ પ્રકારનો રોગ લાગ્યો છે.બે ટોપલી બટાકામાંથી એક તો કચરા ભેગી થાય છે અમે અમારા મનોરંજન ખાતર એને ક્યો રોગ થયો છે એ વિશે ઘણો વિચાર કરી નિષ્કર્ષ પર આવ્યાં છીએ કે બટાકાને કૅન્સર, શીતળા અને અછબડા થયા છે. ખરેખર, આમ સંતાઈને રહેતાં ચોથા વર્ષે એમાંનો ઉજાણીનો આનંદ બાકી રહેતો નથી. હવે ક્યારે આ ગંધાતા સમયનો અંત આવશે ?

સાચું પૂછો તો અહીંના જીવનમાં બીજી કોઈ રીતે આનંદ આવતો હોત તો ખાવા-પીવાની પરવા કરી ન હોત. પણ ત્યાં જ વાંધો છેઃ અહીંની કંટાળા ભરેલી જિંદગીએ અમને બધાંને અતડાં બનાવી દીધા છે. આ બાબતમાં અહીંની પાંચ પુખ્તવયની વ્યક્તિઓના અભિપ્રાય આવા છેઃ(બાળકોને તો અહીં અભિપ્રાય રાખવાનોય અધિકાર નથી અને એટલ આ વખત તો એ નિયમને વળગી રહેવાનું મેં નકકી કર્યું છે.)

શ્રીમતી વૅનડાનઃ મારું ‘રસોઈકળા પારંગત’નું બિરુદ નકારીને હવે ઘણો વખત થયો, પણ કાંઈ જ કર્યા વિના બેસી રહેવાનો એટલો તો કંટાળો આવ્યો કે ફરી રાંધવા લાગી ગઈ. હજી પણ ફરિયાદો તો છે જઃ તેલ વિના રસોઈ કરવી અશક્યપ્રાય છે. અને આ જાતજાતની બદબૂથી હું બેહાલ થઈ ગઈ છું, ઉપરથી આ બધી મહેનતના બદલામાં શું મળે છે? આભાર તો બાજુએ રહ્યો, અપમાનાસ્પદ ટીકાઓ. હું જ એક વાંક ભરેલી... દરેક વાતે વાંક તો મારો જ. વધુમાં, મારા મતે યુદ્ધમાં કાંઈ ફેર પડ્યો નથી. જર્મનો જીતી જવાના અને મને ડર છે કે આપણે ભૂખે મરવાનાં એટલે ખરાબ મૂડમાં જે આવે એને સપાટામાં લઈ લઉં છું.

શ્રી વૅનડાનઃ હું તો બસ સિગારેટ જ ફૂંક્યા કરું છું. પછી ખાવા-પીવાની વસ્તુઓ કે રાજકીય પરિસ્થિતિ કે કેર્લીનો મિજાજ મને સતાવતાં નથી. કેર્લી તો મીઠડી છે. પણ જો મને સિગારેટ ન મળે તો મને જરાય ગમતું નથી. પછી મને માંસાહારનું મન થાય, જીવન અસહ્ય બની જાય અને કશાથી ચેન પડે નહિ. પછી ઝઘડો થયા વિના રહે નહિ અને મારી કેર્લી મને મૂરખ લાગે છે.

શ્રીમતી ફ્રૅંકઃ ખાવા-પીવાની બાબતને બહુ મહત્ત્વ ન આપવું જોઈએ. પણ આ ક્ષણે મને રાય બ્રેડ ખાવી ગમશે કારણ કે મને કકડીને ભૂખ લાગી છે. હું જો શ્રીમતી વૅનડાનની જગ્યાએ હોત તો શ્રી વૅનડાનની સિગારેટ પીવાની ટેવ ક્યારની છોડાવી દીધી હોત. પણ હાલ તો મને જ સિગારેટની તલપ લાગી છે. કારણ કે મારું માથુ ચકરાવે ચડ્યું છે. વૅનડાન લોકો વિચિત્ર છે. અંગ્રેજો ભૂલ કરતા હશે પણ યુદ્ધ પ્રગતિ કરી રહ્યું છે. મારે વધુ કશું જ ન બોલતાં આભાર માનવો જોઈએ કે હું પોલેન્ડમાં નથી.

શ્રી ફ્રૅંકઃ બધું જ સારું છે. મને કશાની જરૂર નથી. શાંત

રહો. મારી પાસે ઘણો બધો વખત છે. મને બસ ખાવા માટે કાંક આપો, હું શાંતિથી પડ્યો રહીશ. થોડુંક રેશન બેપ માટે પણ બચાવવું જોઈએ. રાજકીય પરિસ્થિતિ સુધરી રહી છે. મેં આશા છોડી નથી.

શ્રી ડસેલઃ શરૂ કરેલું કામ પૂરું કરવું જ રહ્યું. વખતસર પૂરું થવું જોઇએ. રાજકીય પરિસ્થિતિ ગૂંચવાયેલી છે પણ આપણે પકડાઈ જઈએ એ શક્ય નથી....હું....હું....હું....!

લિ. ઍન

ગુરુવાર, ૧૬મી માર્ચ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

હાશ, થોડી ક્ષણો માટે તો આ નિરાશાવાદી જગતમાંથી છુટકારો મળ્યો! આજે આખો દિવસ મેં કેવળ એક જ વાત સાંભળી છેઃ જો આમ થાશે તો આપણે મુશ્કેલીમાં મુકાઈ જઈશું અને જો ફલાણી વ્યક્તિ માંદી પડી ગઈ તો થયું આપણે આપણી જ મદદ કરવી પડશે. અને જો....

ખેર, બાકીની વાત તો તું સમજી ગઈ હોઈશ અને મારા ધારવા પ્રમાણે તું અમારા ગુપ્તનિવાસથી એટલી તો સુપરિચિત છો કે હું કોના વિશે બોલી રહી છું એ તો તને સમજાઈ જ ગયું હશે.

આ 'જો અને તો'ની પાછળ કારણભૂત છે, શ્રી કુગ્લર જેને છ દિવસ માટે કામ માટે બોલાવ્યા છે, બેપને ખૂબ શરદી થઈ ગઈ છે અને શક્ય છે કે આવતી કાલે એ ઑફિસ આવી નહિ શકે. મીપનો ફ્લૂ હજી મટ્યો નથી. અને શ્રી ક્લાઈમનને પેટમાં એટલો બધો રક્તસ્ત્રાવ થયો કે તેઓ બેભાન થઈ ગયા. શું હાલત છે અમારી!

અમને લાગે છે કે કુગ્લરસાહેબે સીધા જવું જોઈએ કોઈ વિશ્વસનીય ડૉક્ટર પાસે અને માંદગીનું સર્ટિફિકેટ લઈને હિલ્વર્સમમાં ટાઉનહૉલમાં આપી દેવું જોઈએ. આવતી કાલે વખારના લોકોને રજા આપી છે એટલે કાલે આખો દિવસ ઑફિસમાં બેપ એકલી હશે. જો (હજી એક જો...તો છે.) બેપને ઘેર રહેવાનો વારો આવ્યો તો દરવાજો બંધ રહેશે અને અમારે ચૂપકીદીથી રહેવું પડશે. જેથી કેગ અને કંપનીના લોકો અમારો અવાજ ન સાંભળી જાય. બપોરે એક વાગ્યે અમે કમનસીબ જીવોની ખબર કાઢવા અડધા કલાક માટે જૅન આવશે. પ્રાણી સંગ્રહાલયનો રખેવાળ જાણે!

આજે બપોરે અનેક દિવસો પછી જૅને અમને બહારની દુનિયાના સમાચાર આપ્યા. અમે એને કેવાં વીંટળાઈ વળ્યાં એ તારે જોવાની જરૂર હતી. દાદીમાની વાર્તા સાંભળવા છોકરાંછૈયાં વીંટળાઈ વળે એવું જ દશ્ય હતું.

એમની પર કૃતકૃત્ય થયેલા શ્રોતાઓનું એમણે આનંદસભર વાતોથી મનોરંજન કર્યું. અને વાત પણ બીજી શેની હોય - ખાવાપીવાની, મીપની એક બહેનપણી નામે શ્રીમતી પી. એમને જમવાનું ટિફિન પહોંચાડે છે. જમવામાં વટાણા ગાજરનું શાક હતું. ટાઢું વધેલું શાક હતું. આજે એ મેરોફૅટ વટાણા બનાવવાનાં છે અને આવતી કાલે ગાજર બટાકાને છૂંદી રાંધવાનાં છે.

અમે મીપના ડૉક્ટર વિશે પૂછપરછ કરી.

'ડૉક્ટર?' જૅન બોલ્યા, 'ક્યો ડૉક્ટર?' આજે સવારે ફોન કર્યો તો એમની રિસેપ્શનિસ્ટે ઉપાડ્યો. મેં ફ્લુની વાત કરી એટલે જવાબ મળ્યો કે સવારે આઠ અને નવની વચ્ચે આવીને દવા લઈ જાજો. અને જો તમને ખરેખર ખરાબ ફ્લુ થયો હોય તો વળી ડૉક્ટરને ફોન પર બોલાવે. પછી ડૉક્ટર ફોન પર જ કહે કે 'જીભ કાઢીને આ...કરો. હં... મને સંભળાય છે તમારું તો ગળું પકડાઈ ગયું છે. હું દવા લખી આપીશ તે દુકાનેથી લઈ આવજો.' બસ એટલું જ, કામ બહુ સહેલું છે. ફોન ઉપર જ તપાસ પણ એમાં ડૉક્ટરોનો ક્યાં વાંક કાઢવો. આજકાલ દર્દીઓ ઘણાં છે અને એના પ્રમાણમાં ડૉક્ટર ઓછા છે.'

છતાંય જૅનના આ ફોનકૉલ પર અમે ખૂબ હસ્યાં, ડૉક્ટરનો વેટિંગ રૂમ કેવો દેખાતો હશે એ હું જોઈ શકતી હતી. હવે ગરીબ દર્દીઓ કરતાં નાનીસૂની બીમારીવાળાં દર્દી ઉપર જ મોં બગાડતા હશે, 'એ ભાઈ અહીં શું કરો છો? લાઇનમાં છેલ્લે જતા રહો, ખરી માંદગીવાળાને પહેલાં આવવા દો.'

લિ. ઍન

ગુરુવાર, ૧૬મી માર્ચ ૧૯૪૪

પ્રિયતમ કિટી,

આબોહવા ખૂશનુમા છે, અવર્ણનીય છે. અને થોડી જ વારમાં હું ઉપર જવાની છું

હવે મને સમજાયું કે પીટરની સરખામણીમાં હું એટલી અસ્વસ્થ કેમ છું. એનો તો પોતાનો રૂમ છે. જ્યાં એ કામ કરી શકે, સ્વપ્નો જોઈ શકે, વિચાર કરી શકે અને સૂઈ શકે. જ્યારે મને એકલા રહેવાનું મન તો ઘણું છે પણ મને તો બધા આ ખૂણેથી પેલા ખૂણે ધકેલ્યા જ કરે છે. મારા રૂમમાં હું ક્યારેય એકલી હોતી નથી. હું અને ડસેલ એક જ રૂમમાં રહીએ છીએ. મને ઉપર જવાનું ગમે છે એનું આ બીજું કારણ છે. હું ઉપર જાઉં કે તારી સાથે હોઉં ત્યારે જ હું ઍન હોઉં છું, ભલે થોડા જ સમય માટે પણ હું ઍન હોઉં છું. પણ મારે મારાં રોદણાં રડવા બેસવું નથી. ઊલટું, મારે પરિસ્થિતિનો હિંમતથી સામનો કરવો છે. સારું છે કે મારા અંતરને કોઈ પિછાણી શકતું નથી. એટલું જ જોઈ શકતાં હશે કે દિવસે ને દિવસે મારું વર્તન ઠંડું

(અનુસંધાન પૃ. ૪૦૮ પર)

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

બે વાત - એક સાહિત્યની, એક વિજ્ઞાનની

તા. ૨૪-૩-૯૯. આ વર્ષે કવિ કલાપીની સવાસોમી જન્મતિથિ છે. કલાપી (મૂળ નામ સૂરસિંહ તખ્તસિંહ ગોહિલ)નો જન્મ ૨૬ જાન્યુઆરી ૧૮૭૪માં થયો હતો અને ૧૦મી જૂન ૧૯૦૦માં તેમનું અવસાન થયું. આમ, આવરદા માત્ર ૨૬ વર્ષ. તેટલા કાળમાં તો તે મહાન કવિ બની ગયો. ૧૯૭૪માં કલાપીની શતાબ્દી પ્રસંગે ઉમાશંકર જોશીએ સંપાદિત કરેલી પુસ્તિકા 'કલાપીનાં કાવ્યો' વાંચી જવા જેવી છે. કલાપીની બહેન બાબાં વિધવા થઈ ત્યારે લખેલું:

વ્હાલી બાબાં સહન કરવું એય છે એક લ્હાણું.
મ્હાણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાણું.
મૃત્યુ થાતાં રટન કરવું ઈષ્ટનું એય લ્હાણું.
આશા રાખી મરણ પછીને જીવવું એય લ્હાણું.

આગળ લખે છે:

છે વૈધવ્યે વધુ વિમળતા, બ્હેન સૌભાગ્યથી કંઈ
છે ભક્તિમાં વધુ વિમળતા, બ્હેન શૃંગારથી કંઈ
બાબાં તારાં મૃદુ હૃદયને, ઓપ વૈધવ્ય આપી
ઊંચે ઊંચે તુજ દિલ જશે, લેઈ ધીમે ઉપાડી.

*

હવે એક વિજ્ઞાનની વાત: પ્રાણીઓ કે પંખીઓમાં પરિસ્થિતિ પર વિચાર કરી પરિણામ તારવવાની થોડીઘણી શક્તિ હોય છે. પણ બીજી વ્યક્તિનું મન કળી જઈ તે પ્રમાણે પોતાનું વર્તન ગોઠવવાની શક્તિ કેટલાં પ્રાણી-પંખીમાં હશે? ઉપલાં વાક્યમાં પરિસ્થિતિ અને વ્યક્તિ શબ્દોનો અર્થભેદ ધ્યાન રાખશો તો જ સમજણમાં સરળતા થશે. પતંગિયાંની કેટલીક જાતોમાં આવી માનસિક સમજણ - બીજી વ્યક્તિનું મન સમજી તે પ્રમાણે વર્તન ગોઠવવાની સમજણ - ખૂબ વિકસેલી છે એવું પૂનાની બે બહેનો બી. સ્મિતા અને જુઈલી ઠાકરે, પ્રયોગ કરીને સાબિત કર્યું છે. આ પતંગિયાં, જમીનની અંદર દર જેવા પોતાના માળામાં જતાં પહેલાં પાસેનાં વૃક્ષની એક નકકી ડાળી પર બેસીને ચારે બાજુ જોઈને પછી જ દરમાં જાય છે. આ બહેનોએ અવલોકન માટે બે સ્થળ અ અને બ નકકી કર્યાં. આ બંને સ્થળોથી ડાળી ઉપર બેસવાની બેઠક તો દેખાય પણ સ્થળ અ ઉપરથી માળો પણ દેખાય, બ ઉપરથી માળો દેખાય નહિ. પતંગિયાં માળામાં પેસે પછી તેનો શિકાર સરળતાથી થાય એટલે પતંગિયાં માળામાં જતાં પહેલાં 'કોઈ શિકારી આસપાસ નથીને' તેની ખાતરી કરી લે. હવે આ બહેન જ્યારે અ સ્થાન પર હોય ત્યારે પતંગિયું માળામાં બહુ જતું ન જોયું કારણ કે અ પરથી માળો પણ દેખાય તે પતંગિયું જાણતું હશે! બહેન બ સ્થાન પર હોય ત્યારે બહેનને તો માળો દેખાતો નથી તેથી તે માળા ઉપર હુમલો કરી શકશે નહિ આવી વિચાર-સમજણથી પતંગિયું વારંવાર માળામાં જતું દેખાયું! આમ અ ઉપર તથા બ ઉપર રહેલી બીજી વ્યક્તિની વિચારધારા પતંગિયું કળી જાય છે!!

બે પુસ્તકપ્રેમી - એક ગુજરાતી, એક મરાઠી

તા.૧૪-૪-૯૯. અમદાવાદમાં દર વર્ષે ડિસેમ્બરમાં પુસ્તકમેળો યોજાતો. ૧૯૯૮ના ડિસેમ્બરમાં ન યોજાયો. તેનું કારણ? આ પુસ્તકમેળાના સમગ્ર આયોજનમાં એક મહાન પુસ્તકપ્રેમી રતિલાલ શાહ કેન્દ્રમાં હતા. તે એકલે હાથે બધું ગોઠવતા. આમ તો 'બુક ફૅર' માટેની મીટિંગો નવજીવન ટ્રસ્ટમાં યોજાતી પણ મીટિંગમાં ૧૦ જણ પણ હાજર ન હોય. અરે, સ્ટૉલ માટે ડ્રૉ થવાનો હોય ત્યારે ય પાંખી હાજરી! સૌ એમ માને કે રતિભાઈને ફોન કરીને જાણી લેશું. દિલ્હીના નૅશનલ બુક ટ્રસ્ટ તરફથી રાષ્ટ્રિય પુસ્તકમેળો ૧૯૯૭ના ડિસેમ્બરમાં અમદાવાદમાં ભરવાનું નકકી થયું. રતિભાઈ તેના આયોજનમાં લાગી પડેલા. છેલ્લી તૈયારીઓ થઈ રહી હતી ત્યાં સમાચાર આવ્યા કે રતિલાલ શાહ ગુજરી ગયા! અલબત્ત નૅશનલ બુક ફૅરના ઉદ્‌ઘાટન વખતે તેમને અંજલિ આપી. પણ મંજરી મેઘાણી લખે છે કે સભામાં રતિભાઈને આપેલી અંજલિ ન થઈ. સાચી અંજલિ તો એ બનત કે ૧૯૯૮માં મેળાની પરંપરા ચાલુ રહી હોત! ૧૯૯૮નો મેળો ન યોજાયો, કારણ કે રતિભાઈ ન હતા! પણ અમદાવાદમાં આટલા બધા લેખકો, સાહિત્યકારો, પુસ્તક-પ્રકાશકો છે. તેમાંથી કોઈનેય એમ થયું નહિ કે આ મેળો યોજાવો જોઈએ?

આવા જ પુસ્તકપ્રેમી, સાથે સાથે મહાન સાહિત્યકાર, જ્ઞાનપીઠ-ઍવૉર્ડ વિજેતા મરાઠી કવિ વિષ્ણુ વામન શિરવાડકર 'કુસુમાગ્રજ'નું ૧૦મી માર્ચે અવસાન થયું. અત્યારે તેમના સાહિત્ય-પ્રેમની વાત નથી વાત કરવી છે તેમના પુસ્તકપ્રેમની. જ્ઞાનપીઠ પુરસ્કારની રકમમાંથી તેણે નાશિકનું સાર્વજનિક વાચનાલય વિકસાવ્યું અને છેલ્લે ગ્રંથપ્રસાર નામે પુસ્તક મેળાની પ્રવૃત્તિ વિકસાવી. પુસ્તક મેળા માટે તેમણે સ્પષ્ટ કહ્યું કે પ્રશ્ન માત્ર પુસ્તકોના ખરીદ-વેચાણનો નથી. પણ સમાજમાં

નવું ચૈતન્ય, વધુ સમજદારી લાવવાનો છે. 'કુસુમાગ્રજ'નું નાશિકમાં અવસાન થયું ત્યારે તેમનાં અંતિમદર્શન માટે જતાં લોકો પાસેથી નાશિકના રિક્ષાવાળાઓ પૈસા લેતા ન હતા. 'પ્રશ્ન માત્ર પુસ્તકોના ખરીદ વેચાણનો નથી, પણ સમાજમાં નવું ચૈતન્ય, વધુ સમજદારી લાવવાનો છે' એ વાતનું કેવું જ્વલંત ઉદાહરણ આ રિક્ષાવાળાઓ આપી રહ્યા હતા!

આપણા અદના સેવક રતિભાઈ ગયા અને મરાઠીના મહાન સાહિત્યકાર 'કુસુમાગ્રજ' પણ ગયા. પુસ્તકમેળા મારફત સમાજમાં નવું ચૈતન્ય લાવવાના તેમના પ્રયત્નો આપણે (રૂપિયા-પૈસાપ્રેમી) ગુજરાતીઓ ચાલુ રાખી શકીએ તેવી આશા.

વિજ્ઞાનશિક્ષણ - શું ભારતમાં કે શું બ્રાઝિલમાં

તા.૧૧-૫-૯૯. ફિઝિક્સમાં પુરસ્કાર વિજેતા ફેઈનમેન એક વાર બ્રાઝિલ ગયો હતો. ત્યાંની શિક્ષણ પ્રણાલી વિષે ફેઈનમૅન (Feynman) કહે છે:' શિક્ષક થવાની તાલીમ લેતાં વિદ્યાર્થીઓનો મારે વર્ગ લેવાનો હતો. વર્ગ લેતાં એક વિચિત્ર પરિસ્થિતિનો મને અનુભવ થયો. હું, વર્ગ લેતાં, કોઈ પણ સવાલ પૂછું તો મને તરત જ જવાબ મળે, પણ તે જ વર્ગમાં બીજી વાર મારો પિરિયડ આવે અને પેલો આગલા દિવસે પૂછેલો સવાલ ફરી પૂછું તો કોઈ જવાબ ન આપી શકે! ઘણી તપાસને અંતે ખબર પડી કે અહીં વર્ગમાં આવતાં પહેલાં વર્ગ જે થવાનું હોય તે વાંચીને વિદ્યાર્થી ગોખી નાખે છે. તેથી તમે સવાલ પૂછો એટલે ગોખેલા હોય તેથી આગલા દિવસના સવાલનો જવાબ ક્યાંથી આપે? વર્ગમાં થતી વાત સમજવા-સમજાવવાનો રિવાજ જ નથી. બસ, શિક્ષક બોલે તે નોટમાં લખી લો અને પરીક્ષા વખતે નોટ ગોખી લો. જે દિવસે ન ગોખ્યું હોય તેવું પૂછો તો મૂંગા મટ...'

ફેઈનમૅનનો આ અનુભવ વિજ્ઞાન શીખવતાં થયો છે એ યાદ કરીએ તો આપણને તરત જ થશે કે બ્રાઝિલ અને ભારત વિજ્ઞાનશિક્ષણમાં સરખાં જ છે. આપણે ત્યાં વિજ્ઞાનશિક્ષણ અને સંસ્કૃતનું શિક્ષણ સરખી રીતે થાય છે. વિજ્ઞાનશિક્ષણમાં પ્રયોગનું સ્થાન 'પાસ થવાના એક જુદા વિષય' જેવું છે. વિજ્ઞાનમાં તો પુસ્તકમાંથી વાંચી, ગોખીને તૈયાર થવાય છે. પ્રયોગ માટે પણ પુસ્તક કે જર્નલમાંથી ગોખવાનું હોય જ છે. અને પરિણામ શું છે તે માટે ફેઈનમેને ભારત આવવાની જરૂર નથી. દેશમાં અનેક નૅશનલ લૅબોરેટરીઝ છે. હજારો વૈજ્ઞાનિકો છે છતાં અમારો ટીડો જોશી એમ કહે કે તા. ૮ અને ૯ મેને દિવસે બધા ગ્રહો એક લાઈનમાં આવે છે એટલે પૃથ્વી પર પ્રલય થશે. પરિણામે ગુજરાતના દરિયાકિનારા પરનાં કારખાનાંમાં કામ કરતા બિહાર, ઉત્તરપ્રદેશ અને ઓરિસ્સાના સવા લાખ જેટલા મજૂરો પ્રલયથી બચવા 'દેશ' ભેગા થઈ ગયા! પ્રલય તો થયો નહિ, કારખાનાં બંધ થયાં અને અમે વૈજ્ઞાનિકોએ દિવાળું કાઢ્યું !!

(ક્રમશઃ)

અનુસંધાન) રોજનીશી (પૃ. ૪૦૬

થતું જાય છે. મમ્મી તરફ મારો વિરોધ વધી રહ્યો છે, પપ્પાથી દૂર થતી જાઉં છું, માર્ગટને મારી કોઈ વાત કહેવાનું મન થતું નથી. મેં મારા અંતરને બંધ કરી દીધું છે. ઉપર ઉપરથી આત્મવિશ્વાસ હોવાનો દેખાવ મેં ચાલુ જ રાખ્યો છે. મારું, અંતર અને મન કેવાં સંઘર્ષ કરી રહ્યાં છે એની કોઈને મારે જાણ થવા દેવી નથી. અત્યાર સુધી તો મેં હંમેશાં ભાવનાઓ પર વિજય મેળવ્યો છે પણ કોક વાર મારી લાગણીઓ પણ મનની ઉપરવટ તો નહિ થઈ જાય ને, એનો મને ડર છે. પણ સાચું કહું તો મને ઘણી વાર એવું થાય છે કે કોક વાર લાગણીઓ મનની ઉપરવટ થઈ જાય તો સારું.

આ બધી વાતો હું પીટર સાથે નથી કરી શકતી એનું મને દુઃખ છે. પણ હું જાણું છું કે આ બાબતમાં શરૂઆત પીટરે જ કરવી રહી. ઘણી વાર તો રાતે જોયેલાં સ્વપ્નો અને કરેલા વિચારો એ હકીકત નથી એ દિવસે હું સ્વીકારી શકતી નથી. ડિકી આ ઍન ગાંડી થઈ ગઈ છે. એમ તો આ સમય પણ છે અને પરિસ્થિતિ એથી ય વધુ વિપરિત છે.

સૌથી સારી વાત તો એ છે કે હું મારા વિચારો અને ભાવનાઓ ક્યાંક લખી શકું છું, નહિ તો હું સાવ ગૂંગળાઈ જ જાત. આવી વાતમાં પીટર શું વિચારતો હશે? મને લાગે છે કે એક દિવસ આ વાતો પણ હું પીટર સાથે કરી શકીશ. આટલા દિવસમાં એણે મારા અંતરને થોડુંઘણું તો ઓળખ્યું હશે ને! કારણ કે બહારથી ઍન જેવી દેખાય છે એને તો એ ચાહી શક્યો નથી. શાંતિપ્રિય પીટર મારા જેવી બડબડિયણ અને ધમાલિયણ છોકરીને તો કેમથી ચાહી શકે? મારા અંતર પરના કવચને તોડી અંદર જોવાવાળી આ જ એ વ્યક્તિ હશે? એમ થતાં બહુ વાર લાગશે શું? એક કહેવત છે ને જેનો અર્થ છે કે પ્રેમ અને દયામાં બહુ ફેર નથી. અહીં પણ એવું જ કશુંક નથી ચાલી રહ્યું શું? કેમ કે મને મારા જેટલી જ એની પણ દયા આવે છે.

સાચું પૂછો તો મને એ જ સમજાતું નથી કે શરૂઆત ક્યાંથી કરવી? તો પછી ઓછાબોલા પીટર પાસેથી શું અપેક્ષા કરવી? હું પત્ર લખું તો? એને ખબર પડે કે મારા મનમાં શું ચાલી રહ્યું છે. કારણ કે નહિ તો શબ્દ બોલવા બહુ અઘરા છે.

લિ. ઍન મે. ફ્રેન્ક

(ક્રમશઃ)

ધ્યાનકથા

પશુની ઢીંક

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવા પ્રકૃતિમાં ફરીને સવારમાં પોતાના આશ્રમ તરફ પાછા ફરી રહ્યા હતા, ત્યારે અચાનક રસ્તામાં તેમને બે અધ્યાપકોનો ભેટો થઈ ગયો.

બંને અધ્યાપકોએ ગુરુ બજુવાને પ્રણામ કરી પોતાનો ટૂંકો પરિચય આપ્યો. પછી એક અધ્યાપક અનુરોધ કરતાં બોલ્યો:'અમે બંને ધ્યાન ઉપર પી. એચ. ડી. કરીએ છીએ. એટલે ધ્યાન વિશે થોડું ઊંડાણથી જાણવા માટે અમે આપની પાસે આશ્રમમાં આવવા માગીએ છીએ. તો આપને અનુકૂળ હોય એવો સમય અમને ફાળવી શકો?'

આશ્ચર્ય વ્યક્ત કરતાં ગુરુ બજુવા બોલ્યા:'વાહ! ધ્યાન ઉપર પણ પી. એચ. ડી. કરી શકાય છે, એની તો મને આજે જ ખબર પડી! ખેર...હવે તમે ધ્યાન ઉપર સંશોધન-અભ્યાસ શરૂ જ કરી દીધો છે એટલે કહું છું - ધ્યાન વિશે ભવિષ્યમાં કશું જ જાણી શકાતું નથી. ધ્યાન વિશે જાણી શકાય તો જાણી શકાય વર્તમાનની આ ક્ષણે જ, ને એ પણ અહીંયાં જ. એટલે મને જે કાંઈ પૂછવું હોય તે અત્યારે જ પૂછી શકો છો.'

આભારની લાગણી વ્યક્ત કરતાં એક અધ્યાપકે પૂછ્યું:'સૌપ્રથમ તો આપની દૃષ્ટિએ ધ્યાન એટલે શું?'

ગુરુ બજુવા બોલ્યા:'તમે મને ધ્યાન વિશે જે સવાલ પૂછો છો એની તમને બરાબર ખબર હોય; ને એની સાથે જ હું કોઈ જવાબ આપું છું એની પણ તમને ખબર બરાબર હોય; ને એની સાથે સાથે જ તમારામાંનો દ્રષ્ટા તમારો આ સવાલ અને મારો આ જવાબ સાંભળી રહ્યો હોય એની પણ તમને ખબર હોય - બસ હોશનું આ એકચક્રી શાસન એટલે ધ્યાન!'

બંને અધ્યાપકો બોલ્યા:'આપની વાત થોડી થોડી સમજાય છે!'

વળી વિશેષ સમજાવવાં ગુરુ બજુવા બોલ્યા:'તમારા સવાલનું તીર અને મારા જવાબનું તીર બરાબર સામસામે અથડાઈને એકમેકના સવાલ-જવાબનો છેદ ઊડાડી શકે તો ત્યારે જ પ્રારંભ થઈ શકે ધ્યાનનો!'

બંને અધ્યાપકો બોલ્યા:'હવે આપની વાત થોડી થોડી વધારે સમજાય છે.'

ફરી ગુરુ બોલ્યા:'સમયની ધાર ઉપર - અસમયમાં જીવવું એટલે ધ્યાન'.... ને તેઓ વિશેષ સમજાવવા જતા હતા, ત્યાં અચાનક એક ગાય તેમની પાસે ધસી આવી, ને તેમને ઢીંક મારીને એક બાજુ પછાડી દીધા. બંને અધ્યાપકો એકદમ ઘાંઘા થઈને ગુરુને ઊભા કરવા જતા હતા, ત્યાં જાણે કશું જ ન બન્યું હોય તેમ પૂરેપૂરી સ્વસ્થતાથી ઊભા થઈને કપડાં ઉપર ચોંટી ગયેલી ધૂળને ખંખેરી નાખતા ગુરુ બોલ્યા:'બધું જ ખંખેરી નાખવું એટલે ધ્યાન!' પછી આગળની વાત જ્યાંથી અટકી ગઈ હતી, બરાબર ત્યાંથી જ વાતનું સંધાન કરી હસતાં હસતાં ગુરુ બોલ્યા:'ધ્યાન વિશે વધુ કંઈ પણ બોલવામાં સાર નથી. જુઓને મારે પણ ગાયની કેવી ઢીંક ખાવી પડી!!'

બંને અધ્યાપકો સંતોષ વ્યક્ત કરતા બોલ્યા:'હવે અમને ધ્યાન વિશેની આપની વાત બરાબર સમજાઈ ગઈ છે.' ને બંને ગુરુ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી વ્યક્ત કરી આગળ વધવા જતા હતા, ત્યાં તેમને રોકતા ગુરુ બોલ્યા:'થોડી વાર ઊભા રહો.ધ્યાન વિશેની સાચી વાત તો હું તમને કહેવાની ભૂલી જ જાઉં છું..'

ધ્યાન વિશે અમને કહેવાની વળી એવી કઈ વાત રહી ગઈ?' બંને અધ્યાપકોએ ગુરુને પૂછ્યું.

બહુ કડવાશથી ગુરુ બોલ્યા:'ધ્યાન એટલે પશુની ઢીંક!!'

'ધ્યાન એટલે ઢીંક?! ઢીંક વળી કેવી રીતે? રહી રહીને આપે તો અમને ચકરાવામાં નાખી દીધા!!' આશ્ચર્ય અને દ્વિધા અનુભવતાં બંને અધ્યાપકો બોલી ઊઠ્યા.

'મિત્રો, જેના ઉપર પી. એચ. ડી. કરી જ ન શકાય - એ ધ્યાન ઉપર પી. એચ. ડી. કરવાને નિમિત્તે તમે ઊલટાના ચકરાવામાં પડી રહ્યા છો!!'

'તો હવે અમારે શું કરવું?' અત્યંત દ્વિધાભાવ અનુભવતાં બંને અધ્યાપકોએ ગુરુને પૂછ્યું.

'તમે પૂછો છો એટલે જવાબ આપું છું - તમારે ધ્યાન ઉપર નહીં, પણ બેધ્યાન ઉપર પી. એચ. ડી. કરવું જોઈએ!'

'બેધ્યાન ઉપર?' બેધ્યાન ઉપર શા માટે?'

ગુરુ બજુવા બોલ્યા:'પશુની ઢીંકનો સાક્ષાત્કાર કરવા માટે!'

'પણ પશુની ઢીંકનો સાક્ષાત્કાર કરવાનો કોઈ અર્થ ખરો?' વળી એક અધ્યાપકે દલીલ કરી.

ને ગુરુ બજુવા બોલ્યા:'હા, અન્યથા તમે ક્યારેય પણ નહીં જાણી શકો - ધ્યાન એટલે શું!' ❐

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

બચુભાઈ રાવત સાથે કૌટુંબિક જેવા સંબંધોને કારણે બિહારીલાલ ટાંક સાથે મારે મૈત્રીના સંબંધો હતા. ૧૯૮૭માં 'કુમાર'નું પ્રકાશન સ્થગિત થયું, ત્યારે 'ગરવી ગુજરાત' સાપ્તાહિકમાં સેવાઓ આપવા લંડન ગયેલા. ૧૯૯૦માં 'કુમાર'નું સંપાદન પુનઃ શરૂ થતાં તે ફરી સંપાદકપદે જોડાઈ ગયા.

મેં ૧૯૭૨થી ૧૯૮૦માં 'જનકલ્યાણ'માં 'માનવીના મન' વિષે લખ્યું. 'જનકલ્યાણ'ના સંપાદક શ્રી ચંદુભાઈએ મને વાત કરી કે 'બિહારી' અહીં 'જનકલ્યાણ' કાર્યાલય નજીક રહે છે. તેની પૂરી કદર થઈ નથી, એટલે તેને જનકલ્યાણમાં જોડાવા માટે તમે સમજાવો. તે તમારા મિત્ર છે. 'કુમાર' કરતાં તેને ત્રણ ગણો પગાર 'જનકલ્યાણ' આપશે ને રોજ રાયપુર સુધી સાઈકલ પર જવું નહિ પડે.

મેં બિહારીને વાત કરી. તેણે કહ્યું:'તમોએ મારા હિતની વાત કરી છે.- 'જનકલ્યાણ'નું સરક્યુલેશન 'કુમાર' કરતાં ઘણું વધારે છે. પણ પુષ્કરભાઈ! સન્માનનીય ચંદુભાઈને કહેજો, મેં 'કુમાર' સાથે લગ્ન કરેલાં છે. દીકરીનાં માગાં હોય, 'વહુ'નાં નહિ! 'કુમાર' જે આપશે તે આંખમાથા પર!'

ચંદુભાઈને આ વાત કરી ત્યારે તેમણે કહેલું: 'પુષ્કરભાઈ, બિહારીનો જવાબ તેને તે જેવો છે તેનાથી ઘણો ઉંચેરો સાબિત કરે છે'.

લઘુકથા

ખલીફાનો પગાર

અમૃતલાલ વેગડ

ખલીફા ઉમર સાહેબ ભોજન કરી રહ્યા હતા. પીરસતાં પીરસતાં બીબીએ કહ્યું,'જ્યારથી હું પિયરથી આવી છું ત્યારથી મિષ્ટાન્ન ખાવા નથી મળ્યું.' હજરત ઉમરે કહ્યું,'બેગમ બનાવતાં કેમ નથી, ઈચ્છા તો મનેય થાય છે.'

'બનાવું ક્યાંથી? કંઈએ બચતું નથી આપના પગારમાંથી. આપ તો સલ્તનતના માલિક છો, ખજાનામાંથી થોડો વધુ પગાર લો. કેવું વાહિયાત ભોજન છે આપણું! ક્યારેક જવની રોટી તો ક્યારેક જવનું ભૈડકું !' બેગમને ઓછું આવ્યું.

'હું સલ્તનતનો ખલીફા છું, બેગમ! મારી પ્રજા જેવું ખાય અને જેવું પહેરે, એવું જ ખાવા-પહેરવાનો હું હક્કદાર છું.' હજરત ઉમર સાહેબ પ્રજાના કાર્ય માટે બહાર નીકળી ગયા.

બહાર ચાંદની રેલાઈ રહી છે. અરબસ્તાનમાં ચાંદની રાતની માદકતા કંઈ ઑર જ હોય છે. આજે બેગમ પણ ખુશ છે. ભોજનમાં આજે મિષ્ટાન્ન છે. પીરસતાં પીરસતાં બેગમે કહ્યું ,'મિષ્ટાન્ન આપને ભાવ્યું?'

'સરસ બન્યું છે. તમે તો કહેતાં હતાં કે મિષ્ટાન્ન માટે પૈસા નથી બચતા. આ કેવી રીતે બનાવ્યું?'

બેગમે કહ્યું,'મેં તે દિવસથી જ એક એક પૈસો બચાવવો શરૂ કર્યો. એ બચાવેલા પૈસામાંથી આજે આ મિષ્ટાન્ન રાંધ્યું છે.'

જમીને ઉમર સાહેબ કામે ચાલ્યા ગયા.

બીજા મહિનાના પગારમાં એટલા જ પૈસા ઓછા આવ્યા, જેટલા બેગમે મિષ્ટાન્ન માટે બચાવ્યા હતા. પગાર બેગમના હાથમાં મૂકતાં હજરત ઉમરે કહ્યું,'લો આ પગાર લાવ્યો છું.'

બેગમે પગાર ગણ્યો અને બોલ્યાં,'આપ પૈસા ઓછા લાવ્યા છો, બરાબર ગણ્યા નહોતા?'

'ના બેગમ, ગણીને જ લાવ્યો છું. જે બચત તમે મિષ્ટાન્ન માટે કરી હતી એટલા પૈસા ઓછા કરીને લાવ્યો છું.' થોડું થોભીને ઉમર સાહેબે ઉમેર્યું,'ખાવાનું આપણે મિષ્ટાન્ન વગરનું જ ખાવું પડશે, કેમ કે આપણી પ્રજાના હજારો માણસો મિષ્ટાન્ન નથી ખાઈ શકતા. અને આટલા પૈસામાંથી આપણું ગુજરાન તો તમે ચલાવી જ લો છો.'

બેગમની આંખો ભીની થઈ. એ ખુશીનાં આંસું હતાં. એ વાતની ખુશી કે એ કેવા ઈમાનદાર, નેક અને ઊંચા દરજ્જાના ઈનસાનની બેગમ હતી ! આવા પતિની પત્ની થવાનું એમને અભિમાન જાગ્યું. પ્યારમાં વિહ્વળ થઈને એમણે પોતાના ધણીનો હાથ ચૂમી લીધો. ❐

લ ફોન્તેનની બોધકથા

અનુ. સાંકળચંદ પટેલ

માછલી અને ભરવાડ

તેરસી નામનો એક ભરવાડ હતો, અને આન્નેત નામની એક ભરવાડણ હતી. તિરસી સરસ વાંસળી વગાડતો હતો. પણ તે આન્નેતને સંભળાવવા માટે જ તો! મડદાં પણ જીવતાં થઈ જાય એવા મધુર સ્વરોથી એ વાંસળી વગાડતો હતો.



એક દિવસે તિરસી વાંસળી વગાડી રહ્યો હતો. મંદમંદ મધુરી હવા વહી રહી હતી. આન્નેત માછલી પકડવાનો કાંટો નાખીને બેઠી હતી. પરંતુ એક પણ માછલી તેના કાંટાની નજીકમાં આવતી ન હતી. ભરવાડણનો પરિશ્રમ નકામો જઈ રહ્યો હતો.

તિરસી પોતાનાં ગીતોથી અમાનવીય જીવોને પણ પોતાની તરફ આકર્ષિત કરી શકશે, એવું વિચારીને તે માછલીઓને પોતાનું આ ગીત ગાઈ સંભળાવવા લાગ્યો:

'ઓ નદીનાં નાગરિકો!
તમે તમારી જળદેવીને
એની ઊંડી ગુફામાં જ રહેવા દો.
આવો અને જુઓ,
આ ચીજ કેવી સુંદર છે,
તમારી જળદેવીથી હજાર ગણી
વધુ મનોહર છે!
સુંદરીના કેદી બનવાનો
ભય ન રાખશો,
કેવળ અમારા પ્રત્યે જ ક્રૂરતા છે એની.
અમે તમારું સ્વાગત કરીશું.
અમે તમારો પ્રાણ નહિ લઈએ.
કાચ કરતાં પણ સ્વચ્છ
એક તળાવ અહીં
તમારી પ્રતીક્ષા કરી રહ્યું છે.
જલ્દી આપો જવાબ.
ખોરાક, જો કોઈને માટે
મૃત્યુજનક ગણાશે,
તો હું કહીશ કે આન્નેતને હાથે
મરવું એ મારું સૌભાગ્ય ગણાશે.'

તિરસીનો ઉપદેશ ઉત્તમ હતો, પરંતુ એના શ્રોતાઓ બહેરા હતા. એની વાત હવામાં ઊડી ગઈ. પછી તિરસીએ એક લાંબી પહોળી જાળ બિછાવી. એમાં ઘણીબધી માછલીઓ ફસાઈ ગઈ. તિરસીએ એ માછલીઓ આન્નેત સમક્ષ મૂકી દીધી.

ઓહ! આપણે માણસને તો ઉપદેશ આપી શકીએ છીએ, પરંતુ ઘેટાંને તે આપી શકાતો નથી. ❐

પર્યાવરણ-૩

(3 D શિક્ષણ-સંકલ્પના)

પ્રો. આર.વાય.ગુપ્તે

પર્યાવરણની પુનઃ સ્થાપના માટે આપણને સુદૃઢ સંસ્કારી,સુશિક્ષિત યુવા વર્ગની જરૂર રહેવાની. આવો વર્ગ તૈયાર કરવા માટે વિશિષ્ટ શિક્ષણ અને તાલીમ આપતું માળખું તૈયાર કરવું પડશે. ગ્રીન ક્રૉસ નૅચર ક્લબ મારફત અમે પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ખાસ તાલીમ શિબિરોનું આયોજન કરીએ છીએ. વન-વિભાગ તરફથી હાઈ સ્કૂલોમાં ઈકો-ક્લબ્ઝ સ્થાપવામાં આવી છે. ગ્રીનક્રૉસ નૅચર ક્લબ ઈકો-ક્લબ્ઝના શિક્ષકોને વનવિભાગના સહકારથી કાર્યશાળામાં નિમંત્રી ખાસ તાલીમ આપે છે. શિક્ષણને સઘન અને હેતુલક્ષી બનાવવા માટે **3D** શિક્ષણની સંકલ્પના અપનાવવામાં આવી છે.

3D શિક્ષણ સંકલ્પના:

ચીલાચાલુ જે શિક્ષણપ્રથા અમલમાં છે તે **1-D** એટલે કે **One-dimensional-** એક ધરીય પ્રથા છે, જેમાં શિક્ષક પુસ્તકિયા જ્ઞાન બ્લૅક બોર્ડ મારફત શિખવાડે છે. **B.A . કે M.A.** સુધી આ શિક્ષણ વ્યાખ્યાનબાજીથી અપાય છે. આ જ્ઞાન-સંપાદન જાગૃતિ(**awareness**)ના વર્તુળમાં જ ભમતું રહે છે, જેમ કે પુસ્તક, લાઈબ્રેરી અને પરીક્ષા. વિજ્ઞાનના શિક્ષણમાં 'થિઅરી'(જાગૃતિ)ની સાથે પ્રાયોગિક (**action**) શિક્ષણ અનિવાર્ય ગણ્યું છે. તેથી તે શિક્ષણ **2-D** કહી શકાય, **3-D** શિક્ષણમાં થિઅરી, પ્રયોગિક ઉપરાંત પ્રત્યક્ષ તાલીમ (**internship**) અનિવાર્ય મનાય છે. આમ, કોઈ પણ શિક્ષણ પ્રથામાં (**i**) જાગૃતિ, (**ii**) પ્રાયોગિક અને (**iii**) પ્રત્યક્ષ કામગીરી (**Result Orientation**) અનિવાર્ય બનાવવામાં આવે તો તે શિક્ષણ હેતુલક્ષી બને અને શિક્ષાર્થી(વિદ્યાર્થી) પોતાના વિષયમાં સ્વાવલંબી બની રહેશે. મેડિકલના અભ્યાસમાં **MBBS**ની સાથે **Internship** કર્યા બાદ જ પૂર્ણ ડૉક્ટર બની બહાર પડે છે. દરેક વિદ્યાશાખામાં **3-D** શિક્ષણપ્રથા અપનાવવામાં આવે તો યુનિવર્સિટી ડિગ્રી સાથે બહાર પડતો વિદ્યાર્થી બેકારોમાં વધારો કરવાને બદલે સ્વયં બીજાને નોકરી કે વ્યવસાયમાં જોડનારો બનશે, પર્યાવરણલક્ષી મૅનેજમેન્ટ કોર્સીસ અને અન્ય અભ્યાસક્રમો આ સંકલ્પના ઉપર આધારિત રચ્યા છે.

૧૯૩૦-૩૬ના અરસામાં વૈશ્વિક બેકારીનું મોજું ટાળવા અમેરિકામાં પ્રેસિડન્ટ રૂઝવેલ્ટે **National Conservation Corps(NCC)**ની સ્થાપના કરેલી. આમાં જોડાયેલા યુવકોને પર્યાવરણની જાળવણીનું કાર્ય સોંપવામાં આવેલું. આ જ સમય દરમિયાન જર્મનીમાં હિટલરે આવા જ સંગઠનની સ્થાપના કરેલી. બીજું યુદ્ધ ફાટી નીકળતાં આ પ્રવૃત્તિઓ આપોઆપ બંધ પડી.


આપણી યુનિવર્સિટીઓમાં **NCC**ની શિસ્ત અને **NSS**ની સેવાપરાયણતાના સુભગ મિલનથી પર્યાવરણની જાળવણી અને પુનર્ઘટન માટેની પ્રવૃત્તિઓને નવું બળ પ્રાપ્ત થાય. ડુંગરાળ પ્રદેશો કે વેરાન વગડાને પુનર્જીવિત કરવા માટે શિક્ષણસંસ્થાઓ (યુનિવર્સિટીઓ) દત્તક લે તો 'ગ્રીનિંગ ઑફ માઉન્ટન્સ'નું આપણું સ્વપ્ન સાકાર બને.

3-Dની સંકલ્પના ઉપર આધારિત પર્યાવરણના અભ્યાસ માટે સર્ટિફિકેટ કોર્સીસ, ડિપ્લોમા કોર્સીસ, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના કોર્સીસ તૈયાર કરવામાં આવ્યા છે. ડિપ્લોમા કોર્સીસ પૉલિટેક્નિક સંસ્થાઓમાં પણ શરૂ કરી શકાય તેમ છે. આ શિક્ષણ આયોજનમાં થિઅરી અને પ્રૅક્ટિકલ જે તે સંસ્થામાં શિખવાડવામાં આવે અને વાસ્તવિક સ્થળ ઉપરની કામગીરી (**Result Orientation Programmes**)સંસ્થાને સુપરત કરેલા સ્થળ ઉપર જ સ્થાનિક લોકોની સાથે પૂરી કરવાની રહેશે. ગ્રીન ક્રૉસ નૅચર ક્લબ, વન-વિભાગ અને સંસ્કારી ખાતાં આખો કાર્યક્રમ ઘડી સંચાલન અને સંગઠન કરશે, એવું હાલ આયોજન છે.

Integrated Biological Management Programmes(IBMP) તરીકે ઓળખાતો મૅનૅજમૅન્ટ પ્રૉગ્રેમ પણ તૈયાર કરવામાં આવ્યો છે. જે તે કક્ષા અને સ્થળ મુજબ તેમાં ફેરફારો કરવાનો અવકાશ છે. ગ્રીનક્રૉસ સોસાયટી જેવી સંસ્થાઓ અને **IBMP** જેવા કોર્સીસ પર્યાવરણના પુનઃસર્જન કે પુનર્ઘટન માટે અતિ ઉપયોગી નીવડશે. ઓછાવત્તા ફેરફારો સાથે આ યોજના આખા ભારતમાં હરિત-ક્રાંતિ લાવી શકશે. ❐

ચેસ-કૉર્નર : કોયડો- ૨૮

કાળું



સફેદ

સફેદ મહોરાંની ચાલ અને કાળા રાજાને બે ચાલમાં મહાત કરવાનો.

(White to play and mate in two)

મહોરાંની ગોઠવણી શબ્દોમાં નીચે મુજબ છે :

સફેદ : **K21, Qc5,Rf1,Re8,Ng4,Ne5,Ba8,P-d4.C6**

કાળાં : **Ke4, Rh6, RC7**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે — અર્પી શાહ, ૨૪/૨૫૧, પરિશ્રમ ઍપાર્ટમેન્ટ, બીમાનગર પાસે, સેટેલાઇટ, અમદાવાદ ૩૮૦૦૧૫ (**e-mail - shaharpi@ hotmail.com**) મોકલી આપવા વાચકોને નિમંત્રણ છે. સાચો ઉકેલ મોકલનારનાં નામ ઑગસ્ટ ૨૦૦૩ના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના એપ્રિલ ૨૦૦૩ના અંકમાં આવેલા કોયડા નં. ૨૬નો ઉકેલ :

(૧) **Key move Rg2** છે.

જો...... **Qx Ra8**	**(2) Ba3 #**
જો...... **Qa2**	**(2) Bb2 #**
જો...... **Qa4** થી **a7**	**(2) Ba3 #**
જો...... **Pc4**	**(2) BxQa3 #**
જો...... **Kb1**	**(2) BXQa3 #**

ઉપરોક્ત કોયડાનો સાચો ઉકેલ મોકલનાર વાચકમિત્રોનાં નામ : (૧)ઝેડ. એલ. ઝાલાવાડિયા,(૨)ડૉ.દિલીપ અહલપરા(અમદાવાદ),(૩) અજિત યાજ્ઞિક (મુંબઈ)(૪)હર્ષદ દવે(રાજકોટ),(૫) કલ્યાણભાઈ મુલિયા(સુરેન્દ્રનગર),(૬) ડૉ. છત્રસિંહ બારડ (ધોળકા)

-અર્પી શાહ

પ્રસંગકથા

સાયગલનો કોટ

કરસનદાસ લુહાર

શિયાળાની વહેલી સવારની કડકડતી ઠંડીમાં મુંબઈનો જૂહુ વિસ્તાર, ગરમ શાલ ઓઢીને ગોટમોટ પડેલા કોઈ માણસ પેઠે હજુ સૂતો હતો.લોહી થીજવી દે તેવી ઠંડી વાતાવરણમાં છાના ચાબખા વીંઝી રહી હતી. હજુ મકાનોનાં બારણાં ખૂલ્યાં ન હતાં. ઘરવાસીઓને ઘર અને પથારી હૂંફ આપતાં હતાં. બેઘર, ફૂટપાથવાસીઓ પર ત્રાટકતી ઠંડી એમનાં લોહી સોંસરવી ઊતરી રહી હતી.

એ વખતે જાણીતા ગાયક, અભિનેતા કુન્દનલાલ સાયગલની મોટર ઠંડી હવાનાં પડળ ચીરતી જૂહુના માર્ગ પર સડસડાટ દોડી રહી હતી. વહેલી સવારે કોઈ ચલચિત્રનું મુહૂર્ત હતું. સ્ટૂડિઓ જલ્દી પહોંચવાનું હતું. મોટર ચલાવી રહેલા સાયગલે ઝડપમાં થોડો વધારો કર્યો. પછી બાજુમાં બેઠેલા - એ વખતના સુપ્રસિદ્ધ ખલનાયક અભિનેતા - કે. એન. સિંહ સામે જોયું. તેઓ ગરમ કોટનાં બંને ખિસ્સામાં હાથ નાખીને બેઠા હતા. સાયગલે પણ મોટા બટનવાળો ગરમકોટ પહેર્યો હતો. ગાડીએ જૂહુ વિસ્તાર વટાવી દીધો, માર્ગ પર વાહનોની ખાસ અવરજવર ન હતી. માણસો પણ કોઈક જ નજરે પડતાં હતાં. સખત ઠંડીએ જાણે સંચારબંધી લાદી દીધી ન હોય!.

ફૂટપાથ પર એક વૃદ્ધ ભિખારી ધીમે ધીમે ચાલી રહ્યો હતો. જર્જરિત લેંઘો અને લીરેલીરા ખમીસમાં એના શરીરનાં હાડકાં દેખાતાં હતાં. ઠંડી નિર્દય બનીને એના દુર્બળ દેહ પર કાતિલ કોરડા મારતી ધ્રુજાવતી હતી. એકાએક સાયગલની નજર એના પર પડીઃ ગાડીની ગતિ ધીમી પાડી. વૃદ્ધ ભિખારી પાછળ રહી ગયો હતો. સાયગલે ગાડી ઊભી રાખી દીધી. ગાડીમાંથી ઊતરીને ચાલતા પાછળ ગયા. વૃદ્ધ ભિખારી સામે જઈને ઊભા રહ્યા. ભિખારી આશ્ચર્યથી પોતાની સામે ઊભેલા એક અજાણ્યા 'બાબુસાહેબ'ને જોતો રહ્યો. એનું આખું શરીર કાંપતું હતું. તેથી બોલવાની ઇચ્છા છતાં એ કશું બોલી શક્યો નહિ. સાયગલે પોતાનો ગરમકોટ કાઢ્યો અને એ ભિખારીને પહેરાવી દીધો. બટન પણ ભીડી દીધાં. ભિખારી રાજી થઈ ગયો. ત્યાંથી આવીને સાયગલ ગાડીમાં બેઠા. ગાડી સ્ટાર્ટ કરી. કે. એન. સિંહ કહેઃ'યાર કોટનાં ગજવાંમાંથી પૈસા તો કાઢી લેવા'તા....'. સાયગલે ગાડીની ઝડપ વધારતાં કહ્યું:'હશે સાઠ સિત્તેર રૂપિયા; બિચારાને કામ લાગશે.!'

સાહિત્યસંપર્ક

દર્શકની જિવાએલી નવલકથા

(તેમના એક વિદ્યાર્થીની નજરે)

મહાભારત-રામાયણની કથાઓ ભલે કાલ્પનિક હશે, પરંતુ તેમના રચનાકાર ઋષિમુનિઓનાં જીવન, પુસ્તકોમાંના કથિત આદર્શો કરતાં ય ઉન્નત સ્થાને હતાં.



શ્રી મનુભાઈ પંચોળીનું સાહિત્ય એવા પ્રકારમાં આવે છે કે જેની પાછળ તેવા જ ઉન્નત જીવનનો ધબકાર છે. દર્શકનાં જીવનકાર્યોનું ઉદ્ગાન, એ જ તેમનું સાહિત્ય છે. ગુજરાતી સાહિત્યની સૃષ્ટિ તેમની નવલકથાઓ અને અન્ય સાહિત્યિક પ્રકારના પ્રદાનથી ખરે જ ધની બની છે. પરંતુ સારસ્વતો દ્વારા કેવળ તેમના સાહિત્યક્ષેત્રના પ્રદાનને મૂલવ્યા કરાય છે. તે તેમના સમગ્ર વ્યક્તિત્વના માત્ર એક નાનકડા પક્ષનું જ દર્શન છે. લેખનકાર્ય એ મનુભાઈનું પ્રશંસનીય છતાં તેમના વ્યક્તિત્વનું એક ગૌણ પાસું હતું. શ્રી મનુભાઈ અમારા ગુરુવર્ય,આર્ષદ્રષ્ટા નાનાભાઈ ભટ્ટના શૈક્ષણિક સ્વપ્નને સાકાર કરનાર કેળવણીકાર, ભારતીય હૃદયના અને તેથી કરીને ગ્રામહૃદયના સૂક્ષ્મ પારખું અને તેના ઘડવૈયા હતા. આજીવન સત્યાગ્રહી હતા. અનેકમુખી પ્રતિભા ધરાવનાર ગહન અભ્યાસુ વિદ્વાન અને પોતે સેવેલા આદર્શ કે સ્વપ્નને સાકાર કરનાર કર્મયોગી હતા. 'ઝેર તો પીધાં છે...' જેવી નવલકથાઓમાંની આદર્શ કલ્પનાને મૂર્ત કરવા તેમણે આ ભૂમિ પર સર્જેલી ગોપાળબાપાની નૈષ્ઠિક કર્મસાધના, કથામાંની વાડીઓ, સત્યકામ-રોહિણી-અચ્યુત-હેમંતાદિનાં પાત્રો અને દર્શકની જીવનસાધના વચ્ચે સુમેળ હતો. એકવાક્યતા હતી. એમની કર્મસાધનાનું, જીવનાનુભવનું તેમનાં સાહિત્યમાં ભાવલોકે થયેલું પ્રકટીકરણ છે. એમની પ્રેરણાનું બળ મેળવીને ઝૂઝી રહેલાં જીવંત પાત્રોને જોવાં પડે! એમની નવલકથાઓ પહેલાં જિવાઈ છે, અને પછી લખાઈ છે.

વિશાળ તળાવનાં પાણીમાં કોઠા ઉપરથી ધૂબકા મારવામાં અને વિદ્યાર્થીઓને તરતાં શીખવવાના રોજિંદા કામમાં મનુભાઈની ગેરહાજરી ક્યારેય જોવાઈ નહોતી. સાયંપ્રાર્થના પછી રાત્રિના મનોરંજન કાર્યક્રમોમાં પૂ. નાનાભાઈની વાર્તાઓ ઓછી પણ મનુભાઈના મુખેથી સૌરાષ્ટ્રની રસધાર, સોરઠી સંતો અને સોરઠી બહારવટિયાઓની અસંખ્ય વાર્તાઓ સાંભળી છે. કહેવાય છે કે મેઘાણીને પોતાનાં ગીતો મનુભાઈને ગાઈ સંભળાવવાનું ગમતું. મનુભાઈને તેમણે આપેલો ગીતોનો ઢાળ મનુભાઈ પાસેથી મેળવીને હજુ અમારા ગળામાં અમે સાચવી રાખ્યો છે. મનુભાઈ સાથે અમે માણેલા પ્રવાસો અમારી મીઠી યાદ બની રહ્યા છે.

૧૯૮૬માં મનુદાદાની નવલકથા 'ઝેર તો પીધાં છે-'ને જ્ઞાનપીઠ મૂર્તિદેવી ઍવૉર્ડ અપાયો. તે નિમિત્તે માલપરા ગામે સંમેલન યોજી દાદાને શાલ અને પુરસ્કાર આપવાનું ગોઠવ્યું.' આ સન્માન તો 'ઝેર તો પીધાં-'ને મળ્યું છે. મારે મન અહીં જિવાયેલી નવલકથા છે, જેનાં કેટલાંક પાત્રો મારા સામે અહીં જીવતાં બેઠાં છે'.

શ્રી મનુભાઈ કહેતા:' આ જ મારી નવલકથાઓનાં પાત્રો અને સામગ્રી છે. મારે કલ્પનાને સહારે ઓછું ઊડવું પડ્યું છે.' શ્રી મનુભાઈને મન પોતાના કર્મશીલ છાત્રો જ સાચા સન્માનના અધિકારીઓ છે. મનુભાઈનાં સાહિત્યને અને કામને ઘણાં કિંમતી ઍવૉર્ડ અને માનસન્માન અપાયાં છે.વિશાળ કાર્યક્ષેત્રોમાં ફેલાયેલાં તેમના શિષ્યો ઉપર તેમની કૃપાદૃષ્ટિ નિરંતર રહ્યા કરતી અને જરૂર પડ્યે મદદે પહોંચી જતા. મનુભાઈના જવાથી જાણે બધાંનું ચાલક બળ ખોટકાઈ પડ્યું છે. 'ઝેર તો પીધાં -'ના કથાવિસ્તારની તેમના કાર્યવિસ્તાર સાથે સમાનતા જોઈ શકાય છે.

વર્તમાન સમયનાં અને તે વખતનાં ગામડાંઓની આર્થિક,શૈક્ષણિક અને સામાજિક સ્થિતિ વચ્ચેનું અંતર જમીન-આસમાનનું ગણાય તેવું હતું. 'ગામડું એટલે ઉકરડો' વાળી ગાંધીબાપુની ઉક્તિ અત્યુક્તિ નહીં, પણ 'યથોક્તિ' જ હતું. એ જ એ નવલકથાની પરખ અને બંને ગોપાળબાપાઓ પ્રત્યેની સાચી શ્રદ્ધાંજલિ છે.

-લાભુભાઈ ગ. પટેલ

અવલોકન

'છે પ્રતીક્ષા', અભિનવ કાવ્ય-આલોકની

વિખ્યાત કવિ લાભશંકર ઠાકરના ૨૦૦૧-૨૦૦૨માં પ્રકાશિત ચાર કાવ્ય-સંગ્રહો છે.: 'ટેવ', 'છે', 'છે પ્રતીક્ષા' અને 'આઈ ડોન્ટ નો સર' બધાંના પ્રકાશક: 'રન્નાદે; ગાંધીમાર્ગ અમદાવાદ-૧. અંતર્વસ્તુ, સ્વરૂપનિર્મિતિ અને અભિવ્યક્તિની દૃષ્ટિએ અનુક્રમે અત્રે વિહંગાવલોકન કરીશું. સાથે કવિના પ્રદાન વિશે સામાન્ય નિરીક્ષણ પણ પ્રસ્તુત કરવાનો ઉપક્રમ છે. પ્રથમ દૃષ્ટિએ જોતાં સર્વ સંગ્રહોની રચનાઓ ટૂંકી, ટચુકડી અને ઓછી લીટીઓમાં સમાવાયેલી લાગશે. ઘણીબધી વાર એક શબ્દ પણ લીટી-કડી રૂપે અવતર્યો છે. છાંદસ-અછાંદસ કશાનું બંધન નથી. ગીત જેવું લાગે અને ના પણ લાગે. કૃતિઓનાં શીર્ષક નથી. ક્રમાંક જ આપ્યા છે. પૃષ્ઠ પર લખાયું-છપાયું છે એ કરતાં વણલખાયાનું પ્રતિનિધિત્વ કરતો અવકાશ અધિક છે અને તેનો રાહત કાર્ય તરીકે ફાળો છે. ભાષાકર્મ તદ્દન પારદર્શક, એકે એક શબ્દ સમજીને મૂકવાનો પુરુષાર્થ સતત ડોકાયા કરે. અલ્પમાં મહત્ બૃહત્ સંભરી આપવાનો પ્રયાસ સભાનતાનો તેમજ અભરખાનો પર્યાય લાગે! આંતરલય સચવાયો છે.

લાંબી લેખણે નાટકો ઉપરાંત નવ નવ નવલકથાઓ લખવાનું શઊર પ્રદર્શિત કરનાર લાભશંકર ઠાકર બિલકુલ ટૂંકડી કાવ્ય-આકૃતિઓ પ્રત્યે વળ્યાઢળ્યા એમાં દીર્ઘરચનાઓ પ્રત્યેનો વૈરાગ્ય જોવો, સર્જનાત્મકતાનું ઓચિંતું સંકોચન માનવું કે પ્રયોગની અભિનવ દિશાના દરવાજાની સાંકળ ખખડાવવાનો નાદ-ધ્વનિ ધારવો? ભાવકો યથેચ્છ ધારણા કરી શકે પણ લા.ઠા.નું મિશન(અને પોએટિક કમિશન) તો સકળ ધારણા, માન્યતા, અનુમાન-ભંજનમાં લુત્ફ લૂંટવાનું વધુ લાગશે!(પણ સ્ટેટમેન્ટરસિક લા.ઠા. સાદી સીધી સોંસરી પદકથન પદ્ધતિથી અખાની કક્ષાએ ક્યારે પહોંચી શકશે.?) સત્-તત્નો મહિમા કરે એની સાથોસાથ
અ-સત્નો, શૂન્યનો, ન-કિંચિત્નો કૃતિઓમાં અહેસાસ કરાવે. જે 'છે' એને 'નથી' સિદ્ધ કરવાનો અને જે 'નથી' તે જ 'છે' એનું સ્તવન અર્પવાનો સં-રચનાગત તર્ક અત્રતત્ર સ્પષ્ટ છે. મેદાન મારી જાય છે એમનાં ભાવકલ્પનો, પ્રતીકો અને ચિત્રાત્મકતા. ઉપમા અને ઉપમેયનો ઘણી વાર તો વૈચિત્ર્યસભર વિનિયોગ એ સભાનપણે પણ કરી શકે છે. વળી, હોડી-નગર-ચૂસવાચાટવાની પ્રક્રિયા પ્રતીક તરીકે પુનઃ પુનઃ પ્રયોજાઈ તે સૂચક છે. આત્મલક્ષી સત્નું -શૂન્યનું દાર્શનિક વાર્તિક હોઈ શકે? કાવ્યેતર પ્રસ્તાવનાઓ, નિવેદનોમાં વાર્તિક કરી અભિગમ સ્પષ્ટ કરી ભાવકો અને ખાસ તો સમીક્ષક વિવેચકોના તે 'ટો-હોલ્ડ' પ્રકારની 'હિન્ટ' આપી દે છે. અભ્યાસી છાત્રો માટે એનો વૈચારિક નકશો ભોમિયાની ગરજ સારે છે. આવાં સ્થાને કવિની બૌદ્ધિક સજગતા અને સજ્જતા ક્યારેક સર્જકતાના સ્તરથી પણ ઊંચેરી હોવાનો અદ્‌ભુત આભાસ આપી જાય!

ભાષાને તે ભોગવે છે કે ભાષા એમને ભોગવે છે એવો પ્રશ્ન કાવ્યપઠન કરતાં જાગે પણ તે ભાષાને બે-વફા બની ભાંડે છે, છોડીતોડીફોડી જોવાનો પુરુષ-અહ્મ ખાસ્સો વિજ્ઞાપિત કરે છે, તર્કછળથી. આવા કાવ્યપ્રયોગોમાં અનુભૂત જાતીય ચેષ્ટાઓ, શૃંગારબોધ, નીતિનિષેધભજન એક વિદ્રોહી 'ઇમેજ'ની સ્વ-પ્રતિષ્ઠા જાહેર કરે છે. ન-આસ્તિકતાનું પણ આવા દાખલામાં વિશિષ્ટ મૂલ્ય સિદ્ધ થાય તે સ્વીકારવું પડે.

પ્રસ્તુત ચાર કાવ્યસંચયોમાંથી પસાર થતાં ઉપર્યુક્ત વિચારતણખા ઝર્યા પણ મુખ્ય સંપ્રત્યય એ ઠર્યો જે આ રચનાઓની ધ્યાનાર્હ વિશિષ્ટતા સાથે મર્યાદા પણ ગણાય, અને તે છે ભાવની, રસની, સંવેદનની મહદ્અંશે અનુપસ્થિતિ. આવું બધું હોય તો યે પરોક્ષ, તિર્યક્ રીતે જ અવતર્યું છે. કળા પદાર્થને વસ્તુલક્ષી વધુમાં વધુ કઈ રીતે પ્રકટ કરવો એવી રસકીય શંકાનો લાભ લાભશંકરને બેશક આપી શકાય. બાકી બૌદ્ધિક ચાતુરીનો અભિગમ ભાવના પક્ષ કરતાં ચઢિયાતો છે. વળી, સામાજિક, જાગૃતિક સભાનતાનો સંપૂર્ણ અભાવ ઊડીને હૈયે વાગે એવો સામાન્ય ભાવકવર્ગને લાગેવાગે એનો કાકુ, ગાલિપ્રદાન અને વિડંબના, ઘણી રચનાની શુષ્કતાને સ્નેહન-સ્વેદન દ્વારા સ્નિગ્ધતા આપવા સક્ષમ છે.

પ્રસ્તુત ભૂમિકા પૂર્વ યા પાર્શ્વ નથી, કવિના સર્વ કૃતિકર્મને વિલોકવાની, સમજવાની ચાવી બની શકે. અત્રે અનુક્રમે ચાર સંચયોમાં ડોકિયું કરી લઈએ:.

'ટેવ'ના પ્રારંભમાં જ અર્પણપૃષ્ઠ પર નિવેદન છે:

'આ ઊંટ ભરીને લાવ્યો રે, અંધારું લ્યો.'

અર્થને કટિબૂડ ઊભો રાખી દ્વૈપાયન વ્યાસગંધી વર્ણન આપ્યું છે: એ ઊભો છે હાથ ઊંચા કરી સદીઓથી ટેવગ્રસ્ત'(પૃ.૨), અર્થની નિરર્થક અવદશા ૧૦મી રચનામાં કોઈ હોય એમ સરસ થઈ છે:

> વાક્યોના સળિયા પર માથું ટેકવી
> નિષ્પલક
> નીરવ
> એ ઊભો છે
> અર્થ
> ટેવોના કારાગારમાં

ઈસુ સાહચર્ય સમેત - ૧૦મી રચનામાં, 'અર્થોને ખીલા મારી ખોડી દીધા છે, ફિટ. ૧૦-૫૦મી રચનામાં અર્થની ટેવબદ્ધતા અને બંદી સ્થિતિ રિપીટ થઈ પણ ૪૨મી કૃતિમાં ટેવનું નગરરૂપ દર્શનીય છે: 'ટેવનગરમાં... અર્થનું તાળું છે વાસવા. અર્થની ચાવી કહેવાથી અ-સંગતનો માહોલ ખડો થાય છે. ૧૬મી કૃતિમાં 'ચાર પયોધર'ને અનુલક્ષી સમાગમ સંબંધે પંક્તિ છે;'સ્ખલનની નૌકા અટકી નથી/ભૂલ્યા નથી અધરોષ્ઠ ચૂસવાનું/ અમૃતફલોને.' તો ૬૫મી રચનામાં ટેવ શું કરે છે?'ટેવ અર્થભાવને અંધારામાં ચાટે છે!' ટેવ અને અર્થને ભિન્નભિન્ન સાદૃશ્યથી નવાજી સિત્યોત્તેર જેટલી કૃતિઓ કરી છે. ૭૬મી રચના ફરી 'ટેવનગર'નો ઉપયોગ લઈ ગીત પ્રકારે પ્રવર્તી છે:'ટેવનગરના અંધારામાં અથડાયો તું કોને? બોલ/ત...ત... તન્ને લોલ'. એકવિધતામાં 'તન્ને લોલ' જેવી કડીઓ હળવાશની લહેર પ્રસરાવે છે.

બીજો સંગ્રહ 'છે'નું આવરણ રશિયન ચિત્રકાર કાચવીર માલેવિના 'એઈટ રેડ રેકટેંગલ્સ'નાં વિવરણ સાથે મૂક્યું છે. 'કેફિયત'માં કહેવાયું છે કે છે-નો નામ. કર્તા તરીકેનો અને કર્મ તરીકેનો ઉપયોગ લીધો છે પણ ત્યાં 'અમૂર્તતાને કાવ્યપ્રત્યક્ષ કરવાની ચૈતસિક ગતિવિધિ હતી'. પછી આગળ જતાં 'કાવ્યપ્રત્યક્ષ' એવા પદપ્રયોગમાંથી 'કાવ્ય' શબ્દ પણ ભૂંસી નાખી માત્ર 'પ્રત્યક્ષ થતો, ઊપસતો' લખી જોવાની ઇચ્છાપૃચ્છા કરી

છે. 'ખળખળ વહ્યા કરતી સંવિતધારા'માં કેવું તરે છે? પ્રથમ કૃતિમાં જ આખા સંગ્રહનું તારતમ્ય નીતર્યું છેઃ 'જોગમાયા, બેઠી છે દીવા જેવી તગતગ તાકતી ચૂસીને અંતઃસ્તલના અનુદ્દેશને'! સંગ્રહારંભે અનામી અંગ્રેજી અવતરણમાં ચાટવાનો ઉલ્લેખ છે જે ૩૮મી રચનામાં પુનરાવર્તન પામે છે:'છે/ચાટે છે અને ચટાય છે./ચૂસે છે અને ચુસાય છે'. ૧૮મી રચનામાં અનિત્યની નૌકામાં નિત્યની પ્રતીક્ષામાં બેઠેલા સંતને 'ગુણનો કોથળો' ઝાપટવા બેઠાનો આક્ષેપ કરી ત્યાં પણ ગુણાતીતને સ્પર્શવા-ચાખવા-ચૂસવાની ક્રિયામાં સાંકળી ઝાપટ્યા છે! સાથે જ ૧૯મી રચનામાં--

સંત છે.

અંત?

એ બે પદમાં સંતધારાનો પ્રશ્નપરસ્ત અંત સૂચવ્યો છે. આવી અને આના સમી અન્ય સંગ્રહોની કૃતિઓ કર્તાનો વિડંબન ભાવ વ્યંગશર સાથે ચમક્યો છે. ભાવ કે અત્રતત્ર વેરાયેલી વિચાર-કંડિકાઓમાં રસબોધ ઉપલબ્ધ કરવો હોય તો તે કર્તાની ,સ્વ-ચેતનાની સમાંતરે ગતિ કરવી પડે. આ કેટલું શક્ય છે? ૫૭મી રચનામાં ત્રીજા સંગ્રહનું સૂચન મળે છે આ પંક્તિમાં, 'છે-ની સદીઓથી પ્રતીક્ષા છે'...

'છે પ્રતીક્ષા', ડાલીના આવરણ-ચિત્રના રસપ્રદ વિવરણથી આરંભાય છે. આ ત્રીજો સંગ્રહ-એક'મૅડ મૅન' પાગલ આદમીના અંગ્રેજી પંક્તિ-ઉલ્લેખથી એવું નિર્દેશે છે જે બૅકેટના 'વેઇટિંગ ફૉર ગોદો', 'એક ઉંદર અને જદુનાથ'ની દિશા સૂચવે. અહીં પણ સર્વત્રની જેમ અત્રે પણ તર્કછલ, શબ્દલીલાનો વિપુલ વિનિયોગ છે.'કોની પ્રતીક્ષા છે તેની જાણ વગર નિત્ય પ્રતીક્ષાના નિત્ય પલાયનોના અંતની અંત લગી છે તો છે પ્રતીક્ષા.' શબ્દગુણમુગ્ધ ભાવકને આમાં અધિક રસ પડે. ૩૫મી રચનામાં વિશદ એકરાર ધ્યાનપાત્ર છે:'નફરતભર્યા નકારમાં ડૂબી ગયેલા પ્રેમના જહાજને ભાષાપદ રચી રચીને ખેંચવાની આશાભરી પ્રતીક્ષા છેઃ ૫૧-૫૩મી રચના અંગ્રેજીમાં છે એમાં ૫૩માં કૃતિલેખે એક જ પદ છે:'નાઉ લેટ્સ કીપ મમ'. ભાવક પણ 'નાટ્યમાં બધું ચાલે' ન્યાયે 'શટ અપ' બબડી ૨૭મી રચનામાં રસ ચાટવા, પાછળ પાનાં ફેરવી સિનેમેટિક ઝૂમ લેન્સનો વિનિયોગ માણવા પહોંચી જાય.: અહીં ચોષ્ય શું છે? 'સાયંપ્રાર્થનાના ભૂખરા ડાઘાઓને ચેતોવિસ્તારમાંથી લુછાતાં ભૂંસાતાં તાકતી પ્રતીક્ષાકેમેરાને ઝૂમ કરે છે.'!

ચોથો સંચય શૂન્યવાદની પડોશનો અજ્ઞેયવાદ, પૂરા ભાર સાથે ભાવક પર ઉલ્કાવત્ પડ્યો છે, 'આઈ ડોન્ટ નો સર' આવું કેમ માની શકાય. જ્યારે ૩જી કૃતિમાં સંત કબીર, એમની ઊલટ બાની અને આંતરપ્રતીતિને ઝપટમાં લેવાનું ગજબ 'ગનાન' શબ્દપ્રત્યક્ષ થયું છે?!' 'સાદૃશ્યમૂલકના સમાધાનમાં રે જીભ સંતની સજ્જડબમ્બ આ - ઝલાઈ ગઈ છે રે'. 'કીડીના ઝાંઝર સાહેબ સાંભળે છે'ની સામેનો વિરુદ્ધ છેડો ચિત્રાત્મક ગતિથી મનહર થયો છે કીડીઓ કણ ભૂલીને નીકળી છે(બેશક, સાહેબની પ્રતીક્ષામાં) સોનારાની શોધમાં લયભેર નેપુર ઘડાવવા'. ઝીની-બીની ચદરિયાની થીમ 'કહો કબીરજી' શીર્ષકવાળી છ રચનાઓમાં પ્રયોજી, 'જિજ્ઞાસા' શીર્ષક હેઠળ લાંબી રચનામાં કર્તાનું ગીતનેપુર આ રીતિએ રણઝણ્યું છે. 'હું જાણું છું રે લોલ કે મારામાં ઉત્કટ ઉત્કટ જિજ્ઞાસા છે લોલ'....

જે ભાવકો લોલ ભેગા લોલ ગાવા લાચાર નથી તે સુજ્ઞો પણ જાણે છે કે લાભશંકર ઠાકર 'કન્સ્ટ્રક્શન' નહીં પણ ડિ-કન્સ્ટ્રક્શન કરવા ભાવનું ભાષાના (અ-) માધ્યમથી જ 'ડિસ્ટ્રક્શન' કરવા સ્વચેતનાનો ઉપ-યોગ લે છે. કવિશ્રીની આ 'ટેવ', 'છે'. એનો ઇનકાર 'આઈ ડોન્ટ નો, સર' ઉદ્ઘોષી તે નહિ કરી શકે. હવે અવશિષ્ટ 'છે પ્રતીક્ષા' અભિનવ કાવ્ય-આલોકની! - રાધેશ્યામ શર્મા


નરસિંહનાં કેટલાંક પદો અંગ્રેજીમાં

Songs of Narasinh Mehta: આદ્યકવિ નરસિંહ મહેતાના નામથી ક્યો ગુજરાતી અજાણ હશે ? એમનાં જ્ઞાનભક્તિનાં અનેક પદો પેઢી-દર-પેઢી કંઠોપકંઠ ગુજરાતીઓને વારસામાં મળ્યાં છે. એ બધાં પદોનું સંશોધન કરી નરસિંહ મહેતાની સમગ્ર કવિતાને પ્રકાશિત કરનારા આપણા મધ્યકાલીન સંશોધક-સંપાદક ડૉ.શિવલાલ જેસલપુરાએ પ્રસ્તુત પુસ્તકમાં નરસિંહનાં ૩૭ પદોનો સરળ પ્રવાહી અંગ્રેજીમાં અનુવાદ કરી આપ્યો છે. એ સાથે મૂળ ગુજરાતી પદો અને તેમાંના અઘરા શબ્દોના અર્થો તેમજ પદવિવરણ પણ મૂક્યાં છે. નરસિંહનાં જ્ઞાનભક્તિનાં પદોનો અર્થ વાંચનારને વધુ સ્પષ્ટ થશે અને નરસિંહના ઉત્તમ કવિત્વનો રસાસ્વાદ મળી રહેશે.


વળી, અહીં એ પદોના અંગ્રેજી સરળ અનુવાદોથી ગુજરાત બહાર વસનાર, અને ખાસ કરીને પરદેશમાં વસનાર, ગુજરાતીઓને પોતાની માતૃભાષાના આ એક ઉત્તમ કવિનો વારસો આસ્વાદવામાં સરળતા થશે. આ ઉપરાંત જે ગુજરાતીઓ અંગ્રેજી માધ્યમમાં તૈયાર થયા છે યા તો વિદેશમાં વસીને ગુજરાતી ભાષાની જાણકારી ખોઈ બેઠા છે તેમને માટે તો આ અંગ્રેજી અનુવાદો ઘણા આસ્વાદક

સર્જકસૃષ્ટિ : વ્યંગદષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]



તું તારા દિલનો દીવો થાને,
ઓ રે ઓ રે ઓ ભાયા.
- ભોગીલાલ ગાંધી 'ઉપવાસી'




સર્વ ભાષાઓની ઓઢી ઓઢણી,
દેહથી નિજના ગઈ દીપી ગઝલ.
- 'સગીર'

અને ઉપકારક બનશે. સાથે સાથે બિનગુજરાતી વાચકને પણ આ અંગ્રેજી અનુવાદો વાંચવાથી નરસિંહની કવિપ્રતિભાનો સાચો અંદાજ મળી રહેશે. આ પુસ્તકની કિંમત રૂ. ૬૦ રૂ.૪ રવાનગી ખર્ચ છે. પુસ્તક કુમાર કાર્યાલય, ૧૪૫૪, રાયપુર ચકલા, અમદાવાદ-૩૮૦૦૦૧એ સરનામેથી તેમજ **Sahitya-Sansodhan Prakashan, 13, Tejpal Society, Paldi, Ahmedabad-380007 (India).** એ સરનામેથી પણ મળી શકશે. ડિમાઈ કદનાં કાચા પૂઠાની બંધાઈમાં તૈયાર થયેલા આ પુસ્તકનાં કુલ પૃષ્ઠ ૯૪ છે. કુમાર કાર્યાલયમાંથી આ પુસ્તક રોકડેથી મળી શકશે અથવા એટલી રકમનો મનિ ઑર્ડર કરવો.

<u>પ્રાપ્ત પ્રકાશનો</u>

<u>ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય:</u> (રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧)નાં પ્રકાશનો: *વયઃસંધિ:* (જીવનના અને પ્રકૃતિનાં સંધિકાળનો મહિમા કરતી ગઝલો) સંકલનઃ બાપુભાઈ ગઢવી, ડિમાઈ સાઈઝ,કાચું પૂઠું, પૃ. ૧૧૨,રૂ. ૫૦. *લોહીનાં આલિંગનઃ* (પરંપરાગત કોમી સંવાદિતા વિશેનાં દર્શનો(સંકલિત), લે. ઝવેરચંદ મેઘાણી, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૧૪૪, રૂ.૭૫. *કે નદી વચ્ચે છીએ?(ગઝલસંગ્રહ) લે. બાપુભાઈ ગઢવી, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૨, રૂ.૫૦.રેકી* (અદ્‌ભુત ઉપચાર પદ્ધતિ) લે. સ્મિતા ભાગવત, ડિમાઈ સાઈઝ, કાચું પૂઠું, પૃ.૧૧૨, રૂ.૬૫. *યુદ્ધ અને યુદ્ધના નેતા* (લેખસંગ્રહ) લે. સ્વામી સચ્ચિદાનંદ, કાઉન સાઈઝ, કાચું પૂંઠું, પૃ. ૧૬૮,રૂ. ૪૫. *મંગળ-અમંગળ*(હાસ્ય કૃતિઓનો સંગ્રહ) લે. વિનોદ ભટ્ટ, કાઉન સાઈઝ, પાકું પૂંઠું, પૃ.૨૨૪, રૂ. ૮૫. *નર-નારીના સંબંધો અને લગ્નસંસ્થા*(લેખસંગ્રહ), લે. સ્વામી સચ્ચિદાનંદ, કાઉન સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૧૮૪, રૂ.૫૫. *નૈવેદ્ય* (રવીન્દ્રનાથ ઠાકુર કૃત) અનુવાદક : નગીનદાસ પારેખ,પ્ર. સમ્યક પ્રકાશન, ૩૪, પ્રોફેસર્સ કૉલોની, નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, નાની ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ. ૧૨૮, રૂ.૪૫. *(અનુસંધાન પૃ.૪૨૩)*

આજ સુધી અણનમ રહેલું હિમાલયનું સર્વોચ્ચ શિખર (૨૯૦૦૨ ફૂટ) એવરેસ્ટ જે પર આખરે ૨૯મી મે '૫૩ ને શુક્રવારે માનવીએ પોતાનો વિજય-ધ્વજ રોપ્યો.



અતીતમાં અવગાહન

આ વર્ષે જે શિખર સર કર્યાની સુવર્ણજયંતી છે તે

આખરે એવરેસ્ટનો પરાજય

દસ દસ આક્રમણો છતાં દુર્જેય રહેલા હિમાલયના શિખરમણિ એવરેસ્ટ ઉપર અગિયારમા આક્રમણે પરાસ્ત થયો છે અને દુનિયાનું [illegible] એ [illegible]



એવરેસ્ટનો પ્રથમ હિંદી આરોહક શેરપા તેનસિંહ

૨૬૯ (જૂન ૧૯૫૩)

નગાધિરાજના માથે [illegible] માનવીનાં પહેલી જ વાર ચરણ ચંપાયાં છે. શિલાના જમાનાથી માંડીને માનવી ભલે અણુયુગ હોય, ભલે વામન હોય; પરંતુ માનવનું મન વિરાટ છે. બુદ્ધિ શક્તિનાં એનાં શસ્ત્રો છે. [illegible] હાથની તેની [illegible] માં વિરાટનું [illegible] અનુભવતા માનવીએ આકાશને તાગવાને અસાધ્યને સાધવાને, અકળને કળવાને અને અશક્યને શક્ય બનાવવાને તેના શિશુકાળથી ફાળ ભરેલી છે. તેના શૈશવકાળથી માંડીને આજ સુધીની તેની સિદ્ધિઓ અનેક છે. બ્રહ્માંડનો કોઈ ખૂણો અગોચર ન રહેવા દેવો એ તેનો અચૂક નેમ છે. આકાશ, ભૌતિક નજરે એ આ પૃથ્વીથી બંધાયેલો છે, એટલે બ્રહ્માંડનો તાગ એનાથી સહેલે મેળવી શકાય તેમ નથી. એ માટે એણે વિજ્ઞાનની સહાય લીધી છે. પરંતુ પોતે જે પર વસે છે એ પૃથ્વીનો તો કોઈ ભાગ એ અપરિચિત કે અણખૂંદ્યો રહેવા દેવા તૈયાર નથી. પૃથ્વીના બંને ધ્રુવો આદિ સઘળા દેશોને અને વિષુવવૃત્તથી માંડી સઘળા અક્ષાંશોને તે ખૂંદી વળ્યો છે. [illegible] કરાળ પરિસ્થિતિનો તેણે સામનો કર્યો છે. એ જ [illegible]

દાયકાથી હિમાલયના સર્વોચ્ચ શિખર એવરેસ્ટના આરોહણ માટે પ્રેરી રહી હતી અને અનેક નિષ્ફળતાઓ તથા શહાદતો પછી છેવટે તે એ ઉત્તુંગશીર્ષ શિખરને નમાવવામાં સફળ થયો છે. ઈ. સ. ૧૯૩૩માં રટલેજના નેતૃત્વ નીચેના આરોહણ સુધીની માનવીના એ મહાન સાહસની રોમાંચભરી વિક્રમકથા 'કુમાર'ના દસમા વર્ષમાં ગુજરાતી વાચકો સમક્ષ પહેલવહેલી રજૂ થએલી. એ પછીનાં એવરેસ્ટના જ નહિ પણ નંદાદેવી, કામેટ, વગેરેનાં આરોહણોની કથા પણ 'કુમાર'માં આવતી રહી છે.

હિંદને માટે અનન્ય ગૌરવની હકીકત એ છે કે એવરેસ્ટના શિરોભાગ પર સૌ પ્રથમ પહોંચનાર માનવી એક હિંદી જ છે, અને તે શેરપા તેનસિંગ. આજ સુધીનાં એવરેસ્ટનાં આરોહણોમાં અનિવાર્ય બની રહેલા શેરપા તેનસિંગ તથા [illegible] આરોહક હિલારીની સાથે રહીને કોઈ માનવી જ્યાર સુધીમાં નહોતો પહોંચ્યો એટલી ઊંચાઈએ પહોંચી ગએલો. એના આ વિક્રમને [illegible] હિંદના નેતા [illegible] અંજલિ આપેલી છે. એ વખતે જ તેનસિંગને શ્રદ્ધા હતી કે પોતે એવરેસ્ટની (અનુસં. પૃ. ૪૨૩મે)

આખરે એવરેસ્ટનો પરાજય

(અનુસંધાન પૃ. [illegible] થી) [illegible] સુધી પહોંચી નહીં શકશે, અને એટલે તો આ સાહસની [illegible] નેતૃત્વની આરોહક ટુકડીને તેણે એ શરતે જ સાથ આપેલો કે એવરેસ્ટની ટોચે [illegible] પણના અંતિમ આરોહણમાં તેને સાથે રાખવામાં આવે; અને એની એ શરત માન્ય રાખવામાં આવેલી. [illegible] છે અને ન્યૂ ઝીલેન્ડના એક મધમાખી ઉછેરનારા ઈ. પી. હિલેરી નામના [illegible] ટુકડીમાંના એક [illegible] સાથે તેણે એવરેસ્ટ સર કર્યો છે. એ હિમશિખરે [illegible] જ [illegible] ની [illegible] છે તે [illegible] સાહસિકોના [illegible]. આ વિજય તો [illegible] અને [illegible] ગણાશે [illegible] આરોહક ટુકડીના [illegible] રાણી એલિઝાબેથના રાજ્યારોહણના [illegible] જ એ સમાચારને પ્રસિદ્ધિ આપી અને ઐતિહાસિક બનાવને [illegible] છે. આ પરાક્રમ [illegible] તો એ ટુકડી હિમાલયની [illegible] થી [illegible] ત્યારે જાણવા મળશે, પરંતુ જે કંઈ [illegible] સુધીમાં [illegible] આવવા પામી છે તે પણ એ વિષયનું [illegible] કરવાને પૂરતી છે.

[illegible] આ [illegible] માનવીના [illegible] કોઈ હોય તો તે એવરેસ્ટ છે. એ શિખરને તો [illegible] પોતાના [illegible] રાખી [illegible] છે. [illegible] જ્યોગ્રાફિકલ સોસાયટીએ અને આ [illegible] હિમાલય [illegible] નીચે [illegible] ટુકડીના [illegible] એવરેસ્ટના આરોહણનો [illegible] ઇતિહાસ છે. ઇ. સ. ૧૮[illegible]માં એવરેસ્ટ એ જગતનું સર્વોચ્ચ શિખર હોવાની જાણ [illegible] અને ત્યારથી જ [illegible] દિશાએ તે પર પહોંચવા [illegible] રહ્યા હતા. પરંતુ તિબેટનો [illegible] કોઈ રીતે ન [illegible] આપવા તૈયાર નહોતો. છેવટે ૧૯૨૧માં એ [illegible] મેળવી [illegible] ની [illegible] એક અંગ્રેજ [illegible] પર્વતારોહી ટુકડી સાથે તિબેટ [illegible]. એવરેસ્ટની ઉત્તર બાજુએ તેની ટોચ સુધી પહોંચવાનો [illegible] છે કે 'નોર્થ કોલ'ની ૨૩,૦૦૦ ફૂટની ઊંચાઈએ તે પહોંચેલી. ઇંગ્લેંડ પાછા [illegible] એવરેસ્ટનો વિજય [illegible] જાહેરાત કરી, પરંતુ એ કેવળ તેની એક કલ્પના રહી (જુઓ ૧૯૫૩)

[illegible] ૩-પર્વતમાં વિજય મેળવવાની [illegible] એક [illegible] મેલરી, [illegible] હિમાલય [illegible] 'શેરપા' [illegible] આરોહક [illegible] ઊંચાઈ [illegible] પરંતુ એમની [illegible] છે.

આ માટેનો [illegible] વિચાર [illegible] ઉપર [illegible] એવરેસ્ટ સર કરવાની [illegible] નેપાળ સરકારે તેના હિમાલય [illegible] પ્રતિબંધ મૂક્યો ને [illegible] તિબેટની [illegible] પહેરી તિબેટની [illegible] ૧૯૩૪ની [illegible] એ ત્યાંથી [illegible] તેની [illegible] 'તારસ [illegible] છું [illegible] હું [illegible] છું. [illegible] નહિ, [illegible] જ છે, અને [illegible]' [illegible] પાછા ફરી [illegible] પણ [illegible] 'આજનો સુંદર દિવસ છે....' [illegible] અંતિમ શબ્દો. ત્યારબાદ ૨૨,૦૦૦ ફૂટની [illegible] એનું શબ હાથ લાગેલું.

એવરેસ્ટ પર ૨૮,૨૫૦ ફૂટની ઊંચાઈએ પહોંચી [illegible] વ્યક્તિઓ [illegible] ની [illegible] આરોહક ટુકડી [illegible] જ હતી. [illegible] સાલની [illegible] ટુકડી [illegible] [illegible] ૨૭,૫૦૦ ફૂટની ઊંચાઈએ [illegible] અને ત્યાંથી [illegible] દિવસે [illegible] [illegible] રહે છે અને [illegible] ૧૫૦ [illegible] [illegible] ટોચ સુધી પહોંચી નહિ શકેલા. પરંતુ એવરેસ્ટ હવે [illegible] અપરાજિત નહિ રહી શકે એવી આશા તો [illegible] જ.

ઈ. સ. ૧૯૦૭માં, ઇંગ્લેંડની પર્વતારોહક [illegible] આલ્પાઇન [illegible] પ્રસંગે, [illegible] વગેરે આરોહકોએ એવરેસ્ટના આરોહણનો પ્રથમ સંકલ્પ કર્યો.

પરંતુ એ નેપાળ ને તિબેટની [illegible] કોઈ [illegible] એક દેશની [illegible] એ માટે અનિવાર્ય હતી. એ માટેના પ્રયાસો [illegible] પરંતુ [illegible] હતું. [illegible] તિબેટમાં [illegible] દિશાએથી આરોહણ [illegible] ન થાય તો નેપાળમાંથી [illegible] દિશાએથી [illegible] આરોહકોને, [illegible]

૧૯૨૧ની સાલમાં [illegible] પરવાનગી મેળવતાં [illegible] 'માઉન્ટ એવરેસ્ટ કમિટી'ની સ્થાપના [illegible] અને [illegible] મેલરી [illegible] એ ટુકડી [illegible] આરોહણ [illegible] અંતિમ [illegible] વિજયથી પૂરું [illegible] પરિસમાપ્ત થઈ.

૧૯૨૧ના આ ટુકડી [illegible] એવરેસ્ટની [illegible] મેળવી [illegible] અને મેલરી [illegible] [illegible] પરંતુ [illegible] એવરેસ્ટ [illegible] તેનો પ્રમાણમાં [illegible] એવરેસ્ટ પર [illegible] ૨૮,૦૦૦ ફૂટની ઊંચાઈએ [illegible] છે. [illegible] પર્વતારોહકો [illegible] એવરેસ્ટના [illegible] તેનસિંગ ને હિલેરી [illegible] નહિ [illegible] આવશે.

એવરેસ્ટની ૨૩,૦૦૦ ફૂટ [illegible] ઊંચાઈ સુધી તો પર્વતારોહક [illegible] છે. પરંતુ એ પછીના ૬,૦૦૦ ફૂટ [illegible] પૂરા કરવાના હોય છે. [illegible] પણ [illegible] અને [illegible] વાતાવરણ [illegible] અને [illegible] છે અને [illegible] થઈ જાય છે. આ [illegible] જ [illegible] ૬,૦૦૦ ફૂટ માટે [illegible] છે.

(અનુસંધાન [illegible])

આ છાવણીઓ સુધી માત્ર અનિવાર્ય ગણાય એવી વસ્તુઓ જ લાવવામાં આવે છે, કારણકે ૨૧,૦૦૦ ફૂટની ઊંચાઇએ માણસ ૨૦ પૌંડથી વધુ વજન ઊંચકી જ નથી શકતો.

ઈ. સ. ૧૯૨૧માં લે. કર્નલ હાવર્ડ બરીના આગેવાની નીચેના પ્રથમ પ્રયાસથી માંડી ચાલુ સાલના કર્નલ હન્ટની આગેવાની નીચેના આખરી પ્રયાસ સુધીમાં એવરેસ્ટનાં થએલાં આરોહણો અને તેમાં સર થએલી ઊંચાઈની તવારીખ નીચે મુજબ છે: ૧૯૨૧: નેતા-લે. ક. સી. કે. હાવર્ડ બરી, ૨૩,૦૦૦ ફૂટ; ૧૯૨૨: નેતા-બ્રિગેડિયર જનરલ સી. જી. બ્રૂસ, ૨૭,૩૦૦ ફૂટ; ૧૯૨૪: નેતા-જનરલ બ્રૂસ, ૨૮,૧૫૦ ફૂટ; ૧૯૩૩: નેતા-રટલેજ, ૨૮,૧૦૦ ફૂટ; ૧૯૩૫: નેતા-એરિક શિપ્ટન, ૨૩,૬૦૦ ફૂટ; ૧૯૩૬: નેતા-રટલેજ, ૨૩,૦૦૦ ફૂટ; ૧૯૩૮: નેતા-એચ. ટિલમૅન, ૨૭,૩૦૦ ફૂટ; ૧૯૫૧: નેતા-એરિક શિપ્ટન, ૨૬,૬૦૦ ફૂટ. આ બધી ટુકડીઓ બ્રિટિશ ટુકડીઓ હતી. ત્યાર બાદ ગઈ સાલનાં બે સ્વિસ ટુકડીઓનાં આરોહણો નીચે મુજબ હતાં: નેતા-ડૉ. આર. ડ્યુરાન્ટ, ૨૮,૨૦૦ ફૂટ; નેતા-ડૉ. આર. શેવાલી, ૨૬,૫૭૫ ફૂટ.

આ ઉપલા બ્રિટિશેતર આરોહણમાં પણ તેનસિંગ જ સૌથી વધુ ઊંચાઇએ પહોંચેલો. હિંદે અભિમાન લેવા જેવું એ છે કે, એવરેસ્ટની પ્રથમ શોધનું માન એક હિંદીને છે અને હવે તેના વિજયનું માન પણ એક હિંદીને જ સાંપડ્યું છે. જેના નામ પરથી હિમાલયના એ શિખરને 'એવરેસ્ટ' નામ આપવામાં આવ્યું છે, એ સર જ્યૉર્જ એવરેસ્ટ તો હિંદ સરકારના મોજણી ખાતામાંથી ૧૮૪૫માં નિવૃત્ત થઈ ગએલા. જગતનું એ સર્વોચ્ચ શિખર હોવાની શોધના માનના સાચા અધિકારી છે શ્રી રાધાનાથ સિકદાર. એ આજીવન અવિવાહિત રહેલા અને ૧૮૭૦માં અવસાન પામ્યા. એમના નામ પરથી એવરેસ્ટનું હાલનું નામ બદલાવી તેને રાધાનાથ શિખર નામ આપવાને પણ કેટલાક લોકોએ ઊહાપોહ કર્યો છે, પણ તેમ બનવું સંભવિત લાગતું નથી. અમેરિકાની શોધ કોલંબસે કર્યા છતાં ઈટાલિયન ખલાસી એમેરિગો વેસપુચીનું નામ એ નવા ખંડને અપાઇ ગયા પછી એ ભૂલ સુધારવાનો આગ્રહ જેમ કોઈ પ્રદર્શિત નથી કરતું તેમ એવરેસ્ટની નામસુધારણાનો આગ્રહ પણ જતો કરવા યોગ્ય છે.

(જૂન ૧૯૫૩) ૨૦૮

[કુમાર અંક : ૩૫૪, જૂન - ૧૯૫૩, પૃ. ૨૧૯, ૨૨૭ અને ૨૦૮ માંથી તે સમયે પ્રકટ થયેલો એવરેસ્ટ પરાજયનો લેખ.]

હિલેરી અને તેના સાથી તેન્ઝિંગના સંયુક્ત સાહસની ચિરંજીવ સ્મૃતિમાં



એડમન્ડ હિલેરી



મોહન મનસુખાજી હમેશાં હાથમાં લાકડી રાખતા. જરા હતા પણ ભેજાગેપ. મારા એક મિત્ર એક દહાડો એમની જોડે કંઈક વાતો કરતાં હતા એવામાં હું જઇ ચડ્યો.

'આ મનસુખાજી હમેશાં લાકડી હાથમાં ને હાથમાં જ રાખે છે; તે શા માટે, તમને ખબર છે?' મને મારા મિત્રે પુછ્યું.

મેં કહ્યું. 'ના'

'અક્કલ પોતાનો પાસ ન આવે એટલાં માટે [illegible] કે તરત મારવા લાગ!'

[કુમાર અંક : ૨૧, ભાદરવો - ૧૯૮૧]

♭ કલાવાર્તા ♭

વિશ્વના મહાન ચિત્રકારો-૧૭: ગોયા



ગોયા ક્હેતો, 'કુદરતમાં તમને ક્યાં રેખાઓ દેખાય છે! પસાર થતી વ્યક્તિના માથા પરના વાળ હું ગણતો નથી, કે નથી એના કોટનાં બટન ગણતો. હું જોઉં એનાથી વિશેષ મારું બ્રશ જુએ, એ વાત મને સમજાતી નથી.'

એનો જન્મ ૧૭૪૬ના માર્ચની ૩૦મી એ, પશ્ચિમ સ્પેનમાં વસેલ FUEN DE TODOS ગામમાં થયેલો. પિતાનો પેશો ધાતુઓ પર ઢોળ ચડાવવાનો. એની ૧૪ વર્ષની વયે પિતા સપરિવાર સારાગોસામાં આવીને વસ્યા. અહીં ચિત્રકાર જોસ લુઝાન પાસે ગોયાએ ચિત્રકામ શીખવાનું આરંભ્યું. ધાર્મિક વિષયો પરનાં ચિત્રોમાંનાં અનાવૃત પાત્રોને રંગોના લેબાશ પહેરાવવાનું કામ એ શરૂમાં કરતો. આ કામ માટે એને 'Reviser of Indecent Painting'નો ખિતાબ મળેલો. સારાગોસામાં એ ચિત્રકાર BAYEUના સંપર્કમાં આવ્યો. પછી તો તેની સાથે એય મૅડ્રિડ પહોંચી ગયો. રાજ્યાશ્રય મળતો હોવાને કારણે યુરોપના ઘણા કલાકારો અહીં આવીને વસેલા. વેનિસથી આવેલ ચિત્રકાર TIEPOLO અને જર્મનીથી આવેલ ANTON MENGSનાં ચિત્રોનો પ્રભાવ ગોયાનાં ચિત્રોમાં વરતાય છે.

૧૭૭૦માં ઈટલીની ઍકેડમી ઑફ આર્ટ દ્વારા યોજાયેલી ચિત્રસ્પર્ધામાં ફ્રાન્સીસકો-દ-ગોયાનું નામ પહેલી કોટિના સ્પર્ધકો ભેગું ચર્ચાતું થયું. બે વર્ષ બાદ BAYEUની બહેન જોસેફા સાથે એ પરણી ગયો. એ જ વર્ષમાં ટેપેસ્ટ્રી વણવાની રૉયલ ફૅક્ટરીમાં એને કામ કરવાની તક મળી. ૧૭૮૦માં એ મૅડ્રિડની ઍકેડેમીના સભ્યપદે ચૂંટાયો. પાંચ વર્ષમાં જ એ ડેપ્યૂટિ ડિરેક્ટર ઑફ પેઇન્ટિંગના હોદ્દા પર નિમાયો. ૧૭૮૯માં સ્પેનના રાજા ચાર્લ્સ-૪ દ્વારા ગોયા રાજ્યના ચિત્રકાર તરીકે નિમાયો. ચિત્રકામ કરતાં સફેદ રંગના સંસર્ગમાં આવવાનું થતું હોવાને કારણે, લેડ પોઈઝનિંગનો એ ભોગ બન્યો. એમાંથી એને સીફીલીસનો રોગ લાગુ પડ્યો. આટલું ઓછું હોય તેમ, પક્ષાઘાતની અસર વરતાવા લાગી, ને આંખે ઝાંખપ વળવી શરૂ થઈ. બાકી હતું તે એની શ્રવણશક્તિ ગુમાવી બેઠો. આ બધાંને પરિણામે એ નર્વસ બ્રેક ડાઉનનો ભોગ બન્યો. આ બધી શારીરિક, માનસિક યાતનાની અસર એનાં ચિત્રોમાં પ્રતિબિંબિત થતી રહેલી. આ ગાળામાં સર્જાયેલાં એનાં ચિત્રોમાં સ્વૈરવિહારી કલ્પનાનાં લક્ષણો વિશેષ જોવા મળે છે. આ ચિત્રો આત્મલક્ષી વધારે છે. એમાં ઝાઝી કલ્પનાશીલતા નથી. આમ છતાં આ ચિત્રોએ ગોયાનું નામ મૅડ્રિડના કલાજગતમાં રમતું કરી મૂકેલું.

૧૭૯૫માં એ આર્ટ ઍકેડમીનો ડિરેક્ટર નિમાયો. ૧૭૯૯માં એ રાજનો મુખ્ય ચિત્રકાર નિયુક્ત થયો.

શારીરિક પીડાઓએ ગોયાને નિરાશાવાદી બનાવી દીધેલો. એ બધાંથી અલિપ્ત રહેવાનું પસંદ કરતો, એ આદર્શવાદી નો'તો. એને કબૂતરોનો શિકાર કરવાનો ભારે શૉખ હતો.

ગોયાના સમયમાં સ્પેન ગૃહયુદ્ધના ખપ્પરમાં હોમાયું. આ રાજકીય ઊથલપાથલ દરમિયાન ઘણા કલાકારો સ્પેન છોડીને ફ્રાન્સભેગા થઈ ગયેલા. ગોયા પણ એમના ભેગો પૅરિસ ઊપડી ગયેલો. ૧૮૧૧માં ફ્રાન્સના રાજાએ ગોયાને રૉયલ ઑર્ડર ઑફ સ્પેનના ઈલ્કાબથી નવાજ્યો, પણ પછી મુશ્કેલીમાં મુકાઈ ગયેલો. દુશ્મન દેશ દ્વારા



ધ નેકેડ માજા

અર્પણ કરવામાં આવેલ મેડલ ગોયાએ સ્વીકાર્યો છે ખરો, પણ એણે એ મેડલ કદી પહેર્યો નથી. એવી એના વગદાર મિત્રોની દલીલો સ્પેનના રાજાને ગળે ઊતરી હશે. નહીં તો એને દેશદ્રોહીમાં ખપાવીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હોત!


સ્પેનના રાજાને ખુશ કરવા ગોયાએ બે ચિત્રો સર્જ્યાં. The Second of May અને બીજું, The Third of May. પહેલામાં સ્પેનવાસીઓનાં ફ્રેન્ચ શાસન સામેના વિપ્લવનું નિરૂપણ છે, બીજામાં વિપ્લવને બર્બરતાથી કચડી નાખતા ફ્રેન્ચ શાસકોનું ચિત્રણ છે.

ગોયાએ નિહાળેલી યુદ્ધની ભીષણતાની છાયા એનાં ચિત્રો પર પથરાયા વિના રહી શકી નથી. આ ગાળાનાં એનાં સર્જનોમાં ઉદાસી છવાયેલી લાગે છે.


૧૮૧૨માં ગોયાની પત્નીનો સ્વર્ગવાસ થાય છે એ પછી એક પરિણીત સુંદરી સાથે એ સ્નેહસંબંધ બાંધી બેસે છે.

સ્પેનના રાજા ફર્ડિનાન્ડને ગોયાનાં ચિત્રોમાં ઝાઝો રસ નો'તો. આમ છતાં રાજના કલાકાર તરીકે નિવૃત્ત થયો પછી રાજાએ એને માતબર નિવૃત્તિવેતન બાંધી આપેલું. ૧૮૧૫ પછી ગોયાએ માત્ર નિજાનંદ માટે જ બ્રશ ચલાવ્યું. એના જીવન જીવવાનો ઉલ્લાસ છેવટ સુધી ઓસર્યો નો'તો.

ગોયા એના સમયનો યુરોપનો સર્વોત્કૃષ્ટ સર્જક લેખાય છે. એની મૌલિકતા, માનવીના વિભિન્ન મનોભાવોને રંગો દ્વારા નિરૂપવાનું એનું કૌશલ્ય તથા



ધ સેકન્ડ ઑફ મે



વસ્ત્રો પરિધાન કરેલી માજા

ચિત્રસર્જનની એની મુક્ત નિર્બંધ ટેક્નિકની બાબતમાં એનો જોટો જડવો મુશ્કેલ.

ટેપેસ્ટ્રીની ડિઝાઇનોની અનુકૃતિઓ કરીને એણે કલાવિશ્વમાં પદાર્પણ કરેલું. ૧૭૮૦ પછી એની કલામાં આમૂલ પરિવર્તન આવ્યું. ધાર્મિક વિષયો પરનાં ચિત્રો સર્જવામાં એને સારી ફાવટ આવેલી. એની નાદુરસ્ત તબિયતની અસર એનાં ચિત્રો પર પડતી રહેલી.

વ્યક્તિચિત્રો અને કલ્પનાસભર ચિત્રો સર્જવામાં ગોયા મહાન ચિત્રકારોની ઊંચાઈઓ સિદ્ધ કરે છે.એ કહેતો: 'વેલેસ્કવીઝ રેંબો અને પ્રકૃતિ મારા ગુરુ છે'. વ્યક્તિચિત્રોમાં રંગો પ્રયોજવાની કલા એ સ્પેન અને હોલૅન્ડના કલાકારો પાસેથી શીખ્યો. એનાં ચિત્રોમાં એણે માનવીની પીડાને તથા ઉત્સવોના ઉમંગને વાચા આપી છે. એણે શહીદોની યાતનાને કૅન્વાસ પર પ્રભાવક રીતે ઝીલી છે. **Hieronymus Bosch** નાં ચિત્રો જોયાં પછી એની અસરમાંથી એનાં ચિત્રો મુક્ત રહી શક્યાં નથી.

ગોયાએ ઉત્કૃષ્ટ કોટિનાં ઇચિંગ પણ સર્જ્યાં છે. **The Caprichos Itchings**ની સીરિઝમાં કલાકારે માનવ સ્વભાવની કાળી બાજુ નિરૂપી છે. આ કૃતિઓમાં કલાકારનો મુક્ત કલ્પનાવિહાર છતો થાય છે. માનવ સ્વભાવની દુષ્ટ ભાવનાઓ નિરૂપતાં ઘણાં **Black Paintings** એણે નિજાનંદ માટે સર્જેલાં. ત્યારે કલામાં **Self expression** એ સાવ નવી બાબત લેખાતી. આ **Black Paintings** થી એણે એના નિવાસની દીવાલો શણગારેલી.

ગ્રાફિક્સમાં ગોયા અદ્‌ભુત કૌશલ્ય દાખવે છે. એ પેન્સિલ, શાહી તથા બ્રશ વૉશથી ગ્રાફિક્સનું સર્જન કરતો, એણે કેટલાંક શ્રેષ્ઠ એન્ગ્રેવિંગ પણ કર્યાં છે. એણે એની ત્રણ શ્રેણી કરેલી.**The Disasters of War** શ્રેણીમાં માનવીની મૂર્ખતાનાં વિવિધ પાસાં રજૂ થયાં છે. ગોયાએ આલેખેલ યુદ્ધનાં દશ્યોમાં કોઈ નાયક નથી. એ શહીદી વહોરી લેનારાઓની ગૌરવ ગાથા પણ નથી. એમાં તો નિરૂપાઈ છે માનવીની યાતનાઓ. એમાં રજૂ થયું છે મોતનું નિર્મમ સામ્રાજ્ય. આજેય એ કલાકૃતિઓ પ્રસ્તુત અને પ્રભાવક છે કારણ એમાં પ્રકાશ અને અંધકાર વચ્ચે નિરંતર ચાલતા રહેતા સંઘર્ષનું નિરૂપણ છે.

ફ્રેન્ચ રાજવી દ્વારા અર્પણ કરવામાં આવેલ મેડલ સ્વીકારવાને કારણે પોતાના પર ખફા થયેલ સ્પેનના રાજાને ખુશ કરવા ગોયાએ બે ચિત્રો દોર્યાં:**The Second of May** અને **The Third of May.**

શાસકોને ચિત્રકારે ચહેરાવિહોણા દર્શાવ્યા છે. સ્પેનવાસીઓના ચહેરા પર ભય, આક્રોશ, હતાશાના ભાવો તરવરે છે. એક સ્પેનવાસીને ઈસુની મુદ્રામાં બે હાથ પસારીને શહાદતને ભેટતો દર્શાવાયો છે અન્ય વિપ્લવીઓ કરતાં એને કલાકારે વિશાળ કદનો ચીતર્યો છે.

The Naked Maja ચિત્રની મોડેલ એલ્બાની રૂપાળી ડચેસ હોવાનું મનાય છે. પોતાનાથી ૧૬ વર્ષ નાની આ વિધવા સાથે ગોયા પ્રેમસંબંધ બાંધી બેઠેલા. આ ડચેસનાં ઉન્માદકારી રેખાંકનોય ગોયાએ ઘણાં કરેલાં.

The Clothed Maja: આ ચિત્ર અનાવૃત માજા કરતાં વધારે મોહક બન્યું છે. ચિત્રમાં પાત્રે પરિધાન કરેલ વસ્ત્ર એના દેહને ચુસ્તપણે ચીપકી જઈને એનાં અંગોપાંગના મરોડને સુપેરે ઉપસાવે છે.આ ચિત્રમાં ગોયાનું બ્રશ કેનવાસ પર પૂરા આત્મવિશ્વાસથી ફરતું રહ્યું છે. મોડેલના હોઠની લાલાશ અને ગાલ પર રેલાયેલી ગુલાબી ધ્યાનાકર્ષક છે. મોડેલના વ્યક્તિત્વની લાક્ષણિકતાને રંગો અને બ્રશ દ્વારા વ્યક્ત કરવાની ગોયાને સારી ફાવટ છે.

The Colossus: એક સ્પેનિશ કવિની કવિતાની પંક્તિએ ગોયાને આ ચિત્ર સર્જવા પ્રેરેલો. યુદ્ધથી ત્રસ્ત થઈને ભાગતા ટોળા પર ઝળૂંબતો કોલોસસ ભયાવહ લાગે છે.

Saturn Devouring His Son: પોતાનાં જ સંતાનો એનો નાશ કરશે એવા ભયથી પ્રેરાઈને શનિ એ બધાનો ભક્ષ કરી જાય છે. ગોયા પોતે વૃદ્ધાવસ્થાથી ગભરાટ અનુભવતો. આ દંતકથામાં રહેલ બર્બરતાનું તત્ત્વ એને સ્પર્શી ગયેલું. ચિત્રમાં પોતાના સંતાનનો ભક્ષ કરતા શનિનું દશ્ય કેવું જુગુપ્સા પ્રેરક લાગે છે!

The Madhouse: આ ચિત્રમાં માનસિક વ્યાધિથી પીડાતાં લોકોની યાતનાનું નિરૂપણ છે. ચિત્રમાં ગોયાએ ગાંડાઓને ધર્મગુરુઓ અને રાજવીઓના વેશ પહેરાવ્યા છે.

વ્યક્તિચિત્રો દોરવામાં પણ ગોયા



ધ કૉલૉસસ



શનિ તેના એક દીકરાને ગળે છે.

એટલો જ પાવરધો હતો. Dona Isable de Porcelના આ પાર્ટ્રેટમાં ગોયાએ ડોનાની મોહકતા તથા દોર-દમામ સુપેરે કેનવાસ પર ઉતાર્યા છે. એણે બ્રિટિશ સૈન્યના જનરલ ડ્યૂક ઑફ વીલિંગટનનું વ્યક્તિચિત્ર પણ કર્યું છે.ચિત્ર તૈયાર થઈ ગયા પછી, ડ્યૂકને મળેલ મેડલો ડ્યૂકના યૂનિફોર્મ પર ચીતરવાની કપરી કામગીરી ગોયાને ડ્યૂકના આગ્રહને વશ થઈને કરવી પડેલી.

Self-portrait with Dr. Arrieta: આ વ્યક્તિચિત્ર ગોયાએ માંદગીને બિછાનેથી ઊઠ્યા પછી દોરેલું. ચિત્રમાં ડૉક્ટર ગોયાને દવાનો ઘૂંટ પાઈ રહ્યા છે. પશ્ચાદ્‌ભૂમાં કાળા, અમંગલ આકારો દેખાય છે.

The Royal Family:ચિત્રમાં રાજા તથા રાણી ભઠિયારાં ભાસે છે, એમ એક વિવેચકે આ ચિત્ર જોઈને કહેલું. ગોયાને જો કે, કોઈની ખુશામત કરવાનું ફાવતું નો'તું. એટલે કદાચ એણે રાજા-રાણીનું વાસ્તવિક ચિત્રણ કર્યું હશે.

House of the Deaf Man: ૧૮૧૯ ગોયાએ નદી કિનારે એક વિશાળ મકાન ખરીદેલું. પોતાના મકાનને એ બધિર નિવાસ(House of Deaf Man) તરીકે ઓળખાવતો. એના મકાનની દીવાલોને એણે ૧૪ અમંગલ ચિત્રો(Black paintings)થી શણગારેલી.



ભારતની પવિત્ર નદી ગંગા

The sleep of Reason Produces Monsters: આ ગોયાનું જગમશહૂર ઈચિંગ છે. જ્યારે માનવીની વિવેકબુદ્ધિ નિદ્રાવસ્થામાં હોય છે ત્યારે એની પાશવી વૃત્તિ સ્વૈરવિહાર કરતી થઈ જાય છે, એમ ગોયા માનતો.

ગોયાએ ૬૩ જેટલાં પૂર્ણ કદનાં કાર્ટૂનો પણ કર્યાં છે. સંગીતના ક્ષેત્રમાં જે સ્થાન બિટોવનનું છે, એ જ સ્થાન ચિત્રકલાક્ષેત્રે ગોયાનું છે એમ તજ્જ્ઞોનું કહેવું છે. ૮૨ વર્ષની વયે આ મહાન સર્જક પક્ષાઘાતના હુમલાનો ભોગ બન્યો. હુમલો જીવલેણ નીવડ્યો. ૧૬-૪-૧૮૨૮ના રોજ એણે સદાને માટે આંખો મીચી દીધી.

-નટુ પરીખ/હરીત પંડ્યા

— કલાવૃત્ત —

ઋષાલિ પરીખનાં પ્રકૃતિપ્રેરિત અમૂર્ત ચિત્રો

૧૯૯૧માં જન્મેલી ઋષાલિએ નાનપણથી જ ચિત્રકલામાં રસ ધરાવ્યો હતો. નાનપણમાં તેણે પક્ષીઓનાં ચિત્રોની અનુકૃતિઓ કરી હતી. ફિનલૅન્ડની મુલાકાત પછી તેનાં ચિત્રસર્જનમાં મોટું પરિવર્તન આવ્યું. તેણે કરેલાં ત્વરાલેખનોનું ધીમે ધીમે ચિત્રોમાં રૂપાંતર થવા લાગ્યું. પેન અને ઇન્કમાં આલેખાયેલાં દૃશ્યચિત્રો આ સમયે ખરેખર નોંધપાત્ર રહ્યાં, છતાં રંગની તેમાં ગેરહાજરી હતી. તેથી તેની માતુશ્રીનાં રંગીન અમૂર્ત ચિત્રોમાંથી પ્રેરણા લઈ ઋષાલિએ અમૂર્ત શૈલીમાં સ્ટિલ લાઇફ લાગે તેવાં ભૌમિતિક રૂપો યા પ્રતીકોની મદદ લઈ ખૂબ જ આકર્ષક અને મનોહર ચિત્રશ્રેણી તૈયાર કરી, જે કન્ટેમ્પરરી આર્ટ ગૅલરિમાં પ્રદર્શિત થઈ. આ ચિત્રોનાં પ્રદર્શનનું ઉદ્ઘાટન જાણીતા સમકાલીન કલાકાર શ્રી અમૃત પટેલે કર્યું.

ઑઈલ પેસ્ટલમાં સર્જાયેલી અમૂર્ત મેઘધનુષી રંગોની પૅલૅટવાળી સંરચનાઓમાં પ્રકૃતિનાં તત્ત્વોને ઋષાલિ ખૂબ જ કલાત્મક તથા સંવેદનપૂર્વક વિવિધ પોત તથા રંગરૂપોના સર્જન દ્વારા રજૂ કરી શકી છે. તેમાં આકારો પણ બહાર ઊભરી આવ્યા છે. અહીં રંગોનું અને રૂપોનું સાયુજ્ય સધાયું છે.



પેપર પર ઑઈલ પેસ્ટલ (માધ્યમ)

પ્રદીપ શિન્દેનાં લોખંડમાં સર્જાયેલાં શિલ્પો

જહાંગીર આર્ટ ગૅલરિ, મુંબઈમાં પ્રદર્શિત થયેલાં યુવા મહારાષ્ટ્રિયન શિલ્પકાર પ્રદીપ શિન્દેનાં લોખંડમાં મનઃસ્થિતિ નિરૂપતાં પ્રાણી, પક્ષીઓએ કલાવિવેચકોનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. પ્રદીપે સર જે.જે.સ્કૂલ ઑફ આર્ટ, મુંબઈમાંથી શિલ્પ તથા મોડેલિંગમાં જી.ડી. આર્ટની પદવી પ્રાપ્ત કરી છે. તેમને તેમની કૃતિઓ માટે ચાર ગૌરવપ્રદ ઇનામો પ્રાપ્ત થયાં છે. ૧૯૯૭થી લઈ અત્યાર સુધીમાં તેમણે મુંબઈ તથા પૂણેમાં અમરાવતીમાં પ્રદર્શનોમાં ભાગ લીધો છે તથા વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં છે. તેમનાં શિલ્પો જાણીતી સંસ્થાઓ તથા વ્યક્તિઓના સંગ્રહમાં સચવાયાં છે.

લોખંડ જેવી કાટ લાગી શકે તેવી ધાતુમાં તથા તેના પર પેટિનેશન કરી અને જુદા જુદા લોખંડના ટુકડાઓને વેલ્ડિંગ વડે જોડી પ્રદીપે ભેંસોને દોરી જતા ગોવાળનું શિલ્પ, કૂદકા મારતા ત્રણ અશ્વોનું શિલ્પ, મરઘાનાં ભાવનાત્મક શિલ્પો તથા બગલાના એક જ શિલ્પમાં બે બગલાનો પોઝ દર્શાવતું શિલ્પ આદિમાં તેમની લાક્ષણિક્તાઓનું દર્શન થાય છે. -બંસીલાલ દલાલ



મરઘો (શિલ્પકાર : પ્રદીપ શિંદે)

(અનુસંધાન પૃ. ૪૧૬થી)

<u>ઈમેજ પ્રકાશન પ્રા. લિ.</u>(૧૯૯/૧, ગોપાલ ભુવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨ અને ૧-૨, અપર લેવલ, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ- ૩૮૦ ૦૦૬)નાં પ્રકાશનો: *પ્રેમચંદકૃત ગોદાન*(હિંદી નવલકથાનો ગુજરાતી કથાસંક્ષેપ) લે. બાબુ દાવલપુરા, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૭૨,રૂ.૫૦. *ઝલક-BAR : ઝલક ભાગ ૧૨*(જુદાં જુદાં અવતરણોની વિચારણા) લે. સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ,કાચું પૂંઠું, પૃ.૧૧૨, રૂ૭૦. *ફ્લેમિન્ગો*(વાર્તાસંગ્રહ) લે. પન્ના નાયક, ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૧૨૮, રૂ.૮૦. *હું તો તમને પ્રેમ કરું છું રૂમી (રૂમીની રૂબાઈઓ)* અનુવાદ:સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂંઠું, પૃ.૧૪૪,રૂ.૨૦૦. <u>પ્રણવ પ્રકાશન</u>(બી/૩૩, પ્રિયદર્શિની એપાર્ટમેન્ટ્સ-૨, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧૫)નાં પ્રકાશનો: *નિમિષા* (કાવ્યસંગ્રહ) લે.ગોવિન્દભાઈ, ક્રાઉન સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૧૨૮, રૂ.૫૦. *સ્વાર્પણના ગામમાં*(કાવ્યસંગ્રહ) લે, ગોવિન્દભાઈ, ક્રાઉન સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૧૨૮,રૂ.૪૫. *ઉત્સવની અંત્યાક્ષરી* (કવિ-રવિ ચિન્તનિકા પુસ્તક-૩) લે. ગોવિન્દભાઈ, ક્રાઉન સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૧૨૮,રૂ.૪૫. *હૈયું ય એક વ્યક્તિ છે* (કાવ્યસંગ્રહ) લે. ગોવિન્દભાઈ, ક્રાઉન સાઈઝ, કાચું પૂંઠું, પૃ.૧૨૮, રૂ.૪૫.

<u>અન્ય પ્રકાશકોનાં</u>

યોગાસન(આસનોની સંપૂર્ણ માહિતી દર્શાવતી પુસ્તિકા) લે. ડૉ. પી. ડી. શર્મા, પ્રકાશક: નવનીત પબ્લિકેશન(ઈન્ડિયા) લિ. દંતાલી(ગુજરાત), ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું, પૃ. ૧૫૨, રૂ.૨૫

યોગાસન (આસનોની સંપૂર્ણ માહિતી દર્શાવતી પુસ્તિકા) લે. ડૉ. પી.ડી.શર્મા, પ્રકાશક: નવનીત પબ્લિકેશન્સ(ઈન્ડિયા) લિ. દંતાલી (ગુજરાત), ડિમાઈ સાઈઝ, કાચું પૂંઠું,પૃ.૧૫૨, રૂ.૨૫. (ક્રમશઃ)

કલાસ્મૃતિ

ચિત્રકાર : શ્રી અકબર પદમસી



સન ૧૯૫૪માં એક ભારતીય યુવાન ચિત્રકાર, જે તાજેતરમાં પૅરિસથી પાછા આવેલા અને જહાંગીર આર્ટ ગૅલરી, મુંબઈમાં જેમનું પ્રથમ વૈયક્તિક પ્રદર્શન શરૂ થવાની તૈયારી ચાલતી હતી. ત્યાં પ્રદર્શન-ખંડમાં, થોડાક પોલીસવાળા આવ્યા અને પ્રદર્શિત કૃતિઓ જેમાં નગ્ન તેમજ અર્ધનગ્ન ઉપરાંત એક પુરુષે એક સ્ત્રીના વક્ષઃસ્થળ ઉપર હાથ નાખેલો છે તેવાં ચિત્રો ઉતારી લેવાની રજૂઆત કરી. કલાકારે ચિત્રો હઠાવવાની ના પાડી, પોલીસો કલાકારને પકડીને લઈ ગયા, મામલો કોર્ટમાં પહોંચ્યો. કેટલાક મિત્રોએ કલાકારને સમજાવ્યો. થોડાંક વર્ષો પહેલાં ચિત્રકાર સોઝા સાથે પણ આમ જ થયેલું. તેમણે ચિત્રોમાં થોડાંક નગ્ન પાત્રો દોરીને કામ ચલાવેલું, પણ આ ચિત્રકાર અડગ રહ્યા. ખટલો લગભગ એક વર્ષ ચાલ્યો. ચુકાદો આ કલાકારના પક્ષમાં આવ્યો છતાં નાસીપાસ થયેલા આ કલાકારે સામાન બાંધ્યો અને પાછા પૅરિસ જવા ચાલતી પકડી, જ્યાં તેમને ચિત્રસર્જનની સંપૂર્ણ આઝાદી હતી.

ઉપરોક્ત બનાવથી આ કલાકારને મુંબઈના ધનિક ભદ્ર સમાજમાં જાણીતો કરી દીધો, જેનો લાભ તેમને પાછળનાં વર્ષોમાં ભરપૂર રીતે મળ્યો. આ કલાકાર તે આજના પ્રખ્યાત ચિત્રકાર શ્રી અકબર પદમસી. સન ૧૯૨૮માં મુંબઈમાં જન્મ, સન ૧૯૪૫-૪૯ દરમિયાન ફાઈન આર્ટનો ડિપ્લોમા સર જે.જે. સ્કૂલ ઑફ આર્ટ્સ, સન-૧૯૬૫ જે. ડી. આર. ફંડ ફેલોશિપ, સન ૧૯૬૯-૭૦ નેહરુ ફેલોશિપ. ઘણાં બધાં વૈયક્તિક અને સંયુક્ત પ્રદર્શનો યોજાયાં, જેમાં મહત્ત્વનાં સન ૧૯૫૨ પૅરિસ, સન ૧૯૫૭, વાનાડોરા, સન ૧૯૬૭ કૅનેડા માં સન ૧૯૮૮-૯૨, તેમની કલાકૃતિઓ સંગ્રહાઈ છે તેમાં શ્રી અલકાઝી આર્ટ હેરિટેજ, ગ્લેનબારામ્યૂઝીઅમ, જાપાન મિનિસ્ટ્રી ઑવ કલ્ચર, હાફમૅન ક્લેકશન-જર્મની, તેમજ નૅશનલ ગૅલરિ ઓવ મોડર્ન આર્ટ- ન્યૂદિલ્હી મુખ્ય છે.

શ્રી પદમસી, રઝાએ તેમને પૅરિસ આવવાનું આમંત્રણ આપ્યું. તેઓ મારસેલમાં ઊતર્યા, અહીં વિવિધ પ્રકારના કલાભ્યાસમાં પદમસી જોડાયા. પદમસીની શરૂઆતની રચનાઓમાં, પૅરિસની ગલીઓનાં ગરીબ ભિક્ષુક પાત્રોમાં અંધારિયા રુક્ષ-ભૂખરા રંગો અને દરિદ્રતાનાં દર્શન થાય છે, જેમાં મોટાં કૅનવાસ, કૅનપાસની લાંબી પેનલોમાં દુઃખી મનુષ્ય પાત્રો-સ્ત્રીપુરુષ મોટા ભાગે નગ્ન રીતે શ્વેત-શ્યામ રંગાવલીમાં જોવા મળે છે. તેમનામાં ઍનેટોમી અને ઍકેડમિક અભ્યાસની આવડત સુપેરે પ્રકટ થાય છે. શ્રી પદમસીએ પૅરિસમાં ફ્રેન્ચ સ્ત્રી સાથે લગ્ન કર્યાં.

શ્રીપદમસી અંગ્રેજી સાહિત્ય ઉપરાંત, ઉપનિષદ, વેદપુરાણ અને કાલિદાસની રચનાઓનો અભ્યાસ કરતા તેમનાં સર્જનોમાં સ્ત્રી-પુરુષના નગ્ન-અર્ધનગ્ન આકારો, તેમજ પર્વતમાળાઓનાં દૃશ્યચિત્રો જોવા મળે છે, જેની રજૂઆતમાં આપણને, પૉલ સેઝાનની અસર સતત દેખાયા કરે છે ભૌમિતીક રીતે અવકાશ અને વિષય વસ્તુનું વિભાજન કરવું, તેમાં શિલ્પના પ્રકારની ઘનતા પ્રયોજવી સાથે પરદેશમાં શરૂ થયેલ ઍબસ્ટ્રેક કલાએ શૈલીના પ્રયોગ પણ કરવા, તેમના કામને આ રીતે જોવાથી માણી શકાય. તેમણે દોરેલા મનુષ્યચહેરાઓ ઉપર આંતરિક વેદના-દુઃખની છાપ સતત દેખાયા કરે છે.

કાળે કરીને બદલાતા સમય સાથે, તેમનાં ચિત્રોમાં રંગોનો પ્રવેશ થયો, જેમાં કાળો ને લાલ સાથે થોડોક પીળો પ્રમુખપણે વપરાયા છે. તેઓ તુલિકા સાથે, કૅનવાસ ઉપર પેલેટ-નાઈફથી જાડા રંગોના થરનું નિરૂપણ ખાસ પ્રકારના ચમકતી ધારવાળા ટેક્સ્ચર ઉપજાવવા માટે કુશળતાથી કરે છે. શ્રી પદમસી ઉપર ચાઈનીસ કૅલિગ્રાફીની પણ ખાસ્સી અસર છે. જે તેમણે ગાંધીજીના પોર્ટ્રેટ, વિવિધ પ્રકારના ચહેરાઓ, જળરંગી, માધ્યમ, ચાઈનીસ ઈન્ક અને તુલિકા દ્વારા સુંદર કૃતિઓનાં સર્જનો કરેલાં છે તેમાં દેખાય છે. તેમણે મેટા સ્કેપ નામે દૃશ્યચિત્રોની શ્રેણીની રજૂઆત કરેલ છે. ઉપરાંત, કમ્પ્યૂટરનો ઉપયોગ કરીને ગ્રાફિક પ્રિન્ટ્સનાં સર્જનો પણ કેરલ છે.

શ્રી પદમસીનાં હાલનાં પત્ની



અકબર પદમસીની ચિત્રકૃતિ

ભાનુમતી જેઓ પોતે આર્ટ હિસ્ટોરીઅન છે તેઓ જણાવે છે કે શ્રી પદમસી ઘણાં વર્ષોથી ચિત્રસર્જનો માટે મુંબઈની આસપાસના નાના ટાપુઓ જેવાં સ્થળોએ જતા હોય છે, જ્યાં સર્જન માટે જરૂરી શાંતિ-એકાંત મળી શકે. આ કલાકાર માટે એમ કહી શકાય કે સન ૧૯૪૫ આસપાસના સમયમાં ભારતમાં, મુંબઈમાં પ્રોગ્રેસિવ પેઇન્ટર્સની સ્થાપના બાદ જે કલાપ્રવાહો ખાસ કરીને ફ્રાન્સમાંથી ભારતમાં આવ્યા, અને જેમાં મોટા ભાગના કલાકારોએ કામ કર્યું તેની ઓળખાણ, ભારતીય આધુનિક કલાના નામે પ્રચલિત થઈ.

શ્રી પદમસીના યુવાકાળની એક રસપ્રદ વાત આજના કલાકારોએ જાણવા જેવી તેમજ યાદ રાખવા જેવી છે. તેઓ કહે છે : હું જ્યારે શાળામાં અભ્યાસ કરતો હતો ત્યારે મારા ચિત્રશિક્ષક બપોરના જમવા જવાના સમયનો ઉપયોગ ચિત્રોનાં સર્જનો માટે કરતા હતા, વિદ્યાર્થીઓને બેસાડીને તસ્વીરો બનાવતા હતા, હું શાંતિથી ઊભો રહીને જોતો અને ઘેર આવીને મારા પિતાની હિસાબોની નોંધપોથીઓમાં ચિત્રો દોરતો આ જોઈને મારા પિતાને કેટલાક મિત્રોએ પૂછ્યું કે તમારો દીકરો માનસિક રીતે અસ્વસ્થ તો નથી ને ? જો એમ હોય તો તેને કળાશાળામાં મૂકો. તેવર્ષોમાં નબળાં બાળકોને કલાશાળા કે સંગીત શાળામાં દાખલ કરાવવાની પ્રથા જાણીતી હતી. આ ૫૦ વર્ષોમાં કેટલું બદલાઈ ગયું !

શ્રી અકબર પદમસી આજે ૭૫ વર્ષની જૈફ ઉંમરે પણ ચિત્રસર્જનોમાં વ્યસ્ત રહે છે. તેમના જીવન અને સર્જનનાં સુંદર પુસ્તકો તેમજ કેટલોગ જોવા મળે છે. ભારતીય ચિત્રકલાની દુનિયામાં તેમનું એક આગવું સ્થાન છે.

– ગજેન્દ્ર શાહ

અડકો દડકો

પ્રકૃતિપ્રેમી પોપટ

એક સુંદર મઝાનું લીલોતરીઓથી હર્યું ભર્યું વન હતું. તે વનમાં અનેક પ્રકારનાં ફળ-ફૂલો અને વૃક્ષો આવેલ હતાં. ફળોમાં કેળાં, ચીકુડી, દાડમ, સફરજન, પપૈયા, નાળિયેરી વગેરે હતાં. જ્યારે ફૂલોમાં ગુલાબ, મોગરો, જૂઈ, જાસૂદ, કરેણ, રાતરાણી, બારમાસી, બોગન વેલ વગેરે અને વૃક્ષોમાં આંબો, આંબલી, આસોપાલવ, વડ, લીમડો, ગુલમહોર, સાગ, સેતુર હતાં.

તે વનમાં રહેતાં પશુ-પંખીઓ તે વનની આવી સુંદર વનરાઈઓની, જાહોજલાલીની યોગ્ય જાળવણી, માવજત અને કિંમત બરોબર નહોતાં સમજતાં અને ફાવે તેમ ફળ-ફૂલો, વૃક્ષોનો બગાડ કરતાં હતાં.

એક દિવસની વાત છે. સંધ્યાનો સુમધુર સમય હતો. વનની શોભા ચારે તરફ ફેલાયેલી હતી. વનનાં પશુ-પંખીઓ પ્રકૃતિને ખોટી રીતે ધમરોળી રહ્યાં હતાં. બરોબર આવા સમયે એક સુંદર મઝાનો સોનેમઢ્યો એક સોનેરી પોપટ ક્યાંકથી ઊડતો ઊડતો તે વનમાં આવ્યો. પછી એક સુંદર ગુલમહોરની ડાળીએ જઈને બેઠો. સહસા તેની નજર ફરતી ફરતી વનની દિવ્ય, ભવ્ય શોભામાં અભિવૃદ્ધિ કરતાં ફળ-ફૂલો, વૃક્ષો તરફ ગઈ. આ જોઈ તેને ખૂબ જ આનંદ થયો. અને મનોમન તે બોલી ઊઠ્યો ! વાહ... ? કુદરતે છૂટા હાથે આ વનની માવજત કરી છે ને કાંઈ ?' આમ વિચારતા તે સોનેરી પોપટની નજર ચારે તરફ ફરવા લાગી. અને... અને... જ્યારે તેની સ્નેહભીની નજર વનની શોભા બગાડી રહ્યાં હતાં તે પશુપંખીઓ તરફ ગઈ અને... અને... તે સાથે જ જે ઘડી પહેલાંનો આનંદ હતો તેની જગ્યાએ વિશાદ છવાઈ ગયો.

થોડી વાર બાદ તે સોનેરી પોપટ સ્નેહાળ ભાવે બોલ્યો, 'હે મિત્રો, આ પ્રકૃતિએ આપેલ અણમોલ 'ભેટ'ને શા માટે તમો બધાં નષ્ટ કરી રહ્યાં છો ? અરે, જરા જુઓ તો ખરાં કે આ લીલાંછમ વૃક્ષો, પર્ણો, ફળ-ફૂલોમાંથી કેવું સુંદર મઝાનું જાદુઈ સંગીત વહે છે ? તેઓ તમોને તેના ખોળામાં રમવા માટે બોલાવે છે' હોં ?

પરંતુ આ તો મોજીલાં મસ્તીલાં પશુ-પંખીઓ હતાં. સોનેરી પોપટની પ્રાકૃતિક, ગહન વાણી સાંભળી ખંધુ શિયાળ બોલી ઊઠ્યું : 'અરે ઓ 'પ્રકૃતિ-પ્રેમી-પોપટડા, તું એકલો એકલો જાદુઈ સંગીત સાંભળ્યા કર, સમજ્યો ? અને અમોને અમારી રીતે મસ્તીમાં રહેવા દો'. શિયાળની તોછડી, કડવી વાણી સાંભળી સોનેરી પોપટને મનોમન અત્યંત દુઃખ થયું. તેમ છતાં તે પશુ-પંખીઓને બોધકવાણીમાં પર્યાવરણ, ફળ-ફૂલો, વૃક્ષોની ઉપયોગિતા વિશે વિગતે સમજાવતો રહ્યો. પરંતુ તે પશુ-પંખીઓને સોનેરી પોપટની પ્રેરક, પ્રકૃતિ-પ્રેમી વાણીની કશી જ અસર ન થઈ હોં! અંતે તે સોનેરી પોપટને લાગ્યું કે હવે આ પશુ-પંખીઓને કશો 'ચમત્કાર' દેખાડવો જ પડશે.

બાદમાં તે સોનેરી પોપટ કોઈ દિવ્ય,

(અનુસંધાન પૃ.૪૨૭)



કંકાવટી

માંડલની પાટીદાર વીરાંગના માણેકબાઈ

ભારતીય ઇતિહાસમાં નજર કરીએ તો માલૂમ પડે છે કે પ્રાચીન સમયમાં સમાજ પુરુષ-પ્રધાન હતો. તે સમયે પણ સ્ત્રીઓનું અન્ય ક્ષેત્રોમાં યોગદાન હતું. સિંધુખીણની સંસ્કૃતિમાં સ્ત્રીઓ પુરુષસમોવડી જોવા મળે છે, જ્યારે વૈદિક યુગમાં તો સ્ત્રીઓએ વેદોની ઋચાઓની રચના કરી છે, જેવી કે અપાલા, ઘોષા, ગાર્ગી, મૈત્રેયી, વિશ્વવારા, લોપામુદ્રા. તેમજ પ્રાચીન સમયમાં એટલે છેક હર્ષવર્ધન સુધી સ્ત્રીઓ સ્વતંત્ર જોવા મળતી. હર્ષની બહેન રાજ્યશ્રીએ યુવાન ચ્યાંગનાં ભાષણો પડદાપ્રથા વગર આવીને સાંભળ્યાં હતાં. પરંતુ ત્યાર બાદ મુસ્લિમ આક્રમણોને કારણે સ્ત્રીઓનું રક્ષણ અસંભવિત બન્યું ત્યારે પડદાપ્રથા આવી ને સ્ત્રીઓને ઘરની ચાર દીવાલોમાં સ્થાન મળ્યું તેથી તેમનો વિકાસ અટક્યો. પરંતુ રાજકીય ક્ષેત્રે સ્ત્રીઓનો ફાળો જોવા મળે છે. તેમાં મુસ્લિમ સ્ત્રી રઝીઆ બેગમ જેવીએ રાજ્ય ચલાવ્યું હોય તેવા દાખલા જોવા મળે છે. પરંતુ મોગલ અને મરાઠા યુગમાં પણ સ્ત્રીઓએ રાજકીય ક્ષેત્રે સ્થાન પ્રાપ્ત કર્યું હતું; જ્યારે ગુજરાતમાં આવી સ્ત્રીઓ જોવા મળે છે જે તેમના પતિના મૃત્યુ બાદ પોતાના રાજ્યને ટકાવી રાખવા રણે ચડી હોય. તેમાંની માંડલ ગામની માણેકબાઈ પણ એક સ્ત્રી હતી.

પાટીદાર કુટુંબના દેસાઈ કુળની માણેકબાઈ એ પવિત્ર, તેજસ્વી વીરાંગના હતી. ઈ.સ. ૧૭૪૧માં દામાજી ગાયકવાડના સરદાર રંગોજી સાથેના કોલકરાર પ્રમાણે પાટડી વગેરે જે ૨૦ ગામો દેસાઈ ભાવસિંહજીએ પ્રાપ્ત કર્યા બાદ દેસાઈ ભાવસિંહજીએ તેમના પિતરાઈ જેઠાભાઈને માંડલની ગાદી આપી હતી. આ જ માણેકબાઈ જે માંડલના જેઠાભાઈની ધર્મપત્ની હતી, એની દેદીપ્યમાન મુખાકૃતિ પરથી તેજનો અંબાર છૂટતો. એ માંડલની રાજમાતાએ દેસાઈઓના રાજમુગટને રોશન કર્યો છે. મુસ્લિમો, મરાઠાઓ અને લુંટારુ ટોળકીઓના હુમલાઓ સામે એ જવાંમર્દ નારીએ માંડલ નગરની પ્રાણને ભોગે રક્ષા કરી હતી. સમગ્ર ચુંવાળ પ્રદેશ પર એ વીરાંગનાની હાક વાગતી હતી.

માંડલના જેઠાભાઈ પટેલ બહુ બળવાન અને પરાક્રમી પુરુષ હતા. કાઠિયાવાડના રાજાઓ એના નામથી ધ્રૂજી ઊઠતા હતા. પેશ્વાઓના એ માનીતા અને વિશ્વાસુ સરદાર હતા. જ્યારે ગુજરાતની સૂબાગીરી પર બાબી જવાંમર્દખાન હતો ત્યારે પેશ્વાના સરદાર રાઘોબા પંડિતે પોતાનો સ્વતંત્ર કબજો મેળવવાના ઇરાદાથી ગુજરાત પર સવારી કરીને અમદાવાદ શહેરને ઘેરો ઘાલ્યો. ત્યારે રાઘોબા અને બાબી જવાંમર્દખાન વચ્ચેની લડાઈની સમજૂતી માટે જેઠાભાઈએ અમદાવાદ આવી બંને વચ્ચે સુલેહ કરાવી હતી. એમાં જવાંમર્દખાનને વડનગર, વિસનગર, પાટણ, ખેરાલુ અને રાધનપુર વગેરે પરગણાં મળ્યાં, જ્યારે અમદાવાદ પર પેશ્વાઓનું સામ્રાજ્ય આવ્યું. આથી જેઠાભાઈને સૌરાષ્ટ્રમાં મુલ્કીગીરી ઉઘરાવવાનું કામ પેશ્વાઓએ સોંપ્યું. એથી પેશ્વાઓની ફોજ લઈ જ્યારે એ ખંડણી ઉઘરાવવા નીકળતા ત્યારે ભલભલા રાજાઓ-તાલુકાદારો એમને નમી પડતા અને તરત જ ખંડણી ભરી દેતા. એમની હાક ભારે હતી.

એક વખત આવી હાકને લીધે આત્મવિશ્વાસના બળે હળવદના મહારાજા ગજસિંહ પાસે ચડી ગયેલી રૂ. બે લાખની ખંડણી વસૂલ કરવા એ સૈન્ય વિના જ ગયા હતા. મહારાજા મૃત્યુ પામેલા હોઈ એમની વિધવા રાણી જીજીબાએ ધમકી આપી, કારણ કે નવા મહારાજા જશવંતસિંહજી હજુ નાના હોવાથી રાણી જ કારભાર ચલાવતી હતી. આથી રાણીએ જવાબ વાળ્યો કે વઢવાણના ઠાકોરે મારું રાજ્ય પાયમાલ કર્યું છે. મને એક ક્ષણની પણ નિરાંત વળવા દીધી નથી. તેથી ખંડણી ભરવા માટે મારી પાસે કંઈ સગવડ નથી. પરંતુ જેઠાભાઈએ ગમે તે રીતે ખંડણી વસૂલ કરવા આકરાં વેણ કીધાં, તેઓ આગળ ખંડણી વસૂલ કરવા ગયા.

આથી રાણી ખૂબ છંછેડાઈ. જીજીબાઈએ હળવદના સ્વર્ગસ્થ મહારાજને ચુંવાળ-પનાર ગામના ઠાકોર કૃપાજીની સાથે દોસ્તી હતી, જેથી રાણી તેને ભાઈ કહી બોલાવતાં. આથી કૃપાજીને રાણીએ બોલાવીને કહ્યું કે માંડલના જેઠાભાઈ ખંડણી વસૂલાત માટે હળવદ આવ્યા હતા. ત્યારે ખંડણી માટે મારા પર તગાદો કરતાં આકરાં વેણ કીધાં હતાં. એ વેણથી મારું હૈયું વીંધાયું છે. તેથી તમે જ્યાં સુધી જેઠાભાઈને ખતમ નહીં કરો ત્યાં સુધી એ મને જંપીને રહેવા દેશે નહીં. તમે જેઠાભાઈને ઠાર મારો કે જેથી ફરીથી મારે એવાં વેણ સાંભળવાં ન પડે.

જેઠાભાઈનાં એ આકરાં વેણ ખતરનાક તીર સમાન નીકળ્યાં. જેઠાભાઈ જ્યારે પનારના છનિયાળ ગામે પેશ્વા વતી તોરણ બાંધવા ગયેલા ત્યારે એમને નિઃશસ્ત્ર જોઈ પનારના

કૃપાજી ઠાકોરે અચાનક હુમલો કરી જેઠાભાઈને ઠાર માર્યા. આવા વીર પતિના મૃત્યુથી આઘાત પામવા છતાં એમની રાણી માણેકબાઈએ ભારે ધૈર્ય બતાવી વહીવટ પોતાના બાળપુત્ર દેવીસિંહને નામે ચલાવ્યો હતો. એ ખૂબ જ બુદ્ધિશાળી, રાજકુશળ અને વ્યવહારુ, પતિવ્રતા નારી હતી. પ્રસંગ આવે એ યુદ્ધે પણ ચડતી અને સૈન્યને જાતે જ દોરવણી આપતી. જ્યારથી જેઠાભાઈને માર્યા ત્યારથી માણેકબાઈની નિદ્રા હરામ થઈ ગઈ હતી. પોતાના નિઃશસ્ત્ર પતિને હણનાર કૃપાજી ઠાકોર સામે માણેકબાઈ રીષે ભરાયેલી. પતિના ખૂનીના લોહીથી પનારની ભોમકા રંગી દેવાનો વિચાર રાતદિવસ એના હૃદયને કોરી ખાતો હતો.

એક દિવસ મા ાઈએ યોદ્ધાનો વેશ ધારણ કર્યો, છાતા પર બખ્તર ધારણ કર્યું, કેડમાં કમરપટ્ટો બાંધ્યો ને તેમાં બેધારો જમૈયો ખોસ્યો, હાથમાં દુશ્મનનું લોહી પીવા લબકારા મારતી તગતગતી તલવાર પકડી અને છલાંગ મારીને માણેકબાઈ તેજાબી ઘોડી પર સવાર થઈને પનારના પાદર ભણી ઊપડી. મોખરે માણેકબાઈ અને પાછળ એના સૈનિકોનો કાફલો.

પનારના પાદરે પહોંચતાં જ રણચંડીએ ત્રાડ નાખી : ક્યાં છે કૃપાજી મકવાણો ? કૃપાજી તારામાં હિંમત હોય તો એક વખત મારી સામે આવ. આજે તારું મોત તને પોકારી રહ્યું છે. કૃપાજી આવાં કાંઈક ધિંગાણાં જોઈને રીઢો થઈ ગયો હતો. કૃપાજી તલવાર ઉગામતો માણેકબાઈ સામે ધસી આવ્યો. બંને વચ્ચે સંગ્રામ જામ્યો. એક ક્ષણ એવી આવી કે રણચંડીની તલવાર એવા જોશથી કૃપાજીની ગરદન પર ત્રાટકી કે એનાં ધડ અને માથું જુદાં થઈ ગયાં. ત્યારે જેઠાભાઈના ઘાતક કૃપાજીના લોહીથી પનારની ભૂમિ રંગાઈ ગઈ. તે દિવસે દેસાઈ કુળની વીરાંગનાના શૌર્યનાં પારખાં પનારે કરી લીધાં. માંડલે તેની રણચંડી રાજમાતાનું તે દિવસે વાજતે ગાજતે સામૈયું કર્યું અને દેસાઈ કુળે તેની અદ્ભુત સ્ત્રીશક્તિના ગૌરવનું ખૂબ જ અભિવાદન કર્યું.

માણેકબાઈ વિશે અનેક દંતકથાઓ ચાલે છે. માણેકબાઈ દરવાજાના ઝરૂખે દાતણ કરવા બેસતાં ત્યારે એ લોકોની ફરિયાદ સાંભળતાં અને ન્યાય આપતાં. એ ઝરૂખો આજે પણ ટકી રહ્યો છે. જેણે એમની સ્મૃતિને તાજી રાખી છે. ગંગાસ્વરૂપ માણેકબાઈ જેટલી પવિત્ર હતી તેટલી જ એ પ્રસંગ આવે રણચંડિકા પણ બનતી. માણેકબાઈ જ્યાં સુધી જીવતી રહી ત્યાં સુધી મરાઠા-મુસ્લિમો તથા લૂંટારુ-ટોળીઓના હુમલાઓમાં એણે માંડલના ધ્વજને નમવા નહોતો દીધો. દેસાઈકુળની આ વીરાંગનાની યાદ આપતો 'માણેકબાઈ દરવાજો' માંડલમાં આજે પણ ઊભો છે. ('પથિક'માંથી ટૂંકાવીને)

— ડૉ. હર્ષદકુમાર મગનલાલ બ્રહ્મભટ્ટ

અનુસંધાન) અડકોદડકો(પૃ.૪૨૫ થી

'ગૂઢ મંત્ર' મનોમન ઉચ્ચારવા લાગ્યો. અને... તે સાથે જ આકાશમાંથી અમૃતરૂપી અનરાધાર અમીવર્ષા શરૂ થઈ ગઈ.


જ્યારે આ તરફ વનનાં પશુ-પંખીઓ મોજ-મસ્તીપૂર્વક પ્રકૃતિની શોભા બગાડી રહ્યાં હતાં, કે અચાનક આકાશમાંથી અનરાધાર વરસાદ વરસવો શરૂ થયો. આ જોઈ પશુ-પંખીઓમાં ભય ફેલાઈ ગયો. તેઓએ આવી કશી કલ્પના કરેલ નહીં કે આ એકાએક આકાશમાંથી વરસાદ વરસશે ! બાદમાં તેઓ બધાં ભાગંભાગી કરતાં વરસાદથી બચવા લાગ્યાં. અને મનોમન વિચારવા લાગ્યાં કે આમ અચાનક વરસાદ શા માટે થયો હશે ? સહસા વનના સિંહરાજાની ચકોર નજર ગુલમહોરની ડાળ ઉપર ધ્યાનસ્થ મુદ્રામાં બેઠેલા એવા સોનેરી પોપટ ઉપર પડી, અને તેના દિવ્ય, ભવ્ય અને પ્રકાશ ફેલાવતા ચહેરાની અનેરી આભા, જોઈ તે તરત સમજી ગયો કે નક્કી આ સોનેરી પોપટના આવાહનથી વરસાદ શરૂ થયો છે હોં ! હા, વરસાદ પણ કેવો ? જોરદાર હોં ! અંતે તે બધાં પશુ-પંખીઓને ભાન અને જ્ઞાન થયું કે ખરેખર તે સોનેરી પોપટ જે કંઈ પ્રકૃતિ, પર્યાવરણ વિશે કહેતો હતો તે સત્ય જ કહેતો હતો ને ? હા, જો આ પ્રકૃતિ, પર્યાવરણ, ફળ-ફૂલો, વૃક્ષોની યોગ્ય માવજત, અને તેની જાળવણી કરવામાં આવે તો તેનો લાભ દરેક 'જીવ'ને મળે જ.

બાદમાં સિંહારાજાની આગેવાની હેઠળ બધાં પશુ-પંખીઓ વરસાદમાં પલળતાં પલળતાં ગુલમહોરના વૃક્ષ પાસે આવ્યાં અને બે હાથ જોડી વિનમ્ર સ્વરે બોલ્યા, 'હે સોનેરી પોપટજી, ખરેખર તમારી પર્યાવરણ, પ્રકૃતિ વિશેની જે વાત હતી તે સત્ય જ હતી હોં ! અમો બધાં ખોટી રીતે આ વનની સુંદરતા, તેની ઉપયોગિતા, અને ફળ-ફૂલો, વૃક્ષોનો નાશ અને બગાડ કરી રહ્યાં હતાં. જે અમારી 'ગંભીર ભૂલ' હતી, અને તમે જે અમારું ધ્યાન દોર્યું તે બદલ અમો બધાં આપનાં અત્યંત આભારી થયાં છીએ હોં !

આમ, તે બધાં પશુ-પંખીઓ અંતરથી બેહદ પસ્તાવો કરવા લાગ્યાં. આ જોઈ સોનેરી પોપટ પુનઃ ધ્યાનસ્થ મુદ્રામાંથી બહાર આવ્યો. તે સાથે જ વરસાદ વરસતો બંધ પડી ગયો. આવો અદ્ભુત ચમત્કાર નિહાળી પશુ-પંખીઓને પર્યાવરણની સમતુલા, પ્રકૃતિએ આપેલ વિશેષ ભેટ અને આપણી ફરજો અંગે વિગતે વાત કહી. આ સાંભળી પશુ-પંખીઓ ધન્યતા અનુભવવા લાગ્યાં, અને સાથમાં તેઓ બધાંએ મનોમન દૃઢ સંકલ્પ કર્યો કે આજથી આ વનની, ફળ-ફૂલો, વૃક્ષોની જાળવણી અને તેની માવજત, રક્ષણ કરવાની સંપૂર્ણ જવાબદારી તેઓ ઉપાડશે. પશુ-પંખીઓનો અનેરો સંકલ્પ જોઈ સોનેરી પોપટ ગદ્ગદિત થઈ ઊઠ્યો.

— શૈલેષ કે. રાયચુરા

મોઢેરાનું સૂર્યમંદિર
દેશાટન-૫૨



ગુજરાતમાં મહેસાણા જિલ્લામાં આવેલું મોઢેરાનું સૂર્યમંદિર કોણાર્કના સૂર્યમંદિર પહેલાં બે સદી પૂર્વે નિર્માએલું છે અને તે આખા ભારતમાં વિખ્યાત છે. મોઢબ્રાહ્મણોના વસવાટવાળું મોઢેરા પુરાવસ્તુઓના અભ્યાસ પરથી ઉત્તર ગુજરાતનું કેન્દ્રવર્તી નગર હોવાનું જણાય છે. ઈ.સ. ૧૦૨૬માં મોઢેરાના સુપ્રસિદ્ધ સૂર્યમંદિરનું નિર્માણ થયું હશે. મંદિર ૫૧ ફૂટ ૯ ઈંચ લાંબું અને ૨૫ ફૂટ ૮ ઈંચ પહોળું છે. પથ્થરમાં કોતરેલું ઝીણું કામ પાસાવાળા કાચમાં કોતરેલું હોય તેવું લાગે છે. મંડપની દીવાલોમાં સ્થળે-સ્થળે ગોખ કોતરેલા છે, જેમાં સૂર્ય ઉપરાંત દેવ-દેવીઓની પ્રતિમાઓ પ્રસ્થાપિત કરેલી હશે. મંદિરનો સૌથી સુંદર અને શોભાનો ભાગ સભામંડપ છે. સભામંડપની પૂર્વમાં 'સૂર્યકુંડ' આવેલો છે. મોઢેરાના સૂર્યમંદિરની દિશા એવી રીતે ગોઠવેલી છે કે મુખ બરોબર પૂર્વદિશા સામે હોઈ ઊગતા સૂર્યનાં કિરણો આખા સભામંડપને વીંધીને બરોબર ગર્ભગૃહમાં પડે, અને એથી સૂર્યની મૂર્તિ, સભા-મંડપના થાંભલા પરની મૂર્તિઓ અને ગર્ભગૃહનાં દ્વાર બધું એક સાથે ઝગમગી ઊઠતું હશે.

મહેસાણાથી ૨૫ કિ.મી.ના અંતરે આવેલા મોઢેરા જવા માટે મહેસાણાથી એસ.ટી. બસો સહેલાઈથી મળી રહે છે.

('ગુજરાત'માંથી ટૂંકાવીને)



અમરધ્યુ કણો


ભીનાં ભીનાં ઘન ટપકતાં વાયરા વાય ભીના,
ભીનાંભીનાં વન ટપકતાં, ઉત્સરે ભીની ગંધ,
ભીનો ભીનો સૂરજ ટપકે પર્ણથી દીપ્ત અંગ,
ભીના પ્હાડો ખળખળ ભીના બેય કાંઠા નદીના,
વાછંટોથી જરી જરી ભીની ઓકળી આંગણાની,
નેવાં નીચે છબછબ ભીની પાનીઓ નાની નાની.

('દ્રુતવિલંબિત'માંથી) — જયન્ત પાઠક

સાદગી અને સેવાની પ્રેરણામૂર્તિઃ શ્રી મોતીભાઈ ચૌધરી

ગુજરાતના જાહેર જીવનમાં રચનાત્મક વિચારો ધરાવતા અને પાયાના સ્તરના કોઈ કાર્યકરની શોધ કરવાની હોય, તો ઉત્તર ગુજરાતના અગ્રણી નેતા અને ગ્રામભારતી-અમરાપુર સંસ્થાના સ્થાપક મોતીભાઈ રણછોડભાઈ ચૌધરી. માણસા નજીક માણેકપુર ગામના તેઓ વતની. બાળપણથી જ ગાંધીવિચાર પ્રત્યે અતૂટ શ્રદ્ધા. ૧૬ વર્ષની વયે કારકિર્દીની શરૂઆત બાળશિક્ષક તરીકે કરી. આઝાદી મળ્યા બાદ નોકરી છોડી સેવાદળના પૂરા સમયના સ્વયંસેવક અને સંગઠક બન્યા. મહેસાણા જિલ્લાના પછાત વર્ગોના ઉત્થાન માટે રાજકારણને એમણે સેવાનું સાધન બનાવ્યું. જિલ્લા કૉંગ્રેસના મંત્રી, પ્રમુખ, ગુજરાત વિધાનસભાના રાજ્ય, રાજ્ય સરકારના પ્રધાન, લોકસભાના સભ્ય, લોકસભાના બે વાર સદસ્ય, આવાં વિવિધ પદ ધારણ કર્યા છતાંય પેન્શન કે મળવાપાત્ર લાભોનો કદીયે સ્વીકાર કર્યો નથી. રાજકારણમાં રહીને રચનાત્મક કાર્યો કરવાનો ભવ્ય પુરુષાર્થ તેમણે કર્યો છે.

મહેસાણા જિલ્લામાં ગરીબ પ્રજાને રોજી મળે તે માટે શું કરવું? આ માટે જિલ્લાના આગેવાન કાર્યકરોને પશુપાલન દ્વારા દૂધનો વ્યવસાય એક હાથવગું શસ્ત્ર દેખાયું. એમાંથી દૂધસાગર ડેરીનો ૧૯૬૦માં જન્મ થયો. મૂળે મોતીભાઈ સંગઠનના માણસ. તેઓના નેજા હેઠળ ડેરીએ ઉત્તરોત્તર પ્રગતિ કરી. ગામડે ગામડે દૂધમંડળીઓ ઊભી થઈ અને રોજગારી પ્રાપ્ત થઈ. પશુપાલકોને દૂધનું પૂરું વળતર મળે અને વહીવટી ખર્ચ ઓછામાં ઓછો થાય તેની બરાબર ચીવટ મોતીભાઈએ રાખી છે. પ્રામાણિકતા અને વહીવટી કોઠાસૂઝના પરિણામે જિલ્લાના દૂધઉત્પાદકોએ છેક ૧૯૭૦થી તેઓને



ચેરમૅન પદ ઉપર બિરાજમાન કર્યા છે. મોતીભાઈના નેતૃત્વમાં દૂધસાગરે દૈનિક ૧૪ લાખ લીટર દૂધ એકત્ર કરી રાજ્ય અને રાષ્ટ્રિય સ્તરે જ નહિ, બલકે સમગ્ર એશિયામાં પ્રથમ ડેરી હોવાનું બહુમાન પ્રાપ્ત કર્યું છે. મહેસાણા જિલ્લામાં શિક્ષણનું પ્રમાણ આઝાદી સમયે નહિવત્ હતું.

જિલ્લામાં ઠેર-ઠેર માધ્યમિક શાળાઓ શરૂ થઈ રહી હતી ત્યારે મોતીભાઈને લાગ્યું કે ગ્રામજીવન જેનાથી પોષાય છે તેવા ખેતી અને પશુપાલનનું શિક્ષણ આપતી સંસ્થાઓની તાતી જરૂરિયાત છે, જેના પરિણામે ૧૯૫૯માં તેમણે 'ગ્રામભારતી' સંસ્થાની સ્થાપના કરી. ઉપરાંત જિલ્લામાં અન્ય સ્થળોએ પણ બુનિયાદી શિક્ષણ સંસ્થાઓ શરૂ કરાવવા સરાહનીય પ્રદાન કર્યું છે. મોતીભાઈના જીવંત સ્મારક સમી ગ્રામભારતી સંસ્થા પ્રાથમિકથી શરૂ કરી ઉચ્ચ શિક્ષણ સુધી ગાંધીવિચાર-કેળવણીની રાજ્યની નમૂનેદાર સંસ્થાઓ પૈકીની એક છે. ૭૮ વર્ષની ઉંમરેય મોતીભાઈ શરૂઆતથી જ સંસ્થામાં સામાન્ય કાર્યકરની જેમ જ નિવાસ કરે છે. મહાત્મા ગાંધીજીના જીવનમાંથી પ્રેરણા મેળવી રચનાત્મક અને માનવતાલક્ષી સત્કાર્યો કરનાર શ્રી મોતીભાઈનું અંગત તેમજ જાહેર જીવન સ્વચ્છ અને સદાય સાદગીભર્યું, પારદર્શક તથા સિદ્ધાંતનિષ્ઠ રહ્યું છે.

પ્રચાર અને પ્રશંસાથી દૂર રહી અદના કાર્યકર બની રહેલા મોતીભાઈને દર્શક ઍવૉર્ડ, ડૉ. કુરિયન ઍવૉર્ડ તથા વજુભાઈ શાહ ઍવૉર્ડ એનાયત થયા છે. મહેસાણા જિલ્લાના દૂધ 'ઉત્પાદકોએ મોતીભાઈની સ્મૃતિમાં મોતીભાઈ ર. ચૌધરી ફાઉન્ડેશન'ની સ્થાપના કરી છે. આ ફાઉન્ડેશને પશુસંવર્ધન તથા જલરક્ષાનાં કાર્યો શરૂ કર્યાં છે. આ ઉપરાંત, 'ઉત્તર ગુજરાતનું અનોખું મોતી' નામે શ્રી મોતીભાઈના જીવન તથા કાર્યોની ઝાંખી કરાવતા સમૃદ્ધ ગ્રંથનું પ્રકાશન કર્યું છે. 'સૃષ્ટિ' સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી જ શ્રી મોતીભાઈનો આત્મીય સથવારો 'સૃષ્ટિ'ને મળ્યો છે. વિદ્યાર્થીઓ મારફતે ઉનાળુ રજાઓમાં લોકવિજ્ઞાન સંકલન માટે ગ્રામભારતીથી શરૂઆત થઈ હતી. ત્યાર બાદ આ કાર્યને પોતાનું ગણી ગુજરાતની તમામ ગ્રામવિદ્યાપીઠો તરફથી અવિરત મદદ મળતી રહી છે. સંસ્થાના જુદા જુદા વિભાગોમાં વિદ્યાર્થીઓ દ્વારા ખેડૂતોના કોઠાસૂઝ જ્ઞાન આધારિત ખેતી-પશુપાલનના અખતરાઓ, પ્રદર્શન, નિદર્શનોનું આયોજન, તે અંગેનાં સભા-સંમેલનો વગેરેમાં શ્રી મોતીભાઈનું પ્રેરક પ્રોત્સાહન મળતું રહ્યું છે. 'સૃષ્ટિ'પ્રેરિત દેશી બીજ સંકલન પ્રોજેક્ટ અંતર્ગત ગ્રામભારતી સંસ્થાઓએ નોંધપાત્ર કાર્ય કર્યું છે. ૧૯૯૭માં ભારતીય પ્રબંધ સંસ્થા, અમદાવાદ ખાતે યોજાયેલા બુનિયાદી સ્તરે સર્જનશીલતા અને નવીનીકરણ અંગેનાં આંતરરાષ્ટ્રિય મહાસંમેલનના તેમણે સમાપન પ્રસંગે ખાસ ઉપસ્થિત રહી કોઠાસૂઝ જ્ઞાનના વ્યાપક સંકલન અને પ્રચાર ઉપર તેમણે ભાર મૂકેલો. ('લોકસરવાણી', વર્ષ-૫ અંક -૫ માંથી)

હિપોક્રેટિસ : તબીબી વિજ્ઞાનના પ્રણેતા

હિપોક્રેટ્સ ગ્રીક તબીબી (ફિઝિશિયન) હતા, જેઓ તબીબી વિજ્ઞાનના સ્થાપક તરીકે ઓળખાય છે. તેઓનો જન્મ Cos નામના ગ્રીસ ટાપુ પર થયો હતો. તેમના પિતા હેરક્લિડસ તેમજ દાદા હિપોક્રેટસ બંને ડૉક્ટર હતા.



હિપોક્રેટિસનો મુખ્ય ઉદ્દેશ ડૉક્ટર (તબીબ) તેમજ દર્દી બંનેની ચોખ્ખાઈ (શારીરિક તેમજ માનસિક), ખોરાકમાં નિયમિતતા, ખાવાપીવામાં પરેજી તેમજ કુદરતી જીવન જીવવું એ હતો. તેઓનો સિદ્ધાંત એ હતો કે મનુષ્યની બધી પ્રક્રિયા સપ્રમાણ હોવી જોઈએ, તેમાં જ્યારે અસમાનતા થાય ત્યારે જ રોગ ઉદ્‌ભવે છે. આ વિચારને ત્યાર બાદ ગેલેન નામના વૈજ્ઞાનિકે પણ અમલમાં મૂક્યો.

હિપોક્રેટિસે સમાજને "એસ્પિરિન" જેવી દવાની ભેટ આપી. આ ઉપરાંત આંચકી, ક્ષયરોગ, ગાલપચોળું, મરડો, કેન્સર વગેરે જેવાં દર્દો પર એમણે લગભગ ૭૦ સંશોધનો કર્યાં છે. તેઓએ "કોર્પસ હિપોક્રેટસ" નામનું પુસ્તક લખેલું છે, જેમાં દર્દનાં લક્ષણો વિશે વિસ્તારપૂર્વક વર્ણન કરેલું છે.

'હિપોક્રેટિક ઓથ' જે તબીબોને તબીબી વિજ્ઞાનની સારવાર દરમિયાન દર્દી પ્રત્યે શું ધ્યાન રાખવું, શું તકેદારી રાખવી અને પ્રામાણિક રીતે, વર્તન કરવું તે માટેના શપથ આપે છે, હિપોક્રેટિસનું આ ખૂબ જ સુંદર સર્જન છે. જેનું આજે પણ વાચન થાય છે.

આ મહાન તબીબી અને વૈજ્ઞાનિકને તબીબી વિજ્ઞાનના પિતાની ઉપમા આપેલ છે, જેઓ તેમના જીવનકાળ દરમિયાન ગ્રીસ તેમજ એશિયામાં ફર્યા હતા અને લગભગ ૧૦૯ વર્ષના દીર્ઘ આયુષ્ય બાદ લેરીસામાં મૃત્યુ પામ્યા હતા.

હિપોક્રેટિસ પ્રણિત તબીબી પ્રતિજ્ઞા : "રોગહર્તા અપોલો દેવ (સવિતાનારાયણ) એસ્ક્યુલેપિયસ, આરોગ્યના દેવ, આરોગ્યદાત્રી સર્વે શક્તિઓની આણે, સર્વ દેવ-દેવીઓની સમક્ષ હું આ પ્રતિજ્ઞા લઉં છું અને મારી તમામ શક્તિ અને સૂઝ મુજબ તેને પાળવાનું વચન આપું છું.

● મારા પૂ. માતાપિતાને હું જેટલું માન આપું છું તેટલું જ માન મને આ વિદ્યા શીખવનાર મારા ગુરુને આપીશ. મારા સમગ્ર જીવનમાં તેમને મારા ભાગીદાર ગણી હું ગુરુઋણ અદા કરીશ.

● મારાં સલાહસૂચનો, વ્યાખ્યાનો અને હું જાણતો હોઉં તે તમામ વિદ્યા મારા દીકરાઓને, મારા ગુરુપુત્રોને, તેમજ, પ્રતિજ્ઞા લઈ મારી પાસે શીખવા આવેલા છાત્રગણોને જ આપીશ અને તે સિવાય અન્ય કોઈને હું નહીં આપું.

● મારી હૈયાઉકલત મુજબ માંદા માણસને મદદ કરવા હું મારી તમામ શક્તિઓ કામે લગાડીશ; અને કોઈ પણ માણસને નુકસાન થાય કે તેનું બૂરું થાય એવા કોઈ પણ આચરણથી હું દૂર રહીશ.

● મારી પાસે માગણી કરવામાં આવશે તો પણ કોઈ પ્રકારનું પ્રાણઘાતક ઝેર હું કોઈનેય આપીશ નહીં, કે તે આપવાનું અન્ય કોઈને સૂચવીશ પણ નહીં.

● કોઈ નારીને ગર્ભપાત કરાવવામાં હું કોઈ પણ પ્રકરે મદદ નહીં કરું.

● ધર્મમય જીવન ગાળવામાં, અને મારા વૈદકના ધંધામાં હું પ્રામાણિક રહીશ.

● હું પોતે કોઈ પ્રકારનું ઑપરેશન નહીં કરું- પથરી સુધ્ધાંનું નહીં; પરંતુ એ કામ ધંધાદારી શલ્યશાસ્ત્રીઓને જ કરવા દઈશ.

● મુક્ત પ્રજાજન કે ગુલામ, કોઈ સ્ત્રી કે પુરુષના દેહ સાથે અઘટિત વર્તન કરી જાતીય સંબંધો કેળવવામાં હું મારા ધંધાનો દુરુપયોગ નહીં કરું.

● મારા ધંધાને અંગે કે ખાનગી રીતે હું જે કંઈ જોઈશ કે સાંભળીશ તે હકીકત જાહેર કરવા જોગી નહીં હોય તો, હું તેને ખાનગી જ રાખીશ અને કોઈને પણ તેની જાણ નહીં કરું.''

('આપણું સ્વાસ્થ્ય'માંથી) — ડૉ. કેતન હિન્ડોચા

કમ્પ્યૂટર વાઈરસ

ઈન્ટરનેટની શોધ થયા પછી કમ્પ્યૂટરના પ્રોગ્રામ દૂર દૂરના દેશમાં છૂટથી પહોંચી શકે છે; અને કમ્પ્યૂટરના સૉફ્ટવેરની સાથે સાથે કમ્પ્યૂટર વાઈરસ પણ દૂર દૂરના દેશમાં પહોંચી જાય છે. ત્યાં પહોંચીને એ કમ્પ્યૂટરમાં ફરી વળે છે. કોઈને કશું સમજાય એ પહેલાં તો એ કમ્પ્યૂટરને ખતમ કરી નાખે છે.

કમ્પ્યૂટર વાઈરસની મોટામાં મોટી મુશ્કેલી એ છે કે એને માણસો બનાવે છે. કમ્પ્યૂટરના નિષ્ણાત પ્રોગ્રામરો, વાઈરસને શોધી કાઢીને એનો નાશ કરનાર સૉફ્ટવેર બનાવતા રહે છે.

વાઈરસ પણ એક જાતનો નાનકડો કમ્પ્યૂટર પ્રોગ્રામ જ હોય છે. સૉફ્ટવેરની ભાષામાં એને બૅચફાઈલ કહે છે. એમાં અનેક સૂચનાઓ એક પછી એક લખેલી હોય છે. એટલે નાનકડો બે-ત્રણ અક્ષરનો હુકમ આપતાં જ બે અથવા બાવીસ સૂચનાનો અમલ શરૂ થઈ જાય છે. કમ્પ્યૂટરનો પ્રોગ્રામ બનાવવા માટે ખરેખર ઘણી મહેનત કરવી પડે છે. કમ્પ્યૂટરમાં ટાઈપ થતાં નામોને એબીસીડી પ્રમાણે ગોઠવેલ અને જ્યારે માગવામાં આવે ત્યારે એમાંથી કોઈ પણ નામ શોધી લાવે એટલો જ પ્રોગ્રામ લખવો હોય તો બસોથી પાંચસો સૂચનાઓ લખવી પડે છે. એક પણ શબ્દ આગળપાછળ લખાઈ જાય તો પ્રોગ્રામ ન ચાલે.

એટલે જ કમ્પ્યૂટરનો નવો પ્રોગ્રામ લખનારે દિવસોના દિવસો સતત એકાગ્રતાથી કામ કરવું પડે છે. અનેક મહિના અથવા વર્ષ સુધી બુદ્ધિ કસ્યા પછી જે પ્રોગ્રામ લખાય એના વેચાણમાંથી વળતર મળે ત્યારે પ્રોગ્રામ બનાવનારની મહેનત લેખે લાગે છે. પરંતુ આપણા એશિયાના બજારમાં એ પ્રોગ્રામ ખરીદવા કરતાં મફતમાં નકલ કરી લેવાનું વલણ વધુ છે. આ રીતે મફતમાં પ્રોગ્રામ વાપરનારા ગ્રાહકોને પાઠ ભણાવવા માટે કોઈ ધૂંધવાયેલા પ્રોગ્રામ બનાવનારે વાઈરસ શોધ્યો હતો. વાઈરસ એટલે કે એવી છૂપી સૂચનો જે અસલ પ્રોગ્રામમાં એક ખૂણે પડી રહે છે. પરંતુ પ્રોગ્રામની નકલ કરવામાં આવે ત્યારે એ સૂચનો એટલે કે વાઈરસ કામે લાગી જાય છે. એ છાના ખૂણે પોતાની નકલ બનાવવા માંડે છે. જેટલી વખત એ પ્રોગ્રામ વપરાય એટલી વખત એ સૂચનો પોતાની આસપાસના પ્રોગ્રામોમાં કૉપિ થયાં કરે છે.

આખરે એક સમય એવો આવે છે કે પેલી બદમાશ સૂચના કમ્પ્યૂટરના દરેક પ્રોગ્રામમાં પહોંચી જાય છે અને કમ્પ્યૂટરમાં ભાંગ-ફોડ શરૂ થાય છે. દા. ત. ઠેરઠેર એવી સૂચના લખાયેલી હોય ''ખોનાં સીભૂં લોઈફા ઈસકએઈ ધીબ'' આ સૂચના જ્યારે સીધી થઈ જાય તો ''બધી ઈએક્સઈ ફાઈલો ભૂંસી નાંખો'' એવું વંચાય છે. અને આ સૂચના વાંચ્યા પછી કમ્પ્યૂટરની બધી **(EXE)** ફાઈલો ભૂંસાઈ જાય છે.

આ તો વાઈરસને સમજવા માટેનો એક સાવ સાદો દાખલો છે. વાઈરસે કમ્પ્યૂટરમાં ગયા પછી ક્યાં સંતાવું ? શું કરવું ? ક્યારે ત્રાટકવું ? એ માટે ખાસ સંકેત લખાયેલા હોય છે. આ સંકેતો અને સૂચનાઓ દરેક વાઈરસમાં જુદા હોય છે. વાઈરસ બનાવનાર કમ્પ્યૂટર નિષ્ણાતને જે રીતે ગમે અને જે રીત ફાવે એ રીત સૂચનાઓ તથા સંકેતો લખે છે. એટલે દરેક વાઈરસ જુદી રીતે કામ કરે છે અને જુદું જુદું નુકસાન કરે છે. વર્ષો પહેલાં વાઈરસની કામ કરવાની રીત બતાવતી ફ્લૉપી મળતી હતી.

એ ફ્લૉપી કમ્પ્યૂટરમાં નાખ્યાં પછી જે વાઈરસનું નામ ટાઈપ કરો એ વાઈરસ કમ્પ્યૂટરમાં શું ગરબડ કરે છે એ

કમ્પ્યૂટરના પડદા પર દેખાવા લાગતું. માનો કે 'કાસ્કેડ' નામ પસંદ કરો તો તરત જ કમ્પ્યૂટરના પડદા પરના અક્ષરો અચાનક આગળ આવતા હોય એમ મોટા થઈ જતા હતા અને પડદા નજીક આવીને નીચે પડી જવા લાગતા. આ રીતે દરેક કમ્પ્યુટરમાં શી ગરબડ કરે છે એ જોઈને સમજી શકાતું હતું. ફ્લૉપી કાઢતાં જ એ વાઈરસ પણ નીકળી જતા હતા.

ઈન્ટરનેટ અને ઈ-મેલની સગવડોને કારણે આજે વાઈરસને ફેલાવા માટે મોકળું મેદાન મળી ગયું છે. અગાઉ તો વાઈસરવાળી ફ્લૉપી વાપરવાથી અથવા મફતમાં પ્રોગ્રામની લાલચ કરનારને જ વાઈરસ વળગતા હતા. હવે તો ઈ-મેલ વડે ગમે તેમ તે દેશના ગમે તે કમ્પ્યૂટરમાંથી વણમાગ્યા વાઈરસ મળી જાય છે.

વાઈરસને શોધી શોધીને ભૂંસી શકે એવા સૉફ્ટવેર એટલે કે પ્રોગ્રામ મળે છે. પરંતુ એમાં મુશ્કેલી એ છે કે જેટલા જૂના વાઈરસની એ સૉફ્ટવેરને જાણકારી આપવામાં આવી હોય એટલા જ વાયરસ ભૂંસી શકે છે. નવો વાઈરસ હોય તો વાઈરસ ભૂંસનાર એ સૉફ્ટવેર કામ આવતો નથી.

વાઈરસ સ્કેનર કહેવાતો સૉફ્ટવેર પણ હવે મળે છે. આ સૉફ્ટવેર કમ્પ્યૂટરમાં મૂકી દેવાથી એ ચોકીદાર બની જાય છે. કમ્પ્યૂટરમાં આવનાર દરેક ફ્લૉપી, સીડી, મિડીઆની તપાસ કરતો રહે છે. એમાં કોઈ પણ જાતનો વાઈરસ હોતો નથી. કોઈપણ જાતનો વાઈરસ પકડાય તો એને ભૂંસી નાખ્યા પછી જ કમ્પ્યૂટરમાં આવવા દે. દર વખતે કમ્પ્યૂટર ચાલુ થાય ત્યારે કમ્પ્યૂટરની હાર્ડ-ડિસ્ક પણ ચેક કરી લે છે. એમાંય કોઈ વાઈરસ પકડાય તો એને ભૂંસી નાખે છે. આ સૉફ્ટવેરની પણ એ જ મુશ્કેલી છે કે એમાં જેટલા વાઈરસની ઓળખાણ મૂકી આપી હોય એટલા જ વાઈરસને ઓળખી શકે છે.

વાઈરસથી બચાવ કરવો હોય તો રોજે રોજ નવા નવા શોધાતા વાઈરસની ઓળખાણ મેળવતા જવું પડે અને એને ભૂંસવાની રીત શીખતા રહેવું પડે. **McAFee.com** નામની વેબસાઈટ પરથી આ સેવા મળે છે. **Norton** કંપની પણ વાઈરસ-સ્કેનની સેવા આપે છે. એ માટે તમારે કમ્પ્યૂટર સાથે ઈન્ટરનેટ જોડી લેવું પડે છે. વાઈરસ-સ્કેન કરનાર કંપનીઓમાં ડઝનબંધ નિષ્ણાતો રોજે રોજ નવા વાઈરસ ઓળખતા રહે છે. એની દવા શોધતા રહે છે. નવા વાઈરસની ઓળખાણ અને ઈલાજ ઈન્ટરનેટ વાટે રોજ રોજ તમારા કમ્પ્યૂટરમાં મૂકી દે છે. એટલે તમારું કમ્પ્યૂટર વાઈરસથી તદ્દન સલામત રહે છે.

વાઈરસ બનાવનાર નિષ્ણાતો વાઈરસ એવા બનાવે છે કે જે બે-પાંચ દિવસમાં આખી દુનિયાનાં કમ્પ્યૂટરોમાં ફરી વળે છે. આ વાઈરસ ઈ-મેલ એટલે કે ઈલેક્ટ્રોનિક ટપાલ તરીકે આવી જાય છે. એટલે વાઈરસનું જોખમ બધાના માથે તોળાયેલું જ રહે છે.

હમણાં આવો જ એક વાઈરસ ત્રાટક્યો છે. "અ વર્ચ્યુઅલ કાર્ડ યૂ"ના સોહામણા લેબલ સાથે એ એક ઈ-મેલ તમારા કમ્પ્યૂટરમાં આવે છે. કોઈ પ્રિયપાત્રનો પત્ર હશે એમ માનીને તમે એ પત્ર ખોલવા પ્રેરાઈ જ જાવ ! એ પત્રને ખોલવા માટે માઉસ ક્લિક કરતાં જ કમ્પ્યૂટરની ભાષામાં કહીએ તો કમ્પ્યૂટર "હૅન્ગ" થઈ જાય છે. કમ્પ્યૂટર હૅન્ગ થાય ત્યારે સામાન્ય રીતે એને બંધ કરીને ચાલું કરવું પડે છે. કમ્પ્યૂટર રીસ્ટાર્ટ કરવા માટે કન્ટ્રોલ + ઑલ્ટર+ ડિલીટ એમ ત્રણ ચાંપ દબાવવાનો શૉર્ટ કટ છે. અથવા કમ્પ્યૂટર પર "રીસેટ" લખેલું બટન દબાવવામાં આવે છે.

જો તમે કમ્પ્યૂટરની સ્વિચ બંધ કરીને ફરીથી ચાલુ કરો તો વાંધો આવતો નથી. પરંતુ રીસેટ બટન દબાવો અથવા કન્ટ્રોલ, ઑલ્ટર, ડિલીટ બટન દબાવો કે તરત જ વાઈરસની છૂપી સૂચના કામે વળગે છે. એ કમ્પ્યૂટરની હાર્ડડિસ્કનું "ઝીરો સેક્ટર" ખતમ કરી દે છે, ભૂંસી નાખે છે. કમ્પ્યૂટર ચાલુ થાય ત્યારે કમ્પ્યૂટરની પ્રાથમિક કામગીરીની વિગતો "ઝીરો સેક્ટર"માં લખાયેલી હોય છે. એનો નાશ થઈ જાય તો કમ્પ્યુટરની હાર્ડડિસ્ક ચાલુ જ ન થઈ શકે. એને ભંગારમાં ફેંકી દેવી પડે !

સર્વનાશનું આ પરાક્રમ કરતાં પહેલાં ખેપાની વાઈરસ કમ્પ્યૂટરના મેલિંગ લિસ્ટને ખોલે છે. એમાંનાં બધાં ઈ-મેલ સરનામાં વાંચીને એ દરેકને પોતાની એક એક નકલ મોકલી દે છે ! એટલે તમારા તમામ ઓળખીતાઓને ત્યાં "અ વર્ચ્યુઅલ કાર્ડ ફૉર યૂ"ના લોભામણા લેબલ સાથેનો પત્ર પહોંચી જાય છે. તમારી તરફથી આવેલો ઈ-મેલ એ લોકો ખોલવાનો પ્રયત્ન કરે કે તરત એમના કમ્પ્યૂટર પણ હૅન્ગ થઈ જાય છે. પરંતુ હૅન્ગ થતાં પહેલાં એ કમ્પ્યૂટરનાં બધાં સરનામાં વાંચીને દરેક સરનામે પોતાની એક એક નકલ મોકલી આપે છે. આમ, ખેપાની વાઈરસનો ગુણાકાર થતો રહે છે. આ વાઈરસથી બચવાનો કોઈ જ ઉપાય નથી. એને ભૂંસવાનો કોઈ ઈલાજ હજી શોધાયો નથી !

ગઈ ૩૧ મે ૨૦૦૧ના દિવસે અમેરિકાની અવકાશ સંશોધન સંસ્થા "નાશા"એ ચેતવણી આપી કે વિન્ડોઝ સાથે

જ આવતી **command folder** નામની ફાઈલ ૧ જૂન-૨૦૦૧ના દિવસે કાતિલ બની જશે. માટે આજે જ તપાસી લો, આ ફાઈલ **c:\windows** સિવાય બીજી કોઈ પણ જગ્યાએ જોવા મળે તો ડિલીટની સૂચના આપીને ભૂંસી નાખો. નહિતર ૧ જૂન ૨૦૦૧ તારીખે કમ્પ્યૂટર ચાલુ કરતાં જ બધી ડેટા ફાઈલો ભૂંસાઈ જશે! આ વિનાસથી બચવાનો બીજો ઉપાય સહેલો છે. ૧ જૂન ૨૦૦૧ના દિવસે કમ્પ્યૂટર ચાલુ કરતાંની સાથે એના સેટિંગ ખોલીને તારીખ બદલી નાખો. કમ્પ્યૂટરમાં ૧-૫-૨૦૦૧ તારીખ હોય તો જ વાઈરસ વિનાશ કરવાનું કામ શરૂ કરશે. જો એ તારીખ વીતી જાય તો એ વાઈરસ નકામો થઈ જાય! કારણ કે ત્યાર પછી તો કમ્પ્યૂટરમાં એ તારીખ કદી આવવાની જ નથી!

કમ્પ્યૂટરમાં કમાન્ડ ફોલ્ડર નામની ફાઈલ વિષે ભાગ્યે જ કોઈ જાણે છે. આ કમ્પ્યુટરમાં બનતી ફાઈલોના લાંબા લાંબા નામને ટૂંકાવી દે છે. જેમ કે 'પ્રિન્ટર ફાઈલ'નું નામ ટૂંકાવીને **.prn** કરી દે છે, ''એક્ઝિક્યૂટેબલ ફાઈલ''નું નામ ટૂંકાવીને **.exe** કરી દે છે. આ રીતે નામ ટૂંકા ન થાય તો કમ્પ્યૂટર મૂંઝાઈને ખોટકાઈ જાય છે. પેલો બદમાશ કમ્પ્યૂટર નિષ્ણાત આવું જ કરાવવા માગતો હતો. વાઈરસના ઈતિહાસમાં આ અદ્દભુત પ્રયોગ સહુથી પહેલી વખત થયો છે. તાજેતરમાં જ એક વાયરસ ઓળખાયો છે. એમાં ''ઍન ઈન્ટરનેટ ફ્લાવર ફૉર યૂ'' લખેલા લેબલવાળો ઈ-મેલ આવે છે. એ પત્ર ખોલીને વાંચવાનો પ્રયત્ન કરો કે તરત જ આ વાયરસ પોતાની નકલો તમારા કમ્પ્યૂટરનાં બધાં સરનામે ઇ-મેલ કરી દે છે અને કમ્પ્યૂટરની ડાઈનેમિક લિન્ક લાયબ્રેરીઝ એટલે કે **(.dll)** ફાઈલો ભૂંસી નાખે છે. આ ફાઈલો વિના તમારું કમ્પ્યુટર ફરીથી ચાલુ થઈ શકતું નથી. આમ, ઈન્ટરનેટ તથા ઈ-મેલનું જોડાણ કરો તો વાઈરસથી બચવાનો કોઈ અકસીર ઉપાય નથી. અગાઉ તો મફતમાં પ્રોગ્રામની નકલ કરનાર લાલચુ માણસને જ વાઈરસની સજા મળતી હતી. હવે ઈન્ટરનેટ પર તો વાઈરસ શા માટે ફેલાવવામાં આવે છે અને કોણ ફેલાવે છે એ જ ખબર પડતી નથી. પરંતુ વારંવાર વાઈરસ છાનાં પગલે આવે છે ગુપચુપ વિનાશ વેરી જાય છે. એક વાઈરસને ઓળખીને એનો ઈલાજ કરવામાં આવે ત્યાં તો દસ નવા વાઈરસ શોધાઈ જાય છે.

વાઈરસના ત્રાસથી બચવું હોય તો ઈ-મેલ વાપરવામાં ખૂબ ખૂબ સાવધાની રાખવી પડે. નવાઈ લાગે એવા લેબલવાળા ઈ-મેલ કદી ન ખોલવા. જિજ્ઞાસાવૃત્તિને બરાબર કાબૂમાં રાખવી.

('વિજ્ઞાનદર્શન'માંથી) માખન ધોળકિયા

> કાલચક્ર ચક્કી ચલૈ, બહુ દિવસત ઔ રાત;
> સગુન અગુન દોય પાટલા, તામેં જિવ પિસાત.
>
> — કબીર



ઉદ્‌ઘાટનની આદત! (રેખાંકન : ઇન્દ્રદેવ)

લગભગ ૧૪૦ વર્ષ પહેલાં હનુમાન-જયંતીને દિવસે જન્મેલા દીનહીન મસીહા સમા સાધુચરિત સર પ્રભાશંકર પટ્ટણીએ ગાંધીજી પરના તા.૨૯-૩-૧૯૩૩ના એક પત્રમાં જણાવ્યું કે,'આખી મારી જિંદગીમાં હું છાપાથી ડરતો રહ્યો છું, મારી ટીકાઓની બીક મને કદી લાગી નથી, પણ મારા વિષે કાંઈ સારું છપાય તેનાથી હું ખૂબ જ દૂર રહેવા ઇચ્છું છું.' ગાંધીજીએ એમના વિષે કહેલું:' એ ઉમદા જીવન જીવ્યા અને ઉમદા મૃત્યુ પામ્યા.'

*

દક્ષિણ આફ્રિકામાં રમતગમતની સાધનસામગ્રીનું વેચાણ કરનારી દુકાનોની તીવ્ર મંદી હતી, પરંતુ વિશ્વકપ યોજાતાં સાધનસામગ્રીના વેચાણમાં એકાએક તેજી આવી ગઈ અને એથી જ દક્ષિણ આફ્રિકાના વેપારીઓ વિચારે છે કે પ્રતિ વર્ષ વિશ્વકપ હોય અને તે પોતાના જ દેશમાં યોજાય તો કેવું સારું?

*

ભારતની સાઈકલની નિકાસ પ્રતિવર્ષ વધતી જાય છે. ૨૦૦૧-૨૦૦૨માં ૯.૭૮ લાખ સાઈકલની ભારતે વિદેશમાં નિકાસ કરી ૧૨૬.૮૯ કરોડ રૂપિયાનું વિદેશી હૂંડિયામણ મેળવ્યું. જ્યારે બીજી રૂ.૧૧૪.૯ લાખની કિંમતની સાઈકલ દેશમાં વેચાઈ.



ડમરુ આકારમાં 'ડમરુ' શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

> वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि ।
> लोकोत्तराणां चेतांसि को हि विज्ञातुमर्हति ॥
> કઠોર જે વજ્રથી યે, પુષ્પથી પણ જે મૃદુ;
> અલૌકિક મનુષ્યોના ચિત્તને પામી કો શકે?
> (અનુવાદક - ઉમાશંકર જોશી)

*

બૅન્ક ઑફ અફઘાનિસ્તાને જૂનું ચલણ રદ કર્યું હોવાથી અત્યારે રોજની એકથી દોઢ કરોડ ડૉલરની કિંમતની જૂની નોટો સળગાવી નાખવામાં આવે છે. ત્યાંના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે દેશમાં ૩૦૦ બિલ્યન ડૉલર(૧ ડૉલર=૫૦ અફઘાની રૂ.)ની પુરાણી નોટ પ્રચલિત છે.

*

ન્યૂ જર્સીની ઈસ્ટ ઓરેન્જ લાઇબ્રેરીમાંથી પુસ્તકો નક્કી કરેલી મુદત સુધીમાં પાછાં ન પહોંચાડાય તો પોલીસ રાત્રે દરોડો પાડી વાચકને ગિરફતાર કરે છે.

*

જર્મનીના ડૉ. હરમાન હૉનનો પતંગિયાંનો મોટો સંગ્રહ હાલ બૉનના એલેક્ઝાન્ડર કોનિંગ મ્યૂઝીઅમમાં સાચવવામાં આવ્યો છે.

*

ક્વીન્સલૅન્ડમાં થતી મેનગ્રોવ નામની માછલી ઝાડ ઉપર ચઢી શકે છે.

*

ભારતમાં કૅન્સરગ્રસ્ત લોકોની સંખ્યા લગભગ ૨૫ લાખ છે. અને પ્રતિવર્ષ ૮ લાખ જેટલા નવા કેસ આવે છે. વિદેશમાં કૅન્સરના પ્રારંભે વ્યક્તિ ડૉક્ટર પાસે જાય છે, જ્યારે ભારતમાં ૭૦ ટકાથી વધુ કેસોમાં બીજી કે ચોથી અવસ્થાએ પહોંચ્યા પછી ડૉક્ટરની સલાહ લેવામાં આવે છે.

*

ધોળી સાટોડીનાં મૂળ બકરીના દૂધ સાથે વાટી આંજવાથી આંખની ગરમી ઓછી થાય છે.


ટ્રાફિક પોલીસ:' મેં સીટી મારી છતાં તેં ગાડી કેમ ના રોકી?'
સ્ત્રી:'સૉરી, મને સાંભળવાની તકલીફ છે.'
પોલીસ:'વારુ તો પાંચસો રૂપિયા દંડ ભરી દો.'
સ્ત્રી:'શું કહ્યું, પાંચસો રૂપિયા? હવે લાગે છે કે મને સાંભળવાની ખરેખર તકલીફ છે.'

*

ભીવંડીથી દસ કિ.મી. દૂર શ્રી ગોપાલ ગૌશાળા આવેલી છે ૨૫૦ ગાય અને બળદ ધરાવતી આ ગૌશાળાએ જાનવરોને ચરવા માટે વીસ એકર જમીન લીઝ ઉપર લીધી છે. ગાયને સ્નાન કરાવવા અને ગરમીમાં પાણીમાં તરવા માટે ૧૭,૫૦૦ વર્ગ ફૂટનું ૨૫ ફૂટ ઊંડું સરોવર પણ બનાવ્યું છે.

*

અમેરિકાનાં વિદેશ વિભાગે 'ડેસ્ટિનૅશન યુ.એસ.એ.સિક્યોર બોર્ડર ઓપન ડોર્સ' નામની વેબસાઈટ શરૂ કરી છે. એ પરથી અમેરિકામાં વ્યવસાય કરતા અને શિક્ષણ લઈ રહેલા વિદ્યાર્થીઓને વીઝાના નવા નિયમો તેમજ તે પ્રાપ્ત કરવાની જાણકારી સુગમતાથી મળી રહેશે. આ વેબસાઈટ ખોલવા માટે **www.unitedstatevisa.gov** પર સંપર્ક કરી શકાશે.



કલાકણિકા: ચીનમાં ધાર્મિક પ્રસંગે વપરાતી આ હાથીના આકારની સુરાદાની ઇ.સ.પૂ. ૯૦૦ થી ઇ.સ. ૧૬૦૦ સુધીના ગાળામાંની છે.